દીઠું મેં -ભાગ 2-હસમુખ શાહ

પ્રધાનમંડળની રચના

મોરારજીભાઈ અમને કહે, 'લખો'. અમને કંઈ જ ખબર ન પડી એ શું લખવાનું કહેતા હતા.

I P C Lની એક દરખાસ્ત માટે ૨૪ માર્ચ ૧૯૭૭ના દિવસે અમે દિલ્લીમાં બ્યૂરો ઑફ પબ્લિક ઍન્ટરપ્રાઇઝની મિટિંગમાં હાજરી આપવા ગયા હતા. અમે જ્યારે દિલ્લી જતા ત્યારે મોરારજીભાઈ પ્રત્યેના આદરને કારણે અમે હંમેશાં તેમને મળવા જતા. ૨૪મીની સાંજે અમે ગયા ત્યારે તેઓ રામલીલા મેદાનમાં જનતા પાર્ટીની રેલીમાં હાજરી આપીને થોડી વાર પહેલાં જ પાછા આવેલા. તે દિવસે સવારે જ તેઓ જનતા પાર્ટીની સંસદસભ્યોની મિટિંગમાં એના નેતા તરીકે ચૂંટાયેલા. અમે જ્યારે એમને ઘેર પહોંચ્યા ત્યારે બહાર ફક્ત એક જ લાઇટ હતી અને આજુબાજુમાં કોઈ દેખાતું ન હતું. અમે અંદર દાખલ થયા ત્યાં એમનો જૂનો વફાદાર નોકર હોશિયારસિંહ આવ્યો. કૅબિનેટ સેક્રેટરીએ નવનિયુક્ત વડા પ્રધાનને મદદ કરવા કોઈ વ્યવસ્થા નહીં કરેલી. એમનું આવું વલણ મોરારજીભાઈના વડા પ્રધાનપદના આરંભે ચાલાકીપૂર્વક ચાલુ રહેલું. અમે જ્યારે એમના રૂમમાં દાખલ થયા ત્યારે તેઓ સૂવાની પૂર્વતૈયારી કરતા હતા.

અમને જોઇને કહે, “સારું થયું તમે આવ્યા”. અને પછી અમને લખવા કહ્યું. એમના ટેબલ પરથી નાનું પૅડ લીધું. એમના ખિસ્સામાંથી એ ચબરખીઓ કાઢવા લાગ્યા. અને પછી ખબર પડી કે એ એમના પ્રધાનમંડળની રચના કરતા હતા. જનતા દળના દરેક ઘટક ત્રણ નામ પ્રધાનમંડળ માટે સૂચવે એવી સમજણ હતી.

એક રીતે મોરારજીભાઈનું કામ સહેલું થઇ ગયું, કેમ કે હવે એમને પ્રાદેશિક કે જાતિનાં નામો વિશે કોઈ દબાણ આવવાની શક્યતા ન રહી. વળી એમને મોટું પ્રધાનમંડળ પણ રચવું પડ્યું. જ્યારે સ્પષ્ટ બહુમતી ન હોય ત્યારે આવા દબાણને વશ થવું પડતું હોય છે. જુદાં જુદાં ખાતાંની સોંપણી વડા પ્રધાનની મરજી પ્રમાણે થતી હોય છે. એક પછી એક નામ એ વાંચતા ગયા અને કાળજીપૂર્વક એ વ્યક્તિનાં સારાંનરસાં પાસાંનો વિચાર કરીને ખાતાનાં નામ લખાવતા ગયા. એક નામ સામે એ જરાક થંભ્યા, એટલે અમે એના માટે ખાતાનું નામ સૂચવ્યું. એમનો પ્રતિભાવ સચોટ હતો. અમને કહે, તમને ખબર છે ત્યાં એ કેટલા પૈસા ભેગા કરશે? બીજા એક નામ વિશે કહે, “ત્યાં તો એ તાયફો કરશે.” આ પીઢ પુરુષને એમના ટેકેદારોની પૂરી જાણકારી હતી.

જ્યારે પ્રધાનમંડળની રચનાની આ કવાયત પૂરી થઈ ત્યારે અમને કહે ? જત્તીને કાગળ લખીને આ યાદી જણાવો અને કહો કે કાલે સવારે દસ વાગ્યે પ્રધાનમંડળની શપથવિધિ થશે. અને તેઓ સૂવા માટે ચાલ્યા ગયા. ઉપરાષ્ટ્રપતિ બી ડી જત્તી ૧૯૪૮માં મુંબઈ રાજ્યમાં બી જી ખેરના પ્રધાનમંડળમાં પાર્લામેન્ટરી સેક્રેટરીનો હોદ્દો સંભાળતા હતા. ત્યાર પછી ૧૯૫૨માં મંત્રી પણ થયેલા.

અમે હોશિયારસિંહ પાસે ટાઇપરાઇટર, કાગળો અને એક ગ્લાસ પાણી માગ્યું. અમે અગાઉ મોરારજીભાઈ સાથે કામ કરતા હતા. તે સમયનું જૂનું પુરાણું ટાઇપરાઇટર તે લાવ્યો. વર્ષોથી એની સફાઈ કે મરમ્મત નહીં થયેલાં. વળી, કટોકટીનાં વર્ષો દરમિયાન મોરારજીભાઈ જેલમાં હતા ત્યારથી વપરાશ પણ નહીં થયેલો. એ જર્જરિત મશીનને ઝાપટઝૂપટ કરીને ઠપકારવાની જરૂર હતી. એનું રોલર ખસતું ન હતું. g અક્ષર ઉપર ચડી ગયેલો. ઘસાયેલો કાર્બનપેપર અને હાથવણાટનો જાડો કાગળ રોલરમાં સાથે જતા ન હતા. વધારે જોરથી અક્ષરો દબાવવા છતાં નકલના અક્ષરો બહુ ઝાંખા, ન વાંચી શકાય તેવા આવતા હતા. ધીરે ધીરે બે આંગળીઓથી ટાઇપ કરીને અમે વડા પ્રધાનનો કાગળ રાષ્ટ્રપતિના કામચલાઉ હોદ્દા પરના ઉપરાષ્ટ્રપતિને મોકલવા તૈયાર કર્યો. રાતના મોડું તો થયું જ હતું એટલે આવી ધીરી ગતિએ ફરી વાર ટાઇપ કરવાને બદલે સ્પેલિંગની જે ભૂલો થયેલી તે આ ફૂડ ચાલતા ટાઇપરાઇટરમાં ચોકડી મારીને ફરી વાર ટાઇપ કરીને સુધારી લીધેલી. એવું બે ત્રણ જગ્યાએ કરવું પડેલું. અમને આવો પ્રધાનમંડળની રચનાનો કાગળ લખવાનો મહાવરો ન હતો. પછી તો આવા કાગળો લખવાના ઘણા પ્રસંગો આવ્યા.

જ્યારે નવનિયુક્ત વડા પ્રધાનને આ કાગળ દેખાડવા એમના રૂમમાં ગયા ત્યારે એ ઘસઘસાટ ઊંઘતા હતા. અમે જગાડ્યા ત્યારે અમારી પાસેથી કાગળ લીધો, પેન માંગી અને વાંચ્યા વિના સહી કરી આપી. અમે એમને કહ્યું કે જરા નજર નાખો. તો કહે અમને તમારા પર પૂરો વિશ્વાસ છે, વાંચવાની જરૂર નથી. અમને જો ખબર હોત કે તેઓ વાંચવાના નથી તો અમારી પસંદગીનાં બે ચાર નામ ઉમેરી દેત!

કેબિનેટ સેક્રેટેરિએટનો સંપર્ક સાધવાના અમારા પ્રયત્નો નિષ્ફળ ગયા. આટલી બધી બેદરકારી દાખવનાર કેબિનેટ સેક્રેટરી સાથે વાત કરવાની અમને ઇચ્છા પણ ન હતી. ફરી એ જ જૂનો વફાદાર હોશિયારસિંહ જ હાજર હતો. એને ખડખડપાંચમ સાઇકલ લઈને મૌલાના આઝાદ માર્ગ પરના ઉપરાષ્ટ્રપતિને બંગલે રાત્રે ૧૦ વાગ્યે મોકલ્યો. એને બંગલામાં દાખલ થતાં રોકવામાં આવ્યો-માંડ માંડ પત્ર પહોંચાડ્યો. ઉપરાષ્ટ્રપતિને આ ન ગમ્યું. એમણે મોરારજીભાઈને ફોન કરવાનો પ્રયત્ન કર્યો, પણ સંપર્ક ન થયો-સવારે જ વાત થઈ શકી. જત્તીએ કેટલાક સવાલો ઊભા કર્યા. મોરારજીભાઈએ એ બધું છોડીને પૂછ્યું કે સોગંદવિધિ ૧૦ વાગ્યે કરવાના છો કે નહીં? અને જત્તીએ ૧૦ વાગ્યે સોગંદવિધિ રાખી.

આ બધું પૂરું કરીને રાત્રે અમે અમારા ઉતારે જવા નીકળતા હતા ત્યારે ભૂરા બુશશર્ટમાં એક તરવરિયો જુવાન આવ્યો. એમણે કહ્યું કે હું બ્રિટિશ હાઈકમિશનર જૉન થોમ્સન છું અને હું એમના વડા પ્રધાનનો સંદેશો લઈને આવ્યો છું.

"સોરી, હમણાં ભારતના વડા પ્રધાનને મળવાનું શક્ય નથી." પછી તેઓ દીવાનખાનામાં બેઠા, અને એ એમના વડા પ્રધાને મોકલેલા સંદેશામાં કંઈ ખાસ અગત્યનું ન હોવાથી મૌખિક સંદેશો આપીને ગયા. ભારતના નવનિયુક્ત વડા પ્રધાનને શુભેચ્છાસંદેશ આપનાર પહેલો દેશ બ્રિટન હતો.

સંઘર્ષ-જયપરાજયનો

નેહરુ પછી

૧૯૬૪ની શરૂઆતમાં જ કાનાફૂસી થતી રહેતી હતી કે જવાહરલાલજીનો સમય હવે પૂરો થવામાં છે. જોકે છતાં સૌને લાગતું હતું કે હજી તેઓ થોડાં વર્ષો તો ખેંચી કાઢશે. નેહરુ પોતે એમની કથળતી તબિયત વિશે સજાગ હતા. પ્રજાસત્તાકદિવસની કવાયત દરમિયાન અને ફેબ્રુઆરીની લોકસભાની બેઠક દરમિયાન કંઈક સ્વસ્થ થયા હોવા છતાં તેઓ એક થાકેલા, વૃદ્ધ, બીમાર વ્યક્તિ દેખાતા હતા. એમના વક્તવ્યમાં અસંબદ્ધતા આવેલી અને સાંભળનારને પ્રોત્સાહિત કરે તેવો અગાઉ જેવો રણકો એમાં ન હતો. એમનો હાથ ધ્રૂજતો હતો એની ગવાહી એમના અક્ષરો પૂરતા હતા. રાષ્ટ્રના લોકલાડીલા નેતા માટે કોઈ માનવા તૈયાર ન હતું કે હવે એમના દિવસો ગણાઈ રહ્યા છે. જોકે એમની નજીકના લોકો સમજી ગયા હતા કે એમનો ફૂટડો ચહેરો, એમના અવાજનો રણકો હવે જોવા, સાંભળવા મળશે નહીં.

૨૭મી મે ૧૯૬૪ના ભરઉનાળાની રાત અસ્વસ્થતામાં વિતાવી. પાસે કોઈ ન હતું. વહેલી સવારે તેઓ બાથરૂમમાં પડી ગયા અને અવસાન પામ્યા.

મોરારજીભાઈને આ દુઃખદ સમાચાર જણાવતો ફોન વહેલો મળ્યો. અને તરત જ તેઓ તીનમૂર્તિભવન પહોંચ્યા. બહુ થોડા લોકો હાજર હતા. આ ભવ્ય મહાલય ઉદાસીન લાગ્યું. એકાદ મહિના પહેલાં એક રવિવારે અમારે ત્યાં જવાનું થયેલું ત્યારે પણ અમને આ જ લાગણી થઈ હતી.

પંડિતજીના નશ્વર દેહને સફેદ ચાદરમાં લપેટેલો હતો. બહુ ઓછા વૃદ્ધ માણસો નિર્જીવ અવસ્થામાં પણ પ્રભાવશાળી દેખાય છે. લોકોને ખબર પડી તેમ તેમ ટોળેટોળાં આવતાં ગયાં. કામરાજ પ્લાન નીચે સરકારમાંથી

બહાર હોવાને કારણે મોરારજીભાઈને કોઈ કાંઈ પૂછે કે એ કંઈ સૂચનો કરે તો ગેરસમજ ઊભી થાય, એટલે થોડી વાર રોકાઈને અમે નીકળી ગયા. પંડિતજીની આખરી યાત્રા વિશે કોઈએ એમની સલાહ ન લીધી.

૭, ત્યાગરાજ માર્ગ પરના મોરારજીભાઈના ઘેર નિયમિત રીતે આવતા મુલાકાતીઓ તે દિવસે તીનમૂર્તિભવનમાં હતા. સ્વાભાવિક છે કે સૌ રેડિયો પર પળેપળના સમાચાર સાંભળવામાં વ્યસ્ત હતા. ખંડુભાઈ એક શાણા, પીઢ અને નિ:સ્વાર્થ વ્યક્તિ, આવ્યા અને કહે કે અત્યારે ઉત્તરાધિકારીની કોઈ વાત ન કાઢશો. ત્યાર પછી કુલદીપ નાયર આવ્યા. એ મોરારજીભાઈને ન મળી શક્યા.

તે દિવસે મોરારજીભાઈએ પત્રકારોને મળવાનું ટાળ્યું હતું.

ઘણા લોકો મોરારજીભાઈને એક ઠોસ ઉમેદવાર માનતા. સમાચારપત્રો પણ અનુમાન કરતાં. પણ એ તો સ્પષ્ટ હતું કે કૉંગ્રેસ પ્રમુખ કામરાજ અને બીજા નેતાઓ તેમને ઇચ્છતા ન હતા. સૌ પહેલાં તો નેહરુ પોતે જ એમને ઇચ્છતા ન હતા જે કામરાજ પ્લાન પરથી જ સ્પષ્ટ થયું હતું. કૉંગ્રેસ પ્રમુખને હશે કે શાસ્ત્રીજી વડા પ્રધાન થાય તો પોતે પરદા પાછળ રહીને દોરીસંચાર કરી શકશે.

પરંતુ શાસ્ત્રીજી એમનું પત્તું આબાદ રીતે ખેલ્યા. તેઓ ઇંદિરાજી પાસે જઈને કહે કે, “અબ આપ મુલ્ક કો સંભાલ લીજિયે.” બહુ વિચક્ષણ ચાલ હતી. એ જાણતા હતા કે ઇંદિરાજી મુલ્ક કો સંભાલ સકને કો ન તો તૈયાર થી ન તો ઉસ વક્ત સમર્થ થી.

૧૯૫૦થી શીતયુદ્ધના સમયમાં બંને મહાસત્તાઓ-રશિયા અને અમેરિકાને— ભારતમાં કોણ વડા પ્રધાન બને તેની પસંદગીમાં રસ હતો. જેઓ જાણતા હતા, તેઓ ખાતરી આપી શકે કે તે સમયે દિલ્લીમાં બંને દેશોની જાસૂસી સંસ્થાઓ કે જી બી અને C I A ની મોટી હાજરી હતી. કેટલાકની સીધી રીતે તો કેટલાકની ભારતીય વિદ્વાનો, વિચારકો અને કેટલાક રાજકારણીઓ દ્વારા એમની ઠીકઠીક પહોંચી હતી. મોરારજીભાઈને બેમાંથી એકનો પણ ટેકો ન હતો.

૧૯૬૨માં ચીનના આક્રમણ અને ભારતીય સેનાની થયેલી કફોડી સ્થિતિને કારણે નેહરુ, કૃષ્ણમેનન, લશ્કરના સેનાપતિઓ હતાશ હતા. ત્યારે અમેરિકી બ્લોકની સહાયની આવશ્યકતા હતી. આ વિશે પુસ્તકો લખાયાં છે, તેથી વિસ્તારથી લખવાની આવશ્યકતા નથી. પરંતુ આ સંદર્ભે મોરારજીભાઈના ચાર દાયકા સુધી રહેલા અંગત સચિવ વિશ્વનાથ યાદવ ટોણપેએ અમને કહેલી વાત અહીં ટાંકીએ છીએ.

અમેરિકા અને બ્રિટને એમના બે પ્રતિષ્ઠિત રાજનીતિજ્ઞોને દિલ્લી મોકલ્યા. એક હતા અમેરિકાના વરિષ્ઠ રાજનીતિજ્ઞ એવરેલ હેરીમૅન અને બીજા હતા બ્રિટનના વરિષ્ઠ રાજનીતિજ્ઞ ડંકન સેન્ડ્ઝ (ચર્ચિલના જમાઈ ડંકન સેન્ડ્ઝ જે બ્રિટિશ કૅબિનેટમાં રહી ચૂકેલા). તેઓ જ્યારે મોરારજીભાઈને મળવા આવ્યા ત્યારે એમણે અન્ય પાસે જે શરતો મૂકેલી તે જ શરત મૂકી: તમે કાશ્મીરનો પ્રશ્ન પતાવો, અમે તમને આવશ્યક રક્ષણ પૂરું પાડીશું. મોરારજીભાઈએ એમને કહેલું કે આપણે લોકતાંત્રિક રાષ્ટ્રો છીએ તેથી તમારે અમને મદદ કરવી જોઈએ. અત્યારની ઘટના અને કાશ્મીરને કોઈ સંબંધ નથી, તેથી એ શરત જે પૂરેપૂરી પાકિસ્તાનની તરફેણ કરતી હતી તેનો સ્વીકાર ન થઈ શકે. We would prefer to die our way and not your way. આ મુલાકાતની નોંધ વિદેશ મંત્રાલયમાં હશે. પરંતુ ટોણપેના કહેવા મુજબ આ મુલાકાત પછી C I A (અમેરિકા) એ મોરારજીભાઈના નામની બાદબાકી કરી નાખી. રશિયા તો હંમેશાં એમની વિરુદ્ધ હતું જ. તેથી નેહરુના અનુગામીના ચયન સમયે અમેરિકા અને રશિયા મોરારજીભાઈની તરફેણ ન કરે એ સ્થિતિ ૧૯૬૨થી જ સર્જાઈ ચૂકી હતી.

મોરારજીભાઈને મળ્યા વગર કુલદીપ નાયરે તે દિવસે બહુ મોડેથી ટૂંકો અહેવાલ વહેતો મૂક્યો કે મોરારજીભાઈ એક ઉમેદવાર છે.

દિલ્લીના કોઈ અખબારે માત્ર અનુમાનના આધારે નેહરુના અનુગામી કોણ એ વિશે નહીં લખેલું. માત્ર કુલદીપ નાયરે બહુ મોડેથી અમારા સ્મરણ પ્રમાણે Stop Pressમાં ટૂંકો અહેવાલ વહેતો મૂક્યો હતો કે મોરારજીભાઈ એક ઉમેદવાર છે.

આટલું લખાયા પછી જુલાઈ, ૨૦૧૨માં કુલદીપ નાયરની આત્મકથા પ્રસારિત થઈ છે જે પરથી સ્પષ્ટ થાય છે કે “the hat is thrown in the ring" વાળો, મોડી રાતનો ડિસ્પેચ નિર્દોષ કે પ્રોફેશનલ ન હતો. એનો ઇરાદો મોરારજીભાઈને નુકસાન પહોંચાડવાનો હતો તે સ્પષ્ટ હતું. કુલદીપ નાયરને અને તેમને પીઠબળ આપનારાઓને એ ઇરાદામાં સફળતા પણ મળી.

કુલદીપ નાયરની આત્મકથામાં મોરારજીભાઈની કેમ બાદબાકી કરાઈ અને શાસ્ત્રીજી માટે કેમ માર્ગ મોકળો થયો અને એમાં તેમણે પોતે કેવો મહત્ત્વનો ભાગ ભજવ્યો એની વાત વિગતે લખાઈ છે. કુલદીપ નાયરની આત્મકથા સમકાલીન ઇતિહાસની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવે છે. ક્યાંક સ્મરણશક્તિ થાપ દઈ જાય એવું બને; ક્યાંક એમની નોંધો બનાવોને જુદી રીતે રજૂ કરે અથવા એનું જુદું જ અર્થઘટન કરે એવું પણ બને. કુલદીપ નાયર પત્રકાર હતા. પરંતુ એમની રાજકીય મહત્ત્વાકાંક્ષા છૂપી રહેતી નથી. એમને વાંચતાં વાચકે પોતે ક્યાંક લક્ષ્મણરેખા દોરવી પડે, નીરક્ષીરનો ભેદ કરવો પડે. એ સ્વીકારવું પડે કે કુલદીપ નાયર આપણા દેશના એક વરિષ્ઠ પત્રકાર રહ્યા છે. આ લેખમાં જે સમયની વાત છે તે વખતે દિલ્લીમાં એમના કરતાં પણ વધુ કુશળ પત્રકારો હતા. કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રેમ ભાટિયા, ઇન્દર મલ્હોત્રા, ફ્રૅંક મોરાઇસ, એસ મૂલગાંવકર વગેરે ઊંચા પત્રકારત્વનાં ધોરણો કાળજીપૂર્વક જાળવતા, કારણ કે એમને બીજી કોઈ આકાંક્ષા ન હતી.

હવે આ પ્રકરણને સંબંધિત કેટલાક મુદ્દા જોઈએ.

૧. સૌપ્રથમ કુલદીપ નાયર લખે છે કે પંડિતજીના અવસાન બાદ શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે લશ્કર અને ગૃહખાતાએ કેવી તૈયારી કરેલી. પછી લખે છે કે પંડિતજીની અંતિમક્રિયાના દિવસે ‘real hot bed of activity' (સૌથી વધુ પ્રવૃત્તિ જણાતી હતી) મોરારજીભાઈના નિવાસસ્થાને ૭, ત્યાગરાજ માર્ગ ઉપર. ત્યાં બગીચાની લૉન અને વરંડા ઉપર લોકોનો ધસારો હતો. કમસેકમ મોરારજીભાઈના બે ટેકેદારો તારકેશ્વરી સિંહા અને કાંતિ દેસાઈ હાથમાં કોંગ્રેસ સંસદસભ્યોના લિસ્ટ લઈને એના ઉપર ટિકમાર્ક કરતાં હતાં. જેથી ખ્યાલ આવે કે મોરારજીભાઈના ટેકેદારો કોણ અને કેટલા છે અને શાસ્ત્રીજીના કોણ અને કેટલા છે. એમણે લખેલી ઉપરની હકીકતમાં કુલદીપ નાયરની સ્મરણશક્તિ થાપ ખાઈ ગઈ છે. અમે આખો દિવસ ત્યાં હાજર હતા. અને બેધડક કહી શકીએ કે મોરારજીભાઈના નિવાસસ્થાને રોજ કરતાં જૂજ લોકો હતા. બીજું, કાંતિભાઈ અને તારકેશ્વરી સિંહા કોઈ રીતે સાથે કામ કરી શકે તે શક્ય ન હતું. બંને વચ્ચે ઊભા રહ્યું બનતું ન હતું. વળી, મોરારજીભાઈના ઘરમાં સંસદસભ્યોના લિસ્ટ ટેલિફોન ડિરેક્ટરીમાં જ મળે અને ડિરેક્ટરીમાં પણ પક્ષવાર નામો નથી હોતાં. એમને ત્યાં ક્યારેય કોંગ્રેસના સભ્યો કે બીજા સભ્યોનાં અલગ લિસ્ટ હતાં નહીં. વડા પ્રધાન થવાનો બીજો પ્રસંગ આવ્યો ત્યારે એ લિસ્ટ બનાવવાનો પ્રયત્ન થયો હતો, પરંતુ એ યાદી પૂર્ણ ન હતી.

ત્યાર પછી કુલદીપ નાયર લખે છે કે એક પત્રકાર તરીકે એ મોરારજીની ઉમેદવારી વિશે જાણવા ગયા હતા. મોરારજીભાઈને મળી ન શક્યા, પરંતુ એમના ટેકેદારો પાસેથી એમણે સાંભળેલું કે મોરારજીભાઈ કોઈ પણ સંજોગોમાં ઊભા રહેશે જ અને જીતશે. આ વિધાન એમણે ચોક્કસ ઉદ્દેશથી કરેલું એ સ્પષ્ટ હતું.

કુલદીપજી લખે છે કે મોડી સાંજે એ શાસ્ત્રીજીને ઘરે ગયેલા. ત્યારે શાસ્ત્રીજીએ એમને કહેલું કે સર્વાનુમતે વડા પ્રધાનની પસંદગી થાય એવું એ ઇચ્છે. છતાં જો હરીફાઈ થવાની જ હોય તો હું મોરારજીભાઈ સામે ઊભો રહું, કારણ કે એમને હું હરાવી શકું, ઇંદિરાજીને નહીં. ત્યાર પછી એમણે એમનો સંદેશો લઈને મોરારજીભાઈ પાસે જવા કહ્યું. શાસ્ત્રીજીની દૃષ્ટિએ આદર્શ વ્યવસ્થા એ થાય કે જયપ્રકાશ નારાયણ સરકારના વડા બને અને એના ઉપર સર્વસંમતિ સધાય. શાસ્ત્રીજીએ બે નામ સૂચવ્યાં-જયપ્રકાશ નારાયણ અને ઇંદિરા ગાંધી.

હવે શાસ્ત્રીજીની ઇચ્છા અને રાજરમત સમજવાનો પ્રયત્ન કરીએ. આપણે કુલદીપ નાયરના આભારી છીએ કે તેમણે એ સમયની રાજરમત આપણી સમક્ષ રજૂ કરી છે. એક જગ્યાએ એ કહે છે કે એમણે શાસ્ત્રીજીને પૂછેલું કે ભારતના વડા પ્રધાન થવા તમે ઇચ્છો? એમને ઉત્તર મળ્યો: આ દેશના વડા પ્રધાન થવાનું કોને ન ગમે?

શાસ્ત્રીજી બીજી જગ્યાએ કુલદીપ નાયરને જવાબ આપે છે કે જો હરીફાઇ થાય તો એ મોરારજીભાઈને હરાવી શકે, ઇંદિરાજીને નહીં. એમની ભીતરના ચક્રવ્યૂહમાં ઇંદિરાજી આવે છે અને તેઓ ઈંદિરાજીને કહે છે, "આપ અબ દેશ કી બાગડોર સંભાલ લીજિયે." આ તેઓ ત્યારે કહે છે કે જ્યારે પંડિતજીને ગુજરી ગયાને થોડા જ કલાક થયા હતા. અને ઇંદિરાજી એ વિશે વિચાર કરી શકે તેવી સ્થિતિમાં ન હતાં. ત્યાર પછી એ જ્યારે મોરારજીભાઈને સંદેશો મોકલે છે ત્યારે બે નામ મોકલે છે. જયપ્રકાશ નારાયણનું અને ઇંદિરા ગાંધીનું સૌ કોઈ કહી શકે તેમ હતું કે જયપ્રકાશ નારાયણ આ પદનો સ્વીકાર ન કરે. અને ઈંદિરાજીને સર્વાનુમતે ચૂંટવાનું મોરારજીભાઇ ન સ્વીકારે. આમ થાય તો એમનો માર્ગ મોકળો થાય. બહુ બહુ તો એમને મોરારજીભાઈ સાથે હરીફાઇ કરવાનો વારો આવે. પંડિતજી જ્યારે બીમાર હતા ત્યારે શાસ્ત્રીજીએ રાજરમતમાં સૌને માત કરે એવાં પગલાં લીધાં હતાં. એમની સાદગી અને સત્તાનો જરા પણ મોહ નહીં એવી ઈમેજ ટકાવી રાખવામાં પણ તેઓ સફળ રહેલા.

કુલદીપ નાયર દિવસને અંતે એક પત્રકાર તરીકેની એમની ફરજ અદા કરીને બહુ મોડેથી એમનો ટૂંકો ડિસ્પેચ વહેતો મૂકે છે. આ ડિસ્પેચ, એના શબ્દોની પસંદગી અને લાઘવ માટે ખરેખર દાદ માગે તેવો છે.

સર્વમાન્ય ઉમેદવાર શોધવાનું કામ કોંગ્રેસ અધ્યક્ષ કામરાજને સોંપાયેલું. કુલદીપ નાયર એમની આત્મકથામાં લખે છે:

After assessing the atmosphere in the two camps, I put the following story in the UNI ticker:

Mr. Morarji Desai, former finance minister, is the first one to throw his hat in the ring. He is believed to have told his associates that he is a candidate. Mr. Desai is understood to have said that there must be an election and he for once will not withdraw.

The minister without portfolio, Mr. Lal Bahadur Shastri, is another candidate though he himself is reticent. According to circles close to him, he would like to avoid contests as far as possible.

પછી તેઓ લખે છે કે મને કલ્પના પણ ન હતી કે મારી આ ન્યૂઝ આઇટમ મોરારજીને કેવું મોટું નુકસાન પહોંચાડશે. એમના ટેકેદારોએ એમ કહ્યું કે મારી આ આઇટમને કારણે એમણે ઓછામાં ઓછા ૧૦૦ મત ગુમાવ્યા. ચારે બાજુ વાત ફેલાઈ કે મોરારજી એટલા તો મહત્ત્વાકાંક્ષી છે કે એ નેહરુનાં અસ્થિ ઠંડાં થાય ત્યાં સુધી પણ રાહ જોઇ શક્યા નહીં. વળી એ કહે છે કે આ સ્ટોરીએ શાસ્ત્રીને કેટલો લાભ કરી આપેલો તેની મને કલ્પના ન હતી. પછી શાસ્ત્રીજીએ એમને બોલાવીને કહ્યું, (રાત્રે મોડેથી જ હશે ને?); "આથી વધુ સ્ટોરી લખવાની જરૂર નથી. નેતાપદની હરીફાઇ પૂરી થઈ". કુલદીપ નાયર એ સમજ્યા કે એમની સ્ટોરીએ - ઘડિયાળના લોલકને-શાસ્ત્રીની તરફેણમાં પહોંચાડ્યું છે અને તેઓ ચૂંટાઇ ગયા છે એમ જ સમજો. કુલદીપ નાયર શાસ્ત્રીજીને સમજાવવાનો પ્રયત્ન કરે છે અને શાસ્ત્રીજી એમના હોઠ ઉપર આંગળી મૂકીને ચૂપ રહેવાનો ઇશારો કરી છૂટા પડે છે. જ્યારે શાસ્ત્રીજી કોંગ્રેસ પક્ષના નેતા તરીકે ચૂંટાયા ત્યારે એ બધાની હાજરીમાં પાર્લામેન્ટ હાઉસના પગથિયે કુલદીપ નાયરને એમનો આભાર વ્યક્ત કરવા ભેટી પડેલા.

કુલદીપ નાયરને અમુક પદ આપવાની બાબતમાં શાસ્ત્રીજી એમને કહે છે કે એ પદ આપે તો ખરાં, પરંતુ "Morarjibhai will say that I have repaid you debt." હવે થોડાં પાછળ જઇએ.

બીજા દિવસે જ્યારે કુલદીપ નાયરની સ્ટોરી છપાઇ ત્યારે એ કહે છે, સવારમાં જ, કામરાજે મારા કાનમાં ફૂંક મારી અને પાર્લામેન્ટનાં પગથિયાં ઊતરતાં મને Thank you કહ્યું.

નેતાગીરીની આ ચોપાટમાં શાસ્ત્રીજી સોગઠી મારી ગયા અને મોરારજીભાઇ ઊણા ઊતર્યા. એટલું જ નહીં, પરંતુ એમને બદનામ પણ કરાયા. કુલદીપ નાયરે આ અને બીજા પ્રસંગોએ જે કુશળતાથી સેવા બજાવી એ બદલ એમની કેટલીક ઝંખનાઓ વહેલીમોડી થોડી તો પૂરી થઇ ગણાય. (લંડનમાં હાઇકમિશનર, અને રાજ્યસભાના સભ્ય). રણશિંગું ફૂંકાય તે પહેલાં જ મોરારજીભાઇ યુદ્ધ હારી ગયા.

શાસ્ત્રીજી પછી

૧૧ જાન્યુઆરી ૧૯૬૫. રાતના અઢીત્રણે હરસુખ પંડિતના ફોને અમને જગાડ્યા. અમે ઊંઘરેટા હતા ને સાંભળ્યું કે ઊઠો અને કામે લાગો. મોરારજીનો સમય આવ્યો છે. અને પછી તાશ્કદમાં શાસ્ત્રીજીના મૃત્યુના સમાચાર આપ્યા.

હરસુખ પંડિત રંગીન મિજાજી વ્યક્તિ. સ્વતંત્રતા પછીના દિલ્લીના સામાન્ય રીતે ઘણી ખબરો જાણતા. જન્મે ગુજરાતી, દેખાવડા અને હસમુખા. હરસુખભાઇ જરૂર પડ્યે કાશ્મીરી પંડિતની વંશાવલીમાં પણ પોતાને શોધી કાઢે. ઇંદિરાજી સાથે પૂનાની વકીલ સ્કૂલમાં હતા એ તેમનો દાવો અને એ કારણે ઇંદિરાજીથી ઘણા નિકટ. બનારસ હિન્દુ યુનિવર્સિટીના એન્જિનિયર. દિલ્લીમાં સ્થાયી થયા. ઘણાં વર્ષો સુધી એમની ફિયાટ મોટરમાં દિલ્લીના વી આઇ પી ઓ ના ઘેર ઘેર તેઓ જતા રહેતા. માહિતી મેળવે, ગામગપાટા મારે અને લોકોના વિશ્વાસપાત્ર બની રહે. એમની ઇંદિરાજી પ્રત્યેની નિષ્ઠા પૂરેપૂરી. એમની અમારી સાથેની મૈત્રી નિઃસ્વાર્થ, અમારા લોધી એસ્ટેટના ઘરના કમ્પાઉન્ડમાં બીલી (બિલ્વ)નું ઝાડ હતું. આવે ત્યારે કહે ચાલો “બિલ્વમૂલે રાષ્ટ્રચિંતનમ્” કરીએ. અમે સામાન્ય રીતે ત્યાં બેસતા. એ સંસ્કૃતમાં પણ બોલી શકતા.

શાસ્ત્રીજી પછી કોઇ સ્પષ્ટ ઉત્તરાધિકારી ન હતા. દેખીતી રીતે મોરારજીભાઇની ગણના થતી હતી. અને આની સાબિતી એ જ કે મોરારજીભાઇને સૌથી પહેલા મળવા આવનાર જગજીવનરામ હતા. ભારતના રાજકારણમાં જગજીવનરામ જેવા કોઇ વિચક્ષણ પુરુષ નહીં. આવીને મોરારજીભાઇના ઘૂંટણનો સ્પર્શ કર્યો, એમના પ્રત્યેનું માન દેખાડવા. પાછલું ભૂલી જવાનું કહીને એમના ટેકાની ખાતરી આપી. પછી તરત જ નીકળી ગયા.

કોઇ કારણસર ખંડુભાઇ તે દિવસે આવવામાં મોડા પડ્યા. જગજીવનરામ આવીને મળી ગયા તે ખંડુભાઇને કહ્યું ત્યારે એ ક્યાંય સુધી ઊંડા વિચારમાં બેસી રહ્યા. પોતે મજૂર નેતા હોવાને કારણે એ મજૂરમંત્રી જગજીવનરામને જાણતા હતા. વળી નેહરુના પ્રધાનમંડળમાં તેઓ પોતે મજૂરમંત્રી હતા ત્યારે પ્રધાનમંડળમાં જગજીવનરામ સાથી હતા. સાંજ સુધીમાં ગુજરાતથી હિતેન્દ્ર દેસાઇ આવી પહોંચ્યા. બ્રહ્માનંદ રેડ્ડીએ આવીને ટેકો જાહેર કર્યો. એક પછી એક આવતા મુલાકાતીઓમાં યશવંતરાય ચવ્હાણ બપોર પછી આવ્યા, એમણે પણ ટેકો આપ્યો. ઉત્સાહનું વાતાવરણ જામતું ગયું. સૌથી વધુ તો તારકેશ્વરી સિંહા, દિગ્વિજય નારાયણસિંહ અને ભગવત દયાલ શર્મા ઉત્સાહિત હતા.

મોરારજીભાઇ એક વહીવટકર્તા હતા, રાજનીતિજ્ઞ નહીં. એમને ભારતના વડા પ્રધાન થવાની મહેચ્છા ચોક્કસ હતી. અને પોતે પણ માનતા હતા કે એ પદના એ અધિકારી છે. પરંતુ સાથે સાથે એમ પણ માનતા હતા કે વડા પ્રધાનપદ માટે પ્રચાર કરવો યોગ્ય નથી. તેઓ કોઇ વ્યૂહરચના કરવા પણ તૈયાર ન હતા જ્યારે શાસ્ત્રીજીના અવસાનના સમાચાર જાણીને તરત જ ઇંદિરાજી રાતભર વ્યૂહ ગોઠવતાં રહેલાં. એમણે રોમેશ થાપરને પરોઢના ૪.૩૦ વાગ્યે સલાહ માટે બોલાવ્યા. જગજીવનરામ જેવા ચતુર રાજકારણી પણ એમને ઓળખી ન શક્યા. એક કારણ એ હોઇ શકે કે શાસ્ત્રીજીના પ્રધાનમંડળમાં ઇંદિરાજીનું પ્રદાન સામાન્ય હતું. એમની ઇચ્છા હતી કે વિદેશનીતિની બાબતમાં શાસ્ત્રીજી એમની સલાહ લે. શાસ્ત્રીજી એમની સલાહ ન લેતા તેથી તેઓ થોડાં રિસાયેલાં હતાં. પણ જેવા શાસ્ત્રીજી અવસાન પામ્યા ત્યારે તેઓ હવે એક મામૂલી વ્યક્તિ તરીકે રહેવા તૈયાર ન હતા. એમની ચપળતા અને દૃઢ નિશ્ચયની ખબર પડતાં જ જેઓ ૧૧મી એ દિવસ દરમિયાન મોરારજીભાઇને મળેલા

એમને સૌને પરિસ્થિતિ બદલાયેલી લાગી. જેઓ પાળી પર બેઠા હતા તેઓ સૌ ઇંદિરાજીની છાવણીનો વ્યવસ્થિત અને સમર્થ પ્રચાર જોઇને એ તરફ કૂદી પડ્યા. ઇંદિરાજીએ ડીપી મિશ્રાનો સક્રિય ટેકો મેળવ્યો એ કારણે બીજા કેટલાક મુખ્યમંત્રીઓનું પીઠબળ પણ મળ્યું. મોરારજીભાઇના ૭, ત્યાગરાજ માર્ગના ઘેર કેટલાક ટેકેદારો હતા જે વ્યૂહરચનાનો વિચાર કરતા હતા. પરંતુ ઉમેદવાર પોતે મત લેવા પ્રચાર કરવાના મતના ન હતા. એમની માન્યતા હતી કે વડા પ્રધાન પદના ઉમેદવારને સૌ કોઇ ઓળખે. એણે મત માંગવા જવું ન જોઇએ. શરૂઆતના ટેકેદારો અને જેઓ પાણીની ધાર જોઇને નક્કી કરનારાઓ હતા તેઓ એક પછી એક છાવણી બદલીને ચાલતા થયા. છતાં એમને વફાદાર કેટલીક વ્યક્તિઓ હતી. મોરારજીભાઇ, એમની નિકટ હોય એવી વ્યક્તિઓની પણ પાર્લામેન્ટરી બોર્ડમાં કે બીજે તરફેણ કરતા નહીં. તેમ છતાં સી બી ગુપ્તા અને બનારસીદાસ ઉત્તર પ્રદેશમાંથી, મહેશપ્રસાદ સિંહા બિહારમાંથી અને બીજાં કેટલાંક લોકસભાના સભ્યો એમની પડખે રહ્યા. પણ એકજૂટ થઇને કોઇ વ્યૂહરચના ગોઠવી શકે એવું એમનામાંથી કોઇ ન હતું. છેવટે ખંડુભાઇના કહેવાથી મોરારજીભાઇ દરેક સભ્યને કાગળ લખવા માટે માન્યા. રવીન્દ્ર વર્માએ એક સરસ ગરિમાભર્યો કાગળ તૈયાર કર્યો. જ્યારે આ કાગળની ૫૦૦ કોપીઓ કરવાની તૈયારી ચાલતી હતી ત્યાં તારકેશ્વરી સિંહા આવી ચડ્યાં. એમને લાગ્યું કે કેટલીક બાબતો ભારપૂર્વક કહેવી જોઇએ, એટલે એમણે એમાં સારી એવી નુક્તેચીની કરી. ત્યાર પછી શ્યામનંદન મિશ્ર આવ્યા. તેઓ એમ માનતા કે એમનું અંગ્રેજી ઘણું સારું છે તેથી એમણે એ કાગળમાં વધુ ફેરફાર કર્યા. પરિણામે જે કાગળ બધા લોકસભાના સભ્યોને ગયો તે રવીન્દ્ર વર્માના ખરડા જેટલો સારો ન હતો.આ સમય દરમિયાન મોરારજીભાઇના ટેકેદારો ધીમે ધીમે ખસતા ગયા. મોરારજીભાઇને સાથીદારોએ સમજાવ્યા કે બધા સભ્યોની સાથે ફોન પર વાત કરો. અનિચ્છાએ એમણે ફોન ઉપર વાત કરી—પણ બહુ મોડું થઇ ગયું હતું. વળી, એમની અપીલમાં કોઇ ઉષ્મા ન હતી. ઉપરાંત એમણે એમને કહ્યું કે મને ટેકો આપજો. પરંતુ એમ કહ્યું કે જે વધારે લાયક વ્યક્તિ હોય તેને ચૂંટવી જોઇએ.

ઇંદિરાજીને ૩૫૫ અને મોરારજીભાઇને ૧૬૯ મતો મળ્યા. એમની કાબેલિયત અને સિનિયોરિટીને સાંસદોએ મહત્ત્વ આપવું જોઇએ એમ મોરારજીભાઇ માનતા. પરંતુ ધર્મયુદ્ધમાં શસ્ત્રો ઉઠાવવાં પડે એ સત્ય ગીતા જેમને કંઠસ્થ હતી તે જ ભૂલી ગયા. દ્વારકાપ્રસાદ મિશ્ર અને મુખ્યમંત્રીઓ એક તરફે અને બીજી તરફે યુવાન અને મહત્ત્વાકાંક્ષી લોકોની હરોળ એમ ઇંદિરાજી માટે બે સમાંતર હરોળે જે ઝુંબેશ ચાલી એની સરખામણીમાં મોરારજીભાઇની હાર નાલેશીભરી ન હતી. હિન્દુસ્તાન ટાઇમ્સમાં રાજેન્દ્ર પુરીના કાર્ટૂને એ બહુ સૂચક રીતે બતાવ્યું.—મોરારજીભાઇ એકલા ઊભા છે અને બાજુમાં ઇંદિરાજી કામરાજ અને બીજાઓના ખભા પર ઊભા છે. એકલવીર મોરારજીભાઇનું સામર્થ્ય દેખાડતું એ કાર્ટૂન બહુ સૂચક હતું. આ લડાઇ મોરારજીભાઇ લડ્યા પણ શસ્ત્રો બાજુએ મૂકીને. જીતની બાજી હારમાં બહુ વહેલી પલટાઇ ગઇ.

કટોકટી પછી

કટોકટીને પાછી ખેંચીને ચૂંટણી યોજવાની ઇંદિરાજીની ઇચ્છા ન હતી. સંજય ગાંધી અને સાથીદારો ચૂંટણી થાય એવું ક્યારેય ઇચ્છતા ન હતા. પરંતુ ઇંદિરાજી એમના અનેક ક્ષેત્રોના વિશ્વાસુઓના વિચાર જાણ્યા કરતાં હતાં. એમનામાં કેટલાક કટોકટી ઉઠાવી લેવાની તરફેણ કરનારા હતા. એમાં ઇંદિરાજીની નિકટની અને વિશ્વાસુ એવી એક વ્યક્તિએ ઇંદિરાજીનો વિચારપલટો કરવામાં મોટો ભાગ ભજવ્યો. એમણે દેશમાં ફેલાઇ રહેલા અસંતોષની વાત અને વિદેશમાં થઇ રહેલી કટોકટીની આલોચનાની વાત ઇંદિરાજીને સતત કર્યા કરી. પોતાની લોકપ્રિયતા જળવાય તે માટે તેઓ સતત રસજાગ હતાં. છેવટે હા ના ની વચ્ચે એમણે કટોકટી ઉઠાવીને ચૂંટણી યોજવાનું નક્કી કર્યું. એમાં અલાહાબાદ હાઇકોર્ટના ચુકાદાએ મહોર મારી. એમના આ નિર્ણયે કટોકટીના વિરોધી પક્ષો અને જૂથોને ભેગાં કર્યાં. આ પ્રક્રિયામાં રામનાથ ગોએન્કા અને એમના અખબાર ઇન્ડિયન એક્સ્પ્રેસે ચાવીરૂપ ભાગ ભજવ્યો, અને જનતા પક્ષ અસ્તિત્વમાં આવ્યો.

જનતા પક્ષનું સૌથી મોટું ઘટક ચૌધરી ચરણસિંહનું લોકદળ હતું. ચૌધરીજીની વડા પ્રધાન થવાની મહત્ત્વાકાંક્ષા કોઇથી છૂપી ન હતી. શરૂઆતથી જ મોરારજીભાઇ ખટપટથી દૂર રહ્યા. નવા પક્ષનાં પાંચ ઘટકોમાંથી ચાર ઘટકોને એમ હતું કે ચરણસિંહ સંકુચિત દૃષ્ટિએ જોનાર વ્યક્તિ છે, એમની સાથે વધુ સાંસદો છે પરંતુ એમની

અખિલ ભારતીય પ્રતિભા નથી. તેથી સૌએ સાથે મળીને જયપ્રકાશ નારાયણ અને આચાર્ય કૃપાલાનીને જવાબદારી સોંપી કે સાંસદોની નાડ જોઇને તમે નામ સૂચવો. જયપ્રકાશજી અને કૃપાલાનીજીનો મોરારજીભાઇ માટેનો અણગમો અછતો ન હતો. પરંતુ તેમણે બધા જનતા સાંસદોને મળીને, વધુ સાંસદો મોરારજીભાઈને વડા પ્રધાન તરીકે ઇચ્છે છે એવું જાહેર કર્યું. આખરે મોરારજીભાઇ ગાંધીવાદી તો ખરા ને? એ મુદ્દો પણ ભાગ ભજવી ગયો હશે એવી એક માન્યતા હતી. મોરારજીભાઈ વડા પ્રધાન થયા ત્યારે એમને એ માટે લડવાનું ન હતું. એ પણ વિધિની એક વિચિત્રતા હતી.

અગાઉ બે પ્રસંગોએ મોરારજીભાઇ હરીફાઇ માટે તૈયાર હતા. વિધિની એ વિચિત્રતા હતી કે આખરે જ્યારે એમને વડા પ્રધાનપદ પ્રાપ્ત થયું ત્યારે એમને લડવાની આવશ્યકતા ન હતી. ત્રીજી વાર તક ઊભી થઇ ત્યારે મોરારજીભાઈને સંઘર્ષ કરવાની જરૂર ન પડી.

મોરારજી દેસાઇ-રાજકારણ અને સાધનશુધ્ધિ

મોરારજી દેસાઇ વિશે ઓછું લખાયું છે. એમને નજીકથી જોવાની તક અમને મળેલી. આ લેખમાં એમના પ્રદાન વિશે, એમના વિશેની સામાન્ય છાપ, પોતાની ઇમેજ વિશે ઉદાસીનતા, કામરાજ પ્લાન દ્વારા કરાયેલી એમની બાદબાકી તેમજ એમના આગ્રહો અને માન્યતાઓને જ અહીં આવરવાનો પ્રયાસ કર્યો છે.

મોરારજી દેસાઇ ભારતના જાહેરજીવનની એક કોયડારૂપ વ્યક્તિ છે. આ સંદર્ભે ભાવિ ઇતિહાસકારો કદાચ એમ પણ કહેશે કે એમને સમકાલીન ઇતિહાસકારોએ અન્યાય કર્યો હતો.

આ એક એવી વ્યક્તિ હતી જે વ્યાપક લોકપ્રિયતાના શિખરે ક્યારેય પહોંચી ન હતી. એમના પ્રશંસકો હતા, પરંતુ એમની સિધ્ધિઓ વિશે જાહેરમાં બોલનારા અથવા લખનારાઓની સંખ્યા ઓછી રહી છે. એમના મુંબઈના સમય સુધીની જીવનકથા કરન્ટના તંત્રી દોસુ કરાકાએ અંગ્રેજીમાં લખેલી. ૧૯૬૦ના દાયકામાં બસંત ચેટરજીએ હિંદીમાં અંતિમ પ્રહરી લખેલી. એ સિવાય એમણે પોતે લખેલી આત્મકથાના ત્રણ ભાગ પણ ઉપલબ્ધ છે.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ એમના ટીકાકારોની અને મજાક ઉડાવનારાઓની સંખ્યા વધતી ગયેલી. મહાગુજરાતના આંદોલન પછી ગુજરાતના સામાન્ય વર્ગમાં, વિશેષ કરીને તત્કાલીન ગુજરાતના વિદ્યાર્થીવર્ગમાં, એમના ટીકાકારો વધી ગયેલા. સમગ્ર દેશહિતની ચિંતા-ફિકર સેવનારી તેમની આખી કારકિર્દીની અવગણના કરતાં પણ કોઈ અચકાયું નથી.

ભારતના વડા પ્રધાનો પર લેખમાળા લખાય તેમાં ગુલઝારીલાલ નંદા, ચૌધરી ચરણસિંહ, ઇંદર ગુજરાલ અને દેવગૌડાનો છબીઓ સાથે ઉલ્લેખ હોય પરંતુ મોરારજીભાઈનું નામ સુધ્ધાં ન હોય-એવા દાખલાઓ આપણે જોયા છે. અમદાવાદમાં સાબરમતીના તીરે એક સ્મૃતિઘાટ સિવાય એમનું કોઇ સ્મારક પણ જોવા મળતું નથી. એ સ્થળના વહીવટ વિશે પણ રાજ્ય સરકાર અને સાબરમતી આશ્રમ ગોશાળા વચ્ચે કોઇ સમજૂતી થઈ નથી. એમની હયાતી દરમિયાન એ પોતાનું નામ કોઇ રસ્તા કે સંસ્થા સાથે જોડવાની અનુમતિ આપતા ન હતા. પરંતુ એમના મૃત્યુ પછી પણ આખા દેશમાં, એમનું નામ જોડાયું હોય એવી એક પણ રાષ્ટ્રીય સંસ્થા જોવા નહીં મળે!

મોરારજીભાઈથી દૂર ભાગતી લોકપ્રિયતા અને લોકપ્રિયતા વિશેની એમની ઉદાસીનતા વિશે આગળ વાત કરીશું. પરંતુ એ તો સ્વીકારવું જ પડે કે મોરારજીભાઇએ સીધાં અને કપરાં ચઢાણ ચડતાં, સામા પ્રવાહે તરતાં, ક્યારેક ઠોકર ખાતાં જાહેરજીવનનાં લગભગ બધાં જ શિખરો સર કર્યાં. એમની કારકિર્દી ઉપર નજર નાંખીએ તો એ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એમની કાર્યક્ષમતાની પ્રશંસા થઇ છે; અલબત્ત, એમને એ કાર્યો માટે લોકપ્રિયતા ન મળી હોવા છતાં.

પ્રાથમિક શાળાના એક સામાન્ય શિક્ષકના પુત્રે સગાંસંબંધીઓની સહાયથી ભણતર પૂરું કર્યું. એ દરમિયાન કૂવેથી પાણી સીંચીને નહાવાનું, જે મળે તે જમવાનું. પોતાની જાતે જ અભ્યાસ કરવાનો અને છાત્રાલયમાં મફત રહેવાનું. કુલીને આપવાનું ભાડું ન પોસાય એટલે રેલવેસ્ટેશનથી ટ્રંક માથે મૂકીને છાત્રાલય સુધી જવાનું. એ રીતે તેઓ ગ્રેજ્યુએટ થાય છે. એ જમાનામાં સહેલાઈથી ન મળે તેવી પ્રાદેશિક સનદી અધિકારી તરીકે નિમણૂક મેળવે છે અને કાર્યક્ષમ તેમજ પ્રામાણિક અધિકારી તરીકે નામના મેળવે છે. બ્રિટિશ સરકારે મૂકેલા પણ એમને અસ્વીકાર્ય આક્ષેપોના વિરોધમાં નોકરી છોડી દે છે અને સરકાર એમને નિર્દોષ જાહેર કરે છે છતાં એ ફરી નોકરીમાં જોડાતા નથી.

સરકારની નોકરી છોડીને મોરારજીભાઇ કોંગ્રેસમાં જોડાય છે અને બત્રીસની ઉંમરે ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિના મંત્રી બને છે. એ સમયે ગાંધીજીની છત્રછાયા હતી અને સરદારની આણ વર્તતી તેથી પ્રાંતિક સમિતિના મંત્રીએ નિર્ધારિત માર્ગે જ કામ કરવાનું હોય. વળી, મોરારજીભાઇની ભૂમિકા રાજકીય પક્ષના સંગઠનની ન હતી. તેથી તેમણે પ્રાંતિક સમિતિના મંત્રી તરીકે કોઇ વિશિષ્ટ કામગીરી બજાવી હોય એવો સંભવ નથી. હા, એમના મંત્રીપદ સિવાયનાં વર્ષોમાં એ વારંવાર બ્રિટિશ કારાવાસ ભોગવે છે. એ દરમિયાન અનેક સત્યાગ્રહીઓના નિકટના પરિચયમાં આવે છે. એમની કારકિર્દીની દૃષ્ટિએ ૧૯૩૨-૩૩ના કારાવાસમાં બાળાસાહેબ ખેર સાથે વિતાવેલા સમયમાં એમનો જે નિકટવર્તી પરિચય થયો તે મહત્ત્વનો હતો. ૧૯૩૭માં બાળાસાહેબ મુખ્યપ્રધાન થયા ત્યારે તેમણે મોરારજીભાઇને ૪૧ની ઉંમરે મહેસૂલમંત્રી બનાવીને મહત્ત્વનું ખાતું સોંપ્યું હતું.

કોઇ વ્યક્તિના જીવન અને કાર્યને મૂલવતી વેળાએ એ બંને બાબત વિશે વ્યાપક દૃષ્ટિપાત અને સઘન મૂલ્યાંકન કરવાં જોઇએ. માત્ર જાણેલી-સાંભળેલી વત્તી-ઓછી મોરારજીભાઇની લાંબી કારકિર્દી પર લખવા જતાં આ લેખનો વિસ્તાર ઘણો વધી જાય. તેથી બાળપણની ભવિષ્ય ઉપર અસર, સરદાર પટેલ સાથેના કેટલાક નીતિવિષયક મતભેદો, એમણે જતા કરેલા આર્થિક લાભો, એમની કાર્યપદ્ધતિ વગેરે વિશે વિગતે વાત હમણાં ન કરીએ અને માત્ર એમની થોડી સિદ્ધિઓ નમૂનારૂપે લઇએ, જેથી આપણાં કેટલાંક તારણોને અનુમોદન મળે. મુંબઇ રાજ્યના મહેસૂલમંત્રી અને ત્યાર પછી મુખ્યમંત્રી તરીકે તેમણે લીધેલા પગલા રાજ્યોના વહીવટના ઇતિહાસમાં જરૂર ધ્યાન ખેંચશે. સ્વાતંત્ર્યસંગામમાં બ્રિટિશ હકૂમતે જપ્ત કરેલી જમીનો, દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં દાડિયા-મજૂરોની રોજીમાં વધારો, રાજ્યમાં દુષ્કાળની પરિસ્થિતિનો કુશળ સામનો, ખેડે તેની જમીનનો કાયદો, જાગીરદારીનાબૂદીનો કાયદો, હાળીની પ્રથાની નાબૂદી, વંચિતોની જમીનના રક્ષણ માટે જોગવાઇ, જમીનના ભાગલા કે એકીકરણને રોકતો કાયદો, પૈસાની ધીરધારનો કાયદો વગેરે. મોરારજીભાઇએ એક કુશળ વહીવટકર્તા તરીકે નામના મેળવી. એ સમયે મદ્રાસમાં રાજાજી, બંગાળમાં બી સી રોય, અને ઉત્તરપ્રદેશમાં પંતજી મુખ્યમંત્રીઓ હતા. આ રાજ્યોમાં જે સુધારાઓ થયેલા અને એ જ સમયે મુંબઇ રાજ્યમાં જે પ્રગતિશીલ સુધારાઓ થયેલા એની અભ્યાસપૂર્ણ સરખામણી સંશોધનનો વિષય છે. નેહરુ, મોરારજીભાઇને રાષ્ટ્રના મહત્ત્વના પ્રશ્ન-સમસ્યાઓ અંગે વિશ્વાસમાં લેતા એટલું જ નહીં એમની સલાહ પણ લેતા. એ બંનેનો ૧૯૫૨-૫૬નો પત્રવ્યવહાર નૅશનલ આર્કાઇવ્ઝમાં ઉપલબ્ધ છે, તે એમના સૂચિત ગાઢ સંબંધની ગવાહી પૂરે છે.

પંડિતજી અને મોરારજીભાઇનો સંબંધ ઊંડાણપૂર્વક સમજવા જેવો છે. પંડિતજી જ્યારે ૧૯૪૬માં વચગાળાની સરકારમાં વડા પ્રધાન બન્યા ત્યારે એમની ઉંમર એકસઠની હતી. તેમની શક્તિ અને તરવરાટ જુવાનોની બરોબરીનાં હતાં. ૧૯૫૦ સુધી તો અનેક મતભેદો છતાં સરદાર વલ્લભભાઇ એમની પડખે હતા. સરદારના ગયા પછી કોંગ્રેસ વર્કિંગ કમિટીમાં બધાં ઉંમરવાન અને થાકેલા સાથીઓ હતા. રાજ્યના મુખ્ય પ્રધાનો પણ પંડિતજીની ઝડપે કામ કરી શકે તેવા ન હતા. વળી, પંડિતજી જે પ્રગતિશીલ વિચારધારા ઇચ્છતા હતા તે અનેક કારણસર આ બધાં અમલમાં મૂકી શકતા ન હતા. રાજાજી પંડિતજી કરતાં અગિયાર વર્ષે, બી સી રોય સાત વર્ષે, પંતજી માત્ર બે વર્ષે, પરંતુ પંતજીએ ખાધેલા લાઠીના થાએ એમની ગતિ ધીમી કરી નાખેલી, બી જી ખેર એક વર્ષે મોટા (પણ સ્વભાવે ગતિશીલ ન હતા,) અને રવિશંકર શુક્લ બાર વર્ષે મોટા.

વળી, પંડિતજીથી જે નાની ઉંમરના હતા તેમને ગજું કાઢવાને વાર હતી. મોરારજીભાઇ મુખ્યમંત્રી બન્યા ત્યારે એમણે ગજું કાઢેલું. મુંબઇ જેવા મોટા રાજ્યના ગૃહ અને મહેસૂલપ્રધાન તરીકે એમણે જે કામ કરેલું તે વિશે આપણે

ઉપર કહી ગયા છીએ. મોરારજીભાઇ મુખ્ય પ્રધાન બન્યા છપ્પનમે, જ્યારે પંડિતજી હતા પાંસઠના. આમ એમની પછીની પેઢીમાં એમની નજર મોરારજીભાઇ ઉપર ઠરી હોય એ સ્વાભાવિક છે. એ બંનેના ૧૯૫૨-૧૯૫૬ના પત્રવ્યવહારમાં જે નિકટતા છે તે આ માટે કારણભૂત હોઇ શકે, અને એ જ કારણે મોરારજીભાઇ ૧૯૫૨માં ચૂંટણી હાર્યા હોવા છતાં નેહરુએ પોતે જ એમની પ્રિય લોકશાહી પરંપરામાં અપવાદ કર્યો હશે. અને એ મુખ્ય પ્રધાન બને એ માટે સક્રિય બન્યા હશે. મુંબઇના વિભાજનમાં એકલા પડી જવા છતાં મોરારજીભાઇને કેન્દ્રમાં માનભર્યું સ્થાન આપ્યું હતું.

મુંબઇના મુખ્ય પ્રધાન તરીકેની મોરારજીભાઇની કામગીરી પછી એવી જ ઉજ્જ્વળ કામગીરી, જ્યારે પહેલી વાર એ કેન્દ્રમાં વિત્તમંત્રી થયા ત્યારે એમણે બજાવી. એ સમયનું ખરું બયાન બી કે નેહરુ એ કર્યું છે. બી કે નેહરુ પંડિતજીના ભત્રીજા, આનંદભવનમાં ઊછરેલા અને તે સમયે વિત્ત મંત્રાલયમાં ઊંચા હોદ્દે હતા. એમના મત મુજબ મોરારજીભાઇએ વિત્તમંત્રી તરીકે જે કામગીરી બજાવી તે ખાસ્સી મહત્ત્વની હતી. ત્યારે પંચવર્ષીય યોજનાનો લક્ષ્યાંકો ચૂકી જવાતા હતા. વિદેશી મુદ્રાની સ્થિતિ પણ સાવ નબળી હતી. બજેટની ખાધ ઉત્તરોત્તર વધતી જતી હતી. વાસ્તવમાં આપણી આર્થિક સ્થિતિ કફોડી હતી. ત્યારે ત્રણ વિકલ્પો હતા. એક, બધાં વિકાસકામો બંધ કરી દેવાં; બીજું, કોઇ સમારકામ કે સાધનોની જાળવણીનું કામ હાથમાં ન લેવું. અને ત્રીજું, વિદેશી સહાય લેવી. દેવાના હપ્તામાં મોડું કરવાનો વિકલ્પ ન હતો. એ તો નાદારીનો માર્ગ હતો. તેમ કરવાથી આપણને કોઇ વ્યાજે પણ નાણાં ન આપે. પંડિતજી વિદેશી સહાય લેવાની વિરુદ્ધ હતા. આપણું ગૌરવ જાળવીને વિદેશી સહાય લઇ શકાય. પરંતુ એ શક્ય ન હતું, કારણ કે સહાય આપનારા આપણું નાક રગડાવ્યા વગર સહાય ન કરે. ખર્ચની બાબતમાં શિસ્ત એ પાયાનો સવાલ હતો. એમ કરતાં બીજાં ખાતાંની ટીકા સહેવી પડે, અને કૃષ્ણમેનન જેવા દિગ્ગજો સામે બાથ ભીડવી પડે. બધાં ખાતાંઓ વિદેશી મુદ્રા માટે તેમજ બીજી માગણીઓ માટે જરૂરિયાત કરતાં વધારેની રજૂઆત કરતાં. સંરક્ષણ મંત્રાલયે ૪૪૦ કરોડ રૂપિયાની વિદેશી મુદ્રાની માગણી કરેલી. જ્યારે વિગતમાં ઊતર્યા ત્યારે એ ૨૦ કરોડથી વધારાની રકમ માટે કશો આધાર બતાવી શક્યા નહોતા. મોરારજીભાઇએ બધા સાથીઓનો ખોફ વહોરીને આવી અરાજકતામાં શિસ્ત આણી. બજેટની ખાધમાં સુધારો થયો એટલે મિત્ર દેશોએ સહાય આપવાનું શરૂ કર્યું. આ પગલાંઓથી બીજી યોજના માટે આવશ્યક જોગવાઇ થઇ શકી. આપણું અર્થકારણ સ્થિર થયું. પંડિતજીને આનો ભારે સંતોષ હતો.

મોરારજીભાઈની આવી કાર્યક્ષમ, નિર્ભીક અને વિકાસવાંછુ કારકિર્દી હોવા છતાં આપણે આરંભમાં જોયું તેમ મોરારજીભાઇ લોકપ્રિયતાના શિખરે ન પહોંચ્યા આનાં કેટલાંક કારણો છે. એક તો એમણે ક્યારેય અંગત વફાદારીનો બદલો કોઇને નહીં આપેલો. કોને ટેકો આપવો એ ગુણવત્તાના ધોરણે એ વ્યક્તિએ નક્કી કરવાનું છે. એના બદલાની અપેક્ષા ન હોય. એમના વ્યવહારમાં વહાલાં દવલાંની નીતિને સ્થાન નહીં. પાર્લામેન્ટરી બોર્ડમાં ટિકિટ આપવામાં એમણે કોઇનો પક્ષ વફાદારીના ધોરણે લીધો હોય એવું બન્યું નથી. એનો બળાપો ક્યારેક અમારી પાસે ઉત્તરપ્રદેશના બનારસીદાસ અને બિહારના મહેશપ્રસાદ સિંહા જેવા તેમના ટેકેદારોએ કાઢ્યો છે.

રાજકારણમાં અંગત વફાદારોની ફોજ ન હોય તો કેમ ચાલે?

કોઇ નિકટના લોકોથી દોરવાઇને કોઇને અન્યાય કરી બેસે તેવું ક્યારેક બને એમાં કોઇને કિન્નાખોરી દેખાય એવું પણ બને. વાસ્તવમાં તેઓ ક્યારેક દોરવાઇ જતા. એવા અપવાદો બાદ કરતાં એમણે જાણીબૂઝીને પક્ષપાત કર્યો હોય કે કોઇ તરફ કિન્નાખોરી દાખવી હોય એવું બન્યું નથી. હા, એક વાત સાચી કે જેની ઉપર એક વાર વિશ્વાસ મૂક્યો એ વિશ્વાસમાંથી સામાન્ય રીતે વિચલિત ન થાય. એટલું જ નહીં, પણ ક્યારેક એવી વ્યક્તિ પકડાઇ જાય અને માફી માંગી લે તો એવો દગો કરનારને માફ કરતાં પણ મોરારજીભાઇ અચકાતા નહીં. એમના આ સ્વભાવનો ગેરલાભ લેનારા એમને મળ્યા છે એની ના નહીં.

મોરારજીભાઇ ક્યાંય કૂણા પડે તો દલિતો અને સ્વાતંત્ર્યસેનાનીઓ માટે. જાહેરજીવન, અને ખાસ કરીને લોકશાહીમાં પોતાની વાત, પોતાનો મુદ્દો લોકો સુધી સ્પષ્ટ રીતે પહોંચે એ આવશ્યક છે. સંચારનું મહત્ત્વ કોઇ સૌથી વધુ સમજ્યું હોય તો તે ગાંધીજી હતા. છેક દક્ષિણ આફ્રિકાથી એમને આ જરૂરત જણાઇ અને પત્રો,

પત્રિકાઓ, ભાષણો, લખાણો, પુસ્તકો અને ઇન્ડિયન ઓપિનિયન જેવાં સામયિકો, જેનું પોતે સંપાદન અને સંચાલન કરતા હતા—તે દ્વારા પરદેશમાં પણ એ જુદી જુદી ભાષાઓ બોલતા, જુદા જુદા આર્થિક અને શૈક્ષણિક સ્તરના લોકો સુધી એ એમની વાત પહોંચાડી શકતા. જવાહરલાલ નેહરુ, પણ આ બાબતમાં સજાગ હતા. મોરારજીભાઇ આ વિશે ઉદાસીન હતા. એમણે શું સારું કામ કર્યું એ યાદ રાખવાને બદલે એમણે એ કઇ રીતે કહ્યું તેને યાદ રાખીને લોકોએ પૂર્વગ્રહ બાંધ્યા છે.

રાજકારણમાં સામાન્ય રીતે વ્યાપક ‘નરો વા કુંજરો વા'ની નીતિ એમણે ક્યારેય ન અપનાવી. એમનું કોઇ વિધાન એમની છબીને નુકસાન કરશે એ જાણવા છતાં એને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન ન કરતા. એમની આ ઉદાસીનતાનાં મૂળ એમની ફિલસૂફી આધારિત હતા એમ કહી શકાય. 'અપરિગ્રહ અને સૂક્ષ્મ વિવેક' લેખમાં એમની ફિલસૂફી અને તે અંગે જે દાખલા આપ્યા છે તે ઉપરથી ખ્યાલ આવે છે કે યશપ્રાપ્તિની એમને ખેવના ન હતી. એમની આ વૃત્તિને કારણે એમને ઘણું નુકસાન થયું હોવા છતાં એમણે આખર સુધી યશની ખોજ ન કરી એમની છબિને ઊજળી કરે એવા કિસ્સા બહાર ન આવે એની કોણ જાણે એ કાળજી ન લેતા હોય!

જાહેરજીવનમાં એકલો જાને રે' નથી ચાલતું. કેટલાંકની સાથે વિશેષ સંબંધ રાખવો આવશ્યક બને છે. મામકાને મહત્ત્વ ન મળે તો એ મામકા ન રહે. ગઠબંધન ન કરીએ તોપણ રાજકારણમાં સમોવડિયા સાથે સમજણ-સમજૂતી હોવી આવશ્યક બને છે. આગોતરી માહિતી મેળવવી પણ જરૂરી હોય છે. મોરારજીભાઈ આ બધામાં ન માને તેથી એ રાજકારણમાં કઇ રીતે બંધ બેસે?

આના થોડા દાખલા જોઇએ.

જ્યારે મોરારજીભાઈ કોંગ્રેસ પક્ષના ખજાનચી હતા ત્યારે ફંડ એકઠું કરવાની જવાબદારી એમની હતી. એક દિવસ જે આર ડી તાતા એમને મળ્યા ત્યારે એમણે જે આર ડીને કહ્યું કોંગ્રેસ પક્ષને નાણાંની જરૂર છે. આપ જો અમારા પક્ષની નીતિમાં વિશ્વાસ રાખતા હોવ તો આપનો ફાળો આપો. એ બીજા ઉધોગપતિઓને પણ મળ્યા અને એ જ વાત કહી. એમાં કોઇ મીઠી મીઠી વાત નહીં, કોઇ આજીજી નહીં અને સત્તા ઉપર આવીએ ત્યારે ઋણ ચૂકવવાનો તો કોઈ સવાલ જ નહીં.

એક બીજા કિસ્સામાં મોરારજીભાઈ જ્યારે વડા પ્રધાન થયા ત્યારે રામનાથ ગોએંકા એમને મળ્યા અને કહ્યું કે એમની સામે ઇંદિરા ગાંધીના રાજ્યકાળ દરમિયાન કેટલાક આર્થિક ગુનાઓ નોંધાયેલા. એ કારણે એમને ઘણું નુકસાન ભોગવવું પડેલું. સ્વાભાવિક રીતે જ આ કેસો સરકાર પાછા ખેંચી લે એવી રામનાથજીની ઇચ્છા હતી. કટોકટી દરમિયાન જુદાં જુદાં જૂથોને જનતા પાર્ટીના ઝંડા હેઠળ ભેગા કરવાનું ભગીરથ કાર્ય રામનાથજીએ કર્યું હતું. તેથી રામનાથજીને થયેલ અન્યાય દૂર કરીને આ કેસો બંધ થાય એવું મોરારજીભાઈ ઇચ્છતા હતા.

પરંતુ એ કેસોની હકીકત અને વિગતો જોતાં એમના અધિકારીઓએ સ્પષ્ટ જણાવ્યું કે કોઈ નવી હકીકત, પુરાવા કે દલીલો ન હોય તો આ કેસો કાયદાની દૃષ્ટિએ પાછા ન ખેંચી શકાય.

આ કેસોની મૂળ તપાસ સી બી આઈએ કરેલી. તેથી સી બી આઇ ના ડાયરેક્ટરને બોલાવવામાં આવ્યા અને આ કેસો બંધ કરવા કહેવામાં આવ્યું સી બી આઇ ના ડાયરેક્ટર એક તટસ્થ, નેક અને બાહોશ અધિકારી હતા. વડા પ્રધાનની ખફગી વહોરીને પણ તેમણે એક કલાક સુધી દલીલ કરી કે જે તથ્યો છે એના આધારે આ કેસો બંધ ન થઇ શકે. કોઇ પણ નવી માહિતી કે મુદ્દા હોય તો એ જરૂર રામનાથજીના કેસોને ફરી વખત તપાસશે. આ લાંબી અને સી બી આઇ ના ડાયરેક્ટર માટે કસોટીરૂપ મુલાકાતનો અંત ત્યારે આવ્યો જ્યારે વડા પ્રધાને સી બી આઇ ના ડાયરેક્ટરની નિષ્પક્ષતા અને હિંમતને અનુમોદન આપ્યું અને કાયદો કાયદાનું કામ કરે એવો નિર્ણય આપ્યો. આનાથી પક્ષના કેટલાક સિનિયર પ્રધાનો ખૂબ નારાજ થયેલા મોરારજીભાઈએ જ્યારે વડા પ્રધાનપદ છોડ્યું ત્યાર પછી આ કેસો બંધ કરી દેવામાં આવ્યા હતા.

ત્રીજો કિસ્સો છે જનતા સરકારના પતન વખતનો જ્યારે જ્યોર્જ ફર્નાન્ડીઝે સંસદમાં પક્ષના વહીવટનો ખૂબ કુનેહપૂર્વક બચાવ કરીને એક જ્વલંત પાર્લામેન્ટરી ચર્ચાનું ઉદાહરણ પૂરું પાડ્યું અને ત્યાર પછી થોડા વખતમાં જ એમણે મોરારજીભાઇ સાથે છેડો ફાડ્યો ત્યારે સંઘર્ષની રેખા સ્પષ્ટ થઇ હતી. એ સમયે અકાલી દળના મુખ્ય નેતાઓ મોરારજીભાઇને મળવા આવ્યા. એમણે મોરારજીભાઇને ટેકો આપવા તત્પરતા બતાવી. રવીન્દ્ર વર્મા અને અમે હાજર હતા. આમેય મોરારજીભાઈ અને શીખો વચ્ચે એક પ્રકારનો સદ્ભાવ હતો. અકાલી દળ એમનો આદર કરતું. આટલું કહ્યા પછી એમણે એમની બે ત્રણ માગણીઓ મોરારજીભાઇ સમક્ષ રજૂ કરી. એક તો આનંદપુરસાહેબથી ઑલ ઇન્ડિયા રેડિયોએ ગુરુબાનીનો રોજ પ્રસાર કરવો. અમૃતસરના ઍરપૉર્ટને આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટનો દરજ્જો આપવો અને ત્રીજી પણ એવી એક સહેલી માગણી હતી જે અત્યારે સ્મરણમાંથી ખસી ગઈ છે. આ બધી માગણીઓનો સ્વીકાર સહેલાઈથી થઇ શકે તેમ હતો. પરંતુ મોરારજીભાઇનો જવાબ લાક્ષણિક હતો: તમારી માગણીઓની પૂર્તિ સહેલાઈથી થઇ શકે તેમ છે. પરંતુ જો એ ટેકો આપવા માટેની શરતો હોય તો એ શક્ય નથી. મૈં સોદાબાજી નહીં કરૂંગા. જે વડા પ્રધાન પોતાના સ્થાનને બચાવવા માટે સોદાબાજી કરે તો તે ઊંચા આસનને લાયક નથી.

અકાલીઓનો ટેકો ન મળ્યો.

આ ત્રણેય દાખલામાં શું અને કોણ સાચું તે નિર્ણય કરી શકાય? આપણે સૌ માનીએ છીએ કે પક્ષને માટે ફંડ એકઠું કરો તો સામે કાંઈક લાઇસન્સ કે પરમિટ આપવા પડે. રામનાથ ગોએંકા જેવી વ્યક્તિને એમના પ્રદાન પ્રમાણે ઋણ ચૂકવવું જોઈએ. અને સત્તાસ્થાને રહેવા માટે કંઈક સોદાબાજી તો કરવી જ પડે. પરંતુ આપણે એમ પણ ઇચ્છીએ છીએ કે પક્ષને જિતાડવા માટે પૈસા આપનારને બદલો ન અપાય, કાયદો કાયદાનું કામ કરે અને જે વડા પ્રધાન સત્તા ટકાવવા માટે સોદાબાજી કરે તે એ સ્થાનને લાયક નથી. આ બંને માન્યતાઓ આપણે સમય અને પ્રસંગ પ્રમાણે સ્વીકારતા અથવા નકારતા હોઈએ છીએ. મોરારજીભાઈ જો લોકપ્રિયતાના મોહને ત્યજીને અને પોતાનું પદ હોડમાં મૂકીને ઊંચા આદર્શોને વળગી રહે તો એમાં સાચાખોટાનો નિર્ણય કોણ કરે?

પોતાની છબિ વિશે દુર્લક્ષ્ય એ મોરારજીભાઈની એક લાક્ષણિકતા હતી. સંચારમાધ્યમોમાં એમના વિશે ઘસાતું લખાય, ક્યારેક તેમની ઠેકડી પણ ઉડાડાય, એની એમને પરવા ન હતી. દરેક રાષ્ટ્રીય નેતા પોતાની છબિ વિશે સજાગ હોય છે. એને ઊજળી કરવા ઉત્સુક પણ હોય છે અને પ્રયત્નશીલ પણ. કમસેકમ પોતે કોઈનું ભલું કર્યું હોય તેની વાત સૌ જાણે એમાં શું વાંધો હોઇ શકે? એવી કોઈ પ્રવૃત્તિને એ રોકતા. એમના માહિતી અધિકારીઓનું કામ હમેશાં અઘરું બની રહેતું. એક વાર અમે આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે અનુગીતાનો એક શ્લોક બોલી ગયેલા. એ શ્લોકમાં એમની ફિલસૂફી હતી. શ્લોકનો અર્થ કંઇક આવો હતોઃ મારા ઉપર જે વીતવાની હોય તે ભલે વીતે અને તે પણ વિના વિલંબે મારે જે કાંઇ ચૂકવવાનું હોય તે હું દૂર ઠેલવા માગતો નથી.

મોરારજીભાઈના સ્વભાવ અને વર્તાવ વિશે સામાન્ય માન્યતાઓ છે અને વાસ્તવમાં એમનું વ્યક્તિત્વ ભિન્ન હતું. તેમના વિશેની સામાન્ય માન્યતાઓ પણ એમની છબિના ઊજળાં પાસાંને આગળ નહીં કરવાની એમની વૃત્તિનું પરિણામ હતું. મોરારજીભાઇને મિત્રો સાથે બ્રિજ રમતાં આપણે કલ્પી શકતા નથી. અથવા ત્યાગરાજ માર્ગમાં એમના નિવાસસ્થાને લાંબે પગલે ચાલતાં અને વચ્ચે વચ્ચે એમના આલ્સેશિયન કૂતરા સાથે મસ્તી કરતાં કોઈ કલ્પી શકતું નથી. એ કૂતરો પણ એમની આસપાસ હોય અને ચાલવામાં સાથે. આ હકીકતને બી કે નેહરુ સરસ રીતે રજૂ કરે છે: એમના વિશે એમનો ખયાલ એવો હતો કે stern, ascetic, humourless. opinionated and rigid man who was not open to argument. ૨૮ વ્યક્તિ સાથે કામ કરવામાં મને ડર હતો, કારણ કે મારો સ્વભાવ આ બધાથી વિપરીત હતો. પરંતુ વાસ્તવમાં એમણે એમના વિશે જે ખ્યાલો ઊભા કરેલ તેથી એ પોતે તદ્દન જુદા જ હતા. મેં એમને તદ્દન જુદા જ સ્વરૂપે જોયા.

મોરારજીભાઈનો સાધનશુદ્ધિનો આગ્રહ બહુ વહેલો દ્રૃઢ થયેલો. પરંતુ એમનામાં સત્ત્વ અને તમસનું દ્વંદ્વ ઘણું લાંબું ચાલેલું. આ કંદ વિશે એ સજાગ હતા. વ્યવહારમાં એને અપનાવવાનું સહેલું ન હતું. ચરખો ચલાવવાની સાથે એમની આત્મખોજ સતત ચાલુ રહેતી. આ શોધ કારાવાસની શાંતિમાં વધુ તીવ્ર થઇ હશે. તેથી પહેલી વારના

કારાવાસમાંથી બહાર આવ્યા પછી એમના મિત્ર મંગળદાસ પકવાસા સાથે એમની ખોજમાં ભારતયાત્રાએ નીકળ્યા. અનેક તીર્થોમાં ફર્યા. બેલુરમઠ ગયા.

પૉંડિચેરીમાં શ્રી અરવિંદને મળ્યા. પરંતુ એમની ખોજનું ક્યાંય સમાધાન થતું ન હતું. એ સમાધાન થયું રમણ મહર્ષિના સાંનિધ્યમાં. રમણ આશ્રમ ગયા અને રમણ મહર્ષિ સમક્ષ બેઠા અને એમને સાચી શાંતિ મળી. એમણે કાંઈ પૂછેલું નહીં પરંતુ એમને એમના ઉત્તર મળ્યા. એક કલાકથી વધુ બન્ને મૂક બેસી રહ્યા. એ ઊભા થયા ત્યારે માત્ર રમણ મહર્ષિએ કહેલું કે જમીને જજો. પ્રો સ્વામીનાથનના કહેવા પ્રમાણે મહર્ષિ પોતે ખાઈને જજો એમ કહે એ ઘણું મોટું સમ્માન ગણાય.

નેહરુ પછી કોણ એવો સવાલ બહુ મોડો ચર્ચાવા લાગ્યો. પંડિતજી ન હોય એવી કલ્પના જ નહોતી થઈ શકતી. પરંતુ જેમ ઉંમર વધતી ગઈ અને એ થોડા ધીરા પડતા જણાયા ત્યારે એમણે લગભગ ૭૦ વટાવ્યા પછી-આ સવાલ ખાનગીમાં ચર્ચાવા લાગેલો. એની ખુલ્લામાં ચર્ચા થવા લાગી વેલ્સ હેન્જનનું પુસ્તક After Nehru who? ૧૯૬૧માં પ્રસિદ્ધ થયું. ત્યારે હેન્જને જેટલા દાવેદાર હતા તેમના અને તેમના કામ વિશે શોધ કરીને એક એક પ્રકરણ લખેલું, એમના વિશ્લેષણમાં મોરારજીભાઈનું સ્થાન મોખરાનું હતું. આ પુસ્તક સારી પેઠે વંચાયેલું ત્યાર પછી નેહરુના અનુગામી કોણ એ વિષય ઉપર ખુલ્લી ચર્ચા થવા લાગી. ચીની આક્રમણ પછી વિશેષ.

મોરારજીભાઈની બાદબાકી કેમ થઈ તેનાં કેટલાંક કારણો આગળ ધરાતાં હતાં. પરંતુ શબ્દેશબ્દ તોળીને લખનાર આઈ જી પટેલે સ્પષ્ટપણે મંતવ્ય જણાવ્યું છે તેની સાથે ત્યારે પણ ઘણા સંમત હતા. હવે આગળપાછળનો ઇતિહાસ જોવા મળે છે ત્યારે એ માન્યતા દૃઢ થાય છે.

પરંતુ ચીને કરેલા કરુણ રકાસ પછી પંડિતજી મોરારજીભાઈના સાધનો ઊભાં કરવાના પ્રયાસોનું મહત્ત્વ સમજતા હોવા છતાં કૃષ્ણમેનન અને ટી ટી કૃષ્ણામાચારી જેવાના સતત ઘોંચપરોણા અને એમની અંગત ગણતરીને અમલમાં મૂકવાની ઉતાવળને કારણે એમણે મોરારજીભાઈ પ્રત્યેનું વલણ બદલ્યું.

ઉછેર, શિક્ષણ, સ્વભાવ, રહેણીકરણી, માન્યતાઓ અને સામાજિક વ્યવહારોની ભિન્નતા વચ્ચે પણ નેહરુ-મોરારજીનો સંબંધ ૧૯૬૨ સુધી ટકી રહેલો. એમાં ઝડપથી પરિવર્તન આવ્યું ચીનના આક્રમણ અને ત્યાર પછી નેહરુની લથડેલી તબિયત સમયે ૧૯૬૨-૬૩માં એમનો સંબંધ જાળવવામાં કારણભૂત હતાં બંનેની ઊંડી દેશદાઝ અને ભારતના સર્વાંગી વિકાસ માટે સઘળું કરી છૂટવાની કટિબદ્ધતા. બંનેએ સમજપૂર્વક એમની ભિન્નતાને ગૌણ બનાવેલી, એકબીજાનાં મંતવ્યો અને કાર્યરીતિને ગોઠવેલાં-એક મોટા ધ્યેય કાજે. એ સંબંધની ભૂમિકામાં તિરાડ પડી એક રાષ્ટ્રીય કટોકટી ટાણે, ડૉ આઈ જી પટેલ એમનાં સંસ્મરણોમાં નોંધે છે:

કેનેડીની અંતિમ યાત્રામાં જોડાવા વૉશિંગ્ટન જવા પંડિતજીએ ના પાડી એ કોઈ એમના અહમૂને અથવા કાંઈ ખોટું લાગ્યું હોવાને કારણે ન હતું. આપણે એ સમજેલા નહીં. જેની આપણને ખબર ન હતી એ પંડિતજી જાણતા હતા.—તેમનો અંતકાળ નજીક હતો. આજે મને સમજાય છે કે મૃત્યુ નજીક છે એ એમની સમજનો પ્રતિભાવ કામરાજ પ્લાન માટે કારણભૂત હતો. એમના અનુગામીના ચયનને અસર પહોંચાડવાનું એ એક સાધન હતું. ચીની યુદ્ધે પંડિતજીની ખ્યાતિને જબરો ધક્કો પહોંચાડયો હતો. નેહરુની સત્તાને કોઈ પડકાર હતો નહીં એ નિઃશંક છે. એમની ચિંતા હશે એમના અનુગામી વિશે—અને મને લગભગ પૂરી ખાતરી છે કે કામરાજ પ્લાન વિશેષ કરીને મોરારજી દેસાઈ સામેનું એક શસ્ત્ર હતું. નાણાપ્રધાન તરીકે મોરારજી સફળ રહ્યા હતા. મોરારજી પ્રધાનમંડળમાં હોય અને અનુગામીની પસંદગી થાય તો એમની બાદબાકી કરવાનું કઠિન હતું.

આપણને તત્કાલીન રાજદરબારની સ્થિતિ સમજાય તો ખ્યાલ આવે કે મોરારજીભાઈની કારકિર્દીમાં ખરો વળાંક આવ્યો કામરાજ પ્લાનથી. કામરાજ પ્લાન પાછળ એમની કારકિર્દી પૂરી કરવાનો ઉદ્દેશ હતો તે તો સ્વીકારવું રહ્યું. ત્યાર બાદ એમણે બે પદ શોભાવ્યાં. એક, ઇંદિરાજીના મંત્રીમંડળમાં વિત્તમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે, જે વિશે મોરારજીભાઈ અને ઇંદિરાજીના પ્રકરણમાં લખ્યું છે. ત્યાર બાદ મોરારજીભાઈ વડા પ્રધાન થયા તે સમયે. એમના

વડા પ્રધાનપદ દરમિયાન રાજવહીવટ તો સારો ચાલ્યો, પરંતુ ચરણસિંહની મહત્ત્વાકાંક્ષાએ જનતાપક્ષને ભાંગી નાખ્યો. મોરારજીભાઈએ માત્ર એકતા જાળવવાને મહત્ત્વ આપ્યું. ૮૧ વર્ષે પહોંચેલા મોરારજીભાઈ સામે ભારતનો વિભાજનનો અને વિખવાદનો ઇતિહાસ હતો જેને એ બદલવા માગતા હતા. એમણે એ માટે ઘણી ધીરજ બતાવી અને સહન કર્યું. એમાં એમના ઘણા પ્રશંસકો માને છે કે મોરારજીભાઈએ એમની સ્વભાવગત મક્કમતાને મહત્ત્વ આપ્યું હોત અને ચરણસિંહનું રાજીનામું સ્વીકારવાની જે તકો આવી તે ઝડપી લીધી હોત તો ઇતિહાસ જુદો હોત.

આ લેખની શરૂઆતમાં મોરારજીભાઈ એક કોયડારૂપ વ્યક્તિ હતા એવું વિધાન છે. રાજકારણમાં રહીને જે માણસ વફાદારોની ફોજ ન રાખે; કારણ, સત્તાસ્થાને બેઠેલાએ વફાદારીની કિંમત ચૂકવવી પડતી હોય છે. સાથીઓ અને બીજાઓ સાથે સંબંધ જાળવવા બાંધછોડ કરવી પડે, પોતાની છબિની ખાસ ખેવના રાખે અને જશ લેવાની કોઈ તક જતી ન કરે એ રાજકરણમાં ટકી શકે. પરંતુ મોરારજીભાઈ આ સ્વીકારાયેલી રાજનીતિથી તદ્દન વિપરીત રહ્યા અને છતાં લાંબો સમય જાહેરજીવનમાં ટકી રહ્યા અને ઉચ્ચ પદો સંભાળતાં રહ્યા એ એક કોયડારૂપ ઘટના તો ખરી.

અંતમાં, મોરારજીભાઈને કામરાજ પ્લાન નીચે પક્ષના કામે છૂટા કર્યા ત્યારે એમને કોઈ કામ સોંપવામાં નહીં આવેલું. જે એક કામ સોંપેલું તે પણ રાજકીય મહત્ત્વનું ન હતું. ૧૯૬૪માં રાયપુરમાં કોમી રમખાણો થયાં હતાં ત્યારે મોરારજીભાઈને રાયપુર જવા માટે કહેવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન દ્વારકાપ્રસાદ મિશ્ર ત્યાં હાજર હતા. મોરારજીભાઈ ત્યાં ઊતર્યા ત્યારથી એ સાથે હતા અને કલેક્ટર અને જુદાં જુદાં જૂથોને મળીને એ બપોરે પાછા ફરવાના હતા. મિશ્રજી પણ બપોરે કામ સબબ દિલ્લી જવાના હતા તેથી મધ્યપ્રદેશ રાજ્યના નાનકડા ખપાટિયા જેવા વિમાનમાં એ ચાર કલાકની ફ્લાઇટ કરવાની હતી. વિમાનમાં મિશ્રજીએ અમને પણ સાથે બેસી જવા કહ્યું. એ માટે કો—પાઇલટને ઉતારી દીધા. તેથી એ નાનકડા વિમાનમાં પાઇલટ, બે મહાનુભાવો અને અમે રાયપુરથી દિલ્લી જવાના હતા. વિમાન તૈયાર થતું હતું એ દરમિયાન મોરારજીભાઈ અને મિશ્રજી વચ્ચે કોઈ વિષય ઉપર ચર્ચા ચાલી અને ઉગ્ર સ્વરૂપ પકડ્યું. વિમાન તૈયાર થયું ત્યારે ચર્ચા તો અધૂરી રહી પણ મિશ્રજી એક સૂચક વાક્ય બોલેલા: “મોરારજીભાઈ, આપ રામભક્ત હૈં ઔર મૈં કૃષ્ણભક્ત હૂં.” અહીં નોંધેલા કિસ્સા અને બીજા સેંકડો કિસ્સામાં મિશ્રજીનું આ વાક્ય ઘણું કહી જાય છે.

મોરારજી દેસાઇ-અપરિગ્રહ અને સૂક્ષ્મ વિવેક

મોરારજીભાઈનું બાહ્ય સ્વરૂપ ઘણાને કઠોર લાગતું વાસ્તવમાં એમનું મૂલ્યાંકન એમના બાહ્ય સ્વરૂપ પરથી થતું રહ્યું છે. એમણે શું કર્યું એના કરતાં શું કહ્યું અને કેવી રીતે કહ્યું તે પરથી એમની છબિ બંધાઈ છે. ઈરાનના પત્રકાર સૈફ આઝાદની વાત આગળ ઉપર આવશે. તેમના સૂક્ષ્મ વિવેકની ખબર બહુ ઓછાને હશે.

મોરારજીભાઈએ એમની જે કાંઈ બચત હતી તેનું એક ટ્રસ્ટ કર્યું હતું. સ્થાવર મિલકત રાખવામાં પોતે માને નહીં. બાપીકું ઘર હતું તે ચારેય ભાઈઓએ સર્વસંમતિથી એક નિશાળને ભેટ આપી દીધું હતું. અગાઉની સરકારી નોકરીમાંથી બહોળા કુટુંબની જવાબદારી નિભાવ્યા પછી જે કાંઈ બચત રહી હશે તે તો સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયા પછી ખલાસ થઈ ગઈ. ત્યાર પછી પરિવારની કેટલીક જવાબદારી લઘુબંધુઓએ સ્વીકારી. ૧૯૪૬માં મુંબઈ સરકારમાં જોડાયા પછી પગારમાંથી જે કાંઈ કરકસર કરીને બચત કરેલી, એ રકમ એ જ મૂડી. મોરારજીભાઈએ પ્રવાસભથ્થું ક્યારેય લીધું નથી. સિદ્ધાંત એ કે પ્રજાના કામે હું જાઉં છું. ત્યાં મારે ખર્ચ થતું નથી. થોડું ઘણું થાય એ ભોગવી લેવું જોઈએ. ભથ્થું એ કમાવાનું સાધન નથી. બીજા દૂધે ધોયેલા નેતાઓ ઍરફોર્સના વિમાનમાં પ્રવાસ કરીને અને રાજભવનમાં રહીને આ ભથ્થું લેતા અચકાતા નહીં. કૃષ્ણમેનનની ભથ્થાંની કહાણી બહુ લાંબી છે.

મોરારજીભાઈની કરકસર જબરી. પેન્સિલનો ટુકડો પણ આઘોપાછો થાય તો એની શોધ ચાલે જેની જવાબદારી હોય તેને સાંભળવું પડે. દરેક વસ્તુ ખૂબ ચીવટથી પોતે જ સાચવે: કાળજીથી વાપરે. એમનાં કપડાં હંમેશાં દૂધ

જેવાં સફેદ અને ઇસ્ત્રીવાળાં હોય. મુસાફરીમાં બે દિવસ, ક્યારેક ત્રણ દિવસ કપડાં પહેર્યાં હોય પણ ક્યાંય કરચલી ન પડે. કલાકો સુધી ટટ્ટાર અને બિલકુલ સ્થિર બેસી રહેનારનાં કપડાંને કરચલી કેમ પડે?

ઘરમાં બધે જ સાદાઈ અને કરકસર. એમાંથી જે કાંઇ બચત થઈ એનું એક ટ્રસ્ટ કર્યું. ટ્રસ્ટમાં એમના ઉપરાંત મણિબહેન પટેલ, શાંતિલાલ શાહ વગેરે. ટ્રસ્ટીમંડળની મિટિંગ તો થતી હશે, કારણ કે મોરારજીભાઈ અથવા શાંતિલાલ શાહ કાયદાનું પાલન કરવામાં અત્યંત ચીવટવાળા હતા. મારા જોવામાં આ ટ્રસ્ટની મિનિટ્સ આવી નથી, પણ ક્યાંક એ જરૂર સચવાઈ હશે. ટ્રસ્ટ નાનું અને વ્યાજની આવક સામાન્ય. ટ્રસ્ટને મોટું કરવાની અથવા કોઈ કુટુંબી અથવા તો બીજા પાસેથી ભંડોળ લઈને ટ્રસ્ટ મોટું કરવાની ખેવના નહીં. ટ્રસ્ટની રકમ વહેલી ખર્ચાઈ જાય તો સારું એવું પણ મનમાં ઊંડે ઊંડે હશે. ટ્રસ્ટની રકમનો ઉપયોગ ગરીબ પણ તેજસ્વી વિદ્યાર્થીને સ્કૉલરશિપ આપવામાં અને ગાંધીવાદી લોકસેવકોને ભીડને ટાણે સહાય કરવામાં થતો. વિદ્યાર્થી ફર્સ્ટ-ક્લાસ હોવો જોઈએ. વિદ્યાર્થીનો સીધો કાગળ આવે. એના ઉપર સીધા નિર્ણય લેવાય. અમે મોરારજીભાઈ સાથે નવા જોડાયેલા ત્યારે એક દિવસ ટપાલમાં એક વિદ્યાર્થીનો સ્કૉલરશિપ માટે સુંદર અક્ષરમાં વિનંતીપત્ર આવ્યો. એક નાનકડા ગામનો વિદ્યાર્થી. એના કાગળ ઉપર મોરારજીભાઈએ લખ્યું કે ટ્રસ્ટમાંથી ફીના પૈસા મોકલો. અમે કહ્યું કે આ છોકરાએ કોઈ સર્ટિફિકેટ મોકલ્યાં નથી. આપણે સર્ટિફિકેટ મંગાવીએ અને એના આચાર્યની ભલામણ લઈએ તો? અમને કહે: આ કાગળ પૂરતો છે. આપણે વિશ્વાસ રાખવો એમાં જ લાભ છે. તમે સાંભળ્યું છે કે વિશ્વાસે વહાણ ચાલે!

એક રજાના દિવસે બપોરે એક અંધ યુવક આવી ચડયો. મોરારજીભાઈને સિક્યોરિટીના જાડા કવચની જરૂર નહીં તેથી બિનરોકટોક એ યુવક અંગત મદદનીશ પાસે પહોંચ્યો. કોઈને પણ મળવાની ના નહીં અને તે વખતે સમય હતો તેથી અંગત મદદનીશે અંદર ચિઠ્ઠી મોકલી. એમણે યુવકને તરત અંદર બોલાવ્યો. યુવકે કહ્યું કે એ મુસ્લિમ છે. હૈદરાબાદ કૉલેજમાં અભ્યાસ કરે છે. બધાં પુસ્તકો બ્રેઇલલિપિમાં મળે નહીં. તેથી એક સારું ટેપરેકર્ડર હોય તો એનો મિત્ર પુસ્તક વાંચીને ટેપ કરે અને એ સાંભળે તો અભ્યાસ બરાબર થાય. એમણે એને બહાર બેસવા કહ્યું. તે દિવસે કેબિનેટની એક કમિટીની ખાસ બેઠક હતી. ત્યારે બ્રીફિંગ માટે અમે મોરારજીભાઈના નિવાસસ્થાને એ જ સમયે પહોંચ્યા. અમને કહે કે આજે પેલા વિદેશી મહેમાન મોટું ટેપરેકર્ડર ભેટ આપી ગયેલા તેને તોશાખાનામાં ન મોકલતાં બહાર અંધ વિદ્યાર્થી છે એને આપો. અમે કહ્યું કે એ ખરેખર વિદ્યાર્થી છે કે નહીં એની પૂછપરછ કરીને આપીએ. એમણે કહ્યું કે એ એક અંધ યુવક આપણું બારણું ખખડાવતો આવ્યો છે. ભણેલો અને સંસ્કારી જણાય છે. કોઈને પૂછવાની જરૂર નથી. એના ઉપર વિશ્વાસ રાખીને આપી દો. એના માત્ર નામ સિવાય બીજી કશી વિગત વગર એ ભેટ તોશાખાનાને બદલે એક અંધ મુસ્લિમ વિદ્યાર્થીને પહોંચી.

બીજો એક કિસ્સો યાદ આવે છે ગાંધી આશ્રમમાં ઊછરેલા એક બહેનનો. તેમણે લખેલું કે મોંઘવારીમાં પૂરું થતું નથી. દીકરીનાં લગ્ન નક્કી થયાં છે. તમારી પાસે પૈસાની સહાય માંગતાં અચકાઉં છું, પણ તમને મારી મૂંઝવણ ન કહું તો કોને કહું. મોરારજીભાઈએ તરત જ ઠીકઠીક રકમ મોકલી આપી.સ્કોલરશિપ હોય તો એ રકમ પાછી મેળવવાનો કોઈ પ્રશ્ન નહીં. પરંતુ ક્યારેક કોઇ વિદ્યાર્થી લોન માગતા. આ લોન પણ ભાગ્યેજ પાછી આવે ઉઘરાણી કરવાની નહીં. પૈસા મોકલ્યા પછી એ દિશામાં જોવાનું નહીં. પ્રવાસમાં ઘણી વાર એવું બને કે કોઈ આવીને એમના પગ પકડી લે અને કહે કે તમારી સહાયથી હું ભણ્યો છું અને આજે આ સ્થિતિએ પહોંચ્યો છે. આવાં દૃશ્યો જ્યારે જોવા મળે ત્યારે એમ થાય કે એમના ટ્રસ્ટની સાર્થકતા, વિશ્વાસ અને શ્રદ્ધા પર આધારિત છે.

આ ટ્રસ્ટ પણ એક વળગણ. એમાં પણ મોરારજીભાઈને પરિગ્રહ લાગ્યો હશે. તેથી એક દિવસ આખું ટ્રસ્ટ સંકેલી લઈને બધી રકમ ગૂજરાત વિદ્યાપીઠને સુપરત કરી દીધી. તેઓ લાંબા સમય સુધી ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ હતા. તેઓ આ સંસ્થા માટે ઊંડો આદર અને અત્યંત ગૌરવ ધરાવતા. દર વર્ષે દીક્ષાંત સમારોહ વખતે અઠવાડિયું વિદ્યાપીઠમાં રહે. રોજ સાંજે કોઈ પૂર્વનિશ્ચિત વિષય ઉપર પ્રવચન આપે. નાયબ વડા પ્રધાન અને વડા પ્રધાન હતા ત્યારે પણ આ ક્રમમાં ફેર નહીં. લગભગ ૯૨-૯૩ની ઉંમર સુધી આ સિલસિલો ચાલ્યો.

પોતાના ટ્રસ્ટમાંથી જરા પણ ખચકાયા વગર વિશ્વાસે સહાય કરનાર મોરારજીભાઈના જાહેર વહીવટમાં જરા પણ કચાશ ન રહે. તેઓ લગભગ ૪૦ સંસ્થાઓ અને ટ્રસ્ટના અધ્યક્ષ હતા દરેકનો વહીવટ ચોખ્ખો. એક ટ્રસ્ટ ખૂબ સરસ કામ કરતું હતું. એના સંચાલક મોટા ગજાના માણસ, ઉમદા ગાંધીવાદી અને જનસેવાના ભેખધારી હતા. આ મહાનુભાવ દેશ-વિદેશમાં આદર પામે અને એમનું યોગદાન ઘણું મોટું. શરૂઆતનાં વર્ષોમાં હિસાબ તૈયાર કરવાની એમની ખાંખત ઓછી. સંસ્થાના ચોપડા મોડા ઑડિટ થાય. એક વાર બે ત્રણ વર્ષના હિસાબ ભેગા થઈ ગયા. આવા અત્યંત નિકટના સાથીને એ સમજાવે, ક્યારેક ટોકે.દરેક કાગળમાં હિસાબની નિયમિતતા તરફ ધ્યાન દોરે. એક વાર એમને રૂબરૂ બોલાવીને હૈયાવરાળ કાઢી. સામેની વ્યક્તિ પણ મહાન. એમણે વચન આપ્યું કે હવે હિસાબ રાખવા ઉપર પૂરતું ધ્યાન અપાશે, તમે નિશ્ચિંત રહેજો. એ વચન એમણે એ ટ્રસ્ટ ઉપરાંતની એમની દરેક પ્રવૃત્તિ માટે પાળ્યું.

વડા પ્રધાન પાસે બે મોટાં અને એક નાનું ફંડ હોય છે. પ્રાઇમ મિનિસ્ટર્સ નૅશનલ રિલીફ ફંડ, નૅશનલ ડિફેન્સ ફંડ અને પ્રાઇમ મિનિસ્ટર્સ ડિસ્ક્રિશ્નરી ફંડ.

નૅશનલ ડિફેન્સ ફંડનો ચોક્કસ ઉદ્દેશ હોવાથી એનો વહીવટ સંરક્ષણ મંત્રાલયની સહાયથી થાય. નૅશનલ રિલીફ ફંડમાંથી કુદરતી આપત્તિના સમયે અપાતી સહાય પૂરી ચોકસાઈ કર્યા પછી જ આપવાનો મોરારજીભાઈનો આગ્રહ રહેતો. કોંગ્રેસી અને પછી જનતા સરકારને વધારે અને બિન કોંગ્રેસી અથવા બિન જનતા સરકારને ઓછી સહાય એવું ક્યારેય ન થાય કોઈને રાજકીય કારણસર રાજી કરવા માટે વધારે સહાય આપવાનું ધોરણ નહીં લાખો રૂપિયાની સહાયની જાહેરાત પણ પોતે ન કરે. રાબેતા મુજબ થાય. ત્યાં ચેક પોતે લઈ જઈને મુખ્ય પ્રધાનને રૂબરૂ આપવાની તો વાત જ કેવી?

ડિસ્ક્રિશ્નરી ફંડમાંથી નાનીમોટી સહાય અનેક લોકોને આપવામાં આવે. વડા પ્રધાનની ઑફિસમાં એક પબ્લિક વિભાગ છે, જ્યાં રોજના હજારો પત્રો વડા પ્રધાનને મળે. એના ઉપર કાર્યવાહી થાય. મોરારજીભાઈ જ્યારે વડા પ્રધાન હતા ત્યારે સરેરાશ પાંચેક હજાર પત્રો રોજ આવતા. આ બધા પત્રો અનુભવી અધિકારીઓ વાંચે. એમાંથી સો-બસો વડા પ્રધાનની કચેરીમાં અને કેટલાક વડા પ્રધાન પાસે રજૂ થાય. એમાં સામાન્ય નાગરિકની સામાન્ય વાતવાળો પત્ર પણ હોય. બીજા પત્રો યોગ્ય ટિપ્પણી સાથે સંબંધિત ખાતાંઓમાં જાય. કેટલાંક વર્ષોજૂના કિસ્સાઓમાં વડા પ્રધાનના પબ્લિક વિભાગની દરમિયાનગીરીથી સામાન્ય નાગરિકને ન્યાય મળ્યાના અનેક દાખલા છે. ક્યારેક અરજદારો પોતે પૂછતાં પૂછતાં આ વિભાગમાં પહોંચે. દેશના કોઈ ખૂણેથી આવ્યા હોય. પાછા જવાના પૈસા પણ ન હોય. આવા લોકોને વળતાનું ગાડીભાડું અને હાથખર્ચી પણ આ ફંડમાંથી અપાય. કોઈને બીમારીમાં મદદ આપવામાં આવે. કોઈને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ અપાય. સ્વાતંત્ર્યસેનાની અને જાહેર કાર્યકરોને પ્રસંગોપાત્ત આ ફંડમાંથી સહાય થાય. માનવતાના દીવા પ્રગટાવે એવા અનેક કિસ્સા પ્રાઇમ મિનિસ્ટર્સના પબ્લિક વિભાગે સંભાળ્યા છે અને આપણા વડા પ્રધાનોએ આજ સુધી અનેક લોકોને કશી જાહેરાત કર્યા વગર ભીડને ટાણે સહાય આપી છે.

આ ટ્રસ્ટના વહીવટમાં મોરારજીભાઈની સૂક્ષ્મ વિવેકબુદ્ધિના દાખલા અનેક છે, પરંતુ બે કે ત્રણ આ મુદ્દા સ્પષ્ટ કરવા માટે પૂરતા થશે.

એક વાર એક પીઢ સ્વાતંત્ર્યસેનાનીનો પત્ર આવ્યો કે તેઓ બીમાર છે, કાળજી લેનાર કોઈ નથી. પેન્શન દવા-દારૂ માટે પૂરતાં સાધન નથી. પોતાના જીવનનાં ઉમદા વર્ષો સ્વાતંત્ર્યસંગ્રામ માટે આપનાર આવા કાર્યકરોને પૂરતી તબીબી સારવાર પણ ન મળે એ મોટી કરુણા મોરારજીભાઈએ તરત જ એમની તબીબી સારવાર સારી રીતે થાય એવી વ્યવસ્થા કરી આપવા અને સારવાર દરમિયાન બીજું ખર્ચ કરવું પડે એ માટે ઠીક ઠીક આર્થિક સહાય આપવાની સૂચના આપી. સામાન્ય રીતે એક વાર સૂચના આપ્યા પછી કામ થયું કે નહીં એવું મોરારજીભાઈ ન પૂછે. એમના અધિકારીઓમાં એટલો વિશ્વાસ. આવા કિસ્સામાં એ પૂછે. બીજે જ દિવસે એમણે પૂછ્યું કે વ્યવસ્થા કેટલે પહોંચી? પૈસા મોકલાઈ ગયા કે નહીં? એ પ્રદેશના અમુક કાર્યકરને આ જઈફ વયના સ્વાતંત્ર્યસેનાનીનું ધ્યાન રાખવા સંદેશો ગયો કે નહીં?

બીજો એક કિસ્સો પણ સ્વાતંત્ર્યસેનાનીનો છે. એમનો પત્ર હતો કે પેન્શનમાં માંડ પૂરું થાય છે. છોકરાઓ એમનું પોતાનું ગુજરાન ચલાવે છે, દીકરાની દીકરીનાં લગ્ન કરવાનાં છે. હાલના જમાનામાં જાન આવે ત્યારે ખર્ચ તો થાય. દીકરીને કરિયાવર પણ કરવો પડે. એમ લખીને સારી એવી રકમની માગણી કરી. મોરારજીભાઈએ એમને લખ્યું કે આપણે જો લગ્નમાં આવા ખર્ચાઓ ન રોકી શકીએ તો આપણે ગાંધીજી પાસેથી જે કાંઈ શીખ્યા તે નિરર્થક. પૌત્રીના લગ્ન એકદમ સાદાઈથી કરો પૌત્રીને ભણવા માટે અથવા તો બીમારીમાં કોઈ જરૂરિયાત હોય તો જરૂર મોકલીશ લગ્ન માટે નાની એવી રકમ મંજૂર કરી. ત્રીજો કિસ્સો એક મુસ્લિમ બહેનનો છે. એ બહેને લખ્યું કે હું મેડિકલ કૉલેજમાં ભણતી હતી ત્યારે ત્રીજા વર્ષમાં મારાં લગ્ન કરવામાં આવ્યા એટલે હું એમ બી બી એસ ન થઈ શકી. લગ્ન પછી મારા ઉપર ઘણું વીત્યું અને હવે મારા પતિએ મને તલ્લાક આપ્યા છે. મને જો મેડિકલ કૉલેજમાં ફરી ઍડમિશન મળે અને ભણવા માટે નાણાકીય સહાય મળે તો હું મારા પગ ઉપર ઊભી રહી શકું. આ કાગળ ઉપર મોરારજીભાઈએ સૂચના આપી કે સઘળી વ્યવસ્થા કરો. મોરારજીભાઈ વડા પ્રધાન હતા ત્યારે એમની ઑફિસમાંથી ફતવા છોડવાની પદ્ધતિ ન હતી, પરંતુ આવા કિસ્સામાં સત્તાનો ઉપયોગ થાય. એ બહેનને મેડિકલ કૉલેજમાં પુનઃ પ્રવેશ અપાવ્યો અને એમ બી બી એસ થાય ત્યાં સુધીની નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવી.

ઉપર લખ્યા તેવા કિસ્સામાં હંમેશાં ડિસ્ક્રિશ્નરી ફંડમાંથી જ નાણાંની વ્યવસ્થા થાય એવું નહીં. આ મુસ્લિમ બહેનના કિસ્સામાં કેટલીક રકમ સ્થાનિક મિત્ર દ્વારા અપાયેલી. મૂળ મુદ્દો એ કે જેને ખરી મદદની આવશ્યકતા છે અને તે પણ તાત્કાલિક, જેને સરકારી ધોરણે અથવા તો બીજી સંસ્થાઓના ચક્કરમાં વાર લાગે એવું છે, જેમણે સ્વતંત્રતા માટે પોતાનાં ઉમદા વર્ષો આપ્યાં છે એવા લોકો જ્યારે વડા પ્રધાનનાં બારણાં ખખડાવે ત્યારે સૂક્ષ્મ વિવેક વાપરીને તેમને ડિસ્ક્રિશ્નરી ફંડમાંથી અથવા તો બીજી કોઈ રીતે સહાય પૂરી પાડવી.

એક વાર પાકિસ્તાનના સિંધ પ્રદેશના હૈદરાબાદ શહેરમાંથી એક ભાઈનો પત્ર આવ્યો. એમાં લખ્યું હતું કે એમની બહેનને કેન્સર થયેલું છે. છેલ્લા તબક્કામાં છે. પોતાથી થાય તેટલી સારવાર કરી પણ કાંઈ ફાયદો થયો નહીં. એ ભાઈ પાકિસ્તાનના પોસ્ટ અને ટેલિગ્રાફખાતામાં કર્મચારી હતા. સાંભળ્યું છે કે આપની પાસે કૅન્સરની દવા છે. મહેરબાની કરીને મારી બહેન માટે જો દવા લખી મોકલશો તો આભારી થઈશ. મોરારજીભાઈએ પત્ર વાંચીને કહ્યું કે ટેલિફોન જોડો. એ ભાઈનો સરનામા પરથી સિંધ હૈદરાબાદમાં પત્તો મેળવ્યો અને એમની સાથે વાત કરી. ભારતના વડા પ્રધાનને ટેલિફોન જોડતાં કેટલી વાર? વ્યાધિ વિશે, દર્દીની હાલત વિશે પૂછપરછ કરી પછી કાગળ લખીને સલાહ આપી કે માત્ર દ્રાક્ષ ઉપર બહેનને રાખો, પરંતુ ખાટી દ્રાક્ષ ન આપવી. જેટલી દ્રાક્ષ ખવાય તેટલી ખાય. થોડા દિવસ પછી એ ભાઈનો પત્ર આવ્યો કે દ્રાક્ષની દવા ચાલુ કરી શકીએ તે પહેલાં જ બહેને પ્રાણ છોડ્યા, અમારી એટલી બદનસીબી કે અમે આપને મોડું લખ્યું. વેળાસર લખ્યું હોત તો કદાચ મારી બહેનનો જાન બચી જાત. આવા કિસ્સાઓને પણ પ્રસિદ્ધિ આપવાની સખત મનાઈ. કોઈ સારું કામ કર્યું હોય અથવા તો સારું કામ કર્યાનો દેખાવ કર્યો હોય તેને પ્રસિદ્ધિ આપવી એ નીતિ મોરારજીભાઈના સ્વભાવની વિરુદ્ધ. કોઈ આકરી ટીકા કરે અને એનો જવાબ આવાં કાર્યોની જાહેરાતથી આપી શકાય તોપણ આપવા ન દે.

અમને થયું કે આ કિસ્સો જાહેરમાં આવે તો સારું. અમે એક પત્રકારમિત્ર સાથે વાત કરતા હતા અને એ પાછળ આવીને ઊભા ઊભા વાત સાંભળે અમને કહે: કોઈના દુઃખની વાત જાહેર કરીને આપણે મોટાઈ બતાવવાની? આ હકીકત ન છપાય એમાં જ આપણી શોભા ગણાય. ત્યાર પછી થોડા દિવસે સિંધ હૈદરાબાદના એ સજ્જને કોઈને કહ્યું હશે તે પરથી દુબઈના ખલીજ ટાઇમ્સમાં એ વાત છપાઈ અને તે પરથી આપણાં કેટલાંક છાપાંઓએ એકાદ ફકરો છાપેલો.

એવો જ પણ જરા જુદા પ્રકારનો કિસ્સો છે દેવરામ નારખેડેનો. મોરારજીભાઈ કામરાજ પ્લાનમાં ઘેર બેઠેલા ત્યારે ૧૯૬૫ના ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં દેવરામ નારખેડે નામની વ્યક્તિનો નાસિક જેલમાંથી મરાઠીમાં લખેલો એક પત્ર મોરારજીભાઈને મળ્યો. સાથે પીઢ કોંગ્રેસી નેતા એન વી ગાડગીળે, દેવરામ નારખેડે વિશે લખેલ અને મે ૧૯૬૪ના સહ્યાદ્રિના અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ બીડેલ. બધું વાંચતાં એમ તો લાગ્યું કે દેવરામને તેમના વતન સાળવે (જિ.

જલગાંવ)નાં માથાભારે તત્ત્વોએ ફસાવ્યા હતા. થોડી તપાસ કરી તો દેવરામ વિશે માહિતી મળી કે એ કૃષિ સ્નાતક હતા. બી ડી ઓ તરીકે નિમાયેલા પણ પોતાના વતનમાં રચનાત્મક કાર્ય કરવા રાજીનામું આપેલું. એ સાને ગુરુજીની અસર નીચે હતા. વળી, એ ડિસ્ટ્રિક્ટ યૂથ કોંગ્રેસ, ડિસ્ટ્રિક્ટ બોર્ડ, ભારત સેવક સમાજ, ભારત કૃષિ સમાજ, વગેરેના મંત્રી અથવા સભ્ય પણ હતા. મોરારજીભાઇને જ્યારે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે હાથીને લખો. તે વખતે જયસુખલાલ હાથી ગૃહમંત્રાલયમાં રાજ્યમંત્રી હતા. એમને કાગળ લખ્યો કે આમાં ઊંડી તપાસ કરીને યોગ્ય હોય તે કરજો. ત્રણેક માસ પછી દેવરામ નારખેડેનો ફરી વાર કાગળ આવ્યો કે હવે ફાંસીનો માંચડો દૂર નથી અને જો કંઇ નહીં કરવામાં આવે તો એ ફાંસીએ લટકશે. દેવરામ માફીની અરજી કરવા જરા પણ તૈયાર ન હતા. છેવટે એન વી ગાડગીળ એમને જેલમાં મળ્યા અને એમનાં કુટુંબ ખાતર માફીની અરજી કરવા માટે સમજાવ્યા. દેવરામે મહારાષ્ટ્રના કેટલાક નેતાઓ જેવા કે યશવંતરાય ચવ્હાણ, સુધાકરરાવ નાયક વગેરેને પણ નાસિક જેલમાંથી કાગળો લખેલા. કશું પરિણામ ન આવે. ગૃહમંત્રાલયમાંથી પણ જવાબ ન આવ્યો. દેવરામનો જ્યારે બીજો પત્ર મળ્યો તે જ દિવસે મોરારજીભાઇ રાષ્ટ્રપતિભવનમાં રાષ્ટ્રપતિ ડૉ ઝાકિરહુસેને નવી તાલીમ વિશે બોલાવેલી એક સભામાં જવાના હતા. અમે એક નાનકડી નોંધ લખીને એમને આપી. એ નોંધ મોરારજીભાઈએ ઝાકિરસાહેબને આપી તરત જ ઝાકિરસાહેબે એમના સચિવને સૂચના આપી કે આની ફાઈલ મંગાવો અને તપાસ કરો. મોરારજીભાઈના પ્રયત્નથી દેવરામ છૂટી ગયા કે નહીં એની માહિતી મળવી મુશ્કેલ છે. પરંતુ ૧૯૬૬ના ૧૮મી, માર્ચે દેવરામના છૂટવાની વાત મોરારજીભાઈને જણાવી ત્યારે એમણે માત્ર એટલું જ કહ્યું: ઇશ્વરેચ્છા. ૧૯૬૦ના ૩૦ ઑગસ્ટથી ૧૯૬૭ના ૨૯, ઑક્ટોબર સુધી દેવરામ અને એમના બે ભાઈઓ કારાવાસમાં રહ્યા.

કારાવાસમાં દેવરામે એમ એસસી (ઍગ્રિકલ્ચર) કર્યું અને ત્યારબાદ પીએચ ડી થયા. સાળવેનાં માથાભારે તત્ત્વો સામાન્ય લોકો પર બેસુમાર જુલમ ગુજારે અને લોકો નિ:સહાય થઈને જોઈ રહેતા. આ તત્ત્વોને પોલીસનો સાથ હંમેશાં મળતો. માત્ર દેવરામ એનો વિરોધ કરતા. એવા અનેક કિસ્સા જ્યારે બન્યા અને દેવરામ જ્યારે આંખના કણાની જેમ ખૂંચવા માંડ્યા ત્યારે એમણે દેવરામ અને એમના ભાઈઓ પર ખૂનનો આરોપ મૂક્યો પોલીસે એ તત્ત્વોની વાત સાંભળીને દેવરામ સામે ફરિયાદ નોંધી. દેવરામ સામે જે કેસ ચાલ્યો અને જે રીતે ચાલ્યો તેમજ દેવરામ પાછળ દેશ-પરદેશના લોકો ઊભા રહેલા એ આખી કહાણી દિલચસ્પ છે. અમે આ લખતાં દેવરામની શોધ કરી. એમની ભાળ સાળવેમાં જ મળી. આજે પણ નેવું વટાવેલા દેવરામમાં એ જ ખમીર છે અને સતત પ્રવાસ કરીને સર્વોદયનું કામ કરે છે. અમે બંનેએ મળવાની ઇચ્છા વ્યક્ત કરી. અમે જલગાંવ જઇ શકીએ તેમ ન હતા. તેથી તેમણે કહ્યું મોટરમાં વડોદરા આવી જઉં, વડોદરા આવવાની તારીખ એમને આપવાની હજુ રહી જ ગઇ છે. એક વાત કહેવાની રહી ગઇ કે મોરારજીભાઈના પ્રયાસ વિશે દેવરામને કશી ખબર ન હતી. જ્યારે એમણે જાણ્યું ત્યારે અહોભાવ વ્યક્ત કર્યો.

વડા પ્રધાનની ઑફિસ અને વિધાશંકર

ચૂંટણી પછી પ્રાદેશિક તેમજ કોમ અને વર્ગનાં રાજકીય દબાણો ટાળવા મંત્રીમંડળનું ગઠન અને શપથવિધિ ઝડપથી આટોપાતાં હોય છે, સિવાય કે પક્ષની જંગી બહુમતી હોય અને નેતાગીરીને કોઇ આંતરિક પડકાર ન હોય. આપણે અગાઉ જોયું તેમ મોરારજીભાઈએ બી ડી જત્તીને વ્યવસ્થા માટે થોડો સમય પણ નહીં આપેલો, કારણ કે જેમને લેવાના હતા તે સૌને તેની જાણ હતી. શપથવિધિ પૂરી કરીને મોરારજીભાઈ સીધા સાઉથ બ્લૉક આવ્યા જે સ્વાભાવિક રીતે તેઓ મોટરમાંથી ઊતર્યા, એમનું સ્વાગત કરવા આવેલા ઇંદિરાજીના સચિવ પી એન ધર અને અન્ય અધિકારીઓને મળ્યા અને એમની સામાન્ય દૃઢતાથી એમના ખંડમાં પ્રવેશ્યા, વડા પ્રધાનની ખુરશીમાં બેઠા, એ જાણે એમનો રોજનો ક્રમ હોય તેટલી સહજતાથી થયું. ક્યાંય આવેગ, ઉતાવળ, ખચકાટ કે અતિરેક જોવા ન મળ્યો. પી એન ધરે આવકાર આપ્યા પછી પૂછ્યું કે એમણે કોને ચાર્જ આપવાનો છે? તરત ઉત્તર મળ્યો: હસમુખ શાહને એમને કોઇ સિનિયર સચિવની આવશ્યકતા ન હતી! પી એન ધર વગેરે ગયા પછી અમે એમને કહ્યું કે વડા પ્રધાનની ઑફિસના વડા કોઇ સિનિયર સચિવ હોવાનો શિરસ્તો શાસ્ત્રીજીના વખતથી શરૂ થયો છે.

અમે પ્રસન્નકુમાર દવેનું (પી કે દવે) નામ સૂચવ્યું. અમે કહ્યું, દવે મૂળ ગુજરાતી, પણ ૨૦૦ વર્ષથી એમનું કુટુંબ મધ્યપ્રદેશમાં સ્થાયી થયું છે અને ત્યાંની કેડરના IAS છે; એમણે ગૃહખાતામાં તેમજ પેટ્રોલિયમખાતામાં સારી કામગીરી બજાવી છે; જમ્મુ-કાશ્મીરમાં મુખ્ય સચિવ રહી ચૂક્યા છે; અને તામિલનાડુમાં જ્યારે રાષ્ટ્રપતિશાસન હતું ત્યારે એ ત્યાંના ગવર્નરના સલાહકાર પણ હતા. હાલમાં બ્રસેલ્સમાં અને યુરોપિયન કમિશનમાં આપણા પ્રતિનિધિ છે. એમનો બહોળો અનુભવ આ ઑફિસમાં કામમાં આવશે.

મોરારજીભાઈએ હા કહી. અમે પી કે દવેને ફોન ઉપર પૂછ્યું તો એમણે વડા પ્રધાનની ઑફિસમાં કામ કરવા હા પાડી.

અમે તો I P C Lના કામે એક દિવસ આવેલા. એટલે ત્રણ ચાર દિવસ વડોદરા જઈને અમારું કામ આટોપીને પરત આવવા માટે મોરારજીભાઈની રજા લીધી. અહીં કહેવું જોઈએ કે વડા પ્રધાનની ઑફિસ એક સમાંતર સચિવાલય બને તેવું મોરારજીભાઇ ઇચ્છતા ન હતા, એટલે એમણે પહેલું કામ એ ઑફિસને પ્રાઇમ મિનિસ્ટરના 'સચિવાલય'ને બદલે પ્રાઈમ મિનિસ્ટરની ઑફિસ તરીકે ઓળખાય એમ કરવા કહ્યું. મોરારજીભાઇ પંડિતજીના મતના હતા. વડા પ્રધાનની ઑફિસમાં ઢગલાબંધ અધિકારીઓની જરૂર ન હોવી જોઇએ. પંડિતજીને એમનો નિજી સ્ટાફ હતો. એ સિવાય બીજું કોઈ નહીં; કારણ, સરકારમાં બધા સચિવોને એની જવાબદારીઓ હતી અને જ્યારે જરૂર પડે ત્યારે ગમે તેને બોલાવી શકાય. વળી પ્રધાનમંડળના સભ્યો પોતાનાં ખાતાં તો સંભાળે જ. એમાં વડા પ્રધાનને દખલ કરવાની ન હોય! પંડિતજી પણ એમના મંત્રીઓને એ પ્રમાણે જવાબદારી સોંપતા. તેથી મોરારજીભાઇને કોણ એમના સચિવ થાય તેમાં ખાસ રસ ન હતો. વડા પ્રધાન પોતે જ એમની પાસે આવેલી ફાઈલોનો નિકાલ કરે. એમને કોઈ ટૂંક નોંધ કરીને આપે અને પ્રશ્નની જટિલતા સમજાવે એવી જરૂર ન હોવી જોઈએ. એવી આવશ્યકતા ઊભી થાય તો તે ખાતાના મંત્રી કે સચિવ ક્યાં દૂર છે? તેથી મોરારજીભાઈ વડા પ્રધાન હતા ત્યારે એમની ઑફિસમાં માત્ર એક અગ્રસચિવ અને બે સંયુક્ત સચિવ હતા. વિદેશ બાબતો માટે એક સંયુક્ત સચિવને રાખેલા. આજે તો વડા પ્રધાનની ઑફિસ ઘણી ફૂલીફાલી છે. જે ટીમવર્ક હોવું જોઈએ તેનો અભાવ વર્તાય છે. મુખ્ય પ્રધાનોની ઑફિસમાં પણ ત્રણ ચાર સચિવ કક્ષાના અધિકારીઓ હોય છે તેથી વડા પ્રધાન કે મુખ્ય પ્રધાન સરકારનાં અન્ય ક્ષેત્રોથી વેગળા થઈ જાય છે.

અમે વડોદરાનું કામ આટોપીને પાછા આવ્યા ત્યારે વિદ્યાશંકર (વી શંકર) વડા પ્રધાનના અગ્રસચિવ (પ્રિન્સિપલ સેક્રેટરી)ની ખુરશીમાં ગોઠવાયેલા હતા. અમારા ગયા પછી, મોરારજીભાઈ સત્તામાં હતા ત્યારે છેક ૧૯૩૭માં એમના નિજી સચિવ રહી ચૂકેલા, વિશ્વનાથ યાદવ ટોણપે (V Y Tonpe) વડા પ્રધાનના ખાસ મદદનીશ તરીકે જોડાઇ ગયેલા ટોણપેએ એક ચબરખી પર લખ્યું કે, "શંકર કહે છે કે આપના અગ્રસચિવ થવામાં તેઓ ગૌરવ અનુભવશે."

મોરારજીભાઈએ એ ચિઠ્ઠી ઉપર મતું માર્યું અમારો શિરસ્તો હતો કે અમારે મોરારજીભાઈને કોઈ સૂચન કરવાનું હોય, માહિતી આપવાની હોય કે સંમતિ લેવાની હોય તો તે નાની ચબરખી કે મોટા કાગળ ઉપર-જરૂર પ્રમાણે—મોકલીએ, અને તરત જ 'હા', 'ના' નો જવાબ આવે. એમને કંઈ કહેવાનું કે પૂછવાનું હોય ત્યારે અંગ્રેજીમાં હોય તો ‘discuss અને ગુજરાતીમાં હોય તો ‘ચર્ચા કરો' એમ લખીને પરત મોકલે. 'ના' કદી ન આવે. એમ શંકરસાહેબ એ પદે બેઠા અને દવેસાહેબ જ્યાં હતા ત્યાં-બ્રસેલ્સમાં–જ રહ્યા.

વી શંકરનું આઈ સી એસ અધિકારીઓમાં પણ ઊંચું સ્થાન હતું. સરદાર પટેલના નાયબ સચિવ તરીકે એમણે બહુ સુંદર કામગીરી બજાવેલી અને નામ કાઢેલું. ૧૯૫૦ પછી એમને એમના કેડર મુંબઈ પરત મોકલવામાં આવેલા. ત્યાંથી પછી એમને છેક પાલનપુરમાં કલેક્ટર તરીકે મોકલી દેવામાં આવેલા. મોરારજીભાઈને એમનો જૂનો પરિચય હતો. કુશાગ્રબુદ્ધિના વી શંકર જટિલ વિષયો જલદી સમજી જતા, એમની યાદદાસ્ત વિરલ હતી અનેક દૃષ્ટિકોણથી એ વિચારી શકતા અને આકરા નિર્ણયો લેતા ખચકાતા નહીં. એમના સાથીઓ અને નીચેના માણસો એમનો આદર કરતા. અમે જોયેલું કે વી શંકર બસો પાનાંની જટિલ વિષય પરની બ્રીફ એ એકાદ કલાકમાં વાંચી જાય,

એના અટપટા પ્રશ્નોને સમજીને એ સ્પષ્ટ રીતે રજૂ કરી શકતા, વિકલ્પો આપીને એમનો અભિપ્રાય-નિર્ણય કહી શકતા.

છેક ૧૯૫૪માં એ પાલનપુરના કલેક્ટર હતા ત્યારે મોરારજીભાઈ એક શનિ-રવિમાં અમદાવાદ આવેલ. એમણે ખાસ માણસ મારફત જાગીરદારી નાબૂદીનું બિલ એમને મઠારવા મોકલ્યું અને કહેવરાવ્યું કે આને ચોવીસ કલાકમાં પાછું મોકલો, કારણ કે સોમવારે વિધાનસભામાં રજૂ કરવાનું છે. વી શંકર એ વાંચી ગયા. એક હજાર જેટલા વગવાળા જાગીરદારોને સ્પર્શતું આ બિલ હતું. એમાં બધાં પાસાંનો વિચાર નહીં થયેલો. તેથી તેમણે બે સ્ટેનોગ્રાફરોને બેસાડીને આખું બિલ અને નિયમો નવેસરથી લખાવ્યાં અને મોરારજીભાઈને સમયસર પહોંચાડ્યાં. વળી એમનામાં એ પણ હિંમત હતી કે એમણે મુખ્ય સચિવ બખલેને કાગળ લખ્યો કે બિલમાં ઘણી ત્રુટિઓ હતી અને શબ્દોના આડંબર વચ્ચે મુદ્દાઓ દબાઈ જતા હતા તેથી તેમણે આખું બિલ ફરીથી લખ્યું છે.

વી શંકરના ટેબલ ઉપર ભાગ્યેજ કોઈ ફાઈલ જોવા મળે. એમનું ફાઈલોનું બધું કામ એ સવારે પાંચથી સાત વચ્ચે પૂરું કરી નાખે. વહેલી સવારે સ્ટેનોગ્રાફરને બોલાવી ડિક્ટેશન આપી દે. પછી ફરી વાર એના પર નજર ન નાખે, સહી જ કરે.

સાંજે પાંચ વાગ્યે એમની ઑફિસ બંધ, સિવાય કે કોઈ બહુ મહત્ત્વની મિટિંગ હોય. એમનું વાંચન વિશાળ અને રસના વિષયો અનેક. લંડન ટાઇમ્સનું અઘરું ગણાતું ક્રૉસવર્ડ પણ રોજ કરે. એમને ઘણી વાર આપણે મુશાયરામાં પ્રમુખસ્થાને જોઈએ.

અમને એમનો સહવાસ ગમતો અને એમની પાસે એમનાં સ્મરણો વાગોળાવતા. એક વાર અમે ગોવામાં હતા ત્યારે એમણે મારા હાથમાં એક અંગ્રેજી કાવ્યસંગ્રહ જોયો. અને એ શેલી, ટેનિસન, વડઝવર્થ વગેરે ઉપર ચડી ગયા અને પછી મિલ્ટનના 'પેરેડાઇઝ લોસ્ટ'– જે એમણે પાંત્રીસેક વર્ષ પહેલાં વાંચેલું હશે—ની કડીઓ ઉપર કડીઓ બોલવા લાગ્યા. અમે તો અવાક થઈને એમને જોઈ રહ્યા.

વડા પ્રધાનની ઑફિસમાં જોડાયા ત્યારે વી શંકરની વય અડસઠની. એટલે વધુ પાછળ જુએ. આઠ વર્ષ પહેલાં તેઓ નિવૃત્ત થયેલા. ક્યારેક એમ ચોખ્ખું દેખાય કે ઇંદિરા ગાંધી દ્વારા આમૂલ પરિવર્તિત તત્કાલીન રાજકારણ અને વહીવટી તંત્ર સાથે એમનો તાલમેલ ન હતો. પોલાદી ગણાતું તંત્ર ખખડતું હતું. વળી, એ જનતા પક્ષના આંતરિક પ્રવાહોથી જરા પણ પરિચિત ન હતા. એમણે અગત્યના મંત્રીઓ સાથે ખાસ વ્યવહાર પણ નહીં રાખેલો.

તેઓ ઉદારદિલ માણસ હતા. કોઈ ગુસ્તાખી કરે અથવા છેતરવાનો પ્રયાસ કરે તેવાને પણ એ સહેલાઈથી માફ કરી શકતા. એમના આ ગુણો ક્યારેક એમની નબળી કડી બની જતા. બહુ સારી આબરૂ ન હોય એવા લોકો પણ એમની આસપાસ જોવા મળતા. તેઓ કોઈ સરકારી માહિતી કોઈને આપી દે એવો સંભવ ન હતો. પરંતુ આ બાબતે કાનાફૂસી થતી રહેતી.

આવી વાતો મીઠું-મરચું ઉમેરીને લોકો મોરારજીભાઈને પહોંચાડતા. બંને વચ્ચે અંગત રીતે આદર રહ્યો, પરંતુ ધીમે ધીમે અંતર વધતું ચાલ્યું. કમનસીબે એ કક્ષાએ આમને-સામને વાત નથી થતી. પોતાના અગ્રસચિવ વિશે માહિતી મેળવવા એ કોઈને પૂછી પણ ન શકે. વળી, વી શંકરની પ્રતિષ્ઠા ઊંચી હતી. પણ ખાઈ પહોળી થતી ચાલી.

કાર્ટર, મોરારજીભાઈ અને વાજપેયી સાથે વ્હાઇટ હાઉસમાં ભોજન પહેલાં એમાં એક મહત્ત્વનું પરિબળ ઉમેરાયું તે વી શંકરનો કોમ્પ્રિહેન્સિવ ન્યૂક્લિયર ટેસ્ટ બાન ટ્રીટી બાબતે અમેરિકન અધિકારીઓને આપેલ કથિત પ્રતિભાવ. આ બાબતે ભારત સરકારનું અને વડા પ્રધાન તરીકે મોરારજીભાઈનું વલણ અફર હતું. આવી એકપક્ષી સંધિ ન જ થાય એ ભારતની હમેશાંની નીતિ હતી અને એમાં વડા પ્રધાન કોઈ પણ બાંધછોડ કરવાના મતના ન હતા. આ બાબતે મોરારજીભાઈ અને જિમી કાર્ટર વચ્ચે ગેરસમજ પણ થયેલી. મોરારજીભાઈ અને વી શંકરનું અંતર વધે એ બરાબર ન લાગવાથી અમે એક વખત આ મુદ્દો છેડ્યો. મોરારજીભાઈ પ્રવાસે જાય ત્યારે એમની

સાથે કાંતિભાઇ, અમે અને એક સિક્યોરિટી ઓફિસર હોય-કોઇ સ્ટેનોગ્રાફર કે પટાવાળો કે અન્ય સહાયક પણ નહીં. મૌરારજીભાઇ પોતાનો સામાન જાતે ખોલે અને બાંધે. દિવસને અંતે અમે એમને પૂછીએ—કાંઇ જોઇએ? એવા એક પ્રસંગે અમે પૂછ્વું. "ઘણી બાબતોથી અગ્રસચિવ અજાણ હોય છે એવું કેમ?"-ક્યાંય સુધી તેઓ શાંત રહ્યા પછી મૌન તોડીને કહે, "શંકર કોઈ બીજા સ્થાને-ગવર્નર તરીકે જવા તૈયાર થાય?" એ સ્પષ્ટ હતું કે અગ્રસચિવ પર એમનો વિશ્વાસ ઘટયો હતો અને એ એમને બદલવા માગતા હતા.

પ્રવાસેથી પાછા આવીને શંકરસાહેબને કહેવામાં આવ્યું કે વડા પ્રધાન કાશ્મીર વિશે ચિંતિત છે. શેખ અબ્દુલ્લાનું સદાપરિવર્તિત રાજકારણ, પાકિસ્તાનનો સદાનો આક્રમક રવૈયો, રશિયા અને ચીનને બે બાજુએ... આ બધું જોતાં કોઈ એવા ગવર્નર જોઈએ, જેનામાં દૂરંદેશી, શાણપણ, દૃઢ પગલાં લેવાની આવડત અને સિફતથી વાત કહેવાની કળા હોય તો કામ બને. વળી સમગ્ર વિસ્તારની ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિને સમજીને વિદેશ મંત્રાલય સાથે પણ જોડાયેલા રહે એ પણ જરૂરી. આવું કોણ મળે? શંકરસાહેબે તરત ઉત્તર આપ્યો કે આ કામ તેઓ કરી શકે. જ્યારે એમને કહેવામાં આવ્યું કે વડા પ્રધાન એમને કઇ રીતે છોડે; કારણ, રોજબરોજનું સંભાળનાર તો કોઈ મળી આવે, પરંતુ ખાસ સલાહ લેવા માટે એમના સિવાય કોની તરફ વળે? એમણે તરત જવાબ આપ્યો કે એ દર પંદર દિવસે બે દિવસ આવી જાય અને બધા મહત્ત્વના મુદ્દાઓ ઉપર ચર્ચા કરી જાય. જમ્મુ-કાશ્મીરના ગવર્નર એલ કે ઝા એમની અવધિ પૂરી થાય પછી પરત આવવાના હતા.

શંકરસાહેબની કાશ્મીર જવાની તૈયારીની મોરારજીભાઇને જાણ કરાઈ. પરંતુ એક કલાકમાં જ શંકરસાહેબે કહ્યું કે નાની પાલખીવાલા અમેરિકાથી પાછા આવવા માગે છે એ જગ્યાએ એમને મૂકવામાં આવે તો એમની નાની દીકરીનું ભણતર ત્યાં થઈ શકે. મોરારજીભાઈ એમને વોશિંગ્ટન મોકલવા તૈયાર ન હતા.

વી શંકર વડા પ્રધાનની ઑફિસમાં ચાલુ રહ્યા, પરંતુ એમના કામનો વ્યાપ ટૂંકો થતો ગયેલો. ચાલીસ વર્ષના બંનેના સંબંધનું છેવટે એક દુ:ખદ પ્રકરણ બની રહ્યું. મોરારજીભાઇને પણ દોષ આપવાનું મુશ્કેલ છે, કારણ કે એમને જે-જે માહિતી મળી હશે તે વિશ્વસનીય સ્રોતોમાંથી જ આવી હશે. જોકે શંકર ચાલુ રહ્યા હોત તો મોરારજીભાઈને નામે જે કેટલાક નિર્ણયો પછીથી લેવાયા અને જેને કારણે એમની સારી એવી ટીકા થઈ એ તો ન જ થાત. આ આપણે આગળના પ્રકરણમાં જોઈશું.

વડા પ્રધાનની ઑફિસ અને કૅબિનેટ સેક્રેટરી એન કે મુખરજી

નિર્મલકુમાર મુખરજી પ્રસન્નચિત્ત વ્યક્તિ હતા. એમને વહીવટી સુધારણા અને અધિકારીઓની બઢતી-બદલીમાં વિશેષ રસ હતો. નિવૃત્તિ પછી પણ સેંટર ફોર પોલિસી રિસર્ચમાં પ્રોફેસર તરીકે જોડાઇને એમનો વહીવટી સુધારણામાં રસ ચાલુ રાખ્યો હતો. મુખરજીએ જનતા સરકારના કેટલાક પ્રધાનો સાથે નિકટનો સંબંધ કેળવ્યો હતો, પરંતુ ઘણા વરિષ્ઠ અધિકારીઓને, ખાસ કરીને એમની કેડરના પંજાબ અને પછી હરિયાણાના અધિકારીઓને એમની નીતિથી સંતોષ ન હતો. આ પ્રતિક્રિયા માટે કારણો પણ હતાં. મુખરજી આઈ સી એસની છેલ્લી બૅચના અધિકારી હતા, એમણે એમની કારકિર્દી દરમિયાન ભાગ્યેજ મહત્ત્વનાં પદ શોભાવ્યાં હતાં. એમની પહેલી મહત્ત્વની નિમણૂક હતી ભારતના ગૃહસચિવ તરીકેની. એ ટૂંકી કારકિર્દીનો કટોકટી લદાતાં અંત આવ્યો. જનતા સરકારે એમની નિમણૂક કૅબિનેટ સેક્રેટરી તરીકે કરી ત્યારે સામાન્ય માન્યતા એવી હતી કે એમને ઇંદિરા ગાંધીએ દૂર કર્યા હતા તેથી તેમને ઊંચું પદ અપાયું હતું. ઇંદિરા રાજના ઉત્સાહી અધિકારીઓ સામે આકરાં પગલાં લેવાની હિમાયત કરતા પ્રધાનમંડળના સભ્યોને એમણે નિરાશ નહીં કરેલા.

અંદરની વાતો જાણનારા કેટલાક લોકો એમ કહે છે કે મુખરજી એમની ફરજમાંથી ચૂક્યા હતા. તેથી તેમને ગૃહસચિવના પદેથી દૂર કરાયેલા. વાત એમ હતી કે ઇંદિરાજી ગુજરાતના પ્રવાસે જવાના હતાં. જ્યાં એમની સામે ટમેટાં ફેંકાશે અને એમનો પ્રચંડ વિરોધ થશે એવા એજન્સીઓના રિપોર્ટ હતા. મુખરજીને કહેવામાં આવેલું કે એ વિરોધને દબાવી દેવા અથવા તોફાનો થાય તો એને પહોંચી વળવા સી આર પી વગેરેની વધારે ટુકડીઓ ગુજરાત

મોકલો. એમણે એજન્સીના રિપોર્ટ અને અપાયેલી સૂચનાની અવગણના કરી અને જે બનવાનું હતું તે બન્યું. તેથી એમને તાબડતોડ ગૃહસચિવના પદેથી દૂર કર્યા હતા. જ્યારે વી શંકરનું કાર્યક્ષેત્ર સંકોચાયું ત્યારે એ અવકાશમાં મુખરજીએ ચાતુરીથી પ્રવેશ કર્યો. બઢતી-બદલી નિમણૂકો માટે એ સીધા વડા પ્રધાન પાસેથી હુકમો મેળવતા થયા. વિત્ત, વાણિજ્ય અને ઉદ્યોગ, સંરક્ષણ, પેટ્રોલિયમ, વિદેશ બાબતો વગેરેમાં એમનો રસ મર્યાદિત હતો. મુખરજી સામાન્ય રીતે એક વાગ્યે આવે જ્યારે શંકરસાહેબ બપોરના ભોજન માટે ઘેર ગયા હોય. એ મહત્ત્વના પ્રસ્તાવો માટે તૈયાર થઇને આવે અને ત્યાં જ વડા પ્રધાનની સહી લેખિત હુકમમાં મેળવી તે મોરારજીભાઇ એક વાર વિશ્વાસ મૂકે પછી પૂરો વિશ્વારા મૂકે ક્યારેક બે ચાર પ્રશ્નો કરે. ક્યારેક વધુ માહિતી માગે, પણ આખરે સહી કરે. મુખરજી એમની ઓફિસમાં જતાવેંત હુકમો બહાર પાડી દે જેથી અમારા જેવા કોઇને કોઇ પ્રશ્ન ઊભો કરવાની તક ન રહે.

આ ઉભડક ગોઠવાયેલી વ્યવસ્થામાં એક કિસ્સે મોરારજીભાઇની ઘણી બદનામી કરાવી હતી. જે આર ડી તાતાને ઍર ઇન્ડિયાના અધ્યક્ષ પદેથી હઠાવ્યા અને જે રીતે હઠાવ્યા તે શોભાસ્પદ ન હતું. મુખરજી જ્યારે ઉડ્ડયનસચિવ હતા ત્યારનો કાઇ બદલો લેવાનો હશે. જે આર ડી ઇંદિરાજી પાસે સીધા જઇ શકતા તે મુખરજી સાંખી શકતા ન હતા. જે આર ડી જેવી વ્યક્તિ સાથે બીજાં જાહેર સાહસોના અધ્યક્ષોની જેમ કોઇ સચિવ વર્તવા ઇચ્છે તે કોણ સ્વીકારે? વળી, મુખરજી એમના જૂના મિત્ર ઍરમાર્શલ પી સી લાલને ઉચ્ચપદ આપવા ઇચ્છતા હતા. પછીથી જાણ્યું કે આ નિર્ણય પર સહી કરતાં પહેલાં મોરારજીભાઇએ ઘણા સવાલો કરેલ, પરંતુ આખરે મુખરજી જે પ્રસ્તાવ લઇને આવ્યા હતા તેમાં સહી કરી. મુખરજીએ એમની ઑફિસમાં પહોંચતાંવેંત ઑફિસ ઑર્ડર જારી કરી દીધો. અમને જ્યારે જાણ થઇ ત્યારે અમારા અચંબા વચ્ચે હુકમ છૂટી ગયા હતા. નુકસાન થઇ ચૂક્યું હતું. મોરારજીભાઇને આ નિર્ણયની અસરની વાત કરવા ગયા ત્યારે એ તો એમના નિર્ણયને વળગી જ રહ્યા દોષનો ટોપલો મુખરજી ઉપર ઢોળવાને બદલે નિર્ણયનો બચાવ કર્યો. આ નિર્ણયથી મોરારજીભાઇની ટીકા થઇ. મુખરજીને લાભ થયો કે એ જે ઇચ્છતા હતા તે કરી શક્યા અને એનો બચાવ કરવાની જવાબદારી એમની ન હતી.

બીજો એક નિર્ણય હંમેશાં આળા એવા વિજ્ઞાનીઓને લગતો હતો. અમુક વિજ્ઞાનીઓ સાથે ચર્ચા કરીને મુખરજીએ એવો પ્રસ્તાવ મૂક્યો કે સી એસ આઇ આર લેબોરેટરીઓએ એમના બજેટનો કેટલોક હિસ્સો કપાવો જોઇએ. કેટલીક લેબોરેટરીઓની કામગીરી ઉજ્જ્વળ ન હતી. આ પ્રસ્તાવમાં તથ્ય હતું. પરંતુ વધુ વિજ્ઞાનીઓ સાથે વિચારવિમર્શ કર્યો હોત તો આ પ્રસ્તાવનો જે વિરોધ થયો તે ન થાત. જો એમણે વધુ વ્યાપક સંમતિ મેળવી હોત તો જ્યારે વિરોધ થયો ત્યારે સામે બીજાં નિવેદનો આવ્યાં હોત. જોકે મીડિયામાંથી કેટલાકે આ વિચારને આવકાર્યો હતો. વડા પ્રધાનની અધ્યક્ષતા નીચે સી એસ આઇ આર કાઉન્સિલની એક મિટિંગ થઇ હતી. સી એસ આઇ આર મહાનિર્દેશકે પણ વિરોધ થયો ત્યારે પ્રસ્તાવનો બચાવ નહીં કરેલો. કેબિનેટ સેક્રેટરીની વડા પ્રધાનપક્ષે કંઇ કરવાની જવાબદારી ન હતી. ટીકાકારોને સમજાવવાના પ્રયત્નો વ્યર્થ ગયા. જે પ્રસ્તાવને આવકાર મળવો જોઇતો હતો તેની ઠેકડી ઉડાવાઇ.

પંજાબ-હરિયાણાના કેટલાક અધિકારીઓ સાથે મુખરજીને કોઇ જૂના બનાવોને ધ્યાનમાં રાખીને લેણ દેણ પતાવવાની હતી. આઇ સી એસ ની છેલ્લી બેંચના હતા તેથી આઝાદી આવ્યા પછી એ પ્રમાણમાં જુનિયર હતા. યુદ્ધ દરમિયાન છૂટા કરાયેલા અને પછી આઇ એ એસ માટે પસંદ કરાયેલા એવા ઘણા એમના કરતાં સિનિયર હતા. આઝાદી આવ્યા પછીના આઇ એ એસ ની પહેલી બેંચના અધિકારીઓ તેમનાથી માત્ર ત્રણ વર્ષ જ પાછળ હતા. અગાઉ કહ્યું તેમ એમની કારકિર્દી દરમિયાન એમને મહત્ત્વની કહેવાય એવી કોઇ કામગીરી સોંપાઇ ન હતી. અપવાદમાં એ થોડો વખત ગૃહસચિવ રહ્યા તે.

પંજાબ-હરિયાણાના આ કેટલાક અધિકારીઓને પાઠ ભણાવવાનો કાર્યક્રમ પણ એમણે હાથ પર લીધેલો. બી બી વોરા એમની ધરપકડ અને પછી એમના પર જે વીતેલી તેને માટે એન. કે મુખરજીને જ પૂરા જવાબદાર ગણતા હતા. બી બી વોરાની સાથે જે વર્તાવ થયો તેવો વર્તાવ સચિવકક્ષાના કોઇ અધિકારીની સાથે થયો ન હતો. લોદી એસ્ટેટમાં વોરા અમારી નજીક રહેતા હતા અને અમે એકબીજાને ઘરે આવતાજતા

બીજો એક કિસ્સો વાણિજ્યસચિવ રહી ચૂકેલા એક અધિકારીને એક કામ વગરની જગ્યાએ ધકેલવાનો આ અધિકારીએ મોરારજીભાઈ સાથે અગાઉ કામ કરેલું હતું અને તેમની કાર્યદક્ષતા વિશે મોરારજીભાઈ જાણતા હતા. સદ્‌ભાગ્યે આ વાતની મોરારજીભાઈને ખબર પડી અને યોગ્ય પદે એ અધિકારીને મૂક્યા. પાછળથી સ્ટ્રેટેજિક બાબતોના નિષ્ણાત બનેલા એક બાહોશ અધિકારીને સંરક્ષણ મંત્રાલયમાંથી બીજે ધકેલવાના નિર્ણય ઉપર મુખરજીએ મોરારજીભાઈની સહી લઇ લીધેલી. કારણ એટલું જ હતું કે એ પદ ઉપર મુખરજી એમના માનીતા અધિકારીને મૂકવા માંગતા હતા. છેલ્લી ઘડીએ એ બદલી પણ રોકાયેલી.

હરિયાણા કેડરના કેટલાક બીજા પણ પાટનગરમાં હતા. પાછળથી જે હરિયાણાના મુખ્ય સચિવ બન્યા અને વડા પ્રધાનના સચિવ પણ બન્યા તે એસ કે મિશ્રાને હઠાવવા એમણે ઘણા પ્રયત્નો કર્યા. ત્યારે મિશ્રા ત્યાંના મુખ્યપ્રધાન દેવીલાલના અગ્રસચિવ હતા. એમનાથી ઘણા જુનિયર મિશ્રા સામે એમણે મોરારજીભાઈની કાનભંભેરણી કરી. છેવટે એમણે મિશ્રાને હઠાવવા માટે દેવીલાલ ઉપર મોરારજીભાઈ પાસે કાગળ લખાવ્યો. આવી સામાન્ય બાબતમાં એક જુનિયર ઑફિસર સામે આટલી કિન્નાખોરી કેબિનેટ સેક્રેટરી રાખે એ એમના માનસને સમજવા પૂરતું છે. મોરારજીભાઈ પણ વિશ્વાસે વહાણ ચલાવતા દેવીલાલે વિગતવાર જવાબ લખ્યો અને કહ્યું કે મિશ્રાને બદલવાનું કોઈ કારણ નથી. છતાં પણ મુખરજીએ મોરારજીભાઈ પાસે બીજો કાગળ લખાવ્યો. દેવીલાલે ફરી ના કહી. મોરારજીભાઈ મુખરજી ઉપર આટલો બધો વિશ્વાસ મૂકતા તેથી તેમને જ ઘણું નુકસાન થયું. છએક મહિના આ ચાલ્યું પછી પી સી ઍલેક્ઝાન્ડરને દિલ્લીમાં ચાલુ રાખવાની ત્રીજી વખત ભલામણ કરી ત્યારે કેબિનેટ સેક્રેટરીની વડા પ્રધાનની ઑફિસથી નિકટતા ઓછી થઈ.

જ્યારે આપણે વડા પ્રધાનના સચિવ અને કેબિનેટ સેક્રેટરીની વાત કરીએ ત્યારે એક મોટો મુદ્દો સમજવા જેવો છે. આ અધિકારીઓ પાસેથી વડા પ્રધાન અને કેબિનેટ સલાહની જે અપેક્ષા રાખે તે મુખ્યત્વે આ વિષયો બાબતે હોય: કેન્દ્ર રાજ્યના સંબંધો, સંરક્ષણ, સરહદી વિસ્તારો, કાયદો અને વ્યવસ્થા, રાજકીય બાબતો અને સંસદ, લઘુમતીના પ્રશ્નો, તંગદિલી હોય તેવા વિસ્તારો આ વિષયો સંભાળવા માટે સંવિધાનની ઊંડી સમજ, કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સીની શક્તિઓ અને નબળાઈઓની સમજ, સંવેદનશીલ પ્રદેશો, બનાવો, ચળવળો ઉપર નજર અને ભ્રષ્ટાચાર અને અન્યાય થઈ શકે એવા ક્ષેત્રો ઉપર ખાસ ધ્યાન રાખવાનાં અનુભવ અને દૃષ્ટિ જોઇએ. અનુભવે અમે જોયું છે કે આવી લાયકાત ધરાવતા અધિકારીઓ મળવા મુશ્કેલ છે. કારણ, આપણા તેજરવી અને બાહોશ અધિકારીઓ એમની કારકિર્દીની શરૂઆતથી જ આર્થિક ક્ષેત્રે જવાનું પસંદ કરે છે અને આવા અધિકારીઓને વીણી વીણી એ ક્ષેત્રોમાં મુકાતા હોય છે. અનેક અધિકારીઓ એવા મળશે કે જેઓ એમની આખી કારકિર્દી વિત્ત, ઉદ્યોગ, વાણિજ્ય, જાહેર સાહસો, સિંચાઈ જેવી યોજનાઓ, પ્રવાસન, બકિંગ વગેરે આર્થિક ક્ષેત્રોમાં જ ગોઠવાતા રહે છે. જેને તક મળે તે આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાં બેસી જાય છે.

જે વધુ મહત્ત્વના ગણાવા જોઈએ એવાં સ્વાસ્થ્ય, પંચાયત, સહકાર, કૃષિ, શિક્ષણ, રોજગારી જેવાં ખાતાથી તેજસ્વી અને બાહોશ અધિકારીઓ દૂર રહે છે; અથવા રાખવામાં આવે છે. વિશેષ તો અત્યંત મહત્ત્વના ગૃહખાતાને અગ્રિમતા અપાતી નથી. આનું કારણ એ છે કે છેક પહેલી પંચવર્ષીય યોજનાથી આપણે મેક્રો ઇકોનોમિક્સને બદલે પાયા થી જ વિકાસને અને સામાજિક શાંતિ અને નાગરિકની સલામતીને મહત્ત્વ આપ્યું હોત તો પરિસ્થિતિ જુદી જ હોત.

આ માહોલમાં કેબિનેટ સેક્રેટરી અને વડા પ્રધાનના સચિવનાં પદો માટે શોધ કરતાં પણ યોગ્ય વ્યક્તિઓ મળતી નથી. રાજીવ ગાંધીના સમયમાં ઍલેક્ઝાન્ડરે સમગ્ર કારકિર્દી આર્થિક ખાતાઓમાં વિતાવેલી એટલે એમના રસના વિષયો બીજા શું હોઈ શકે? વાજપેયીના સમયમાં બ્રિજેશ મિશ્રાએ માત્ર વિદેશને લગતી બાબતોને જ એમની માની. નરસિંહરાવના સમયમાં અમરનાથ વર્મા આર્થિક સુધારામાં જ રોકાયેલા રહ્યા. આ વાત એ પદ શોભાવી ચૂકેલા બીજા અધિકારીઓને પણ લાગુ પડે છે.

રાજ્યોએ કેન્દ્રનું અનુકરણ કર્યું છે તેથી ત્યાં પણ બીજી અપેક્ષા રાખી શકાય તેવું નથી.

ઇંદિરા ગાંધી

પંડિતજીના અવસાન સુધી ઇંદિરાજીની સામાન્ય છાપ એ હતી કે એમણે એમના મહાન પિતાના ૧૭ વર્ષના વડા પ્રધાનપદ દરમિયાન એમની સેવા કરી અથવા તો તેમની પડખે રહ્યાં. અત્યંત જાણીતા હોવા છતાં ઇંદિરાજીની એક મહત્ત્વના રાજનીતિજ્ઞ તરીકેની લોકસમજ ન હતી. એમના રસના વિષયોમાં રાજકારણનાં પ્યાદાં ગોઠવવાનું કે રાજ્યવહીવટ ન હતાં. કળા, કારીગરી, મહિલા અને બાળવિકાસ-એમાં એ વિશેષ રસ લેતાં. જે મુદ્દો નજરઅંદાજ થયો છે તે એ છે કે ભારતના રાજકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવવા એમને તૈયાર કરાઈ રહ્યાં હતાં. એક વિચક્ષણ રાજનીતિજ્ઞે અમને એક વાર કહેલું કે-પંડિતજી એક ઘણા ઊંડા વિચારક હતા-પુત્રીની બાબતમાં તો ખાસ. પૂર્વના દેશોમાં સત્તા વંશપરંપરાગત ઊતરી આવવાની કોઇ નવાઈ નથી. વળી, ઇંદિરાજી સ્વાતંત્ર્યસંગ્રામનું બાળક હતાં. તેથી ૨૧ વર્ષની વયે ૧૯૩૮માં એ કોંગ્રેસના સભ્ય થયેલાં એ તરફ કોઈની નજર ગઈ ન હતી; જોકે એથી કોઈએ તાજુબ ન થવું જોઈએ.

આટલાં વર્ષો પછી પાછળ નજર નાખતાં કોઈ પણ જોઈ શકે કે ઇંદિરાજીનું ઘડતર રાજકારણ માટે થતું હતું એ સેન્ટ્રલ વેલ્ફેર બોર્ડના ચૅરમૅન થયા છત્રીસની ઉંમરે, બાલ સહયોગના અધ્યક્ષ સાડત્રીસે, કોંગ્રેસ વર્કિંગ કમિટીના અને મહત્ત્વની ઇલેક્શન કમિટીના સભ્ય આડત્રીસે, બાલ ભવન અને બાળકોના મ્યૂઝિયમના અધ્યક્ષ આડત્રીસ, યૂથ કોંગ્રેસ અને એ આઇ સી સી ની નૅશનલ ઇન્ટિગ્રેશન સેલના પ્રમુખ આડત્રીસે અને ઉમેદવારોની પસંદગી કરનાર વગદાર પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય એકતાળીસે. એટલે જે પંડિતજીના અનુગામીના પદ માટે દાવેદાર હતા તેમણે –લાલબહાદુર શાસ્ત્રી સિવાય-એ કેમ ન જોયું કે ઇંદિરાજીની ૩૬થી ૪૨ની ઉંમર વચ્ચે એમને કેવા મોકાનાં સ્થાને પંડિતજીએ ગોઠવ્યાં હતાં. વળી, એક દાવેદાર મોરારજીભાઈનો કામરાજ પ્લાન નીચે કાંકરો કાઢી નાખેલો એ કોઇ સમજેલું નહીં. પ્લાન પંડિતજીનો પણ ચડ્યો કામરાજના નામે. આઈ જી પટેલ એમની જીવનકથામાં તે સમય વિશે લખે છે કે જે આપણે જાણતા ન હતા તે પંડિતજી જાણતા હતા. અને તે એ કે એમનો અંત નજીક આવી રહ્યો છે. વળી એ પણ લખે છે કે કામરાજ પ્લાન માત્ર મોરારજીભાઇને દૂર કરવા જ ઘડાયો હતો.

પરંતુ જ્યારે પંડિતજીએ વિદાય લીધી ત્યારે પરિસ્થિતિ સમજવા માટે ઠીકઠીક સમય હતો છતાં ઇંદિરાજી એ જવાબદારી લેવા તૈયાર ન હતાં. પંડિતજીના અવસાન પછી ૧૫ દિવસમાં શાસ્ત્રીજી ગાદીનશીન થયા. ત્યારે શાસ્ત્રીની કેબિનેટમાં ઓછા મહત્ત્વના ઇન્ફર્મેશન અને બ્રૉડકાસ્ટિંગ ખાતામાં એમણે કોઇ વિશેષ દિલચસ્પી નહીં દેખાડેલી. વળી એમની અવગણના થતી હોય એવો ભાવ પણ એમને હતો.

ઇંદિરાજીને જ્યારે વડા પ્રધાનપદ મળ્યું ત્યારે એ પક્ષના રાજકારણમાં કેટલાં માહેર હતાં તે તેમણે બતાવ્યું. વિદેશનીતિના પ્રશ્નોની એમને જાણ હતી. એમને અંતરમાં તો ચોક્કસ આશા હશે જ કે પંડિતજીનાં પુત્રી તરીકે એમને લોકચાહના મળશે. એક બાજુ લોકચાહના હતી જ્યારે બીજી બાજુ વહીવટી તંત્રને સંભાળવા બાહોશ અને વફાદાર અધિકારીઓ મળ્યા તે હતા પરમેશ્વર નારાયણ હકસર, બ્રિજ કુમાર નેહરુ, લક્ષ્મીકાન્ત ઝા, લલ્લનપ્રસાદ સિંહ વગેરે અને રોજબરોજના કામમાં સુશીતલ બેનરજી તો હતા જ.

ઇંદિરાજી બીજા દેશોના વડાઓ સાથેની મિટિંગમાં છવાઇ જતાં. પણ જ્યાં મેધાવી, ઉત્તમ વક્તા અને ત્વરાથી દલીલોના આટાપાટા રમી શકે એવા સાંસદો વચ્ચે સંસદનાં બે સદનોમાં શરૂઆતમાં એમને ભીડ પડતી. નિયમ મુજબ, સદનની કાર્યવાહી દરમિયાન એ કોઈની મદદ ન લઈ શકે. પક્ષના દિગ્ગજો, જે બહુધા એમના વિરોધી હતા, તરફ મદદ માટે નજર નાખે તો અહમ્ થવાય. એમના સંસદના કામમાં સુશીતલ બેનરજી ઑફિશિયલ ગૅલેરીમાંથી ચિઠ્ઠીઓ ઉપર ચિઠ્ઠીઓ મોકલે અને સદનની કાર્યવાહી અથવા જે મુદ્દો ઉઠાવાયો હોય તે ઉપર શાસનની નીતિ વિશે એમને માહિતગાર કરે.

પક્ષનાં મોટાં માથાં એમ માનતા કે ઇંદિરાજી લાંબું નહીં ટકે. ઇંદિરાજીને હંમેશા સંસદનો અજંપો રહ્યો. ૧૯૮૦માં જ્યારે દિગ્વિજય કરીને એ પાછાં આવ્યાં ત્યારે લોકસભાની બેઠક એક અઠવાડિયામાં મળવાની હતી. એમણે એમના અગ્રસચિવ કૃષ્ણસ્વામી રાવસાહેબને સંસદના નિયમો, પેટાનિયમો તેમજ કાર્યવાહીથી માહિતગાર હોય એવા કોઈ અનુભવી, જે રોજબરોજની સંસદની કાર્યવાહીથી એમને માહિતગાર રાખે, એવાનું નામ સૂચવવા કહ્યું. રાવસાહેબે કહ્યું કે હાલમાં અમે આ કામ કરીએ છીએ. ઇંદિરાજીને અમારા નામ સામે વાંધો ન હતો.

એમના સિનિયર સાથીઓ સાથેની મૂંઝવણ તો એમણે બે વર્ષમાં ટાળી. એ માટેની ચોક્કસ ક્ષણ હતી ૧૦-૧૨ જુલાઈ ૧૯૬૯માં બેંગલોરમાં મળેલ ઑલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટીનું ૭૩મું અધિવેશન. પક્ષની અંદરની સિન્ડિકેટ આ અધિવેશનથી નિર્મૂળ થઈ. કે કામરાજને તો એમના કદ પ્રમાણે શાસ્ત્રીજીએ જ વેતરેલા. પણ ઇંદિરાજીના સમયમાં એમને વગ પાછી જોઈતી હતી. અતુલ્ય ઘોષની નીચેથી ડાબેરીઓએ પાટિયું ખસેડી દીધેલું. મુંબઇના એક વારના સર્વેસર્વા સદોબા પાટીલ નબળા થયા હતા. મોરારજીભાઈ સિન્ડિકેટમાં ન હતા પણ ૧૯૬૯ની મધ્યે એ એના જોડીદાર બન્યાની માન્યતા પ્રવર્તતી હતી. નિજલિંગપ્પા ૧૯૬૮માં ત્રણ વર્ષ માટે કોંગ્રેસ પ્રમુખ તરીકે ચૂંટાયેલા. તે પણ પીઢ નેતાઓ સાથે જોડાયેલા. તેથી વર્કિંગ કમિટી અને પાર્લામેન્ટરી બોર્ડમાં કોઈ શક્તિશાળી વ્યક્તિ ઇંદિરાજી સાથે ન હતી. જગજીવનરામ અને યશવંતરાવ ચવ્હાણ હતા પણ એમના ઉપર એ ભરોસો ન મૂકી શકે. તેથી ઇંદિરાજીને અમુક જૂના વફાદાર કોંગ્રેસીઓ અને એમની કિચન કેબિનેટ ઉપર આધાર રાખવાનો હતો. મૃતપ્રાય અવસ્થામાં હતું તે કોંગ્રેસ ફોરમ ફોર સોશિયાલિસ્ટ ઍક્શનમાં પ્રાણ પૂરવો પડેલો. ઇંદિરાજીને લાગતું કે જૂના પીઢ નેતાઓએ એમના હાથ બાંધી દીધા છે. બીજી બાજુ એમના ડાબેરી સાથીઓ એમને પ્રગતિશીલ આર્થિક નીતિઓ અપનાવવા આગ્રહ કરી રહ્યા હતા. ૧૯૬૯ના એપ્રિલમાં સદોબા પાટીલે પક્ષના આંતરિક ધ્રુવીકરણની વાત કરી હતી.

આમ વણકહ્યા તણાવ વચ્ચે બેંગલોરનું એ આઈ સી સી નું અધિવેશન મળ્યું. ઇંદિરાજીને જૂની પેઢીની પકડમાંથી છૂટવું હતું. તેમણે ઉતાવળે તૈયાર કરેલ રણનીતિ મુજબ કેટલાક 'છૂટાછવાયા વિચારો' રજૂ કર્યા જેમાં પ્રગતિશીલ આર્થિક નીતિનો આભાસ હતો. એમની વ્યૂહરચનામાં વર્કિંગ કમિટી, જેની સંખ્યા પાર્લામેન્ટરી બોર્ડ કરતાં મોટી હોય, એમાં એમના ‘છૂટાછવાયા વિચારો'નો સ્વીકાર કરાવ્યો. મોરારજીભાઇએ બેંકોના સામાજિક નિયંત્રણની પ્રક્રિયા શરૂ કરેલી એટલે તેમણે ક્રમશઃ આગળ વધારવાની હિમાયત કરી. બીજા સૌ જોતા રહી ગયા.

એમણે જો કલ્પના કરી હોત કે આ ‘છૂટાછવાયા વિચારો' માટે ઇંદિરાજી વિશાળ એ આઈ સી સી માં બહાલી મેળવશે તો તેમણે કોઇ જુદી વ્યૂહરચના અપનાવી હોત. ઇંદિરાજીના ઓચિંતા અને ઝડપી પગલાને કોઇ સમજી ન શક્યું. જ્યારે એમને આ વ્યૂહનો બોધ થયો ત્યારે એમણે નીલમ સંજીવ રેડ્ડીને રાષ્ટ્રપતિપદની ઉમેદવારીને ટેકો આપીને પાર્લામેન્ટરી બોર્ડમાં—જ્યાં એમની બહુમતી હતી—વળતો ઘા કર્યો. ઇંદિરાજી હવે ધાર ઉપર આવીને ઊભાં હતાં. શરૂઆત એમણે કરી પણ યુદ્ધ એમના માથે આવી પડશે એવો એમને ખયાલ નહીં હોય.

પાર્લામેન્ટરી બોર્ડ સામે બંડ પોકારીને એમણે વી વી ગિરિને રાષ્ટ્રપતિપદ માટે ઊભા રાખ્યા. જે ડી પી મિશ્ર જેવા રાજકારણીની સહાય અને ઇંદિરાજીની યુવાન બ્રિગેડની મહેનતથી માત્ર ૩ ટકાના માર્જિનથી ગિરિ જીત્યા. જૂના જોગીઓ ઊંઘતા ઝડપાયા. એમણે થોડી વધુ જાગૃતિ અને શક્તિ બતાવ્યાં હોત તો ભારતનો ઇતિહાસ જુદો જ હોત. કોંગ્રેસનું વિભાજન કરીને ઇંદિરાજીએ પક્ષ ઉપર કાબૂ મેળવ્યો. શેષ ઇતિહાસ જાણીતો છે.અમને એ. આઈ. સી. સી.નું આ મહાભારત જોવાની તક મળેલી વર્કિંગ કમિટીની માહિતી અમને થોડી મોરારજીભાઇ પાસેથી અને થોડી યશપાલ કપૂર પાસેથી મળી રહેતી. પક્ષના દિગ્ગજો સિવાય માત્ર અમને બંનેને—ઇંદિરાજીના મદદનીશ યશપાલ કપૂર અને અમે એમ બેને-બધે જવાની છૂટ હતી. ઇંદિરાજીને યશપાલ કપૂર પર વિશ્વાસ હતો, કારણ કે એ મહેનતુ માણસ પક્ષના સભ્યો તેમજ વહીવટ સાથે સંબંધ રાખી શકતા. આ મહાભારત રચાતું હતું ત્યારે એ ઇંદિરાજી તરફી પક્ષના સભ્યો સાથે ગુફતેગોમાં પડેલા. અમને સ્મરણ છે કે બેંગલોરના કુમારકૃપા ગેસ્ટહાઉસમાં જ્યાં કટોકટીભરી પાર્લામેન્ટરી બોર્ડની મિટિંગ મળી રહી હતી ત્યારે અમે બાજુના ખંડમાં એકલા બેઠેલા. અમને ત્યારે વિચાર આવેલો કે આ કટોકટી ન નિવારી શકાઇ હોત? ઇંદિરાજી ચૂંટાયા પછી એમનો સ્વીકાર ન થઇ શક્યો હોત? પક્ષ સજાગ રહ્યો હોત તો ખતરનાક રાજરમતનો અંત આવત, કારણ કે સિન્ડિકેટ તો આમેય નબળી

પડી ગઈ હતી. પાછળ દૃષ્ટિ કરતાં જણાય કે પક્ષમાં એવું કોઈ ન હતું જે શાણા મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે? જેમણે સંજીવ રેડ્ડીને રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા તેમાંથી મોટા ભાગનાને એમને માટે કશી ખાસ લાગણી ન હતી. સર્વમાન્ય ઉમેદવાર જરૂર શોધી શક્યા હોત.

અમે એ પણ જોયું કે સર્વમાન્ય ઉમેદવારની શોધ ડૉ ઝાકિરહુસેન ૩, મે, ૧૯૬૯ને દિવસે જન્નતનશીન થયા ત્યારથી કોઈએ નહીં કરેલી. ઝાકિરસાહેબે વિદાય લીધી ત્યારે તરત જ રાષ્ટ્રપતિભવનમાં જવાનો અમને મોકો મળેલો. ત્યારથી અમે સંકુચિત અગ્રિમતાઓ જોઈ અને દેશના રાજકારણનો નકશો બદલાતો જોયો. તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ એસ નિજલિંગપ્પા એમની આત્મકથામાં લખે છે: “હું કહી શકું કે ૧૯૬૯ના કોંગ્રેસ સંસ્થાના વિભાજન પછી ભારતનું રાજકીય વાતાવરણ વિષમય થઈ ગયું." એમણે એ ક્યાંય નથી લખ્યું કે કોંગ્રેસ પ્રમુખ તરીકે એમણે સમાધાનની શી ભૂમિકા ભજવી. એમણે તો સિન્ડિકેટની ગાડીમાં ચડી જવાનું પસંદ કર્યું. જ્યારે મહત્ત્વાકાંક્ષા અને અહમનું ઘર્ષણ થાય ત્યારે ઉજાસ ઝાંખો પડે છે.

ઝાકિરસાહેબના અવસાન અને પાર્લામેન્ટરી બોર્ડની મિટિંગ બેંગલોરમાં મળી તે વચ્ચે ૭૦ દિવસનું અંતર હતું. કોઈ, કોઈ નામનો પ્રસ્તાવ કરતું ન હતું. કેટલાક પોતે રાષ્ટ્રપતિપદ માટે તૈયાર થઈ જાત. કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડમાં પીઢ અને વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓની બહુમતી હતી. પરંતુ એ સૌ સો મણની તળાઈમાં સૂતા હતા. ઇંદિરાજીની નવા પ્રકારનું રાજકારણ રમવાની શક્તિને એ સમજી ન શક્યા. નછૂટકે નિર્ણય લેવો જ પડે ત્યાં સુધી સૌ ઉમેદવારનો નિર્ણય ઠેલતા રહ્યા. નિયમ મુજબ ઉમેદવારે પદ ખાલી પડ્યું હોય ત્યારથી અમુક દિવસમાં ઉમેદવારીપત્ર ભરવું પડે. ઉમેદવારીપત્ર ભરવા અને ચૂંટણીના દિવસ વચ્ચે થોડા દિવસનો સમય મળે. પાર્લામેન્ટરી બોર્ડે પોતાને એવી કઢંગી હાલતમાં મૂકી દીધું કે બેંગલોરની એ મિટિંગમાં જ નિર્ણય લેવો પડે. એ જ વખતે નિર્ણય લીધા વિના છૂટકો ન હતો. કોઈના નામ ઉપર સર્વસંમતિ ન થઈ. ચાર વિરુદ્ધ બે મતે સંજીવ રેડ્ડી ના નામને બહાલી મળી. ઇંદિરાજી માટે વી વી ગિરિના નામ ઉપર મોટો દાવ લગાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો.

અમને યાદ છે કે પ્રમાણમાં ટૂંકી પાર્લામેન્ટરી બોર્ડની મિટિંગમાંથી સભ્યો બહાર નીકળ્યા ત્યારે સૌ ગંભીર અને ઊંડા વિચારમાં હતા. કોઈ બોલતું ન હતું.

ઇંદિરા ગાંધી ઝડપથી શીખનાર હતાં. મોરારજીભાઈને એવી સ્થિતિમાં મૂકવા જેથી એમને રાજીનામું આપવું જ પડે એ કોઈ નવાઈની વાત ન હતી.

મોરારજીભાઈને જ્યારે ૧૯૬૯માં પ્રધાનમંડળમાંથી હઠાવ્યા ત્યારે ઇંદિરાબહેને પોતે વિત્ત મંત્રાલયનો ચાર્જ રાખ્યો અને અમારા જેવા નિજી સ્ટાફના માણસોને પણ એમણે ચાલુ રાખ્યા. અમે દિલ્લી કેમ છોડ્યું અને ઇંદિરાજીએ દિગ્વિજય કરીને નિશાન ડંકા સાથે સાઉથ બ્લોકમાં પ્રવેશ કર્યો એ વાત અન્યત્ર થઈ ગઈ છે.

એ તો દીવા જેવું સ્પષ્ટ હતું કે જે વ્યક્તિએ એમના બે કટ્ટર પ્રતિસ્પર્ધીઓ સાથે કામ કર્યું હોય એ વ્યક્તિ વડા પ્રધાનના કાર્યાલયમાં જૉઇન્ટ સેક્રેટરી ન રહી શકે. અમે નિર્મળ મુખરજી પાસે ગયા અને કહ્યું કે અમને બીજે ક્યાંક મૂકો. અમે દલીલ કરી કે કોઈની દયા ઉપર રહેવાને બદલે અમને જ અમારું ભવિષ્ય નક્કી કરવા દો. અમે પોતે પણ ત્યાં રહેવા ઇચ્છતા ન હતા, કારણ કે અમારી દૃઢ માન્યતા હતી કે એ ઑફિસમાં રહેવાથી થોડા સમયમાં જ નુકસાન થવાનો સંભવ છે. જ્યારે સૌ એમ માનતા કે નવા વડા પ્રધાનના નિશાને અમે સૌથી ઉપર હોઈશું ત્યારે ત્યાં ચીટકી રહેવામાં જોખમ હતું.

એ જમાનામાં સાઉથ બ્લૉકમાં વડા પ્રધાનની ઑફિસ અને વિદેશખાતા વચ્ચે દ્વારો બંધ ન હતાં. મુલાકાતી એલચીઓ અને વિદેશખાતાના સિનિયર અધિકારીઓ અમારા રૂમ પાસેથી પસાર થાય ત્યારે બારણું ખોલીને ડોકિયું કરે કે હજુ આ ભાઈ અહીં જ બેઠા છે? ત્યારે નરીન્દર એન વોરા (હાલના જમ્મુ-કાશ્મીરના ગવર્નર) સંરક્ષણ મંત્રાલયમાં હતા. એમનો રેકસ ઉપર ફોન આવ્યો કે “હજુ તમે ત્યાં જ છો?” આ સ્થિતિમાં પુપુલ જયકરના

કહેવાથી ઇંદિરાજીએ ઓરિસ્સા કેડરના ઑફિસર રંગાદુરાઇને અમારા અનુગામી તરીકે પસંદ કર્યા. અમે તો બિસ્તરાપોટલાં બાંધીને બેઠેલા પણ રંગાદુરાઇને જોડાવા માટે થોડો સમય જોઇતો હતો. અઠવાડિયામાં સંસદનું અધિવેશન શરૂ થયું તેથી અમારે વડા પ્રધાનના સહાયક તરીકે કેબિનેટ રૂમની બાજુમાં બેસવાનું ચાલુ રહ્યું. અમારામાં દુનિયાદારીનું ભાન જરા ઓછું તેથી ઇંદિરાજીને રાજકીય દૃષ્ટિએ અનુકૂળ ન થતાં અમારી રીતે નોંધો લખતા રહ્યા. એના થોડા દાખલા રજૂ કરીએ જેથી વાચકને ખ્યાલ આવે કે અમારામાં ડહાપણનો અભાવ હોવા છતાં અમે કેમ ટકી રહ્યા? એમાં ઇંદિરાજીની ઊંડી રાજકીય સૂઝ અને મીઠું ઔદાર્ય પણ કારણભૂત હશે એમ માનવું રહ્યું.

હજુ તો એમણે પદગ્રહણ કર્યાને એક અઠવાડિયું જ થયેલું જ્યારે અરજણદાસને ચાણક્યપુરીમાં જમીન પાછી આપવાની દરખાસ્ત એક કમિટી પાસે આવી અરજણદાસ એટલે સંજય ગાંધીના પિઠ્ઠુ. જ્યારે જનતા સરકાર સત્તા પર આવી ત્યારે એ જમીન અધિકાર વગર પચાવી પાડી હોવાથી એ જપ્ત કરેલી. અમે ઇંદિરાબહેનને પૂછ્યું કે આ દરખાસ્ત એમની જાણમાં છે ખરી? સંજય ગાંધીના સાથીદારની જમીન માટે આવું કેમ પુછાય? આપણે તો પૂછ્યું. ઇંદિરાજી તરત સમજી ગયાં કે આ જમીન સત્તા ઉપર આવતાંવેંત અઠવાડિયામાં જ જો પાછી અપાય તો વિરોધપક્ષ હોબાળો કરે. જે મંત્રીએ સંજય ગાંધીને રાજી કરવા આ દરખાસ્ત રજૂ કરેલી એને એમણે ધમકાવી કાઢ્યા બીજે અઠવાડિયે એ જ કમિટીમાં ધીરેન્દ્ર બ્રહ્મચારીને એમનો યોગ આશ્રમ પાછો આપવાની દરખાસ્ત આવી. અમે ફરી એમનું ધ્યાન દોર્યું. એ જ કારણસર એમણે તે મંત્રીને આગળ વધવાની ના કહી. અરજણદાસ અને ધીરેન્દ્ર બ્રહ્મચારીને 'ન્યાય' કરવાની એમની ઇચ્છા ન હતી એવું ન હતું. પરંતુ એવાં કામ એની વેળાએ થાય. એમાં ઉતાવળ આકરી પડે.

એ જ અરસામાં મોરારજીભાઇ જનતા પક્ષની કારોબારીની બેઠક માટે ઘણું ખરું ૭મી ફેબ્રુઆરીએ-દિલ્લી આવેલા અને જોરબાગમાં ઇશ્વરલાલ પટેલને ઘેર રહેલા. મિટિંગ પણ ત્યાં જ હતી. મોરારજીભાઈ જ્યારે સત્તામાં ન હતા ત્યારે પણ અમે તેમને વિવેકસર મળવા જતા. તેથી આ વખતે પણ અમે સ્વાભાવિક રીતે જ મળવા જવાનું નક્કી કરેલું. અમે આર કે ડી ને કહ્યું કે અમે આજે સાંજે મોરારજીભાઇને મળવા જવાના છીએ જેથી ઇંદિરાજીને પણ જાણ થાય. બે વાર ઇન્ટરકોમ ઉપર સંદેશો આવ્યો કે ઇંદિરાજીને એમાં વાંધો નથી, બલકે એ આવા વ્યવહારના પુરસ્કર્તા છે. અમે મોરારજીભાઇને મળીએ ત્યારે એમની કે ગજરાબહેનની તબિયતના ખબર પૂછીએ. એ અમારા પરિવારના ખાસ કરીને નીલાના ક્ષેમકુશળ, એમની પ્રવૃત્તિઓ વિશે જાણવા ઇચ્છે. રાજકારણની વાત તો ન જ થાય.

કૉમનવેલ્થ ગેમ્સ ૧૯૮૨માં દિલ્લીમાં રમાવાની હતી. ઇંદિરાજીએ પદગ્રહણ કર્યાને મહિનો પણ ન હતો થયો ત્યાં હરિયાણાના તત્કાલીન ચીફ સેક્રેટરી એસ કે મિશ્રાએ ઇંદિરાજીને રાઇ નામના ગામની મુલાકાત લેવા સમજાવ્યાં. દિલ્લીથી ચંડીગઢના રસ્તે રાઇ એક નાનકડું ગામ છે. (આ એ જ રાઇ જ્યાં પ્રતાપસિંહ કૈરોની હત્યા થઇ હતી), ત્યાં એક નાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હતું. ઇંદિરાજી હેલિકોપ્ટરમાં એમના શિક્ષામંત્રી બી શંકરાનંદને લઇને રાઇ ગયા. તે વખતે શિક્ષામંત્રી પાસે રમતગમતનો હવાલો પણ હતો. મિશ્રા ઇંદિરાજીને સમજાવી શક્યા કે દિલ્લીમાં ભીડ બહુ છે તેથી કોમનવેલ્થ ગેમ્સ જો રાઇમાં રાખીએ તો ઉચિત થશે. નવા સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સને મોતીલાલ નેહરુનું નામ પણ આપી શકાય. શંકરાનંદે ભિન્ન અભિપ્રાય વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો. ઇંદિરાજીએ એમના વિચારની અવગણના કરી.

સ્વાભાવિક રીતે જ આ નિર્ણય વડા પ્રધાનનો હતો. પરંતુ અમને થયું કે એમના બે પુરોગામી સાથે અમે કામ કર્યું છે. અને કેટલીક માહિતીથી અમે વાકેફ છીએ જે તેમને જણાવવી જોઇએ. જનતા રાજ દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ વડા પ્રધાનને કાગળ લખેલો કે આ રમતો કોલકત્તામાં ગોઠવવી જોઇએ. તે વખતે એમને લાંબો મુદ્દાસર જવાબ લખાયો હતો. જ્યારે વચગાળાની ચરણસિંહ સરકાર હતી ત્યારે પણ આ વિષય ચર્ચામાં આવેલો અને એના ખર્ચ પર સવાલો થયેલા. આ સિવાય અમારી બીજી દલીલો હતી. આ બધી હકીકતો અને અમારું દૃષ્ટિબિંદુ લખીને અમે એક લાંબી નોંધ વડા પ્રધાનને મોકલી. ઇંદિરાજીએ વાંચી. પછી જાણવા મળ્યું કે એ વાંચે અને મૂકી દે એવું બે વાર થયેલું. એમની રાજકીય સૂઝથી એ તરત સમજ્યાં કે પશ્ચિમ બંગાળમાં આની શી

પ્રતિક્રિયા થશે. ત્રણ દિવસના અંતે ઓલ ઇન્ડિયા ઍથ્લેટિક ફેડરેશન, ઓલિમ્પિક ઍસોસિયેશન વગેરેના વડાઓ અમારા ખંડમાં સીધા આવી ચડ્યા. અમને પૂછ્યું કે આ પ્રશ્નનું સમાધાન શું છે? કોઈ સમાધાન હતું નહીં. કોમનવેલ્થ ગેમ્સ દિલ્લીમાં જ રહી.

એ જ અરસામાં મોરારજી દેસાઈ અને ચૌધરી ચરણસિંહનાં કુટુંબીજનોની ગતિવિધિઓની તપાસ કરવા નિમાયેલ વૈદ્યલિંગમ કમિશનનો રિપોર્ટ આવ્યો. અમારી બ્રીફિંગ નોટમાં અમે જણાવ્યું કે આ રિપોર્ટમાં જે હકીકતો, વિશ્લેષણ અને તારણો છે તે જોતાં કોઈને કોર્ટમાં કસૂરવાર ઠરાવવાનું મુશ્કેલ છે. કાંતિભાઈ અથવા કોઈની સામે જો કોઈ પગલાં લેવાશે તો તે પાછાં પડવાનો સંભવ છે. અમારી બાબતમાં ગેરસમજ થવાનો પૂરો સંભવ હતો. પરંતુ એમના ઉપર વીતેલું અને આખરે શું નીકળેલું એ જોતાં એમણે રિપોર્ટને ત્યારે અભરાઈએ ચઢાવવાનો આદેશ આપ્યો.

મધર ટેરેસાના ભારતરત્નની બાબતોનો ઉલ્લેખ તેમના પરના લેખમાં આવી જાય છે.

વડા પ્રધાનના દફતરે બે ફંડોનું સંચાલન થાય છે-પ્રાઈમ મિનિસ્ટર્સ ડિસ્ક્રિશ્નરી ફંડ અને નૅશનલ રિલીફ ફંડ. જેમાંથી કુદરતી આફતોના સમયે નાણાં આપવામાં આવે છે, જે માટે વિગતવાર માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે. આ વિશે અગાઉના પ્રકરણમાં લખાયું છે. અહીં તો માત્ર બે વડા પ્રધાનોના અભિગમ દર્શાવવા જ એનું પુનરાવર્તન કર્યું છે. પ્રાઇમ મિનિસ્ટર્સ ડિસ્ક્રિશ્નરી ફંડ એ વડા પ્રધાનની વિવેકબુદ્ધિ પર સંચાલિત થાય છે. આમ તો એ નાનકડું ફંડ છે. એમાંથી અપાતી ગ્રાન્ટ પણ નાની હોય છે. જે કારણસર એ ગ્રાન્ટ આપવામાં આવતી તેમાંનું એક સ્વાતંત્ર્યસેનાનીઓને કપરા સંજોગોમાં મદદ આપવા માટેનું હતું. એમની વિનંતીઓ એમની પુત્રી કે પૌત્રીના લગ્ન માટે અથવા માંદગીનો સારવાર માટે આવતી. અમે એ નાના ફંડમાંથી નાની રકમોનો પ્રસ્તાવ મૂકીએ અને વડા પ્રધાન એને મંજૂર કરે. ઇંદિરાજી જ્યારે વડાં પ્રધાન હતાં ત્યારે આવા બધા કિસ્સાઓમાં એ રકમને વધારતાં. એક દિવસ એમણે અમને બોલાવ્યા અને કહ્યું કે આ લોકોએ દેશને માટે એમનું સર્વસ્વ આપ્યું છે તેથી એમના તરફનું વલણ ઉદારતાભર્યું હોવું જોઈએ. એ એક કમનસીબી છે કે એમણે લાંબો હાથ કરવો પડે છે.

અમે પાઠ શીખ્યા.

ગુજરાતના એક નેતાના વારંવાર કહેવાથી અને ગુજરાત ધારાસભાની ચૂંટણીઓ એપ્રિલ ૧૯૮૦માં યોજવાની હતી તેથી તેમણે અમારી જગ્યાએ કોઈ બીજાને મૂકવાનું નક્કી કર્યું. એમણે મધરાત પછી એ પ્રસ્તાવમાં સહી કરી. બીજા દિવસે સવારે એ ઝિમ્બાબ્વેના સ્વાતંત્ર્ય ઉત્સવ માટે જવાના હતા. અમે ઍરપૉર્ટ પહોંચતા થોડા મોડા પડ્યા. એમની ચતુર આંખોએ અમને તરત જોયા અને આર કે ડી તરફ જોયું. આર કે ડી બધા મહાનુભાવો અને એલચીઓ વચ્ચેથી રસ્તો કાઢતા અમે ઊભા હતા ત્યાં અમારી પાસે છેવાડે આવ્યા અને વડા પ્રધાનના નિર્ણયની અમને વાત કરી. એનો અર્થ એમ કે અમને માત્ર હુકમના જોરે બહાર નીકળવાનું ન હતું. પરંતુ ઇંદિરાજીના વિશ્વાસુ માણસ, એ સમાચાર અમને કહેવાના હતા. અને આર કે ડી એ ઉમેર્યું "તમારે માટે બીજા પોસ્ટિંગની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તમારે આ સ્થાન છોડવાનું નથી." ઇંદિરાબહેનની આ વડાઈ હતી.

ગુજરાતના એ નેતાએ એમના સાથીદારોને કહેલું કે અમારે મૅડમને ત્રણ વાર કહેવું પડેલું કે આમને વડા પ્રધાનના કાર્યાલયમાંથી દૂર કરો.

એક વખત અગાઉ અને ત્યાર પછી આ વખતે અમે એમના grace અને ઔદાર્ય જોયાં. જ્યારે અમે એમની રજા લેવા ગયા ત્યારે એ બોલ્યાં, "તમે જાવ એવું હું નહોતી ઇચ્છતી પરંતુ..."ને એમણે વાક્ય અધૂરું રાખ્યું. એમનાથી ભલભલા ધ્રૂજે એ જોતાં એમણે આટલી લાગણી ન બતાવી હોત તોપણ ચાલત. એમણે પોતે જૉઇન્ટ સેક્રેટરીકક્ષાની ખાલી જગ્યાઓનું લિસ્ટ મંગાવ્યું અને પોતે જ પોસ્ટ ઍન્ડ ટેલિગ્રાફ બોર્ડના સેક્રેટરી તરીકે અમારી નિમણૂક કરી. આટલું પૂરતું ન હોય તેમ એમણે કેબિનેટ સેક્રેટરી અને સંચારમંત્રી સી એમ સ્ટીફનને પણ કહ્યું કે અમે વડા પ્રધાનના દફતરને છોડીએ છીએ તે માટે એમની ખફગીનું કારણ નથી. દિલ્લીમાં વડા પ્રધાનની

ઑફિસના કાર્યાલયમાંથી કોઈની પણ બદલી એ જ કક્ષાએ થાય તો થોડો વખત તો લોકો એ વ્યક્તિથી દૂર રહે. ઇંદિરાજીએ કૅબિનેટ સેક્રેટરીને અને અમારા મંત્રીને પોતે કહીને અમારી ગરિમા જળવાય એ જોયું.

અમારા ડેપ્યુટેશનનાં ૫ વર્ષ પૂરાં થયાં ત્યારે આર કે ડી તેમ જ કૅબિનેટ સેક્રેટરીના ફોન આવ્યા કે અલ્પના હજુ કૉલેજમાં છે તેથી ૫ વર્ષનો નિયમ અમને લાગુ નહીં પડે. અમે અલ્પના એનો અભ્યાસ પૂરો કરે ત્યાં સુધી દિલ્લીમાં રહી શકીએ છીએ. અમે સીધા ગયા કૅબિનેટ સેક્રેટરી પાસે અને જણાવ્યું કે અમે દિલ્લીમાં રહીએ તો અલ્પનાના શિક્ષણ માટે સારું પડે. પણ અમારે જવું છે. એમણે કહ્યું ‘કેમ’? અમે જવાબ આપ્યો કે અમને જ્યારે રહેવાનું કહેવામાં આવે છે ત્યારે જ જવું સારું.

૧૯૮૩માં અમ્લાનના લગ્ન નિશ્ચિત થયાં હતાં. ઇંદિરાબહેનનો સમય લેવાનું અમને ઉચિત નહીં લાગેલું તેથી કંકોતરી ટપાલમાં નાખેલી. અમારા અત્યંત આશ્ચર્ય અને મોટી મૂંઝવણ વચ્ચે ઇંદિરાબહેનનો અમ્લાનને આશીર્વાદ આપતો પત્ર મળ્યો અને તે પણ આંધ્રપ્રદેશમાં ચૂંટણીપ્રચાર અર્થે ગયેલાં ત્યાંથી લખેલો.

અમે એમના બે પ્રતિસ્પર્ધીઓ સાથે નિકટથી કામ કર્યું હોવા છતાં ઇંદિરાબહેને અમને સાદર રાખ્યા. અને અમે વિવેકમાં ચૂક્યા પણ એ ન ચૂક્યાં એનો ભેદ અમને હજુ સમજાયો નથી.

ચૌધરી ચરણસિંહ

‘લોકહિતમાં જે હોય તે કરો કોઈની ફરિયાદ હોય કે અરજી હોય, ચૌધરી ચરણસિંહની આ કાયમી સૂચના હતી, પછી ભલેને 'માતાજી' —એમનાં પત્ની— તરફથી ભલામણ આવી હોય (જે સામાન્યતઃ હોય જ), એમની સલાહમાં ફેર ન પડે. એમના મતવિસ્તાર તરફ એમનો ઝોક ખરો-અને કમનસીબે કોણ એમાંથી બાકાત છે? પણ સરવાળે તેઓ સાચા નિર્ણયો જ લેતા. વચ્ચેનો થોડો સમય એમની કાર્યકારી સરકાર વખતે તેઓ એમના હસ્તાક્ષરમાં લાંબી લાંબી નોંધ લખતા. વકીલ હોવાને નાતે મુદ્દાની તરફેણમાં અને વિરુદ્ધમાં થતી દલીલો ચર્ચાને અંતે સ્પષ્ટ નિર્ણય આપતા.

સંખ્યાબળના સથવારે તેઓ પંચોતેરે દિલ્હી આવ્યા. વળી, પંચોતેરે એમનું સ્વાસ્થ્ય નબળું હતું. એ ક્યારેય પોતાના સિવાયના કોઈ જૂથના માણસ ન હતા, પરંતુ અહીં તો જુદા જુદા પક્ષના ટેકેદારોનું, રાજકીય પક્ષોનું કામચલાઉ જોડાણ હતું. પશ્ચિમ-ઉત્તર પ્રદેશની એક જાતિના નેતા તરીકે જ ઉત્તર પ્રદેશમાં એમની ઓળખ હતી. અને ત્યાં એમની ગજબની પકડ હતી. એમના ટેકેદારો એમને સંપૂર્ણ વફાદાર હતા. રાજ્યના રાજકારણમાં, અને એની નેતાગીરી મેળવવામાં, એમના ટેકેદારોની બહુમતી જ કારણભૂત હતી. અને એ રીતે તેઓ રાજ્યના નેતા–જેમ પંતજી હતા-તરીકે નહીં, પણ એક જૂથના નેતા બની રહ્યા. ચૌધરી પર એક આક્ષેપ કાયમ થતો કે તેઓ સગાંવાદના પુરસ્કર્તા હતા, પોતાની જ્ઞાતિના લોકો તરફ પક્ષપાત દાખવતા. ક્યારેક નજીકના લોકો કાનભંભેરણી કરે તો સાચું માની લેતા. એમ છતાં એમણે ક્યારેય રાજ્યના કે દેશના હિતને જાણીબૂજીને નુકસાન પહોંચાડ્યું ન હતું.

ચૌધરી સાહેબને વાતવાતમાં માઠું લાગી જતું. સહેજ વાતમાં રાજીનામું આપી દેવાની એમની ટેવ ઉત્તર પ્રદેશથી દિલ્લી પણ સાથે આવી, જોકે દિલ્લીમાં એમની જૂથસંખ્યા મોટી હોવાને કારણે એમનાં મનામણાં થતાં રહ્યાં. વારંવાર રાજીનામું ધરી દેવાની એમની રીત તેઓ વડા પ્રધાન થયા ત્યાં સુધી ચાલુ હતી. એનો સિલસિલો ૨૪ માર્ચ ૧૯૭૭થી શરૂ થયો. વિલિંગ્ડન હૉસ્પિટલની પથારીમાંથી એમણે મોરારજીભાઈને લખ્યું કે મને પ્રધાનમંડળમાં સામેલ ન કરશો. એમની એક બીજી વિશિષ્ટતા એ હતી કે તેઓ ભ્રષ્ટાચારથી દૂર હતા. લાંચરુશ્વતને તેઓ

ધિક્કારતા અને આ બાબતમાં તેઓ કોઈને માફ ન કરતા. ક્યારેક દ્વેષથી કોઈએ કરેલી કાનભંભેરણીની લપેટમાં નિર્દોષ લોકો પણ આવી જતા, જોકે હંમેશાં સામા પક્ષનું સાંભળીને ભૂલ લાગે તો સુધારી લેતા.

તે વખતના રક્ષાસચિવ જે એ દવે આવી જ એક કાનભંભેરણીનો ભોગ બનેલા. ચૌધરી સાહેબે એક ફાઈલ પર જે લખાણ કર્યું તે દવેસાહેબને મંજૂર ન હતું. તેઓ ઓરિસા કેડરના આઈ એ એસ અધિકારી હતા, અને અમે એમને એક સક્ષમ અધિકારી માનતા હતા. એમના મોટા ભાઈ કર્નલ એન એ દવે આઈ પી સી એલમાં અમારી સાથે કામ કરતા હતા જે એ દવેની નુક્તેચેની ચૌધરીસાહેબે કરેલી તેનો તેમણે કડક ભાષામાં જવાબ લખ્યો. ભાગ્યેજ કોઈ સનદી અધિકારી આવી કડક ભાષા સ્વબચાવમાં વાપરે. એમનો જવાબ કૅબિનેટ સેક્રેટરી દ્વારા વડા પ્રધાનને મોકલ્યો અને અમને એક કોપી મોકલી. એટલે અમે જ્યારે પ્રધાનમંત્રીના ઘેર (તે વખતે એમની તબિયત અસ્વસ્થ રહેતી તેથી ઘેર રહીને કારોબાર સંભાળતા) ફાઈલો લઈને બપોરે ગયા ત્યારે અમે એમને દવેસાહેબની નિષ્ઠા, પ્રામાણિકતા અને કાર્યદક્ષતા વિશે વાત કરી. એમણે દવેની નોંધ ફરી વાંચી અને તરત જ એમને ફોન કરીને પોતાની ભૂલ કબૂલી.

એક બીજા પ્રસંગે હિતેન્દ્ર દેસાઈ, જે પ્રધાનમંડળના સભ્ય હતા, વિશે એમણે કંઈ સાંભળ્યું અને અયોગ્ય ટીકા કરી. પછી જ્યારે હિતેન્દ્રભાઈના કુળ, એમની સંપત્તિ, આબરૂ અને નિષ્ઠા વિશે વાત કરી ત્યારે કહે, “કૈસે કૈસે લોગ આ કે ઝૂઠ બોલ જાતે હૈં?”

એમના વિશ્વાસુ સાથીદાર રાજનારાયણે એક વાર લખ્યું કે મોરારજીભાઈ વડા પ્રધાન હતા તે સમયે વી શંકર, સ્વ. સુશીતલ બેનરજી, જેઓ રક્ષાસચિવ હતા, મોરારજીભાઈના સ્પેશિયલ આસિસ્ટંટ વી વાય ટોણપે અને અમે લશ્કરના એક સોદામાં અઢળક પૈસા બનાવ્યા છે. બ્લિટ્ઝ અઠવાડિકે આ છાપ્યું. અમે કેબિનેટ સેક્રેટરી નિર્મળ મુખરજી પાસે રાજનારાયણ સામે કેસ કરવાની મંજૂરી માંગી. તેઓ તરત જ વડા પ્રધાન પાસે ગયા અને અમારી વાત કરી. વળી તેઓએ સ્વ. સુશીતલ બેનરજીનો ભાર દઈને બચાવ કર્યો. ચૌધરી સાહેબે રાજનારાયણને ફોન કર્યો અને, નિર્મળ મુખરજીના કહેવા પ્રમાણે, એમને ઠપકો આપ્યો.

કોઈનું સારું કામ જોઈને તેઓ તરત જ વખાણતા જોરહાટના વિમાનઅકસ્માત વખતે અમારી ત્વરિત કામગીરી વિશે તેમણે સાંભળેલું. સલામતી દળના સભ્ય ન હોવાને કારણે બહાદુરી માટે અમને કોઈ બહાદુરીનો ઍવૉર્ડ તો આપવાનો ન હતો! પરંતુ અમને તેમણે વિધિસર કાગળ લખી અમારી કામગીરીની પ્રશંસા કરી. સદ્નસીબે એમના ખાસ નજીકના ઑફિસરો તરીકે એમણે બે બાહોશ અને સનિષ્ઠ વ્યક્તિઓને પસંદ કરેલી-વિજય કરણ, જે પાછળથી સી બી આઈ ના ડાયરેક્ટર થયા, અને બીજા કેકી દારૂવાલા, જે પાછળથી જે આઈ સી ના ચૅરમૅન થયા. બંને પોલીસ સર્વિસના ઓફિસરો હતા, તે એક આકસ્મિક સંયોગ હતો. એ બંનેએ સાથે મળીને ઉત્તરપ્રદેશ અને ભારત વચ્ચે સમતુલા જાળવી.

ચૌધરીસાહેબ સ્પષ્ટ રીતે નિર્ણાયક હતા. વડા પ્રધાન જ્યારે CHOGRM મિટિંગમાં હાજરી આપવા ઍર ઇન્ડિયાની રોજિંદી સર્વિસમાં ઑસ્ટ્રેલિયા જવા ઇચ્છતા હતા ત્યારે એમણે ગૃહખાતાના પ્રધાન તરીકે લખ્યું કે વડા પ્રધાનની સલામતીની જવાબદારી ગૃહપ્રધાનની છે. તેમણે લખ્યું કે મારી વડા પ્રધાનને સલાહ છે કે તેમણે હવાઈ દળના વિમાનમાં મુસાફરી કરવી અને વડા પ્રધાને તે સલાહ સ્વીકારવી પડી.

કમનસીબે ચૌધરીસાહેબની દુનિયા નાની હતી. બીજા દેશો, રાજ્યો અને ત્યાંના લોકો વિશેનું એમનું જ્ઞાન અપૂરતું હતું. જ્યારે કમ્પૂચિયાનો પ્રશ્ન આવ્યો ત્યારે એ આશ્ચર્ય પામીને પૂછી શકે કે, “યે કમ્પૂચિયા ક્યા બલા હૈ?"

પ્રો સતીશ ધવનના પ્રકરણમાં સેટેલાઇટના ઉપયોગ વિશેના એમના અજ્ઞાન વિશે અમે લખ્યું છે—એમાં એમનો કોઈ દોષ ન હતો. એ એમ પણ કહી શકે કે મારે મુંબઈ જવું જોઈએ—હું દક્ષિણમાં ગયો જ નથી.

દેશના કેન્દ્રીય તખ્તા પર ચૌધરીસાહેબ મોડા આવ્યા, જેથી દેશને એક પ્રામાણિક નેતા અને સક્ષમ વહીવટકર્તા, જેઓના પગ ધરતી પર હતા, એમની સેવાનો લાભ ન મળ્યો. સરકારમાં એમના જેવો કોઈ બીજો અનુભવી નેતા ન હતો જેને ધરતીપુત્ર ગણી શકાય. તેઓ જો થોડા વહેલા કેન્દ્રમાં આવ્યા હોત તો દેશને એમનો ઘણો લાભ મળ્યો હોત, પરંતુ તેઓ જ્યારે આવ્યા ત્યારે ઘણું મોડું થયું હતું-સમગ્ર રાજકારણ બદલાઈ ગયું હતું.

પી એમ ઓ (વડા પ્રધાનનું કાર્યાલય)

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભારતે રાજ્યશાસન માટે બ્રિટનનું વેસ્ટમિન્સ્ટર પ્રકારનું મૉડલ અપનાવ્યું. ત્યારથી શાસનમાં વડા પ્રધાન સર્વોચ્ચ પદે સ્વીકારાયા. તેમની વિશાળ જવાબદારીઓને પહોંચી વળવા એમની મદદ માટે એક કાર્યક્ષમ કાર્યાલય જોઈએ. એમ પ્રાઈમ મિનિસ્ટર્સ ઑફિસ (પી એમ ઓ અથવા વડા પ્રધાનનું કાર્યાલય) અસ્તિત્વમાં આવે એ અપેક્ષા હતી; વાસ્તવમાં એમ બન્યું નહીં.

વડા પ્રધાનની ફરજો અને જવાબદારીઓ વિશાળ અને મહત્ત્વપૂર્ણ છે. આપણા દેશની ભૌગોલિક સ્થિતિ તેમજ લાંબા ઇતિહાસે ઉપજાવેલા, ઘરબાયેલા પ્રશ્નો વડા પ્રધાનનું ખાસ ધ્યાન માગે. રાજ્યધુરા વહેવાની સાથે કેટલાક વિષયો પરત્વે વડા પ્રધાન પોતે ધ્યાન આપે એવી અપેક્ષા હંમેશાં રહી છે. આ વિષયોમાં મુખ્યત્વે આવે: કેન્દ્ર અને રાજ્યોના સંબંધો, સરહદી વિસ્તારો, પડોશી રાજ્ય સાથે મિત્રતા, કોમી એખલાસ તેમ જ મહાસત્તાઓ અને આપણે માટે મહત્ત્વનાં અન્ય રાષ્ટ્રો સાથે સુમેળભર્યા સંબંધો. આ સંવેદનશીલ ક્ષેત્રોમાં વડા પ્રધાન તટસ્થ, ન્યાયદૃષ્ટિ ધરાવતા, તેમ જ દૂરંદેશી નેતા તરીકે સ્વીકાર પામે એ આવશ્યક છે. એ માટે શાસનના જુદા જુદા વિભાગના બાહોશ તેમ જ અનુભવી અધિકારીઓની સહાય આવશ્યક લેખાય. તદુપરાંત તેમની નિકટ પણ બાહોશ, શાણા, અનુભવી અને વાસ્તવિકતા સમજે એવા, જટિલ પ્રશ્નોનું સમાધાન કરી શકે એવા, માણસો જોઈએ, સમગ્ર તંત્ર તો હોય જ, પરંતુ વડા પ્રધાનને વધુ નિકટથી સમજી શકે તેમજ અગત્યના વિષયોમાં પોતાના વિચારો રજૂ કરી શકે એવા અધિકારીઓ એમની નિકટ હોવા જોઈએ.

જવાહરલાલ નેહરુ શરૂઆતમાં માત્ર અંગત મદદનીશો –મુખ્યત્વે સ્ટેનોગ્રાફર્સ-એમની જવાબદારીઓ માટે પર્યાપ્ત છે એવું માનતા હશે. પછી એમ ઓ મથાઈ જોડાયા. જ્યારે એમના કાર્યાલયનો પૂરો વિકાસ થયો ત્યારે એના વડા એક સંયુક્ત સચિવ રહેતા. એચ વી આર આયંગર પણ આ પદે બેઠેલા પરંતુ એમની બદલી થતાં એ પદનું કોઈ ખાસ મહત્ત્વ ન રહ્યું. આયંગરે કાળક્રમે રિઝર્વ બૅન્કના ગવર્નર તરીકે નામના મેળવી. પંડિતજીને સિનિયર અને બાહોશ અધિકારીની સચિવ તરીકે આવશ્યકતા ન હતી, કારણ, એમનું પોતાનું વાચન વિશાળ હતું. એમના સંબંધો ઊંચી કક્ષાએ હતા. તેઓ પોતે વિચારશીલ હતા. એમને ઇતિહાસદૃષ્ટિ હતી. ખૂબ ઉદ્યમી પણ ખરા. તેમને બાહોશ, અનુભવી, શાણા સલાહકારની આવશ્યકતા નહીં જણાઈ હોય. તેમ છતાં જ્યારે ચીન અને કાશ્મીર બાબતે અનેક નિવૃત્ત અધિકારીઓએ, બુદ્ધિજીવીઓએ, અનુભવી મુત્સદ્દીઓએ એમને ચેતવ્યા ત્યારે એ બધાના કાગળો ફાઈલ થઈ જતા. એમની નિકટ કોઈ હોત તો એ કદાચ પંડિતજીને વિશ્વાસુ, શાણા સલાહકાર તરીકે વારી શક્યા હોત. નેહરુ એમ માનતા કે સમગ્ર શાસનમાં બાહોશ અધિકારીઓની સેવા એમને ઉપલબ્ધ છે તેથી એમની નિકટ કોઈની આવશ્યકતા નથી.

નેહરુની જ કૅબિનેટમાં અન્ય સાથીઓ હતા જે એ માનતા કે જેટલો વ્યાપક વિચારવિનિમય થાય, વિધવિધ દૃષ્ટિબિંદુઓની રજૂઆત થાય તો દરેક નિર્ણય ચકાસીને લેવાય. એમાં ભૂલ ન થાય. સરદાર પટેલ જેમને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકેનો અનુભવ તેમજ ખેડા અને બારડોલી સત્યાગ્રહોનું સંચાલન કરતાં જણાયું હશે કે કાર્યક્ષમ અને અનુભવી સાથીઓ મદદમાં આવે એટલાં કામ ચોક્કસપણે થાય. સરદારની

ઉંમર અને તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે વી શંકર જેવા નીવડેલા અધિકારીને એમના નિજી સચિવ બનાવ્યા. તેમ જ એચ એમ પટેલ અને વી પી મેનન જેવા બાહોશ અધિકારીઓને સાથે રાખીને એમણે ઘણાં ઐતિહાસિક કાર્યો કર્યાં—કશી ક્ષતિ રાખ્યા સિવાય. વળી, સરદારને સમાજમાં વિધવિધ સ્તરોએ સંબંધો હતા. એથી એમનાં પગલાંની શું અસર થઇ શકે એના ઉપર અભિપ્રાયો ઝડપથી મેળવી શકતા.

નેહરુ પરિવારે—જવાહરલાલ, ઇંદિરા ગાંધી, રાજીવ ગાંધી - સ્વતંત્ર ભારતના પહેલા ૭૪ વર્ષમાંથી ૩૭ વર્ષો સુધી વડા પ્રધાનપદ ભોગવ્યું. તેથી તેમની કાર્યપદ્ધતિની અસર અન્ય વડા પ્રધાનો પર પડી. નાનું કાર્યાલય અને એની કક્ષા પણ એવી ઊંચી નહીં કે એ રાષ્ટ્રના પ્રશ્નો પર પ્રભાવ પાડી શકે. અગાઉ કહ્યું તેમ પહેલાં ચૌદ વર્ષો સુધી પંડિતજીએ એક સંયુક્ત સચિવની મદદથી રોજિંદો કાર્યભાર સંભાળ્યો. ચીની આક્રમણ વખતે મોટી આફત આવી, પરંતુ ત્યારે પણ પંડિતજી એમના વિશ્વાસુ માણસો કૃષ્ણમેનન જેવા-તરફ વળતા. આવા સંકટસમયે પંડિતજીએ એમને કાર્યાલય સાથે રાખ્યું હોય એવું ન બન્યું. પી એમ ઓ ની કોઇ ભૂમિકા આ સમયે હતી એવું કોઇએ લખ્યું નથી.

હકસર પી એમ ઓ માં જોડાયા ત્યાર પછી એ કાર્યાલયનું મહત્ત્વ વધ્યું. હકસર પોતે પણ શાસન ઉપરાંત અન્ય કાર્યોમાં—રાજનીતિને લગતાં પણ-કાર્યરત રહેતા.

પંડિતજીના અવસાન પછી લાલબહાદુર શાસ્ત્રીને કાર્યક્ષમ કાર્યાલયની આવશ્યકતા જણાઇ તેથી તેઓ લક્ષ્મીકાંત ઝા જેવા બાહોશ અધિકારીને સચિવ તરીકે નીમીને એમની સલાહ લેતા. પરંતુ એમનો સમયગાળો ટૂંકો રહ્યો. ત્યાર પછી ઇંદિરા ગાંધી આવ્યાં. વડા પ્રધાનનું કાર્યાલય હોવા છતાં તેઓ જૂના વફાદારોની સલાહ ઉપર બધો આધાર રાખતાં. પરમેશ્વર નારાયણ હકસર જ્યારે વડા પ્રધાનના કાર્યાલયમાં જોડાયા ત્યારથી એ વડા પ્રધાનને શાસન અને શાસન બહારના પ્રશ્નોમાં સલાહ આપતા. એમના સમયમાં વડા પ્રધાનના કાર્યાલયનું મહત્ત્વ ઘણું વધી ગયું. સમગ્ર બાંગલાદેશનો પ્રશ્ન, તેમજ લશ્કરનો ઉપયોગ, પાકિસ્તાનની હાર-એ આખું જ્વલંત પ્રકરણ ઇંદિરા ગાંધીએ હકસર અને વિદેશ મંત્રાલયના કેટલાક વફાદાર અધિકારીઓ દ્વારા સંભાળેલું. એમાં વડા પ્રધાન કાર્યાલયની કોઇ ભૂમિકા હોય એવું બહાર આવ્યું નથી.

મોરારજીભાઇએ આ કાર્યાલય, જે પ્રાઇમમિનિસ્ટર સેક્રેટરિયેટ તરીકે ઓળખાતું. એને પ્રાઇમ મિનિસ્ટર ઑફિસ (PMO) તરીકે જાહેર કર્યું. મોરારજીભાઇએ એમના પ્રમુખ સચિવ તરીકે વી શંકરને રાખ્યા. વી શંકર બાહોશ અને મેધાવી હતા. પરંતુ તેમને નિવૃત્ત થયાને આઠ વર્ષ થઇ ગયાં હતાં. તે દરમિયાન ઇંદિરા ગાંધીના રાજમાં સમગ્ર બ્યૂરોક્રસીમાં બદલાવ આવી ગયેલો. મોરારજીભાઇ ઉંમરમાં મોટા હોવા છતાં સમકાલીન હતા. એવું એમના સચિવ માટે ન કહી શકાય.

નેહરુપરિવારને બાદ કરતાં નરસિંહરાવ, અટલબિહારી વાજપેયી તેમ જ મનમોહનસિંહ પૂરી ટર્મ અથવા તેથી વધારે સમય માટે વડા પ્રધાનપદે રહેલા, પરંતુ એમની ઉપસ્થિતિને લઇને અથવા અનુભવના પરિપ્રેક્ષ્યમાં પી એમ ઓ વિશેષ અસરકારક સંસ્થા તરીકે નામના મેળવી શકી નહીં.

બ્રિટનમાં વડા પ્રધાનની ઑફિસનાં માળખાં, કદ, જવાબદારીઓ વિશે ચોક્કસ પરંપરા છે. એવી પરંપરા આપણે ત્યાં ઊપસી નથી. પી એમ ઓમાં કેટલાક બાહોશ અધિકારીઓ આવી ગયા છે. પરંતુ તેમનો કોઇ ખાસ ઉપયોગ જોવા મળ્યો નથી.

સામાન્ય રીતે વડા પ્રધાન પાસે જે પ્રશ્ન આવે, અથવા વડા પ્રધાનને કંઇ જાણવું હોય તો પી એમ ઓ.નો ઉપયોગ થાય. પરંતુ અગાઉથી વિચાર કરીને લાંબા ગાળાનાં સમાધાનોમાં આ ઓફિસે ખાસ ભાગ ભજવ્યો હોય એવું કાંઇ બહાર આવ્યું નથી.

***

આજના સમયમાં રાષ્ટ્રના જુદા જુદા રાજકીય પ્રવાહોથી વાકેફ હોય અને સંવેદનશીલ પ્રશ્નોનું સમાધાન કરવાનો અનુભવ હોય તેવા બાહોશ અધિકારીઓને શોધવાનું કામ પણ મુશ્કેલ છે. બ્રિટિશકાળમાં સનદી અધિકારીઓને ડિસ્ટ્રિક્ટમાં લાબો સમય રાખતા. આવા અધિકારી જ્યારે કમિશનરપદે પહોંચે ત્યારે એમને રાજ્યના ઘણા વિસ્તારોની જાતમાહિતી હોય. અનેક સ્તરે સંબંધ હોય તેમજ જિલ્લાઓ ના વહીવટના લાંબા અનુભવે આ અધિકારીઓ સંવેદનશીલ પ્રશ્નોને સમજતા અને એનું સમાધાન કરતા. પંચવર્ષીય યોજના શરૂ થઈ ત્યારથી આર્થિક વહીવટનું મહત્ત્વ વધ્યું. અધિકારીઓનો જિલ્લાનો અનુભવ ૪થી ૬ વર્ષ જેટલો થઈ ગયો. ત્યાર પછી એમાં જે હોશિયાર ગણાતા તેમને નાણાખાતું. ઉદ્યોગખાતું કે બીજાં આર્થિક ખાતાઓમાં લઈ લેવામાં આવે છે. આર્થિક ખાતાઓમાં જ કામ કરતાં અધિકારીઓ ક્યારેક તો આખી જિંદગી એ ખાતામાં રહેતા હોય છે. એમાંથી કેટલાંક વર્લ્ડ બૅન્ક, આઈ. એફ. સી., એશિયન ડેવલપમેન્ટ બૅન્ક, યુ. એન. ડી. પી. જેવી આર્થિક સંસ્થાઓમાં મોટા પગારે અને પેન્શને ગોઠવાઈ જતા હોય છે. વિકાસ સંબંધિત ખાતાઓ, જેવાં કે કૃષિ, સિંચાઇ, આરોગ્ય, શિક્ષણ જેવાં ખાતાંઓથી આર્થિક ખાતાઓમાં ગોઠવાયેલા અધિકારીઓ દૂર રહે છે. ગૃહ કે સંરક્ષણ જેવાં મહત્ત્વનાં ખાતાંઓ માટે પણ સક્ષમ અધિકારીઓની ખેંચ રહેતી હોય છે. વડા પ્રધાનના પ્રમુખ સચિવ માટે હંમેશાં રેગ્યુલેટરી ખાતાંઓના અનુભવી અધિકારીઓને શોધવાનું સહેલું નથી.

***

સ્વતંત્ર ભારતનાં પહેલાં સડસઠ વર્ષો સુધી પી એમ ઓ.નું લગભગ એકસરખું માળખું રહ્યું-એક સચિવ અથવા પ્રમુખ સચિવ, બે કે ત્રણ સંયુક્ત સચિવ એ પી એમ ઓ.નું માળખું. ક્યારેક કોઈ અધિકારીનો એમાં ઉમેરો થાય. પરંતુ સમય જતાં એ પદ નાબૂદ થઈ જાય. પી એમ ઓ.ના અધિકારીઓ કેબિનેટ કે એવી મહત્ત્વની મિટિંગોના ઍજન્ડા વિશે વડા પ્રધાનને બ્રીફ કરે અથવા તેમની મંજૂરી માટે આવેલી દરખાસ્તો ઉપર નોંધ લખી મંજૂરી મેળવવી, આ ઉપરાંત પી એમ ઓ.ના ફંડોનું સંચાલન, સામાન્ય જનતાની સીધી અરજીઓ પર તપાસ કરવાનું અથવા વડા પ્રધાન પાસે કોઈ ખાસ દરખાસ્ત અથવા સૂચન આવ્યાં હોય એના પર તપાસ કરવાનું કામ પણ પી એમ ઓ. કરે. આ સિવાય વડા પ્રધાનની સીધી દેખરેખ નીચેનાં ખાતાં, જેવાં કે ઍટમિક એનર્જી અથવા તો સ્પેસનો વહીવટ એ ખાતાના સચિવ સીધો કરતા હોય છે. વિદેશખાતાને લગતી બાબતો વિદેશખાતું સંભાળે અને વડા પ્રધાનને બ્રીફ કરે. સમગ્ર રાષ્ટ્રને અસર કરતા વિષયો, સંવેદનશીલ પ્રશ્નોમાં પી એમ ઓ. ની ભૂમિકા ક્યારેક જ હોય છે. દા. ત, તેલંગણાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે ઇંદિરા ગાંધીએ એમના કાર્યાલયનો પૂરો ઉપયોગ કરેલો, પરંતુ જ્યારે બાંગલાદેશનો પ્રશ્ન ઊભો થયો ત્યારે એમણે પી. એમ ઓ.માંથી માત્ર હકસર અને બીજા એમના વિશ્વાસુ ત્રણ કાશ્મીરી અધિકારીઓની સલાહથી જ મોટા નિર્ણયો લીધેલા સિમલામાં જ્યારે ભુટ્ટો સાથે ઉચ્ચ કક્ષાની મંત્રણાઓ હતી ત્યારે ભુટ્ટો અને ઇંદિરા ગાંધી એકલાં મળતાં અને ચાર અધિકારીઓ બહાર બેસતા એ બાબતે એમની ટીકા પણ થઈ છે કે માત્ર એક જ પ્રદેશના અધિકારીઓ ઉપર તેમણે વિશ્વાસ મૂક્યો. આવી રાષ્ટ્રને માટે મહત્ત્વની બાબત ઉપર બીજા કોઇને એમાં સામેલ કર્યા નહીં?

૧૯૪૭થી આજ સુધીમાં ચૌદ વડા પ્રધાનોએ શાસનની ધુરા સંભાળી. આ સડસઠ વર્ષોમાં પી એમ ઓ.ના કદમાં કે કાર્યક્ષેત્રમાં કોઇ મહત્ત્વના ફેરફાર થયા નથી.

હાલના વડા પ્રધાને પી એમ ઓ.ની શકલ-સુરત બદલી છે. પી એમ ઓ.એ મહત્ત્વ સ્વીકાર્યું છે. અને એમણે પોતે એમની દેખરેખ નીચે મહત્ત્વના પ્રશ્નોનો નિકાલ ટાસ્ક ફોર્સ દ્વારા કરવાનું હાથમાં લીધું છે. એ જ રીતે જે કાર્યોમાં ઢીલ થતી હતી અને ખર્ચ ખૂબ વધી જતો હતો એવા પ્રોજેક્ટોને પી એમ ઓ.ની પાંખમાં લઈને પાટે ચડાવવાનું એમની નજર નીચે હાથમાં લીધું છે. વડા પ્રધાનની ઑફિસની શકલ -સૂરત બદલાઈ છે. વડા પ્રધાન પોતે ખોરંભાયેલા અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવા કટિબદ્ધ હોય એમ જણાય છે. કેટલાક પ્રશ્નોનું નિરાકરણ કરતા સામા પ્રવાહે તરવાની એમણે તૈયારી બતાવી છે. વડા પ્રધાન પોતે અત્યંત કાર્યરત રહેતા હશે. પરંતુ એક સવાલ રહે છે કે પી એમ ઓ.ની શકલ -સૂરત અત્યારે થઈ છે એવી અનુગામી વડા પ્રધાનો સાચવી શકશે કે કેમ? કે પી એમ ઓનું માળખું ને કાર્યક્ષેત્ર બદલાશે? આ પ્રશ્નો ઊભા રહે છે.

ભારત જેવા મોટા દેશની પી એમ ઓ. જેવી મહત્ત્વની ઑફિસનાં કલેવર અને કાર્યક્ષેત્રને સંસ્થાકીય સ્વરૂપ આપવામાં આવે તો પી એમ ઓ.ની ચોક્કસ જવાબદારી તેમજ એનું ઉત્તરદાયિત્વ સ્પષ્ટ થાય. આ કાર્ય હાલના વડા પ્રધાન હાથમાં લેશે કે એમના અનુગામી માટે બાકી રાખશે? સંભવ છે કે અનુગામી પહેલા ૬૭ વર્ષના ઇતિહાસનું પુનરાવર્તન કરે. અથવા હાલના સમયમાં પી એમ ઓ.નું કાર્યક્ષેત્ર અનેકગણું વિકસ્યું છે. એ જ ધ્યેય અપનાવે તો એમને વહીવટ પ્રત્યેનો અભિગમ તેમજ કાર્યપદ્ધતિ હાલની માફક અપનાવવાં પડે અથવા અનુગામી વડા પ્રધાન કોઇ એક નવા ઢાંચાને અપનાવે. એમની પાસેથી રાષ્ટ્રને જે અપેક્ષા છે તે સંવેદનશીલ વિષયોની ઊંડી સમજ કેળવવાનું કામ પી એમ ઓ. કરે તેમજ એ માટે આવશ્યક સંબંધો અને વિશ્વાસનું વાતાવરણ પણ ઊભું કરે. પી એમ ઓ. ભવિષ્યમાં કેવું સ્વરૂપ લેશે તે અનેક પરિબળો ઉપર અવલંબશે.

ખંડુભાઈ દેસાઇ

મધ્યમ કદના ખંડુભાઈ સીધાસાદા માણસ હતા. વાન જરા શામળો, વાંકીચૂકી કાપેલી મૂછો, પહેરવેશમાં ખાદીનું ખમીસ ને ધોતિયા ઉપર ક્યારેક બંડી અને ક્યારેક લાંબો કોટ જેનું એક ઉપલું બટન જ બંધ હોય. માથે પણ ઇસ્ત્રી વગરની ગાંધીટોપી, પગમાં આશ્રમનાં ચંપલ. એમનાં કપડાં પર કથ્થઈ રંગનાં છાંટણાં વેરાયેલાં હોય તે પરથી કહી શકાય કે તપખીરનો શોખ તેઓ માણતા હશે. આ ખંડુભાઈ ભારતના સન્માનીય મજૂરનેતા હશે તે કહેવું મુશ્કેલ. પ્રધાનમંડળના મજૂરનેતા તરીકે તેઓ કોઇ કામસર વિલાયત ગયા ત્યારે તત્કાલીન વડા પ્રધાન હેરલ્ડ વિલ્સને એમના આખા પ્રધાનમંડળ સાથે ખંડુભાઇને સન્માનવા ભોજનસમારંભગોઠવેલો. ખંડુભાઈનો પરિચય આપતાં તેમણે તેમનાં ભરપૂર વખાણ કરેલાં ખંડુભાઈને એ વિશે પૂછીએ તો વાત ટાળે. ફરી પૂછ્યું ત્યારે કહે: હા, બે ચાર સારા શબ્દો બોલેલા. એ બંને આંતરરાષ્ટ્રીય મજૂરસંઘની મિટિંગોમાં મળતા રહેતા–એ એમનો સંબંધ.

ખંડુભાઈની યાદદાસ્ત સારી. કંઈ કેટલાયે બનાવો, પ્રસંગો અને વ્યક્તિઓ એમને યાદ હોય. આંધ્રપ્રદેશના ગવર્નર હતા ત્યારે એમના મહેમાન તરીકે (બીજે ક્યાંય રહેવાની વાત જ ન કરાય) રાજભવનમાં એમની સાથે બેસીને મજાની સાંજો માણી છે. એમની વાતોમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી બે વાતો ખાસ અમને યાદ રહી છે.

સ્વતંત્રતા અગાઉથી જ સરદાર વલ્લભભાઈએ ગાંધીજીના સિદ્ધાંતો પર ટ્રેડ યુનિયન સ્થાપવાનું વિચારેલું-એના પાયામાં મજૂરમહાજનની ફિલસૂફી હતી.

સરદારની પ્રેરણા અને દોરવણીથી ૩ મે, ૧૯૪૭ના રોજ નવી દિલ્લીમાં INTUCનું ઉદ્ઘાટન થયું. સરદારે સુંદર વક્તવ્ય આપ્યું. કૉંગ્રેસ અધ્યક્ષ આચાર્ય કૃપલાનીએ એનું ઉદ્ઘાટન કર્યું અને સરદાર સમારંભના પ્રમુખ હતા. નેહરુએ એમના પ્રેરક વક્તવ્યમાં ગાંધીફિલસૂફી સાથે સામ્યવાદી આહ્વાન 'Workers of the world unite'નું સંયોજન કર્યું. ખંડુભાઈ INTUCના પહેલા સેક્રેટરી જનરલ તરીકે ચૂંટાયેલા.

તે સાંજે ખંડુભાઈ સરદારને મળવા ગયા-સરદારે સાવ સ્વાભાવિક રીતે પૂછ્યું: તમારી ઑફિસ અને પ્રવૃત્તિ કેવી રીતે ચલાવશો? ખંડુભાઈ આ પ્રસ્થાનથી ઘણા ઉત્સાહમાં હતા એટલે કહે કે બહુ પૈસાની જરૂર નહીં પડે. બધું થઈ પડશે. સરદારે કહ્યું કે સંસ્થા સ્થાપવી અને એનો વહીવટ કેમ કરવો એ પહેલેથી વિચારી લેવું જોઇએ. સરદારે એમને બીજે દિવસે સવારે મળવાનું કહ્યું. ત્યાં સુધીમાં ખંડુભાઈ વાસ્તવિક ભૂમિ પર આવી ગયેલા. બીજે દિવસે સવારે સરદાર વ્યસ્ત હતા એટલે મળી શક્યા નહીં. પરંતુ ખંડુભાઈ માટે એક કવર મૂકેલું. ખંડુભાઈના કહેવા પ્રમાણે એમાં INTUCની ઑફિસ એક વર્ષ ચાલી શકે તેટલી રકમ હતી.

એક વાર સરદારે મજૂર સંબંધિત બિલ લોકસભામાં રજૂ કર્યું. ખંડુભાઈ INTUCના પ્રમુખ હોવાને નાતે એમાંની કેટલીક બાબતો સાથે સંમત ન હતા. લોકસભાના 'ફ્લોર' પરથી જ તેઓ બોલ્યા કે સરકારે છેલ્લાં બે વર્ષથી મૂડીવાદીઓને રાજી રાખવાની નીતિ અપનાવી છે. આ તો સરદારની સખત ટીકા હતી. બિલની ચર્ચાના

જવાબમાં સરદારે બરાબર જવાબ આપ્યો. કોંગ્રેસીઓ તો સ્તબ્ધ, કારણ કે ખંડુભાઈ તો સરદારના પોઠિયા ગણાતા અને સરદારે પોતે જ INTUCને પ્રોત્સાહન આપેલું. સરદારની નારાજગી વહોરવી એટલે શું એ સૌ જાણતા હતા. પણ સરદાર પોતાના માણસોને લોકોની નજરમાં ઊતરવા ન દેતા.

બીજે દિવસે લોકસભામાં પ્રશ્નકાળના અંતે સરદાર ખંડુભાઈને શોધતા રહ્યા અને એમને ખાસ બોલાવ્યા. ખંડુભાઈ આવ્યા એટલે સરદારે કંઈક નજીવી બાબતમાં પૃચ્છા કરી અને ધ્યાનપૂર્વક, એમનો હાથ પકડીને વાત કરતા રહ્યા અને ખંડુભાઈ સાંભળતા રહ્યા. આખી સભાએ આ દૃશ્ય જોયું. અને સરદારની ટીકા કરવા છતાં તેઓ સરદારના વિશ્વાસુ છે એ બહુ દીવા જેવું સ્પષ્ટ કરી આપ્યું.

સંજીવ રેડ્ડી

હિંદુ દૈનિકના બ્યૂરો ચીફ, આદરપાત્ર અને પીઢ પત્રકાર, જી કે રેડ્ડી એક દિવસ રાબેતા મુજબ બપોરે આવી ચડ્યા. બીજાઓ જાય અને અમે એકલા પડીએ એની રાહ જોઇને એ બેસી રહ્યા. એમને માટે આ અસામાન્ય હતું. એમના જેવા વરિષ્ઠ પત્રકાર પાસે એવો સમય ક્યાંથી હોય? એમનો અવાજ ધીરો કરીને અને જમણી તરફ આંગળી ચીંધીને (અમારી ઓફિસમાંથી રાષ્ટ્રપતિભવન સીધું જ દેખાતું હતું) કહે, “ત્યાં તમારે સંપર્ક રાખવો જોઇએ”. વળી કહે, “રાષ્ટ્રપતિ વડા પ્રધાનથી નારાજ છે, અને શંકર અને કાંતિભાઇથી તો વળી વધારે. કોઇએ એમના સંપર્કમાં રહીને બંને નેતાઓ વચ્ચે સમજૂતી સાધવી જોઈએ. નાની નાની બાબતોમાં ગેરસમજ ન થાય તે જોવું જોઈએ. તમે સ્વીકાર્ય છો.” અમે પૂછ્યું: “તમારે રાષ્ટ્રપતિ સાથે આ બાબતની ચર્ચા થઈ છે?” એમણે હા કહી. જી કે રેડ્ડી રાષ્ટ્રપતિની નિકટ હતા એ જાણીતું હતું

રાષ્ટ્રપતિને વડા પ્રધાન સામે કેટલીક નારાજગી હતી. એમની અવગણના થતી હોવાની તેમની લાગણી હતી. વડા પ્રધાન એમને મળતા નહીં અને બીજા ચરણસિંહ જેવા સિનિયર પ્રધાનો એમને જાણતા નહીં. એમની હતાશાની લાગણી તેઓ મુલાકાતીઓને જણાવતા રહેતા.

ઈરાનના શાહના માનમાં યોજાયેલ ભોજનસમારંભને કારણે એમને મોટો વાંધો પડેલો. બે હિંદુજા ભાઈઓનાં નામ વડા પ્રધાનને પૂછ્યા વિના આમંત્રિતોની યાદીમાં શંકરસાહેબે ઉમેરેલાં. વડા પ્રધાને આ યાદી જોયેલી નહીં એટલે તેમને આની ખબર ન હતી. સંજીવ રેડ્ડીનો પ્રતિભાવ આકરો હતો. શંકરસાહેબ માનતા કે આવા સમારંભમાં કોને નિમંત્રણ આપવું તેનો અધિકાર વડા પ્રધાનનો છે.

એક આડવાત હિંદુજા કુટુંબની વાત રસપ્રદ છે. સામાન્ય સ્થિતિના આ કુટુંબના બે મોટા ભાઈઓ-શ્રીચંદ અને ગોપીચંદે—એમની ૨૪-૨૫ની ઉંમરે-૧૯૬૦માં ઈરાન સાથે વેપારધંધો શરૂ કરેલો. અમે જ્યારે ૧૯૬૯ના એક ડેલિગેશનમાં ઈરાન ગયેલા ત્યારે ત્યાં એમની હાજરી વર્તાતી ન હતી. પણ પછીનાં થોડાં વર્ષોમાં શાહના દરબારમાં તેમની અવરજવર અને વગ વધ્યાં. વડા પ્રધાન ઇંદિરાજીના મુખ્ય સચિવ પી. એન. હકસરની ઈરાનની ખાનગી મુલાકાત તેમના દ્વારા ગોઠવાઈ હતી. હકસરસાહેબે હિંદુજા ભાઈઓની ભૂમિકાનો સ્વીકાર પણ કરેલો.

મધ્યપૂર્વ સંરક્ષણ વ્યવસ્થા (MEDO)ના ચાવીરૂપ સભ્ય અને અમેરિકા સાથે ઘનિષ્ઠ સંબંધો ઉપરાંત એમની ખનિજ તેલની સંપત્તિને કારણે ઈરાનની મધ્યપૂર્વમાં ખાસ્સી પકડ હતી. એમનો પાકિસ્તાન તરફનો પક્ષપાત જાણીતો હતો. હકસરની ઈરાનની મુલાકાત પાછળ બે ઉદ્દેશો હતા. એક તો પાકિસ્તાન તરફના એમના એકતરફી વલણને તટસ્થતા તરફ લઈ જવું, અને બીજું, ભારતની ખનિજ તેલની જરૂરિયાત માટે આવશ્યક પુરવઠો ઈરાન પાસેથી મેળવવો. હકસરની ઈરાનની મુલાકાત સફળ રહી તેનો યશ એમણે હિંદુજાભાઈઓને આપ્યો. અને હિંદુજાઓનો ભારતની રાજકીય સત્તાના કેન્દ્રમાં પ્રવેશ થયો. તેઓએ ભારત અને ઈરાનમાં મળેલી આ તકનો

પૂરેપૂરો લાભ લીધો અને ટૂંક સમયમાં ધનાઢ્ય બની ગયા. એમનો કારોબાર મુંબઇ, લંડન, ઝુરિકમાંથી ચાલતો. પછી તો તેમનાં નામ બીજા સોદાઓમાં સંડોવાવા લાગ્યાં. બોફોર્સમાં પણ તેમનું નામ ચમકેલું.

તેમ છતાં કેટલાય સારા માણસોને એમ કહેતા સાંભળ્યા છે કે જેમ બીજાઓ ટૂંક સમયમાં કરોડપતિ થાય છે તેમ હિંદુજા પણ થયા છે. એમાં શો વાંધો? તેઓ ઈરાન સાથેના ધંધામાં એકબે બિલિયન ડૉલર કમાયા હશે. અમારી મધ્યમવર્ગની નીતિમત્તાની કસોટીએ એ સ્વીકાર્ય ન થતું ત્યારે એક જાણીતા અર્થશાસ્ત્રીએ કહેલું, "એમાં શું ખોટું છે?" ભારતના રાજકારણીઓના લોભનો એમણે લાભ લીધો છે. બીજા કેટલાયે આ રસ્તે ચાલ્યા છે. હિંદુજા જેવા બીજા વ્યવસાયીઓ મધ્યમવર્ગી માનસિકતામાં સ્વીકાર્ય ન બને. પણ તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં તેમની સખાવતને કારણે આવકાર્યા હતા. વાંધો એ વાતનો ખરો કે તેઓમાં 'ફીનેસ' અને સારાખોટા વચ્ચેની ભેદરેખા નહીંવત્ હતી. ઉપરાંત તેઓ 'હાઇ પ્રોફાઇલ' ધરાવતા કદાચ સંજીવ રેડ્ડી હિંદુજા ભાઇઓના ઈરાન અને ભારતને નજીક લાવવાના પ્રયાસોથી અજાણ હશે અને ઈરાનના દરબારમાં તેમની વગનો તેમને ખ્યાલ નહીં હોય.

વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ વચ્ચેની આ ગેરસમજણ દૂર કરવાનું સહેલું ન હતું. તેમજ વડા પ્રધાનની જાણ વગર અમારે રાષ્ટ્રપતિને મળવું અને રાજકારભારની વાતો કરવી તે યોગ્ય ન થાય. અમારી રીત પ્રમાણે અમે એક નોંધ લખીને વડા પ્રધાનને જણાવ્યું કે વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ દર મહિને એક વાર મળે તે પ્રથા છેલ્લા થોડા સમયથી બંધ થઇ ગઇ છે. અમે જણાવ્યું કે આ પરંપરા લોકશાહીના હિતમાં ચાલુ રહે એ આવશ્યક છે. તેથી બંને નેતાઓએ મળવું જોઈએ. તેમની વચ્ચે ગેરસમજણ ન રહે. પંડિત નેહરુ અને રાજેન્દ્રબાબુ વચ્ચે મતભેદો હતા પણ તેમની મુલાકાતો ચાલુ રહેલી. વડા પ્રધાને અમારી નોંધ પર લખ્યું, 'discuss'. જ્યારે અમે એમની સાથે આ અંગે વાત કરવા ગયા ત્યારે એમણે સંજીવ રેડ્ડી તરફના અણગમાનાં કારણો જણાવ્યાં. વર્ષો પહેલાં ભાવનગરમાં સંજીવ રેડ્ડીના અધ્યક્ષપદે કોંગ્રેસનું અધિવેશન યોજાયેલું ત્યારે એમની કેટલીક વર્તણૂક સામે એમને વાંધો હતો. પણ તેઓ સમજતા પણ હતા કે બંને મહાનુભાવો વચ્ચે કંઇક સમજણ ઊભી થાય એની જરૂર હતી. અમે રાષ્ટ્રપતિની મુલાકાતનો સમય માંગ્યો. આ પ્રથા પાછી શરૂ તો થઇ પણ પછી લાંબી ટકી નહીં.

૧૯૭૯માં જ્યારે જનતા સરકાર પડી ત્યારે તેમાં રાષ્ટ્રપતિનો ફાળો નાનોસૂનો ન હતો.

પ્રો સતીશ ધવન

પ્રોફેસર સતીશ ધવન આપણા વિજ્ઞાનીઓમાં મુઠ્ઠી ઊંચેરા હતા. ઊંચા, પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર અને વિનમ્ર પ્રો ધવનને ૪૨ વર્ષની ઉંમરે ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ સાયન્સના ડિરેક્ટર થવાનું અને અવકાશ આયોગનાં ૩૦ વર્ષ સુધી અધ્યક્ષ તરીકે રહેવાનું બહુમાન મળેલું. મરણપર્વત એ પદ એમને શોભા આપતું રહ્યું. એમની બુદ્ધિમત્તા ઉપરાંત એમના વ્યક્તિત્વનું ધ્યાનાર્હ પાસું તે એમની પારદર્શક પ્રામાણિકતા, બૌદ્ધિક પ્રામાણિકતા એમને મળવાના કેટલાક પ્રસંગો અમને મળેલા. એમાંના બે અમારી વાદદાસ્તમાં કોતરાઇ ગયા છે.

૧૯૭૯ના જૂનમાં ભારતના વડા પ્રધાન રશિયાની મુલાકાતે ગયેલા. રશિયાની નેતાગીરીને મોરારજીભાઇ વિશે કેટલીક દહેશતો હતી. મોટે ભાગે પંડિતજી અને ઇંદિરાજી સાથે એમનો સંપર્ક હતો. જે નેહરુ પરિવારની નેતાગીરીને ખસેડીને વડા પ્રધાન બન્યા હોય તે મૉસ્કોના નેતાઓમાં પ્રિય ન બને તે સ્વાભાવિક હતું પરંતુ ભૌગોલિક રાજનીતિની કેટલીક વાસ્તવિકતા હતી. રશિયા અને ભારત બંનેને એકબીજાની જરૂર હતી, એટલે રશિવાની નેતાગીરીએ મોરારજીભાઇ માટે લાલ જાજમ બિછાવેલી. વડા પ્રધાનને અને પ્રતિનિધિમંડળના અમને કેટલાકને ક્રેમલિનમાં ઉતારો આપેલો - જે માન પ્રથમ વાર ભારતના વડા પ્રધાનને મળેલું વળી સૌહાર્દપૂર્ણ વાતાવરણ ઊભું કરવા તેમણે ભારતની એક વ્યક્તિને ચંદ્રયાનમાં લઈ જવાનું નક્કી કરેલું.

પ્રતિનિધિમંડળના સભ્ય પ્રો ધવન તે તબક્કે કોઈ ભારતીયને અવકાશમાં મોકલવાના મતના ન હતા. એ ફક્ત એક વાહવાહનો પ્રસંગ બની રહે. ત્યારે કોઈને અવકાશમાં મોકલવાની ભારતની ક્ષમતા ન હતી. અને કોઈને મોકલીએ તોપણ ભારતના અવકાશવિજ્ઞાનને એનો લાભ મળવાનો સંભવ ન હતો. આવું ઉતાવળિયું સાહસ ઍરફોર્સ કે વૈજ્ઞાનિક સંસ્થામાંથી કોણ જાય તે માટે ઈર્ષા પેદા કરશે. નિષ્ઠાવાન હોવાને કારણે એમણે વડા પ્રધાનને આ બાબતમાં એમના વિચાર જણાવવાનું યોગ્ય માન્યું રશિયન નેતાગીરી બ્રેઝનેવ, કોસિજિન, પ્રોમિકો સાથેની મિટિંગના કલાક પહેલાં મોરારજીભાઈ સાથે પ્રો ધવનની મુલાકાત ગોઠવાઈ. તેમણે પોતાનો મત જણાવ્યો. મોરારજીભાઈએ સતીશ ધવનની રજૂઆત સાથે સંમતિ દર્શાવી. આપણા વિદેશખાતાને ખબર હતી કે રશિયા આવી ઑફર કરશે, પરંતુ તેમણે વડા પ્રધાનને કાને એ વાત નાખી નહીં અથવા તો નાખી તોપણ પ્રોફેસર ધવન સાથે બેસીને બ્રીફિંગ નહીં કરેલું. વિદેશખાતાએ પ્રો ધવનનો અભિપ્રાય મેળવ્યો હોય તોપણ વડા પ્રધાનને એ અભિપ્રાયની જાણ નહીં કરેલી. સતીશ ધવનની મોરારજીભાઈ સાથેની વાતચીત પછી તરત જ ક્રેમલિનના જ એક ખંડમાં રશિયન નેતાઓને મળવાનું હતું. તેથી વિદેશપ્રધાન અટલબિહારી વાજપેયી અથવા વિદેશમંત્રી જગત મહેતા સાથે વાતચીત કરવાનો સમય ન હતો.

ક્રેમલિનના ઐતિહાસિક સભાખંડમાં બંને દેશોના નેતાઓ મળ્યા. બ્રેઝનેવે પ્રાસ્તાવિક વક્તવ્યમાં જ એક ભારતીયને અવકાશયાત્રામાં મોકલવાની ઑફર કરી. એમને એમ હશે કે કોઈ ગંભીર મુદ્દાઓની ચર્ચા શરૂ કરતાં પહેલાં આ ઑફર મુકાય તો વાતાવરણ સૌહાર્દપૂર્ણ બનશે. પણ રશિયનોના અચંબા વચ્ચે અને ભારતીય પ્રતિનિધિમંડળના આશ્ચર્ય વચ્ચે મોરારજીભાઈએ એ પ્રસ્તાવનો નમ્રતાથી અસ્વીકાર કરતાં કહ્યું કે અમારી પાસે હજી કોઈ વ્યક્તિને અવકાશમાં મોકલી શકવાની તૈયારી નથી. બ્રેઝનેવ તો સ્તબ્ધ એમની વાત કોઈ નકારે એની તેમને આદત ન હતી-ભલે નમ્રતાથી કહ્યું હોય.

મોરારજીભાઈનો હેતુ રશિયનોની લાગણીને દુઃખ પહોંચાડવાનો ન જ હતો.

દેખીતી રીતે, વિદેશ મંત્રાલયના અધિકારીઓને આ ઑફરની ખબર હોવા છતાં આ મુદ્દાને ગંભીર રીતે ચર્ચવાની જરૂર જણાઈ ન હતી. તેમ છતાં આ ધબડકા માટે વિદેશ મંત્રાલયના કેટલાક ઑફિસરોએ વડા પ્રધાનને જવાબદાર ગણ્યા. એમણે પુસ્તકો લખ્યાં છે એમાં પણ પોતાના દોષને છાવરીને મોરારજીભાઈની હાંસી ઉડાવી છે. ખરેખર તો અંતરીક્ષ કમિશનના દૃષ્ટિકોણને વજૂદ ન આપ્યું અને વડા પ્રધાનને આ વિશે બ્રીફિંગ ન કર્યું તે માટે તેમને જવાબદાર ઠરાવવા જોઈએ.

બ્રેઝનેવે ડૉક્ટરોની સલાહ પ્રમાણે ધૂમ્રપાન બંધ કરેલું પણ તેઓ એટલા ડઘાઈ ગયેલા કે સિગારેટ માટે હાથ લંબાવ્યો. એમણે ધ્રૂજતા હાથે સિગારેટ સળગાવવા પ્રયત્ન કર્યો-ન કરી શક્યા ત્યારે ગ્રોમિકોએ મદદ કરી. પછી તો ચર્ચામાં કોઈ વાત પાટે ચડી નહીં. મિટિંગ પૂરી થતાં પહેલાં અમે મોરારજીભાઈને ગુજરાતીમાં એક લીટીની ચિઠ્ઠી મોકલી “આપ અને બ્રેઝનેવ એકલા મળો". મોરારજીભાઈ જ્યારે કોઈ વ્યક્તિ સાથે એકલા મળે ત્યારે એમનું વ્યક્તિત્વ સરસ ઊપસતું.

એમણે એ સૂચવ્યું અને રશિયન નેતાએ સ્વીકાર્યું. એ બંનેની મિટિંગ પછી બંને પ્રતિનિધિમંડળની મિટિંગો પાટે ચડી. કોઈને ખબર ન હતી કે મોરારજીભાઈએ જેમને માટે એમને ખૂબ માન હતું એવા વિજ્ઞાનીઓને સલાહ સ્વીકારેલી, એ બંનેની વાત સાચી હતી, કેમ કે ક્રેમલિનની મિટિંગ પછી ત્રીસ વર્ષે પણ આપણે હજી અવકાશમાં કોઈ યાત્રીને મોકલી શક્યા નથી. ૧૯૮૪ના સોયૂઝ મિશનમાં રાકેશ શર્મા ચંદ્ર પર ગયા એને કારણે કેટલાક અવકાશવિજ્ઞાનીઓને અદેખાઈ થયેલી. રાકેશ શર્માની આ અવકાશયાત્રાથી દેશના વિજ્ઞાનને શું મળ્યું તે કહેવાની સાવશ્યકતા ક્યાં રહે છે?

બીજો પ્રસંગ ઈનસાટ ૧-બીને માટે મંજૂરી મેળવવાનો હતો. વચગાળાની સરકારના સમયમાં એ પ્રસ્તાવ ચર્ચા માટે યોગ્ય સમિતિ સમક્ષ આવ્યો અંદાજિત રકમ બહુ વધારે ન હતી-૨૦૦ કરોડથી થોડી વધારે જ્યારે આ ચર્ચા ચાલતી હતી ત્યારે તત્કાલીન વડા પ્રધાન ચૌધરી ચરણસિંહે પૂછ્યું કે આ રકમમાંથી કેટલા કૂવા ખોદી શકાય? એમને

ખબર ન હતી કે ઈનસાટ ૧-બી દ્વારા મળતી માહિતીનો શો ઉપયોગ હતો. એમનો વાંક ન હતો. આપણા વિજ્ઞાનીઓએ આપણી નેતાગીરીને ક્યારેય આવા પાવાના મુદ્દાઓ વિશે સમજણ-માહિતી આપી નથી.

આ બાબત લટકી રહી તેથી પ્રો ધવન જરા ઉદ્વિગ્ન થઇ ગયા. એમને અમે અમારી સાથે રૂમમાં લઇ આવ્યા. ચા પીતાં પીતાં અમે સૂચવ્યું કે, આ ઉપગ્રહ દ્વારા મળતી માહિતીથી ખેડૂતોને શું લાભ થશે તે વાત આપ વડા પ્રધાનને સમજાવો. દિલ્લીમાં એક દિવસ વધુ રોકાઈ જાવ. બીજા દિવસે વડા પ્રધાનને મળવા તેઓ એક વધુ દિવસ દિલ્લી રોકાવા દરમિયાનમાં વડા પ્રધાનને પણ એ વિશે માહિતગાર કરાયા હતા. જ્યારે બીજે દિવસે પ્રો ધવન ચૌધરી ચરણસિંહને મળ્યા અને આ અવકાશી ઉપગ્રહ દ્વારા પ્રાપ્ત થનાર હવામાનની માહિતી ખેતીને કેટલી ઉપકારક થશે તે સમજાવ્યું ત્યારે ચૌધરીસાહેબે કહ્યું કે જો ખેડૂતને આટલો બધો લાભ થવાનો હોય તો પછી આપણે બે ઉપગ્રહો કેમ નથી મોકલતા? આ કિસાન નેતાની પાયાની વાત સાચી હતી.

સૈફ આઝાદ

નિઝ ઇમ્પીરિયલ મેજેસ્ટી ધ શાહ ઑફ ઈરાન તરફથી ભારતના નાયબ વડા પ્રધાનને ઈરાનની મુલાકાત માટે નિમંત્રણ મળે એ વિરલ ઘટના હતી. ૧૯૬૦ અને ૧૯૭૦ના દશકોમાં મધ્ય અને પશ્ચિમ એશિયામાં શાહનું ખાસું વજન પડતું હતું. વળી, અમેરિકા સાથે તો વધુ નિકટતા, કેમ કે ઈરાન ત્યારે મિડલ ઈસ્ટર્ન ડિફેન્સ ઑર્ગેનાઇઝેશનનું સભ્ય હતું. પેટ્રોલિયમ પેદાશોની અગત્ય અમેરિકા અને શાહ સૌથી પહેલાં સમજેલા. ઈરાનના પાકિસ્તાનતરફી વલણને બદલવા ભારત પ્રયત્નશીલ હતું. ૧૯૬૨ના ભારત-પાકિસ્તાન યુદ્ધ સમયે ઈરાને પાકિસ્તાનના હવાઈ દળને વિનામૂલ્યે ઇંધણ ભરવાની સગવડ કરી આપી હતી તે હકીકત ભુલાઈ ન હતી. રાજકીય મુત્સદ્દીગીરી દ્વારા ઈરાનને પડકારવાની કે આર્થિક નીતિઓથી એને નુકસાન પહોંચાડવાનું કોઇ રીતે શક્ય ન હતું. જરૂર હતી ઈરાનને પાકિસ્તાન તરફે તટસ્થ કરવાની.

ઈરાનનું ઔદ્યોગિકીકરણ કરવાની શાહની મહત્ત્વાકાંક્ષી યોજનાઓ હતી. ૧૯૬૮માં ઈરાનની મુલાકાત પછી રોબર્ટ મેકનમારા ભારત આવેલા. ત્યારે ઈરાનની મહત્ત્વાકાંક્ષી યોજનાઓ વિશે એમણે મોરારજીભાઈને વાત કરેલી. પેટ્રોકેમિકલ ઉદ્યોગોને અગ્રિમતા આપી, એમાં જંગી રોકાણ કરવાનો શાહનો ઇરાદો છે એ મેકનમારાએ જણાવ્યું. જ્યારે મેકનમારાએ શાહને પૂછ્યું કે એ માટે તમે તાલીમ પામેલા શિક્ષિત કર્મચારીઓ ક્યાંથી લાવશો? ત્યારે એમનો ત્વરિત જવાબ હતો, “કેમ વળી? ભારતમાંથી”. એ સમયે આર્ય મહેર ૨૭ વર્ષથી ઈરાનની ગાદી પર હતા. એમના છેલ્લાં રાણી ફરાહ જેને પાછળથી શાહબાનુનો દરજ્જો આપેલો, સાથેના લગ્નને પણ દસ વર્ષ વીતી ગયેલાં.

શાહ એક વિચક્ષણ અને અનુભવી મુત્સદ્દી હતા. એમને આ વિસ્તારના બૅલેન્સ ઑફ પાવરને ફરી ચકાસવાની જરૂર સમજાઈ હતી. આ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મોરારજીભાઈએ ૧૯૬૮માં ઈરાનની મુલાકાત લીધી. બંને મહાનુભાવોની વચ્ચે સદ્ભાવના સ્થપાઈ. અમે કેટલીયે વખત જોયું છે કે દૃઢ સ્વભાવવાળા લોકોને એકબીજા સાથે વધુ ફાવે છે. મોરારજીભાઈ એમની આત્મકથામાં લખે છે: “મારે શાહ સાથે લંબાણપૂર્વક વાતો થઈ, એમણે મિત્રતા દાખવી, અને મારી સાથે તેઓ ખૂબ જ આદરથી વાં. શાહ અને બીજાઓ સાથેની વાતચીતથી મને એવી છાપ પડી કે તેઓ ભારતની નજીક આવવા માગે છે.” ઇન્ડિયન ફોરેન રિવ્યૂએ આ મુલાકાતને એક મોટી સિદ્ધિ ગણી,

દસ વર્ષ પછી જનતા પાર્ટીના સમય દરમિયાન શાહ ભારતની મુલાકાતે આવેલા. એમના પ્રવાસને અંતે, જ્યારે બંને નેતાઓ એકલા હતા ત્યારે ૮૨ વર્ષના વૃદ્ધ વડા પ્રધાને ૫૯ વર્ષના અક્કડ રાજવીને કહ્યું: “મેં સાંભળ્યું છે કે શાવક (ઈરાનની સિક્રેટ સર્વિસ) વધારે પડતો જુલમ કરે છે. પ્રજાની નારાજી વધતી જાય છે. આપે સલામતીની દૃષ્ટિએ વિચારવું જોઈએ. વિરોધીઓ તો બધે હંમેશાં હોવાના.” આ શબ્દો ‘આપ નામદાર’ને નહીં પણ આપ કહીને ઉચ્ચારાયેલા. આવી સલાહ શાણપણભરી ન કહેવાય બલ્કે એક મોટી ગેરસમજ ઊભી કરે. પરંતુ શરૂઆતમાં સ્તબ્ધ થઇને ખાસ્સો સમય ચુપકીદી સેવ્યા પછી શહેનશાહે એમનું મસ્તક હલાવ્યું. મોરારજીભાઈ

સિવાય બીજું કોણ આવી રીતે વણમાગી સલાહ આપે? અને તેય રાજકીય પ્રોટોકોલને નેવે મૂકીને? અને છતાં હકારાત્મક પ્રત્યુત્તર મેળવે?

૧૯૬૮ની અમારી ઈરાનની મુલાકાત દરમિયાન, મિટિંગો, કાર્યક્રમો વગેરેમાં વ્યસ્ત હોવા છતાં પહેલે દિવસે મોરારજીભાઈએ અછડતો ઉલ્લેખ કરીને અમને કહ્યું કે, "યરવડાના જેલવાસ દરમિયાન મારી સાથે એક ઈરાનનો પત્રકાર હતો."

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અંગ્રેજોએ એક્ષિસ દેશોના નાગરિકોને બંદી બનાવ્યા હતા. અને મોરારજીભાઈના કહેવા પ્રમાણે, સૈફ આઝાદ થોડાં વર્ષો જર્મનીમાં રહ્યા હોવાને કારણે નાઝીના ટેકેદાર માનીને એમને અટકાયતમાં રાખ્યા હતા.

મોરારજીભાઈએ સૈફ આઝાદને યાદ કર્યા એ તરફ અમે ખાસ ધ્યાન ન આપ્યું. ફરી, બીજે દિવસે સવારે એમણે કહ્યું, "એનું નામ સૈફ આઝાદ હતું. એ એના કુટુંબ વિશે અને ખાસ કરીને એની નાની દીકરીની વાત કરતા હતા." લાગણીશૂન્ય મનાતા મોરારજીભાઈએ ઉપરાઉપરી બે દિવસ, વર્ષો પહેલાંના એમની સાથેના જેલના અંતેવાસીને યાદ કર્યા એ એમનો સૈફ આઝાદમાં રસ બતાવવા પૂરતા હતા. અમે ભારતીય દૂતાવાસમાં તપાસ કરાવી. એમના સરનામાંની ડાયરીમાં કોઈ સૈફ આઝાદ ન મળે. ત્રીજે દિવસે મોરારજીભાઈ ફરી બોલ્યા કે સૈફ આઝાદ અત્યારે જીવતા હોય તો એ ૯૦ વર્ષના હોય! મોરારજીભાઈ દ્વારા આવી લાગણી બતાવવાનું ભાગ્યેજ બને. એટલે અમે ઈરાનની માહિતી કચેરીમાં તપાસ કરી, ઈરાનમાં વર્ષોથી વસતા ભારતીય સમુદાય દ્વારા તપાસ કરી પણ બધેથી નનૈયો મળ્યો. શાહ સાથેની મિટિંગ કાસ્પિયન સમુદ્ર પરના નૌશહર પરના તેમના ગ્રીષ્મ મહેલમાં હતી. મહેમાનગતિ ભભકાદાર હતી. અમે ભારતીય દૂતાવાસને સૈફ આઝાદને શોધવાની સૂચના આપેલી હતી. મુસાફરી દરમિયાન મોરારજીભાઈએ ફરી વાત કાઢી, "હું એને ગીતા શીખવતો હતો અને એ મને કુરાન વિશે સમજાવતા હતા. અમે એકબીજાના કુટુંબ વિશે વાતો કરતા. હવે તો એ ક્યાંથી જીવતા હોય!" મોરારજીભાઈ ભાગ્યેજ કોઈ માટે આવી લાગણીઓ બતાવતા, જોકે અમે જાણતા ખરા કે તેઓ સ્નેહથી લોકોની ખબર રાખતા અને એમનામાં રસ લેતા.

અમને કોઈ રસ્તો સૂઝયો નહીં.

અમે પાછા તેહરાન પહોંચ્યા. છેલ્લા દિવસે અમારા સાથીઓ ખરીદી કરવામાં અને સામાન બાંધવામાં પડ્યા હતા. ભારતીય રાજદૂત બીજે કશે રોકાયેલા હતા. ઈરાનમાં વસતા ભારતીય નાગરિકો સાથેની મિટિંગમાં મોરારજીભાઈ સાથે અમે એકલા હતા. દરેક જગ્યાએ બને છે તેમ આ બધા વિદેશનિવાસી ભારતીય નાગરિકો દેશને કેમ ચલાવવો તે વિશે ઉપપ્રધાનમંત્રીને સલાહસૂચનો આપતા હતા! જાતજાતની દરખાસ્તો આવતી હતી. કેટલાંક કવરો દૂતાવાસ તરફથી અમને આપવામાં આવેલાં એમાં અમે સૈફ આઝાદના નામવાળું એક કવર જોયું. તરત જ ખોલ્યું, એમાં લખેલું કે, "તમે તો હવે મોટા માણસ થઈ ગયા છો એથી હું બહુ રાજી છું. મને તો તમે ભૂલી ગયા હશો. પણ આપણે યરવડા જેલમાં સાથે હતા. તમે મને ગીતા શીખવતા હતા. તમારો દીકરો કેમ છે, દીકરીઓ ક્યાં છે? મારી વૃદ્ધાવસ્થામાં હું ખાસ હરીફરી શકતો નથી. મારી દીકરી મારી સંભાળ રાખે છે. ઈશ્વર તમને તમારા દેશની સેવા કરવાનાં વધુ વર્ષો આપે અને એના આશીર્વાદ તમને મળે."

અમે મોરારજીભાઈને એમના નિયત કાર્યક્રમથી ચલિત થતા આ પહેલાં કે પછી ક્યારેય જોયા નથી. એમણે કાગળ વાંચ્યો અને કહે, "ચાલો". તેહરાનના જૂના વિસ્તારમાં સૈફ આઝાદને મળવા, ભારતના નાયબ વડા પ્રધાનને લઈ જવા માટે ઈરાની સલામતી રક્ષકો અને ભારતીય દૂતાવાસ વચ્ચે સંધાન રાખતી ટુકડીને સમજાવવામાં થોડો સમય ગયો.

આગળપાછળ આઉટ રાઇડર્સની ટુકડીની વચ્ચે લાંબી મર્સિડીઝ ગાડી ગલીકૂંચીઓ વીંધીને રસ્તો પૂછતી જતી હતી. એમ અમે સૈફ આઝાદને ઘેર પહોંચ્યા. એક નાનકડું સામાન્ય ઇરાનિયન ઘર હતું, જેવું આપણે ત્યાં હોય

છે—ફક્ત તુલસીક્યારો ન હતો-મધ્યમાં એક ચોક અને એની બંને બાજુ ઓરડીઓ. સૈફ આઝાદના નાનકડા ઓરડામાં એમનો ખાટલો હતો, એક લખવાનું ટેબલ અને ખુરશી, એક નાનું સ્ટૂલ અને ચારે બાજુ ધૂળે ભરાયેલાં છાપાં અને સામયિકો વેરાયેલાં. એ તો ગદ્ગદિત થઇ ગયા. ઊંચા અને પડછંદ પણ વ્યાધિઓને કારણે કેડમાંથી ૯૦ ડિગ્રીએ વળી ગયેલા લેંઘા ગંજીમાં સૈફ આઝાદ અને મોરારજીભાઇ ભેટી પડ્યા. પછી લાંબો સમય એકબીજાને તાકતા રહ્યા. સૈફ આઝાદની આંખમાંથી આંસુની ધાર ચાલતી રહી. મોરારજીભાઈએ નોંધ્યું છે, "અમે ખૂબ ભાવવિભોર થઈને મળ્યા."

સૈફ આઝાદ એમની પથારીમાં પડયા અને મોરારજીભાઈ સામે ખુરશી પર બેઠા, અમે સ્કૂલ ખેંચીને બેઠક લીધી. એમની દીકરી આવી એટલે રીફે એને કહ્યું, નમેં તને કહ્યું હતુંનેકે મારો કાગળ વાંચશે તો એ જરૂર મને મળવા આવશે?" દીકરીનો પરિચય આપ્યો અને એ આ ભારતથી આવેલા કાકાને નમસ્તે કરીને તેમના માટે લીલા કાચનો શરબતનો ગ્લાસ અને કાચની ગોળીવાળી સોડાવોટરની બાટલી લઈને આવી. મોરારજીભાઈ એમના ખોરાકની બાબતમાં ખૂબ જ આગ્રહી હોવા છતાં આ શરબતનો ગ્લાસ એમણે પીધો અને કુટુંબની, જેલવાસની. સૈફ આઝાદની ભારતથી પાછા ફર્યા પછીની મુશ્કેલીઓની અને બંને દેશોની પરિસ્થિતિની વાતોએ વળગ્યા. અમે જવા માટે ઊભા થયા ત્યારે મોરારજીભાઈએ એમના મિત્રને હાથ પકડીને ઉઠાડ્યા, એમના પડછંદ શરીરને ટેકો આપીને બહાર દરવાજા સુધી લાવ્યા. બંને એકબીજાની સામે નજરમાંથી ઓઝલ થયા ત્યાં સુધી હાથ હલાવતા રહ્યા.

કોઈ ને કોઈ કારણસર અમારે વારંવાર ઈરાન જવાનું થયું છે. સૈફ આઝાદની વાર્તા અહીં નથી પૂરી થતી. ૧૯૯૦માં એક વખત ઈરાનની નૅશનલ પેટ્રોકેમિકલ કંપની (NPC)નું એક જૂથ એમની પેદાશોના વેચાણ અંગે તેમ જ એમના કર્મચારીઓની તાલીમ અંગે I P C Lની મુલાકાતે આવ્યું. અમે એ સૌને અમારે ત્યાં ભોજનનું આમંત્રણ આપ્યું. આવી રસમથી તેઓ ટેવાયેલા નહીં. ભોજન પછી અમે ફિરદૌસ, શેખ સાદી, હાફિઝ શીરાઝીની વાતો કરી, બંને દેશો વચ્ચે લાંબા સમયથી જોડાયેલા સંબંધની વાતો કરી, અને ભારતના દરબારોમાં ફારસી ભાષાની અસરની વાતો થઈ. પછી અમે ૨૦ વર્ષ જૂની મોરારજીભાઈ અને સૈફ આઝાદના મિલનની વાત કરી. જૂથના નેતા ઇબ્રાહીમ મિયાંની આંખો ભીની. બીજાઓ પણ લાગણીભીના થઈ ગયેલા. ઇબ્રાહીમ મિયાં પૂછે કે એ દેસાઈસાહેબને મળી શકે? બીજે દિવસે તેઓ તેહરાન પાછા જવાના હતા એટલે અમે એમને ફરી આવે ત્યારે ચોક્કસ મુલાકાત ગોઠવીશું એમ કહ્યું.

ઇબ્રાહીમ મિયાંએ પાછા જઇને આ વાત બધાને કરી હશે એટલે થોડા મહિના પછી અમે એન. સી. પી.ની મુલાકાતે ઈરાન ગયા ત્યારે અમારે માટે તો લાલ જાજમ બિછાવેલી. દરમિયાનમાં અમે આયાતોલ્લાનાં લખાણો, વક્તવ્યો વાંચી લીધેલાં. અમારી વાટાઘાટો વખતે અમે એકલા આયાતોલ્લાના ફોટા નીચે એક તરફ બેઠેલા અને ટેબલની સામે સાત જણા. શરૂઆતમાં જ અમે કહ્યું, "હું એકલો નથી." એમ કહીને ઉપર આયાતોલ્લાના ફોટા તરફ જોયું. ત્યાર પછીની વાટાઘાટમાં અમારી બધી શરતો એમણે સ્વીકારી.
એમના નાયબ પ્રધાન દ્વારા અમને ફરી ઈરાનની મુલાકાતનું નિમંત્રણ મળ્યું અને તે પણ પત્ની સાથે. જ્યારે નીલા અને હું તેહરાન પહોંચ્યાં ત્યારે તેઓ તેમની પત્ની સાથે અમને હોટેલ પર મળવા આવ્યા અને બીજે દિવસે અમારા માટે ભોજનસમારંભ રાખ્યો. સામાન્ય રીતે એમને આવા સમારંભોમાં મહિલાઓને આમંત્રણ નથી હોતું, પણ અપવાદરૂપે બાજુના રૂમમાં મહિલાઓ માટે જુદી વ્યવસ્થા કરેલી. આપણા રાજદૂત હમીદ અન્સારીએ (જેઓ હાલ આપણા ઉપરાષ્ટ્રપતિ છે) અમને પૂછ્યું, "હસમુખભાઈ, વે કૈસા જાદુ કિયા હૈ આપને? મારાં પત્નીને આજ સુધી ક્યાંય આવી રીતે નિમંત્રણ મળ્યું નથી." આ જાદુ તો પેલા બે વૃદ્ધ માણસોની ઉષ્માભરી મિત્રતાનું હતું. જેઓ જુદા જુદા કારણસર વરવડા જેલમાં સાથે રહ્યા હતા.

અમે ઇબ્રાહીમ મિયાંને પૂછ્યું કે સૈફની દીકરી તેહરાનમાં રહે છે? અમારી ફરી વાર મુલાકાત વખતે તેઓ તપાસ કરી રાખશે એવી એમણે બાંહેધરી આપી. અમારે જ્યારે ફરી ઈરાન જવાનું થયું ત્યારે એને માટે અમે ભેટસોગાદો લીધેલી. એ તો મશાદમાં સ્થાયી થયેલી અને માંદગીને કારણે તેહરાન આવી શકી નહીં. ઇબ્રાહીમ મિયાંએ એની ભેટ પહોંચાડેલી.

ઈરાનની અમારી મુલાકાત દરમિયાન સૈફ આઝાદ અને આર્ય મહેર અમારી યાદદાસ્તમાં જડાયેલા રહ્યા છે. પણ જે સ્થળે અમને સૌથી વધુ સુખદ અનુભૂતિ થઇ તે હાફિઝ શીરાઝીની કબરે. સાવ સાદી અને પવિત્ર, કોઇ ભભકો નહીં, કોઇ ઝાકઝમાળ નહીં. એવી હાફિઝ શીરાઝીની મઝાર એક યાત્રાના સ્થળ જેવી છે. સવારના ઊગતા સૂરજનાં કિરણોમાં નારંગીનાં વૃક્ષોના ઝુંડ પર સોનેરી આભા છલકે. બધી ઉંમરનાં બાળકો, સ્ત્રીઓ, પુરુષો, સામાન્ય વર્ગના કે ઉચ્ચ વર્ગનાં બધાં જ ચુપકીદીથી પરિસરમાં પ્રવેશે, નમન કરીને હાફિઝનું પુસ્તક (ત્યાં થોડી પ્રતો રાખેલી છે) લઇને ખોલીને બેસે. માન્યતા એવી છે કે તમારા મનમાં જે કોઇ પ્રશ્ન હોય તેનો જવાબ તમે જે પાનું ખોલ્યું હોય તેમાંથી મળી રહે. ત્યાં બેસી જ રહેવાનું મન થાય. ટાગોર પણ આ પવિત્ર ભૂમિની મુલાકાતે આવી ગયેલા.

શીરાઝનો પૂર્વમાં સંસ્કૃતિના મથક તરીકેનો ઇતિહાસ છે. તમે રસ્તા ઉપર ચાલતા હો ત્યારે પણ મહામૂલા ઈરાની ગાલીચા પર ચાલવાનું બને. એ ગાલીચાઓ રસ્તા પર જાણીજોઇને બિછાવે જેથી વપરાવાથી એની ગૂંથણી બરાબર સુંવાળી અને મજબૂત થઈ જાય.

એક વાર સાંજે હૉટેલ પર પાછા ફરીને મારા સાથીઓ સાથે અમે ઈરાનના ઇતિહાસ, ભાષા અને કવિતા તેમ જ સૈફ આઝાદની વાત કરી. ત્યારે જે ઈરાની ઑફિસર અમારી સરભરા કરતો તે લોકલ વૉડકાની એક બૉટલ લઇને આવ્યો,–આ ત્યારે જ્યારે મુલ્લાઓનું ઈરાન પર વર્ચસ્વ હતું.

મધર ટેરેસા

૧૯૭૨માં કલકત્તામાં એક સમારંભમાં અમે વક્તા તરીકે ગયા હતા ત્યારે અમે મધર ટેરેસાને પહેલી વાર જોયાં.

મુકરર સમયે તેઓ આવ્યાં. એ વખતે જેમનું વક્તવ્ય ચાલતું હતું એ આપેલ સમય કરતાં પણ લંબાવ્યે જતા હતા. તેમને બેસાડી દેવામાં આવ્યા. મધર મંચ ઉપર ન ગયાં, પરંતુ મંચ અને પહેલી હરોળની વચ્ચેની જગ્યામાં ઊભાં રહીને બોલવાનાં હતાં. મંચ પર બેઠેલા મહાનુભાવો નીચે આવી ગયા. મધર પરની સ્પોટ લાઇટ સિવાયની સભાગૃહની બધી લાઇટો બંધ કરી દેવાઇ.

મધર થોડાં નીચાં, ખભેથી નમેલાં, ઝડપી ચાલ, મોં ઉપર ઊંડા ચાસ પાડતી કરચલીઓ અને આંખમાં ચમક. એમની ભૂરી બૉર્ડરવાળી સફેદ સાડીમાં કશું અસામાન્ય ન લાગે છતાં એમની ચાલવાની ઝડપ અને અંધારામાં માત્ર સ્પોટ લાઇટ નીચે ઊભેલ તેથી અવશ્ય અસાધારણ લાગતાં હતાં. એમની હાજરીથી જાણે ગતિ અને શક્તિનો સંચારનો અનુભવ થયેલો. અમે એમના હાથની મજબૂત પક્કડ અનુભવી. આ દેવદૂત માટે પૂર્વતૈયારી કરેલી વ્યવસ્થા પ્રમાણે બધું ચાલ્યું. તેઓ ફક્ત પાંચ મિનિટ માટે બોલ્યાં. ખ્રિસ્તી ધર્મપ્રચારકની પ્રભાવક શૈલી અને એમના પ્રેરક સંદેશે સૌને રોમાંચનો અનુભવ કરાવ્યો. સમગ્ર સભાએ ઊભા થઇને તાળીઓથી એમને વધાવી લીધાં-તેઓ નમ્યાં, અને એમની ખાસિયત પ્રમાણે ઝડપથી નીકળી ગયાં. બધું થઇને સાડાછ મિનિટ. કોણ જાણે પણ અમને મિશ્ર લાગણી થઇ, પૂરા પ્રભાવિત નહીં થયેલા.

એમનું કામ બહુ અસરકારક છે. દીનદુખિયાં માટે કોણ કામ કરે? એમની વચ્ચે કોણ જઇને બેસે? તેઓ કહેતાં કે, “મારું લોહી અલ્બેનિયન છે. મારી નાગરિકતા ભારતની છે, ધર્મે હું કૅથલિક છું, પણ મારું હૃદય જિસસને સમર્પિત છે.” એમનું જીવનકાર્ય ભારતમાં થવાનું પૂર્વનિર્ધારિત હતું એમ કહી શકાય. એમને કૅથલિક ચર્ચના લોકસંપર્ક વિભાગનો લાભ મળતો. હા, કેટલાક ટીકાકારો હતા. ‘મિશનરી પોઝિશન' જેવાં પ્રકાશનો અમે જોયાં હતાં. સાથે સાથે એમના કામને બિરદાવનારા લેખકો, કળાકારો, ફોટોગ્રાફરો જેવા કે, લા પિયરે, એમ. એફ. હુસેન, રઘુરાય વગેરે પણ હતા.

મધર ટેરેસાને અમારે બીજી વાર યાદ કરવાનું થયું, પરંતુ આમનેસામને મળવાનું નહીં. ૧૯૮૦ના જાન્યુઆરીમાં જનતા પક્ષને ચૂંટણીમાં હરાવીને ઇંદિરા ગાંધી સત્તા પર આવ્યાં ત્યારે એમણે પદ્મ ઍવૉર્ડ ફરી આપવાનું નક્કી કર્યું. એમાં સામંતશાહીની છાંટ હતી એ ખ્યાલે જનતા સરકારે એ પ્રથા બંધ કરેલી. પદ્મ બહુમાન ફરી શરૂ કરવાનો વિચાર શ્રીમતી ગાંધીનો પોતાનો હતો—એની કોઈ નોંધ નહોતી. અમે હજી પ્રધાનમંત્રી કાર્યાલયમાં હતા, પરંતુ અમારી ત્યાંની અવધિનો અમને અણસાર ન હતો. અમારી જવાબદારીનો એક ભાગ પ્રધાનમંત્રીને લોકસભામાં મદદ કરવાનો હતો. તે વખતે લોકસભાનું સત્ર ચાલતું હતું અને સત્ર દરમિયાન અમારી ઓફિસ સંસદભવનમાં કેબિનેટ રૂમની બાજુમાં, પ્રધાનમંત્રીની ઑફિસથી નજીક જ હતી.

૧૯૮૦ના ગણતંત્રદિવસના બરાબર પાંચ દિવસ પહેલાં-એટલે કે ૨૧ જાન્યુઆરીએ-ઇંદિરાજીએ અમને વિવાદાસ્પદ ન બને તેવી વ્યક્તિઓની જુદા જુદા ઍવોર્ડ માટે એક નાની યાદી આપવાનું કહ્યું. અમે કહ્યું ગૃહમંત્રાલયમાંથી ફાઈલ અને નામો મંગાવી લઈએ. એમણે તરત વળતો ઉત્તર આપ્યો. ત્યાંથી ત્રણ મહિને પણ ફાઈલ નહીં આવે. આપણે ત્યાં જ લિસ્ટ બનાવવાનું છે.

તે જ દિવસે બપોરે અમે એમને ફરી મળ્યા અને કેટલાંક નામો સૂચવ્યાં. પદ્મભૂષણ તેમ જ પદ્મશ્રી માટે સૂચવેલા વિકલ્પોમાંથી જ તેમણે નામો પસંદ કર્યાં. ઇંદિરાજીએ કહ્યું કે પંડિતજી (કમલાપતિ ત્રિપાઠી) કોઈ બનારસના ઇન્ડોલૉજિસ્ટની વાત કરતા હતા. એ નામ વિશે એમને પૂછો. અમે કહ્યું એ નામ રાય કૃષ્ણદાસનું હોવાનો સંભવ છે. ઇંદિરાજી કહે: હા, એ જ. પંડિતજીને પૂછવાની જરૂર નથી. એમણે બીજાં પણ કેટલાંક નામો સામે નિશાન કર્યાં. અમે એક નામ ભારતરત્ન માટે બાકી રાખેલું-મધર ટેરેસાનું. ૧૯૭૯માં મધરને નોબેલ પ્રાઇઝ મળેલું.

ઇંદિરાજીને વિચાર ગમ્યો. તેમણે કહ્યું કે હું વિચારી જોઈશ. ૨૫, જાન્યુઆરીની સાંજ સુધી તેમના તરફથી કોઈ હલચલ ન જણાઈ—નિયમ પ્રમાણે ત્યારે ૨૫ જાન્યુઆરીએ આ નામો જાહેર કરાતાં હોય છે. પ્રજાસત્તાકદિવસની પરેડના મુખ્ય મહેમાન ફ્રાંસના પ્રમુખ ઝિશકાર દ એસ્ટિંગના માનમાં સ્ટેટ બેંકવેટ હતું. એ સાંજે એ ભોજનસમારંભ દરમિયાન જ એમને યાદ કરાવવા અમે એક નાનકડી ચિઠ્ઠી મોકલી—એમણે એને પર્સમાં મૂકી. પછી મધર ટેરેસાને ભારતરત્ન આપવાનું ૨૬મીએ જાહેર કર્યું-પ્રણાલી કરતાં એક દિવસ મોડું. ૨૭મીએ છાપાંઓ બંધ હોય છે. ૧૯૮૦નું એક જ વર્ષ એવું હતું જ્યારે ૨૮મીનાં છાપાંઓમાં પદ્મ ઍવૉર્ડની જાહેરાત આવી હતી.

અમે એક વાર મુંબઈથી રોમ જતા હતા ત્યારે ફરી અમારો મધર ટેરેસા સાથે ભેટો થઈ ગયો. અમારી કૅબિનમાં અમે બે જ પૅસેન્જરો હતાં, ને ઍરલાઇન્સના ક્રૂના સભ્યો અમારી સરભરા ઉત્સુકતાથી કરતા હતા. આવા મોટા માણસનો સમય કેમ લેવાય એ વિચારે તેઓ આવ્યા ત્યારે નમન કરીને અમે અમારી સીટ પર બેસીને વાંચવામાં મશગૂલ હતા. કલાક પછી મધરે અમારે ખભે ટપલી મારી એમની બાજુમાં બેસવા બોલાવ્યા—એમની પ્રાર્થનાનો સમય પૂરો થયો હશે. તેમણે જણાવ્યું કે આર્મેનિયામાં ભૂકંપ થયો છે અને હજારોની સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા છે. મિલકતને નુકસાન પહોંચ્યું છે તેથી તેઓ ત્યાં જાય છે. અમને પૂછ્યું: “તમે ક્યાં જાવ છો?” અમે જવાબ આપ્યો “મિલાન”. એ દરમિયાન જમવાનું પીરસાયું. તેમણે પ્લેટમાંથી મુરબ્બા અને માખણ વગેરેનાં સીલ કરેલાં નાનકડાં પૅકેટ જુદાં મૂક્યાં. મારી તરફ જોઈને કહે કે આટલી નાની વસ્તુ પણ કોઈ ભૂકંપપીડિતને જીવન આપશે. અમે પણ અમારી પ્લેટમાંથી એવાં પૅકેટ જુદાં મૂક્યાં.

પછી અમે કૅપ્ટનની કેબિનમાં ગયા અને કહ્યું કે જે કંઈ વધારે હોય તે બધું મધર ટેરેસાને આપો. એમનો પ્રતિભાવ જબ્બર હતો. બધી કેબિનોમાં ઉત્સાહથી કુદરડી ફરતી ફરતી પરિચારિકાઓએ એમની પાસે જે કંઈ ખોરાક કે સાબુ, નૈપ્કિન–બધું ભેગું કર્યું અને કચરો ભરવાના કાળા પ્લાસ્ટિકના બે મોટા કોથળાઓ ભરાય એટલી વસ્તુઓ એકઠી કરી.

વાતોમાં ને વાતોમાં એમણે અમારા કુટુંબ વિશે પૃચ્છા કરી. અમે અમારી ભત્રીજીની વાત કરી. સારી કારકિર્દી મૂકીને દૂરના ગ્રામવિસ્તારમાં ગરીબોની વચ્ચે કામ કરતી હતી તે વખતે જીપના અકસ્માતમાં મૃત્યુ પામેલી. અમને સૌને અકાળ મૃત્યુનો શોક હતો.

“કેટલું સારું!” એમણે કહ્યું-અને પછી તરત જ ઉમેર્યું. “એ સારો આત્મા હશે"-આંગળી ઉપર કરીને કહે, “એને એની જરૂરત વધારે હશે".

પછી અમારાં પત્ની વિશે પૂછ્યું. અમે બાળકોની હોસ્પિટલના એમના મૅનેજિંગ ટ્રસ્ટીના કામ વિશે વાત કરી. એમણે પૂછ્યું. “એનું શું નામ છે?” મેં કહ્યું “નીલા". અમને એમણે પરિચારિકાને બોલાવવા કહ્યું. જ્યારે એ આવી ત્યારે એમણે કાગળ-પેન મંગાવ્યા. એમના હસ્તાક્ષરમાં નીલાને ઉત્સાહપૂર્વક ટૂંકો પત્ર લખ્યો.

“તમે ઈશ્વરનું કામ કરો છો તે કરતાં રહેજો."

કોઈ સેવાનું કામ કરનારને ઉત્તેજન આપવાની કેવી સચોટ રીત!

જ્યારે અમે રોમ ઊતરતા હતા ત્યારે આ રાહત માટે ઉપયોગી ચીજોથી ભરેલા કાળા કોથળાઓ જોઈને અમે બંને હસી પડ્યાં. એમના આશીર્વાદની ઉદારતા અમને સ્પર્શી ગઇ.

અમારાં માતુશ્રીએ એમની મિલકતનું કોઈ વીલ નહીં કરેલું. એમની પાસે નજીવી બચત હતી. પણ એમના પોતાના હાથે તેમણે ઘણાને નાની મોટી રકમ આપવાનું લખેલું. એમાં સૌથી મોટી રકમ મધર ટેરેસાને નામે હતી.

લ્યુબ્લિયાના

વડા પ્રધાનના દફતરમાં એક વર્ષ બહુ વ્યવસાયમાં પસાર થયું. એક તો રોજબરોજનું કામ. કૅબિનેટ અને એની કમિટીઓની નોંધો, સંસદનાં સત્ર ચાલતાં હોય ત્યારે આખો વખત ત્યાં બેસી કામ કરવાનું, સંસદની ઑફિશિયલ ગૅલેરીમાં બેસવાનું, દિવસભર અને રાત્રે પણ આવતાં જુદી જુદી એજન્સીઓના ડિસ્પેચ વાંચવાનું, રાજ્યપાલો અને એલચીઓનાં પાક્ષિક કે માસિકપત્રો જોવાનાં, અને, દર શનિ-રવિ પ્રવાસમાં, આ ઉપરાંત વડા પ્રધાને પોતાને હસ્તક રાખેલાં ખાતાંઓ—ઍટૉમિક એનર્જી, સ્પેસ અને સાયન્સ ઍન્ડ ટેક્નૉલૉજી જેવાં—તેમજ બીજાં મંત્રાલયોમાંથી આવતી ફાઈલોનું કામ પણ રહે. એમ એક વર્ષ પૂરું થયું ત્યારે યુગોસ્લાવિયાના સ્લોવિનિયા પ્રાંતના લ્યુબ્લિયાના નગરમાં એક કોર્સ માટે અમને પૂછવામાં આવ્યું. કોર્સ અમારી કક્ષાનો ન હતો, પરંતુ ત્રણ અઠવાડિયાંનો બ્રેક મળશે એમ ધારીને અમે હા કહી.

અમારી ભ્રમણવૃત્તિ અમને અનેક દેશોમાં લઇ ગઇ છે. બીજા અનેક દેશોમાં અમારું કામ અમને લઇ ગયું છે. જ્યાં સામાન્ય રીતે ઓછા લોકો જાય એવાં બે દેશો સાથે અમારે વિશેષ લેણદેણ રહી છે-એક ઈરાન અને બીજું યુગોસ્લાવિયા. અમારી પ્રવૃત્તિ બદલાતી રહી, પરંતુ એક યા બીજા કારણે અમારું આ દેશોમાં જવાનું ચાલુ રહ્યું. ઈરાનની વાત ફરી ક્યારેક. સમગ્ર યુગોસ્લાવિયા વિશે પણ ક્યારેક. આજે તો માત્ર સ્લોવિનિયા અને ત્યાંથી જોડાયેલા તંતુએ વિશ્વરાજ મહેરાની વાત મનમાં ઊભરે છે.

લ્યુબ્લિયાનામાં આઈ. સી. પી. ઈ. નામની સંસ્થા. વિકાસશીલ દેશોનાં જાહેર સાહસોના ઉચ્ચ અધિકારીઓને તાલીમ આપવા સ્થપાયેલી. એ તાલીમની કક્ષામાં ભારત ઘણું આગળ હતું. પરંતુ એ જમાનામાં વિકાસશીલ દેશોને દરેક ક્ષેત્રમાં એક જુદો ચોકો ઊભો કરવાનો માહોલ હતો. એમ આઈ. સી. પી. ઈ. સ્થપાયેલું. એના ડિરેક્ટર હતા યુગોસ્લાવિયાના ભૂતપૂર્વ ડિપ્લોમેટ ઝીગા વોડુચેક અને બીજા મહત્ત્વના માણસ હતા આપણા પ્રેકસી ફર્નાન્ડીઝ, ફર્નાન્ડીઝ ૧૯૪૮, એટલે કે પહેલી બેંચના, આઈ એ એસ હતા.

૧ ઇન્ટરનૅશનલ સેન્ટર ફોર પબ્લિક ઍન્ટરપ્રાઇઝીઝ (આઈ. સી. પી. ઈ.) પાછળથી એ નામ બદલીને ઇન્ટરનૅશનલ સેન્ટર ફોર પ્રમોશન ઑફ ઍન્ટરપ્રાઇઝીઝ અપાયું. ૧૯૯૧થી સ્લોવિનિયા જુદું રાજ્ય છે. પરંતુ

૧૯૭૮માં એ યુગોસ્લાવિયાનો એક ભાગ હતું. નાનો પ્રદેશ-ગુજરાતના દસમા ભાગ જેટલો વિસ્તાર. વસતી ગુજરાત કરતાં ત્રીસમા ભાગની. યુગોસ્લાવિયાનાં બીજાં રાજ્યોની સરખામણીમાં સ્લોવિનિયા પૂર્વયુરોપીય દેશ કરતાં પશ્ચિમ યુરોપીય વધુ લાગે. પશ્ચિમે ઇટાલીને સ્પર્શે અને ઉત્તરે ઑસ્ટ્રિયાને. એ સ્પર્શની અસર લ્યુબ્લિયાના જેવાં શહેરોમાં એની ઇમારતો, રસ્તાઓ અને રૂપરંગમાં દેખાય. એ સ્પર્શ શહેરને નમણું બનાવે. બીજાં મોટાં શહેરોમાં-આવે દુબ્રોવ્નીક અને મારીબોર. દુબ્રોવ્નીક ભૂમધ્ય સમુદ્રનું વૅકેશન ગાળવાનું યુરોપનું પ્રિય સ્થળ. બોહીંજ અને બ્લેડમાં સૌંદર્ય નીતરે. અમે બધે ફર્યા. બોહીંજથી થોડે દૂર યીલીન નામના એક પાર્ટીઝા' અમને મળી ગયા. અમને જોઇને એ રાજી થયા. એમનાં અતિવૃદ્ધ માતાએ અમને પ્રેમવશ એક નાના પ્યાલામાં પ્લમ બ્રાન્ડી આપીને ગટગટાવી જવાનું કહ્યું. માદીકરો તો મજાથી પી ગયાં. ગટગટાવ્યા પછી અમને પેટમાં આગ લાગી તે અડધા કલાકે ટાઢક વળી.

શહેર સુંદર પણ લોકોની હાલત તત્કાલીન પૂર્વ યુરોપ જેવી. જીવનજરૂરિયાતની વસ્તુઓ માંડ મળે. સહેજ શોખ કરવો હોય તો ઇટાલી જવું પડે. દર શનિવારે સવારે ટ્રેન મોટા કદના પુરુષો અને તેમનાથી મોટા કદની સ્ત્રીઓને હાથમાં ખાલી થેલાઓ સાથે ખીચોખીચ ભરીને લ્યુબ્લિયાનાથી લઇ ત્રિએસ્ટ જાય અને સાંજે ત્રિએસ્ટ શૉપિંગ કરીને એ મોટા કદના માનવીઓ ઉપરાંત મોટા કદના ભરેલા થેલાઓ લઇને સાંજે પાછાં ફરે. અમે એ કાફલામાં બે વાર ગયેલા. ત્રિએસ્ટથી વેનિસ જઇને ટીન્ટોરેકો અને ટિશિયનનાં ચિત્રો ધરાઇને જોઇને સાંજે એ જ ટ્રેનમાં ભીંસાઇને રોટલો બનીને પાછા ફરેલા. સવારે ટ્રેન ઊપડે ત્યારે ચોખીચણાક, સાંજે પાછી ફરે ત્યારે સંતરાંની છાલ, મગફળીનાં ફોતરાં વગેરે ચારે તરફ વેરાયેલાં જોવા મળેલાં અને વતનની યાદ આવી જાય.

લ્યુબ્લિયાનામાં શહેર મધ્યે સેસ્ટિયા નામની એક મજાની રેસ્ટોરાં હતી. બધું ડિઝાઇનર, પણ એની બાંધણી તબેલા જેવી. વાસ્તવમાં એ તબેલો જ હતો. મધ્યયુગમાં યુરોપમાં જ્યારે ચાર ઘોડાવાળા સગરામમાં ટપાલ જતી ત્યારે દર ૧૬ માઇલે વિસામાનું એક સ્થાન આવે. ત્યાં ઘોડા અને માણસો બદલાય અને ટપાલની આપ-લે થાય. સેસ્ટિયા એટલે એ ટપાલયાત્રામાં સોળમા નંબરનો પડાવ. શહેરની વચ્ચે આવી મોંઘી જમીન તબેલા જેટલી જગ્યા રોકે એ જમીનના દલાલોને માટે લોભામણી સ્થિતિ હતી. આપણે ત્યાં બને છે તેમ હેરિટેજના નિયમોને નેવે મૂકી મ્યુનિસિપાલિટીએ સેસ્ટિયાને તોડી પાડવાની પરવાનગી આપી. અમે ત્યાં જમવા ગયા ત્યારે સેસ્ટિયાની વાત સાંભળી. બીજે જ દિવસે સ્લોવિનિયાના ગવર્નર અને 1 સૈનિક તરીકે નાઝી બળોનો પ્રતિકાર કરવા ટિટોએ તૈયાર કરેલ દળના સ્વેચ્છાએ જોડાયેલ લોકો.
ભારતના મિત્ર વ્રતુશાએ અમને જમવા નૌતાં હતા. અમે તક જોઇને વ્રતુશાને સેસ્ટિયાની વાત કરી. એમણે તરત સેસ્ટિયાને બચાવવાનો હુકમ છોડ્યો. ત્યાર પછી અમે જ્યારે જ્યારે લ્યુબ્લિયાના જતા ત્યારે રોસ્ટિયામાં અચૂક ભોજન લેતા. અને એના માલિક અમારી પારોથી ધરાર પૈસા ન લે.

લ્યુબ્લિયાનામાં અમારા ઇન્સ્ટિટટ્યૂટનો કોર્સ પૂરો થયો ત્યારે એના ડિરેક્ટર ઝીંગા વોડુચેક કોર્સમાં ભાગ લેનારા અને બીજા સદ્ગૃહસ્થોને અને સન્નારીઓને નિમંત્રિત કરીને વિદાયસમારંભ ગોઠવ્યો. પહેલાં ઝીંગા બોલ્યા. અને અમારી સૌની સફળતા માટે ટોસ્ટ ધર્યા. પછી બીજા બોલ્યા. બહારથી આવેલા બધા વતી અમને જવાબ આપવાનું ઇજન મળ્યું. અમે થોડી ઔપચારિક વાત કર્યા પછી કહ્યું કે અહીંની સ્મૃતિમાં અમે પાર્ટીઝાં વીલીન અને એની માતાને લઇ જઇએ છીએ. ઝીગા પોતે ટિટોના સાથી તરીકે પાર્ટીઝાં હતા. એ ગદ્ગદ થયા. પછી અમે બોહીંજ અને બ્લેડનું સૌંદર્ય સાથે લઇ જઇએ છીએ તે કહ્યું. સેસ્ટિયાની એ તબેલાની સ્મૃતિ લઇ જઇએ છીએ. ઝીંગાને એ વાતની ખબર હતી. અને છેલ્લે સ્લોવીન ભાષાના ઓગણીસમી સદીના કવિ ફ્રાંસ પ્રિસરેં, જેનું પૂરા કદનું બાવલું શહેરના મુખ્ય બાગમાં હતું. તેની સામે બાંકડે બેસી અમે એમની કવિતાઓનો પાઠ કરેલો એની વાત કરી. એક કવિતા કંઠસ્થ કરી હતી તે સંભળાવી.

God's blessings on all nations Who long and work for that bright day,

when o'earth's habitations

No war, no strife shall hold its sway;

Who long to see

That all men free

No more shall does, but neighbours be.

At last to our reunion

To us the toast! Let it resound,

Since in this gay communion

By thoughts of brotherhood were bound.

May joyful cheer

Never disappear

From all good hearts now gathered here.

ઝીગા અને અન્ય સ્થાનિક લોકો ભાવવિભોર થયા. કેટલાકની આંખો ભીની થઈ. પ્રેકસી ફર્નાન્ડીઝ અમને ભેટી પડયા. ઇગોર તો એટલો ઉત્તેજિત થઈ ગયો કે એના કોટની બાંયને ગોળ ગોળ ફેરવીને ઉપર લેતો ગયો. અમે જ્યારે પૂરું કર્યું ત્યારે ઇગોરે ગમે તેમ કરીને બાંય છેક ખભા સુધી ચડાવેલી જેના વિશે એનું ધ્યાન પણ ન હતું. અમે સૌની કામયાબી માટે ટોસ્ટ ધર્યા. ફતેહસિંહરાવ ગાયકવાડે તેમના પ્રપિતામહ સયાજીરાવ ત્રીજાનું જીવનચરિત્ર

લખેલું. તેમણે એ પુસ્તકની પ્રસ્તાવના લખવા બે ભાગમાં ટાઇપ સ્ક્રિપ્ટ મોરારજીભાઇને આપેલી. મોરારજીભાઇએ એનો ડ્રાફ્ટ કરવા અમને આપી. લ્યુબ્લિયાનામાં અમારી પાસે સમય હતો તેથી એનો બરાબર અભ્યાસ કર્યો. સરળ ભાષામાં લખાયેલ એ પુસ્તક સયાજીરાવનું સુંદર પણ તટસ્થ આલેખન કરે છે. વિનોદ પણ સ્વાભાવિક રીતે આવે. અમને આ જીવનકથા બહુ ગમી તેથી ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં અમે એનું મૂલ્યાંકન કર્યું. અમને લાગેલું કે પ્રસ્તાવના સરસ લખાઈ છે. પાછા આવ્યા બાદ મોરારજીભાઈએ વાંચી અને કશી છેકભૂંસ વગર સહી કરી. ફતેહસિંહરાવને એ મોકલાય તે પહેલાં પ્રસ્તાવના શંકરસાહેબના હાથમાં આવી ગઈ. કોઇ પણ રજવાડી વિષયનો એમનો ઇજારો. ચોપડી ઘેર લઈ ગયા અને બીજે દિવસે વિક્ટોરિયન અંગ્રેજીમાં નવી પ્રસ્તાવના લખી. શંકરસાહેબ અમારા ઉપરી તેથી એમની પ્રસ્તાવના સ્વીકારાઈ. અમે એમ માનતા રહ્યા કે અમે સયાજીરાવનું સરસ રીતે મૂલ્યાંકન કરેલું. શંકરસાહેબની પ્રસ્તાવના લેખક પાસે ગઈ. પ્રકાશનમાં કંઈક વિલંબ થયો અને એમાં જનતા સરકાર પડી. પછી લેખકને માજી વડા પ્રધાનની પ્રસ્તાવનાની જરૂર ન રહી. અમારો તેમજ શંકરસાહેબનો પ્રયાસ એળે ગયો અને બંને પ્રસ્તાવના રહી સરકારી દફતરે.

લ્યુબ્લિયાનામાં કેટલાય મજાના માણસો મળ્યા. જયંત અને કોકિલા ગોસળિયા, વિશ્વરાજ મહેરા, મરિકા સ્મોડીસ, ઝીગા વોડુચેક, પ્રેકસી ફર્નાન્ડીઝ વગેરે. એમાંથી કોકિલા ગોસળિયા અને વિશ્વરાજ મહેરાની વાત કરીએ. મહેરા વસેલા હોલૅન્ડમાં. પરંતુ અમારો પરિચય લ્યુબ્લિયાનામાં થયેલો.

લ્યુબ્લિયાનામાં અમને કોકી-ઉચ્ચાર કરે કોકી-મળી ગઈ. કોકિલા અને જયંત ગોસળિયા એ અજાણ્યા શહેરમાં એકલા ભારતીય. જયંતભાઈ પણ લ્યૂબ્લિઆના સાથે જ આવેલા. જયંતભાઈના મોટા ભાઈ નાનુભાઈ જર્મનીમાં માનહાઈમમાં કામ કરતા હતા. (માનહાઇમ ઔદ્યોગિક નગર છે તેથી એમાં અમારું ચિત્ત નહીં ચોંટેલું. પરંતુ નજીકના હાઇડલબર્ગ નગરે અમને જીતી લીધેલા). માનહાઇમમાં સ્થાયી થવાની અનુકૂળતા નહીં હોય તેથી જયંત-કોકી અને એમનો નાનો બાબો લ્યુબ્લિવાના આવ્યાં હશે. જયંતભાઈને ત્યાં ગોઠ્યું નહીં અને કોકીબહેનને ગોઠી ગયું. જયંતભાઈ પાછા મુંબઈ આવ્યા. એમ બંને છૂટાં પડ્યાં. બાબો રહ્યો જયંતભાઈ પાસે. સાદી, હસતી, શામળી, શરીરે તંદુરસ્ત કોકિલા ત્યાં એક સરકારી એમ્પોરિયમમાં કામ કરે. ક્યારેક સ્થાનિક ટીવી પર 'ઇન્ડિયા' વિશે વાત કરે—જેથી એનો ચહેરો ગામમાં જાણીતો-ત્યાંની જીવનશૈલી અપનાવી લીધેલી તેથી સ્કીઇંગ કરે, શહેર નજીકનાં પર્વતીય જંગલોમાં અમને હેઝલનટ વીણવા લઇ ગયેલી. ત્યાં સૌને પ્રિય અમારે વતનનું કોઈ મળ્યાનો રાજીપો. એના હરખનો પાર નહીં. અમે કહીએ ત્યારે હાજર. થોડો વખત એકલાં રહ્યાં પછી એમનાથી દશેક વર્ષે નાના સ્લોવીન છોકરા સાથે લગ્ન કર્યાં. અમે ફરી લ્યુબ્લિયાના ગયા ત્યારે નાના કંદોરાબંધ દીકરાને કોકીબહેન રમાડતાં હતાં. અમે પૂછ્યું: તારાં સાસુ-સસરા તને કેમ સાચવે છે? તો કહે કાયમ વરસેલા રહે છે. ફરી વાર ત્યાં ગયા ત્યારે એને નોકરીમાં સારી બઢતી મળેલી અને પોતાનો ફ્લેટ પણ લીધેલો. એ ગુજરાતી છોકરી મસ્તીથી સ્લોવીનિયન બનીને રહી અને નીલા અને હું છેલ્લે ત્યાં ગયાં ત્યારે રાજી થઇને અમને વળગી પડેલી તે છોડે નહીં.

લ્યુબ્લિયાનાના પ્રથમ વાસે અમને એક નવી દુનિયામાં પ્રવેશ કરાવેલો. કોકી અને જયંતે અમને વિશ્વરાજ મહેરાનો પરિચય કરાવ્યો. એ ત્યાં કોઇ પરિસંવાદમાં પેપર વાંચવા આવેલા. એ પહેલાં તે લ્યુબ્લિયાનામાં ભણેલા. જોતાં જ ગમી જાય એવો આદમી. સરનામાંની આપલે થઈ.

ત્યાર પછી યુરોપનો પ્રવાસ કરતાં અમે હોલૅન્ડ જવાનું નક્કી કરેલું. લ્યુબ્લિયાનામાં થયેલી અલપઝલપ ઓળખાણે અમે એમને કાગળ લખ્યો. તરત જ જવાબ કે એમ્સ્ટરડામ સ્ટેશને હું લેવા આવીશ. અમે મળેલા પરંતુ નીલાને એ પહેલી વખત મળ્યા. એમના વિશે અમને એટલી ખબર હતી કે તેઓ ચિત્રોના રિસ્ટોરર છે.

સ્ટેશન પર મળ્યા પછી જુગજૂના મિત્રો હોઈએ એમ ભેટી પડેલા. પચાસેકની ઉંમર હશે, પણ ફૂટડા અને બધી રીતે સ્માર્ટ, ૪૦થી વધારે ન લાગે. કહે, કુસુમને આવવું હતું. પણ ન આવી શકી. જૂની ભાઇબંધી હોય તેમ એ વાતે વળગ્યા. અમારા વિશે પૂછ્યા કરે. એમની સ્પોર્ટ્સ કારમાં એમ્સ્ટરડામ વીંધીને અમને ગામ બહાર લઈ ગયા ત્યારે થયું કે આટલે દૂરથી બધે ફરવા કેમ જવાશે?

વિશ્વા અમને એમને ઘેર નાર્કેન લઇ ગયાં. સરસ મજાનું ઘર, મોટું પણ નહીં અને નાનું પણ નહીં. ઘરની પાછળ એક નહેર જેવી નદી વહે. પાછલા કમ્પાઉન્ડમાંથી નદીમાં પગ ઝબોળાય. વળી આ શોખીન માણસે એક હોડી પણ રાખેલી એટલે એમાં સેર કરવા જવાય. નાર્દેન એમ્સ્ટરડામના માલેતુજારોનું એક પરું. ત્યાં કોઇ રેંજીપેંજીને જમીન ન આપે. ત્યાં ઘર લેવા કે બનાવવા માટે બર્ગોમાસ્ટરની પરવાનગી જોઇએ.

કુસુમ મૂળ પંજાબી (કુસુમ મારવાહ) પણ ઊછરેલાં નાગપુરમાં. અને પડોશમાં કોઇ ગુજરાતી રહેતા એટલે તો પિયરના પાડોશી આવ્યા હોય એમ અમારી સાથે વાતો કરે. તાન્યા અને સુમીત નાનાં હતાં.વિશ્વા કહે ચાલો તમને નાર્દેન બતાવું. એ નાનકડા ગામમાં ચાલતાં જે કોઈ સામે મળે તે વિશ્વાનું આદરથી અભિવાદન કરે. અમને એનું જરા કૌતુક થયેલું પણ ચૂપ રહ્યા. પછી એ અમને ત્યાંના દેવળમાં લઈ ગયાં. દેવળની ઊંચી અર્ધગોળાકાર છત ઉપર સિસ્ટાઇન ચેપલ પ્રકારનાં ચિત્રો. માઇકલએન્જેલો સાથે તો ન સરખાવાય પણ ચિત્રો ઘણાં સુંદર હતાં. આપણી ડોક દુખે છતાં જોયાં કરીએ. અમે થાક્યા પણ નીલા જોયા જ કરે.

પછી વિશ્વાએ વાત માંડી. તેરમી સદીના એ દેવળની અર્ધગોળાકાર છત ઉપરનાં ચિત્રો તદ્દન બિસ્માર હાલતમાં હતાં-ક્યાંક રંગ ઊખડી ગયેલો, ક્યાંક સાવ ઝાંખો પડેલો. વાર્તા સમજાય નહીં અને પાત્રો ઓળખાય નહીં. નાર્દેનની મ્યુનિસિપાલિટીએ એને રિસ્ટોર કરવાનું નક્કી કર્યું. રિસ્ટોરરની શોધ કરતાં વિશ્વા ઉપર કળશ ઢોળ્યો. બર્ગોમાસ્ટરે પોતે એ કામ માટે એમને ખાસ નિમંત્રણ આપ્યું. વિશ્વાએ પહેલાં તો જૂના નકશાઓનો અભ્યાસ કર્યો.

પછી તેર માસ સુધી ચાલીસ ફૂટ જેટલા ઊંચા માંચડા પર ચત્તા સૂઈને એ ચિત્રોને મૂળ જેવાં કર્યો. એમાં બ્લોટોર્ચનો ઉપયોગ પણ કરવો પડે, જેનું જોખમ ઘણું. છેલ્લે એને આખરી ઓપ આપવાનું કામ જોખમી હતું. બર્ગોમાસ્ટરે નાર્દેન ગામની ફાયરબ્રિગેડ, ઍમ્બ્યુલન્સ, ડૉક્ટરો અને બચાવની ટુકડીને દેવળ આસપાસ તહેનાત કર્યાં. ગામ આખું ઊમટ્યું. સતત ચોવીસ કલાકે વિશ્વાએ કામ પૂરું કર્યું. એ દરમિયાન દર કલાકે બર્ગોમાસ્ટર કુસુમને ક્ષેમકુશળના સમાચાર આપ્યા કરે. નાર્દેનમાં જગ્યા ખરીદવાની છૂટ આપી. નાગરિકસન્માન કર્યું. ત્યારે અમને રસ્તામાં નાના મોટા સૌ એમનો આદર કે અભિવાદન કેમ કરતા હતા એ પ્રશ્નનો ઉત્તર મળી ગયો. ઘરે આવ્યાં ત્યારે ભાવતું ભોજન તૈયાર હતું.

પછી અમે વિશ્વાની પ્રવૃત્તિ વિશે પૂછવા માંડ્યું. એમણે કલકત્તામાં કળાના ઇતિહાસનો અભ્યાસ કરીને વધુ ભણવા વિયેના અને પછી લ્યુબ્લિયાનાનો માર્ગ લીધો. રિસ્ટોરેશનનું શીખ્યાં. કળાના ઇતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો. ડચ સરકારની નોકરીમાં જોડાયાં. જેમ જેમ એમની નામના થતી ગઈ તેમ તેમ એ યુરોપમાં જાણીતાં થતાં ગયાં. ત્યાંની યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે જતા થયા. ઇક્રોમ જેવી સંસ્થાઓ એમને નિમંત્રણ આપતી થઈ. એમ્સ્ટરડામના મ્યૂઝિયમમાંથી રેમ્બ્રાના ‘નાઇટ વૉચમૅન’ ચિત્રને ફાડીને કોઈ લઈ ગયેલું ત્યારે વિશ્વાના વિગતે ઇન્ટરવ્યૂ લેવાયા કે ચિત્રનો ટુકડો મળે તો શું? ન મળે તો નકલ થઈ શકે? ક્યાંક વેચાય તો એની ભાળ મળી શકે? ટૂંકમાં હોલૅન્ડમાં એ ખૂબ જાણીતાં થયા. ડચ સરકારે એમને વાન ગોગનાં ચિત્રોનો અભ્યાસ કરવાનું કહ્યું. એમના રંગમેળવણીના ઊંડા અભ્યાસે એ મહાન કલાકારની કૃતિઓની પૂરી પ્રક્રિયા એ સમજી શકેલાં. ક્યારે એમના ભાઈ થિયોએ એ ચિત્ર જોયું અને એને પરિણામે એ ચિત્રમાં શા ફેરફાર કર્યા એ બધું મહેરા કહી શકે. નકલને પણ પકડી પાડે. એમનો આ રિપોર્ટ યુરોપ અને અમેરિકાના કળાબજારમાં વિસ્ફોટક નીવડે તેવો હતો તેથી ડચ સરકારે એ રિપોર્ટ દબાવી દીધો અને વિશ્વાને મોઢે તાળું માથુ

વિશ્વાની રિસ્ટોરર તરીકે યુરોપમાં નામના હોવા છતાં ભારતમાં એમના સહધર્મીઓએ એમની ગણના ન થાય તે સફળતાપૂર્વક ગોઠવ્યું. એમની ઈર્ષ્યા તો એવી કે છેક ઇક્રોમમાં જઈને પણ કહી આવે કે મહેરા તો કશી જવાબદારી લેવા તૈયાર નથી. વિશ્વાના ભારતના અનુભવો પણ બહુ સારા ન હતા. અહીં આવે ત્યારે કોઈ માંદું પડે, કોઈની આંગળી પંખામાં આવી જાય, કંઈક ચોરાઈ જાય. તેમ છતાં એનો ભારતપ્રેમ એવો ને એવો જ. એટલે સુધી કે નાર્દેનમાં રહેતાં હતાં ત્યારે સાયગલની રેકર્ડ સાંભળતાં સાંભળતાં એ રડી પડે અને છેવટે એ રેકર્ડ ઘર પાછળની નદીમાં પધરાવી દીધી.

લ્યુબ્લિયાનાથી શરૂ થયેલો અમારો સંબંધ ચાલુ રહ્યો. દિલ્હી આવે ત્યારે અમારે ત્યાં રહેવાનું. ૧૯૯૪માં વડોદરા મ્યૂઝિયમની શતાબ્દી વખતે યુરોપિયન આર્ટ ગૅલેરીનાં ચિત્રોમાં મૂળ અને નકલ વિશે ખાતરી કરવા અને અન્ય બે નિષ્ણાતોની સાથે એમને પણ નોતરેલા. વિશ્વા વડોદરામાં રહ્યાં, પણ મ્યૂઝિયમના ડિરેક્ટરે એમને અને અન્ય નિષ્ણાતોને કોઈ રીતે સહકાર ન આપ્યો. ચિત્રો નીચે ઉતારીને જોવાની તક પણ ન આપી. વડોદરાના મ્યૂઝિયમને એમનો કોઈનો લાભન મળ્યો અને વિશ્વા અને બીજા નિષ્ણાતો હાથ ઘસતાં પાછા ગયેલાં. ૮૦ વટાવ્યા છતાં હજુ પણ એમને તક મળે તો એ વતનમાં આંટો મારવાનું બહાનું શોધે.

ઈશાને

ભારતના ઈશાન ખૂણાનું અમને કંઈક અકળ આકર્ષણ રહ્યું છે. અમે ભણી રહ્યા પછી ત્યાં જઈને કામ કરવાની ઇચ્છા થયેલી, વળી ડૉક્ટરલ થીસિસ પણ નાગ અથવા મિઝો જાતિ ઉપર કરવાનો મનસૂબો હતો. ઘણા તુક્કાઓની જેમ એ તુક્કાઓ પણ હવામાં રહ્યા. છતાં ઈશાની ખેંચાણ અમને એ દિશામાં ખેંચતું રહ્યું જુદી જુદી ફરજોને મિષે ફરી ફરીને અમે એ દિશે ખેંચાતા રહ્યા. અમને સાત ઈશાની બહેનોનો સંપર્ક ઠીકઠીક રહ્યો. ત્યાં જઈએ ત્યારે એક બાજુ આઓ, અંગામી, મિઝો, ખાસી, વગેરે જાતિઓની અને બીજી બાજુ આસામ, મણિપુર અને ત્રિપુરાની ભાતીગળ સંસ્કૃતિઓનો જાતઅનુભવ કરીએ. ત્યારે મન પ્રસન્ન થાય. ત્યાંનાં

સ્થળનામો-દુલિયાજાન, દિબ્રુગઢ, નહારકાટિયા, બોંગાઇગાંવ, ચુરાચાંદપુર, મોકોકચુંગ, ચુચુયિમલાંગ, આઇઝોલ વગેરે નર્યાં રોમાંચક લાગે. એ સભ્યતાઓમાં સ્ત્રીઓનું ગૌરવવંતું સ્થાન, લોકોનું શરીરસૌષ્ઠવ, આત્મગૌરવ, નિર્ભયતા, સાચુકલાપણું, સાહજિક કળા વગેરે જોતાં મન ભરાઇ જાય.

સાથે સાથે મન ભરાઇ પણ આવે. આવા રળિયામણા પ્રદેશો, વિકસિત સમાજવ્યવસ્થા અને ભાતીગળ લોકો પ્રત્યે દેશે જે દુલક્ષ્ય સેવ્યું છે એનો બચાવ કોઇ પણ રીતે કેમ થઇ શકે?

ઈશાન ખૂણો દિલ્લીને જરા ત્રાંસો પડે છે તેથી ક્યારેક એના તરફ તીરછી નજર જાય છે પરંતુ મોટે ભાગે એ ખૂણો નજરઅંદાજ થાય છે. સ્વતંત્રતા પછી દેશના કોઈ નેતાને-જવાહરલાલ નેહરુને બાદ કરતાં-આ વિસ્તારમાં જવાની તો વાત છોડો પરંતુ ત્યાંની વાત સમજવાની પણ ફુરસદ નથી મળી. રાજકીય નેતાગીરીમાં જો આ સભાનતા ન હોય તો અધિકારીગણ તે દિશામાં શા માટે જુએ? આ પરિસ્થિતિએ સાત ઈશાની રાજ્યોના વિકાસ અને વહીવટને કાળક્રમે એવા તો કથળાવ્યા કે આપણો ભ્રષ્ટાચાર પણ એ ચોખ્ખા લોકોને આભડી ગયો. એક ભલા, ચોખ્ખા, ગૌરવવંતા લોકો તરફ માત્ર ધનનો ધોધ વહેવડાવવાથી બધું થઇ જશે એવી ભૂલ ભરેલી માન્યતાને કારણે આપણે એમને વેગળાં કર્યાં, છેડ્યાં અને કાંઇક અંશે મૂલ્યભ્રષ્ટ પણ કર્યાં.
જે નવા વડા પ્રધાન આવે તે ધોરણસર એક વખત ઈશાનયાત્રા કરે સાથે ભેટસોગાદના કોથળા ભરીને જાય સાન્તાક્લોઝના એ કોથળામાંથી કોઈને રેલવે, કોઇને ઉદ્યોગ, કોઇને શિક્ષણકેન્દ્ર-સૌને માટે વિકાસયોજનાઓ, આવાસો, બંધો, જળાશયો-એમ તરેહ તરેહની ભેટોની જાહેરાત કરે. મોટા નેતા પાછા દિલ્લી પધારે પછી બધું રાબેતા મુજબ. ધનના પ્રવાહમાં સ્થાનિક નેતાઓ તણાય. એક મુખ્યમંત્રીએ એમના કાર્યકાળ દરમિયાન ૨૬૦૦ કરોડ રૂપિયા એકઠા કર્યાની વાત એ જ પ્રદેશના ગવર્નરે અમને કહેલી. બીજા એક ગવર્નરે અમને કહેલું કે એમના મુખ્યમંત્રીના પરિવારમાં નવ મર્સિડીઝ ગાડીઓ છે.

અમે ઈશાની પ્રશ્નોમાં થોડો રસ લઇએ એટલે અમે ઉભયપક્ષે પૂછવાનું ઠેકાણું થઇ ગયા. એમ કરતાં અમે ઈશાની નિષ્ણાત હોઇએ તેવી માન્યતા વગદાર માણસોમાં પણ પ્રસરી. એનું કારણ અમારી ઈશાન દિશાની કોઈ અસામાન્ય સમજ કે દૃષ્ટિ હતાં એવું ન હતું. માત્ર એ વિસ્તાર પર સમગ્ર દૃષ્ટિએ વિચારનાર જૂજ અધિકારીઓ હતા એમાં અમે પૂછવા ઠેકાણું બન્યા.

આ ખેદજનક સ્થિતિ માટે અનેક કારણો છે.

એક, પંડિતજીને આ પ્રદેશ માટે લગાવ એ ત્યાંના પ્રશ્નો સમજી શકે અને ઈશાનીઓને પણ એમનામાં વિશ્વાસ પરંતુ પંડિતજીને હંમેશાં એમ લાગેલું કે એમના સાથીઓ કે અનુગામીઓમાં કોઇ એવું નથી જે આવા પ્રશ્નો સમજી શકે.

ઈશાની ક્ષેત્રે દેશની રાજકીય નેતાગીરીમાં સજ્જતાના અભાવની અસર વહીવટી ક્ષેત્રે પણ થઈ. આસામમાં જ્યારે વિદ્યાર્થીઆંદોલને જોર પકડયું. વ્યાપક થયું અને હિંસક પણ બન્યું, ત્યારે ત્યાંની પરિસ્થિતિને ગવર્નર બરાબર સમજતા હતા અને દિલ્લીનો ટેકો ઝંખતા હતા. પરંતુ દિલ્લીને આસામ ત્રાંસું પડે. એક વખત જ્યારે બંધનું એલાન અપાયેલું અને બંધ હિંસક થાય એવાં એંધાણ હતાં ત્યારે શિલોંગના પીઢ વહીવટકર્તા એ ગવર્નરને દિલ્લી બોલાવવામાં આવેલા. તત્કાલીન ગૃહમંત્રીએ એમને પહેલો જ સવાલ પૂછેલો: “આપ છે સો આઠસો લોગો કો ગોલી સે ક્યોં નહીં માર દેતે? યે સબ બંધ હો જાયેગા." ગવર્નરે કંઇક વ્યથિત હૃદયે ઉત્તર આપ્યો: “પૂર્વનિર્ધારિત સંખ્યામાં માણસોને ગોળીએ દેવાનો હુકમ હું ન આપી શકું. એમ ન જ થઇ શકે.” ત્યાર પછી વડા પ્રધાને એક નજરે ગૃહમંત્રીને ચૂપ કર્યા.

બીજું, સરહદી વિસ્તારોના વહીવટનું મહત્ત્વ અંગ્રેજો સમજતા હતા તેથી ખાસ પસંદ કરેલા આઇ સી એસ અધિકારીઓને ત્યાં મોકલવામાં આવતા. પંડિતજીએ જોયું કે આઇ સી એસના અનુગામી આઇ એ એસથી આ કામ નહીં થાય તેથી તેમના સમયમાં Indian Frontier Administration Serviceનું ગઠન થયું. જુદા જુદા

ક્ષેત્રોમાંથી પસંદ કરીને યોગ્ય ઉમેદવારોને એમાં નિમણૂક આપી. એમાં સેનાના અધિકારીઓ પણ ખરા. જો એ વિસ્તારના કોઈ મળી જાય-જેવા કે મેજર રાલેંગાવા (બૉબ) ખતીંગ —તો એમને પણ એમાં સમાવ્યા. આ અધિકારીઓને સરહદનું જ્ઞાન આપવામાં આવતું. ત્યાં રહેતા લોકો અને જનજાતિઓ, એમના રીતિરિવાજ, રીતભાત, સમાજવ્યવસ્થા તેમ જ ન્યાયપરંપરા વિશે સમજ કેળવવામાં આવતી. વળી, એમને એક સ્થાનિક ભાષા પણ શીખવી પડતી લોકો દૂર સુદૂર રહે તેથી તેમની સાથે સંપર્ક રાખવા સતત 'ડિસ્ટ્રિક્ટ'માં રહેવા માટે પણ સજ્જતા કેળવવી પડતી. આ અધિકારીઓ સ્થાનિક લોકો સાથે સંપર્ક રાખતા. આમાંના એમ. એલ. કંપાણી, પી. પી. શ્રીવાસ્તવ, એસ. સી. દેવ જેવા કેટલાક અધિકારીઓ અમારી નિકટ હતા. એસ. સી. દેવની વાત આપણે પછી કરીશું.

પંડિતજીના ગયા પછી દિલ્લીની રાજકીય અને સનદી નેતાગીરીએ આ વિશિષ્ટ સેવા કરતા અધિકારીઓની અવગણના કરી અને પછી સમય જતાં એને આઇ એ એસમાં ભેળવી દીધા એનું ઊંડું દુઃખ, ઊંડા જખમ આઈ. એફ. એ. એસ.ના બે અધિકારીઓની સાથે એક સાંજે બેઠા હતા ત્યારે અમે અનુભવેલાં ઇન્ડિયન ફ્રન્ટિયર ઍડ્મિનિસ્ટ્રેટિવ સર્વિસને નાબૂદ કરીને આઇ એ એસમાં ભેળવી દેવાથી દેશને કેટલું નુકસાન થયું એની જવાબદારી કોને શિરે? જે ફાઈલમાં આ નિર્ણય લેવામાં આવેલ તે ફાઇલ મેળવવા અમે પ્રયત્ન કરેલો. કઈ દલીલોનો ઉપયોગ કરીને આવો મહત્ત્વનો નિર્ણય લેવાનો પ્રસ્તાવ થયો અને કઈ રાજકીય નેતાગીરીએ એ પ્રસ્તાવને બહાલી આપેલી એ જાણવા અમે ફાઇલ શોધવા મથામણ કરેલી, પરંતુ અમને તે ફાઇલ નહીં મળેલી એ ફાઇલ જોવી તો જોઈએ જ.

આ વિશિષ્ટ સેવાને નાબૂદ કરીને આઇ એ એસનાં નાનાં નાનાં કેડર બનાવાયેલાં. જે કોઈની વગ હોય તે વહેલી તકે દિલ્લી કે બીજે ક્યાંક ડેપ્યુટેશન ઉપર ઊપડી જાય. અમારા દિલ્લી નિવાસ દરમિયાન આવા ઘણા અધિકારીઓ જોયા છે અને એમની બદલીની માગણીઓ સાંભળી છે.

ત્રીજું, જેવું રાજકીય અને સનદી સેવાના નેતૃત્વનું વલણ નીવડ્યું તેવું જ સ્વૈચ્છિક સેવાના ક્ષેત્રે પણ થયું. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અથવા હૅન્ડલૂમ બોર્ડ જેવી સરકારી સંસ્થાઓએ ત્યાં રૂબરૂ ન જતાં, પ્રોજેક્ટોને મંજૂરી આપી ગ્રાન્ટો આપી. એમાં કાંઇક કામ થયું, પરંતુ હસ્તઉદ્યોગના વિકાસ માટે જે વાતાવરણ બંધાવું જોઈએ તેવું બન્યું નહીં. બાકી, સમગ્ર દેશની મોટી સ્વૈચ્છિક કાર્યપદ્ધતિ આકાર પામતી ગઈ અને વિકસી પણ ખરી. એકમાત્ર અપવાદ તે નટવર ઠક્કર. એમની વાત આગળ ઉપર કરીશું.

ચોથું, ઈશાની રાજ્યોના પ્રશ્નોના નિરાકરણ માટે લાંબા ગાળાની યોજના થાય ખરી, પણ એને અમલમાં મૂકનારા ન ટકે. બહુ ભીંસ આવે ત્યારે કાંઈક નવી જાહેરાત થાય. આવી જ ભીંસ આવી ત્યારે નૉર્થ ઈસ્ટર્ન કાઉન્સિલની સ્થાપના થઈ. દિલ્લીમાં જેમને સચિવ ન બનાવી શકાય તેમને નૉર્થ ઈસ્ટર્ન કાઉન્સિલના વડા બનાવાય. ઈશાને આપેલી શૈક્ષણિક સંસ્થાઓ—નોર્થ ઈસ્ટ હિલ યુનિવર્સિટી, નાગાલૅન્ડ યુનિવર્સિટી, આઈ. આઈ. ટી., અગરતલાનું કેઇન અને બામ્બુ ઇન્સ્ટિટ્યુટ-ને વિકસાવવામાં પણ આપણે ઊણા ઊતર્યા છીએ.

ઈશાનની અવગણનાનો અમારો પોતાનો અનુભવ કહીએ. મણિપુરને ૧૦૦૦ લાઇનની ઇલેક્ટ્રૉનિક ટેલિફોન લાઇન પ્રાયોરિટી પ્રમાણે આપવાનું નક્કી થયેલું. હિંદુસ્તાન ટેલિપ્રિન્ટર્સમાં અમારા ઓળખીતાને પૂછતા રહીએ જેથી નવી લાઇન તૈયાર થાય ત્યારે આપણને જાણ થાય અને મણિપુર મોકલીએ. એ લાઇન જેવી તૈયાર થાય કે તરત જ કોઈ પ્રધાન એને હાઇજેક કરી જાય. અમે ઊંચા નીચા થઈએ. પણ પી. ઍન્ડ ટી.વાળાનું કોણ સાંભળે? આમ છ લાઇનો હાઇજેક થઈ ત્યારે મણિપુરને એ મળી.

હવે ઈશાની રાજ્યો અને પ્રજાઓને સમજવા માટે ત્રણ દૃષ્ટાંત જોઈએ. બે તો અમારા મિત્રોએ કહેલાં છે અને એકની અમને ખુદને સારી એવી જાણ છે અને એ હકીકતના નાયક નીચે પાછળથી અમે કામ કરેલું.

तवांगः

અમારી ઈશાની યાત્રાઓ અને એને લગતાં કાર્યોએ કેટલાક સંપર્કો અને સંબંધો થયેલા. કેટલાક પરોક્ષ પણ હતા. ખેદ છે કે સ્થાનિક લોકો સાથેના સંબંધો કાળક્રમે ન ટક્યા. અમને સ્પર્શી ગયેલા બધા સંબંધો કે બનાવોની વાત ન કરતાં ઈશાનની આપણે કેવી અવગણના કરી છે એની ઝાંખી થાય તે માટે ત્રણ નમૂના પસંદ કર્યા છે.

પહેલું સ્મરણ થાય છે જયરામદાસ દોલતરામનું. કારકિર્દીના આરંભે અમે એમના વડપણ નીચે ક્લેક્ટેડ વર્ક્સમાં કામ કરેલું. તેથી એ સજ્જનનો અમને ઠીક ઠીક પરિચય થયેલો. આમ તો અઠ્યાવીસ વર્ષના જયરામદાસે અમૃતસર કોંગ્રેસમાં પડેલી મડાગાંઠ એમની એક ચિઠ્ઠીથી ઉકેલાયેલી એનો ઉલ્લેખ ગાંધીજીએ એમની આત્મકથામાં કરેલો છે. તેથી એ નામ અજાણ્યું તો ન હોય. પહેલાં કેન્દ્રમાં અન્નપ્રધાન રહ્યા, પછી બિહારના ગવર્નર થયા અને ત્યાર બાદ આસામના ગવર્નર તરીકે ૧૯૫૦થી ૧૯૫૬ સુધી રહ્યા. એમનો ક્લેક્ટેડ વર્ક્સનો સમય ત્યાર પછીનો.

અભ્યાસુ માણસ એટલે શિલોંગ રાજભવનમાં વાંચતાં અને વિચારતાં એમને લાગ્યું કે જેના તાબામાં તવાંગ હોય એ ઈશાન ઉપર વર્ચસ્વ ધરાવે. પણ ૧૯૫૧માં ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું તવાંગ તિબેટના તાબામાં હતું અને તિબેટ ઉપર ચીનનો ડોળો હતો. સેનાની મદદ માંગો તો ફિલ્ડમાર્શલ બાઉચર ન જ આપે. વળી, સેના મારફતે તવાંગ લેવા જાવ તો ચીનને ખબર પડે અને હિંદી-ચીની ભાઈ-ભાઈમાં ભંગાણ પડે. એટલે કશો અવાજ કર્યા વિના, થોડા માણસોથી, લોહી રેડ્યા વગર તવાંગ કેમ લેવાય? જયરામદારો બત્રીસલક્ષણાની શોધ શરૂ કરી. પૂછપરછ કરતાં એમને લાગ્યું કે આ કામ કોઈથી થાય તો મેજર રાલેંગાવા (બૉબ) ખતીંગથી જ થાય. બૉબ ખતીંગની બીજા વિશ્વયુદ્ધ દરમિયાનની કારકિર્દી દંતકથા સમાન હતી. હોદ્દો નાનો પણ એમને મિલિટરી ક્રોસ અને એમ.બી.ઈ.થી બ્રિટિશ સરકારે નવાજેલા. એમની તે સમયની અને પછીની કારકિર્દીની દિલચસ્પ કહાણી એમના પુત્ર લખાવે છે. એમના પુત્ર બિહારની કોઈ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર છે. એમણે ઇતિહાસના એક અધ્યાપકને આ કામ સોંપ્યું છે. એ તૈયાર થાય ત્યારે અપૂર્વ વીરત્વની એ અદ્‌ભુત કહાણી ગુજરાતીમાં પણ ઉપલબ્ધ થવી જોઈએ.

લાટસાહેબ સમક્ષ બૉબની પેશગી થઈ. સાહેબે પૂછ્યું: તવાંગ ક્યાં છે એની ખબર છે? ઉત્તર: ના સાહેબ. સાહેબે નકશામાં તવાંગ બતાવ્યું અને કહ્યું કે જેનું તવાંગ એનો આ પ્રદેશ. ચીનને તવાંગ લેવા દેવાય? ના, સાહેબ. તમે લઈ શકો? પણ સાહેબ, હવે હું સેનામાં નથી. એ બધું થઈ પડશે. તમે અવાજ કર્યા વગર તવાંગ સર કરશો? હા, સાહેબ. મેજરે જે માંગ્યું તે આપ્યું. માત્ર બે મહિનાનો સમય ટૂંકાવીને ૪૫ દિવસનો કર્યો.

મેજર બૉબ ખતીંગે જે જવાંમર્દીથી દેશને તવાંગની ભેટ ધરી એની રોમાંચક કથા પણ જાણવા જેવી છે. અહીં તો એટલું જ પૂરતું છે કે લાટસાહેબ ખુશ થયા.

એલન નામના એક અફસરને તવાંગ સોંપીને મેજર પાછા વળતા હતા. ત્યાં લાટસાહેબે એમને તેજપુર ડાકોટા મોકલીને આંતર્યા. એ ડાકોટા પાછું આવ્યું કે તરત બંને હરખના સમાચાર પંડિતજીને આપવા ઊપડયા દિલ્લી. જયરામદાસની છાતી ગજ ગજ ફૂલે. ખતીંગ પણ હવામાં વિહાર કરે. પંડિતજીને મળ્યા ત્યારે એ મુરબ્બીએ જયરામદાસનો ઊધડો લીધો. તમને આ મૂર્ખામીભર્યું કામ કરવાનું કોણે કહ્યું હતું? ભલા માણસ, મને પૂછવું તો હતું! બૉબ ખતીંગને કહ્યું: તું તો ખોવાઈ જ જા. તારે મોઢે તાળું. એમના સચિવને કહ્યું કે પી. ટી. આઈ.ને કહી દો આ સમાચાર ઉપર પડદો પાડે.

પીઢ કોંગ્રેસી નેતા અને આસામના ગવર્નર તેમ જ જેના નામે રાસડા લેવાય એવા બૉબ ખતીંગ વીલા મોઢે પાછા ફર્યા. ઈશાન દિશાએ શરૂ થયેલો આ સિલસિલો હજુ પણ ચાલુ છે.

એસ. સી. દેવ

બીજી વાત એસ. સી. દેવની કરીએ. દેવ હતા ઇન્ડિયન ફ્રન્ટિયર એડ્મિનિસ્ટ્રેટિવ સર્વિસના સિનિયર અધિકારી. એમની પ્રતિભા ધ્યાન ખેંચે. ત્રણ જણના ટોળામાં પણ દેવસાહેબ તરફ તમારું ધ્યાન ન જાય. શામળા, મધ્યમ ઊંચાઇ અને મધ્યમ કદના દેવ સામાન્ય વસ્ત્રોમાં હોય, પરંતુ એ માણસની છાતી વજની. ભય શબ્દ એમના શબ્દકોશમાં મળે નહીં. દેવમાં કરુણા, સાદગી, સ્થાનિક સમાજ સાથે ઓતપ્રોત થવાની અને તે કારણે એમનો વિશ્વાસ સંપાદિત કરવાની અપાર શક્તિ હતી. આવા માણસ પ્રત્યે, આઓ, અંગામી વગેરે જાતિઓ જાન ન્યોછાવર કરે. દેવ ઓછું બોલે, પણ અમારી સાથે એમને ફાવી ગયેલું એટલે એમની વાત કરે.

આ લોકપ્રિય અધિકારીની બદલી નાગાલૅન્ડના એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં થઇ ત્યારે ત્યાંની નાગ જાતિએ એમના એક મોભીને ઘેર એમનો વિદાયસમારંભગોઠવ્યો. નાગ જાતિઓના ઘરની બાંધણી બહારથી મોહક લાગે. દાખલ થાવ ત્યારે નીચે એમનું પશુધન અને માલસામાન. પછી ઉપર એમનું વિસ્તૃત કુટુંબ રહે. જુદા ખંડો ન હોય. તેમની ખાવાની ચીજો અને પાકશાસ્ત્ર એવાં કે એ ઘરની સુવાસ આપણને અનુકૂળ ન આવે. ત્યાં આ સમારંભ ગોઠવાયો. ભાષણ અને ભોજન પછી સાહેબ માટે ભેટનો થાળ આવ્યો. ઉપર કપડું ઢાંકેલું હતું. વિવેક ખાતર ભેટ જોવા દેવે કપડું ઊંચું કર્યું તો એમાં તાજા વધેરેલાં ત્રણ માથાં હતાં. વિશેષ અતિથિનું બહુમાન હેડ હન્ટિંગ નાગ જાતિઓ વિરોધી જાતિઓનાં ઉપહારથી કરે.

ત્યાંના રિવાજને માન આપીને દેવસાહેબે એ માથાં સ્વીકાર્યા અને ઘેર પહોંચતાં જ વળતી ભેટરૂપે પરત કર્યાં. નાગ જાતિઓની શાલ જુઓ તો એમાં સંજ્ઞાઓ હોય જે ઉપરથી એ જાતિની ઓળખ મળે અને એણે કેટલાં માથાં વધેર્યાં છે એનો ખ્યાલ આવે. નાગ લોકો અતિથિના સ્વાગતમાં શાલ ભેટ આપે. એક વાર અમારી પાસે આવી આઠ શાલ ભેગી થયેલી.

આ દેવસાહેબ એક વાર રાણી ગઇન્ડીબ્લ્યૂને પંડિતજી પાસે લઇ ગયેલા. રાણી મોટાં સ્વાતંત્ર્યસેનાની હતાં. એમના માથા ઉપર ઇનામ હતું અને ૧૯૩૩માં અઢાર વર્ષની ઉંમરે બ્રિટિશરોએ એમને પકડ્યાં ત્યારે જન્મટીપની સજા કરેલી. તે છેક ૧૯૪૭માં પંડિત નેહરુના આદેશથી એમને મુક્તિ મળેલી. પંડિતજી માટે એમને અનહદ માન; કારણ, પંડિતજીએ ૧૯૩૭માં શિલોંગ જેલમાં એમની મુલાકાત લીધી હતી. અલગતાવાદી નાગ લોકોનું આંદોલન જોર પકડી રહ્યું હતું ત્યારે એને ખાળવાનું કામ રાણી જ કરી શકે.

દેવે રાણીનો સંપર્ક કર્યો અને એમને મળવાનું ગોઠવ્યું. રાણી મૂળ મણિપુરનાં પણ નાગાલૅન્ડનાં થઇને રહેલાં. રાણીને મળવાની શરત એ હતી કે દેવ એમની જીપ દૂર ઊભી રાખીને નિઃશસ્ત્ર બનીને એકલા ચાલતા જાય. ગાઢ જંગલ વચ્ચે એક ટેકરી ઉપર રાણીનો આવાસ. દેવ ચાલતા ગયા. પાછળ તાણેલાં તીર સાથે તીરંદાજ એમની પાછળ થોડે અંતરે ચાલતા હતા. દેવ ડુંગર ઉપરનાં દેવીને મળ્યા. એમણે અલગતાવાદી સામે પડવાની હા કહી. એક શરત કરી કે મને પંડિતજીની મુલાકાત કરાવો. હોમ મિનિસ્ટ્રી હા પાડે તો બધું પડી ભાંગે. એટલે
દેવે સીધો વડા પ્રધાનની ઑફિસનો સંપર્ક કર્યો. પંડિતજીએ ટાઇમ આપ્યો. રાણી એમના સાથીઓ સાથે મળ્યાં અને રાણી રાજી થઇને પાછાં ફર્યાં.

આ વાતની જ્યારે કૅબિનેટ સેક્રેટરી અને હોમ મિનિસ્ટ્રીને જાણ થઇ ત્યારે એમણે દેવનો ઊધડો લીધો. ખુલાસો માંગ્યો. ત્યાર પછી દેવની કારકિર્દીમાં પ્રગતિ ન થઇ. આંદામાન-નિકોબારના ચીફ કમિશનર તરીકે એમને નીમવા અમે ઘણા પ્રયત્ન કરેલા પણ તત્કાલીન હોમ સેક્રેટરી શ્રીનિવાસવરદને એ નિમણૂક ન જ થવા દીધી. હા, એમને પ્રિન્સ્ટન યુનિવર્સિટીએ વિઝિટિંગ પ્રોફેસર તરીકે નીમેલા એ જુદી વાત છે. દેવનું તો જે થવાનું હતું તે થયું. પણ રાણીના નામના સિક્કા પડતા રહ્યા. એમને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યાં અને એમના નામની ટપાલની ટિકિટ પણ બહાર પડાયેલી.

અમે જ્યારે રાણીને મળેલા ત્યારે પાંસઠની ઉંમરે પહોંચેલાં રાણી ગઇન્ડીબ્લ્યૂની પ્રતિભા આંજી દે તેવી હતી.

(એસ. સી. દેવ પાસેથી આ વાત ત્રીસેક વર્ષ પહેલાં સાંભળેલી. વાસ્તવમાં એ અમે કઢાવેલી. ફરી એને અંકે કરવા અને તેમનો સંપર્ક કરવા ઘણો પ્રયત્ન કર્યો પણ એમનો પત્તો ન ખાધો. નાગાલૅન્ડથી નિવૃત્ત થઈને એ ત્રિપુરાના પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ બનેલા. એમને ત્યાં લઈ જનાર ચીફ સેક્રેટરી શ્યામલ ઘોષનો અમે સંપર્ક કર્યો. ત્રિપુરાના પબ્લિક સર્વિસમાં એમની તપાસ કરી. નાગાલૅન્ડની સરકારમાં પુછાવ્યું. પરંતુ એમનો ક્યાંય સંપર્ક ન થઈ શક્યો. પરંતુ એવા સાચુકલા વ્યક્તિ અતિશયોક્તિ ન કરે એવી દૃઢ માન્યતાને લઈને એમના વિશે લખ્યું છે.)

નટવર ઠક્કર

નટવર ઠક્કરના વડવાઓ દહાણુમાં વેપાર કરતા. ત્રેવીસની ઉંમરે ૧૯૫૫માં કાકાસાહેબ કાલેલકરે એમને ગાંધીના નામે જતિ કરેલા. એમણે કહ્યું કે જા. ઈશાને કામ કર. અમારા કરતાં નટવર ઠક્કર બે વર્ષે મોટા. અમારી પણ ઈશાને જવાની ઇચ્છા હતી, પણ અમને જતિ કરનારા કોઈ ન મળ્યા. અને અમારું પોતાનું મનોબળ પણ કાચું પડેલું. નટવર ઠક્કર ગયા નાગાલેન્ડ અને ત્યાંના અંતરિયાળ મોકોકચૂંગ જિલ્લાના ચુચુયિમલાંગ ગામે ગાંધીનું કામ કરવા લાગ્યા. એ દિલ્લી આવે ત્યારે મળવાનું બને. એમની દીકરીને વનસ્થલીમાં દાખલ કરેલી એ નિમિત્તે પણ એ આવતા. વડા પ્રધાનનું વિમાન જોરહાટમાં ખાબકેલું તેમાં અન્યની સાથે નટવર ઠક્કર પણ હતા. ત્યારે એક ઝૂંપડીમાં અમે બે કલાક અને ત્યાર પછી

જોરહાટ ઍરફોર્સ હૉસ્પિટલમાં રાત પણ સાથે રહેલા. અગાઉ કહ્યું તેમ ઈશાને સ્વૈચ્છિક રીતે કામ કરવા જનાર સંસ્થા કે વ્યક્તિ જૂજ માત્રામાં હશે. એમાં નટવરભાઈનું મોખરાનું સ્થાન છે. એમણે અહિંસા,ખાદી, ગ્રામોદ્યોગ, શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ, કૃષિ એમ અનેક ક્ષેત્રે કાર્યક્રમો દ્વારા ગાંધીનો સંદેશ ફેલાવ્યો. સતત સત્તાવન વર્ષ સુધી પોતાનાં મૂળિયાં છોડી એમણે દેશના બીજા છેડે તદ્દન ભિન્ન સમાજ અને સભ્યતામાં નવાં મૂળિયાં નાખ્યાં એ વિરલ ઘટના છે. નાગાલૅન્ડમાં રહ્યા, ત્યાં જ પરણ્યા, બાળકો ત્યાં મોટાં થયાં અને ત્યાં જ કર્મભૂમિ બનાવી અને ત્યાંનાં થઈને રહ્યાં, આવા સંનિષ્ઠ કાર્યકર કેટલા મળે? રોટલો રળવા જનાર તો મળે પણ પાઈની પેદાશ વગર તદ્દન અપરિચિત સમાજની સેવા કરવા તત્પર રહેનારા ભાગ્યેજ મળે

નટવરભાઈએ ઈશાને સેતુનું કામ કરીને દેશની બહુ મોટી સેવા કરી છે પરંતુ એમનો પંથ કાંટાળો હતો. ઘણાં વર્ષો સુધી ડગલે ને પગલે લેંડ માઇન્સ હતી. એમની અને ગાંધી આશ્રમ ઉપર હિંસક હુમલા થયા ત્યારે એમને બચાવનાર એમનું કામ હતું. ખ્રિસ્તી મિશનની હકૂમત હોય ત્યાં કોણ પગ મૂકી શકે અને લોકોને નવો વિકલ્પ કોણ આપી શકે? એ માટે અપાર કર્તવ્યનિષ્ઠા ઉપરાંત શ્રદ્ધા અને નિર્ભયતામાં રાચતું—વિહરતું મનોબળ જોઈએ. આટલું પૂરતું ન હોય તેમ તેમના ઉપર આરોપ થતા રહ્યા કે એ તો ભારતની ખુફિયા એજન્સીના માણસ છે, ભારતીય જાસૂસ છે. એમાંથી અણિશુદ્ધ બહાર નીકળવાનું કેટલું કઠિન છે એ તો ઈશાનને જાણનાર જ સમજી શકે.

આ બધું પૂરતું ન હોય તેમ દેશના લોકો ઈશાનને સમજે એ માટે તેમણે 'ઈશાની' નામનું વિચારપ્રેરક ત્રૈમાસિક શરૂ કર્યું. વળી, ઉત્સાહભર્યા સ્વરે એક દિવસ અચાનક એમનો ફોન આવે છે કે ચુચુયિમલાંગના ગાંધી આશ્રમને મૅનેજમેન્ટનો કોર્સ શરૂ કરવાની માન્યતા મળી છે. ઇરમા સાથે કંઈ સંધાન થઈ શકે? આવા માણસના કામની કદર તો થઈ છે પણ મારી દૃષ્ટિએ એ સાવ અધૂકડી થઈ છે.

એમણે શું કર્યું એ જોઈને એમને ઍવૉર્ડ આપ્યા છે, પરંતુ કયા સંજોગોમાં આ એક જ માણસે ઈશાનને ભારત સાથે જોડવાનો રચનાત્મક પ્રયાસ કર્યો છે અને કેવાં કેવાં વિઘ્નોનો એમણે સામનો કર્યો છે એ સમજાયું હોત તો તેમની વધુ કદર થઈ હોત.

પરંતુ એમ કરતાં પહેલાં જરા આંદામાન નિકોબારનો આંટો મારી આવીએ. આ સિવાય બીજા ઘણાં નામો સ્મરણમાં આવે છે પરંતુ આ ત્રણ વ્યક્તિનો ઉલ્લેખ આપણા ઈશાન પ્રદેશના ભારતના વલણને સમજવા પૂરતો થશે એમ માનીને ઈશાનની વાત અહીં પૂરી કરીએ.

આંદામાન નિકોબાર

એક વાર અમે વડા પ્રધાન સાથે આંદામાન નિકોબાર ગયા હતા. જતાં કલકત્તાથી નૌકાદળના જહાજમાં ગયેલા અને વળતાં આવ્યા વિમાનમાં. આંદામાનમાં જે સામાન્ય પ્રવાસી જુએ તે સઘળું તો અમે જોયું. પણ લુપ્ત થઈ રહેલ ઓંગી જાતિના લોકોને જોવા. સાથે સાથે આંદામાનની મૂળ રહેવાસી જાતિઓ સાથે સંપર્ક કરનાર એક શીખ ઑફિસરને પણ મળ્યા. આ જાતિઓ ટાપુઓ પર રહે. અને કોઈને પણ આવતા જુએ તો તીરથી વીંધી નાખે. ઉપર હેલિકોપ્ટરથી એમને જોવાય તે પણ ૧૮૦ ફૂટની ઊંચાઈથી જ. પરંતુ આ શીખ ઑફિસર હોડીમાં એકલા જાય. સાથે બાલટી, ડોલચાં, પાણી ભરવાનાં પીપ વગેરે પ્લાસ્ટિકની વસ્તુઓ લે. એના ઉપર તીરનો વરસાદ થાય ત્યારે એક આવરણ પાછળ બેસી જાય અને પ્લાસ્ટિકની પેલી વસ્તુઓ દરિયામાં મૂકી દે. એ પાછા વળે પછી લોકો એ વસ્તુઓ લઈ આવે. આમ ધીમે ધીમે આદિવાસીઓને ખાતરી થઈ કે આવનાર માણસ મિત્ર છે. પછી તો તીર આવતાં બંધ થયાં અને એ સરદારજી એમના મિત્ર તરીકે ટાપુ ઉપર ઊતરી પણ શકતા. એમ આપણા તંત્રે એ જાતિઓનો વિશ્વાસ કેળવેલો.

ઓંગી જાતિ લુપ્ત થવાના આરે છે, અમે એક નાના જૂથને જોયું જેમાં બધા માણસો હાથપગ દોરડી અને પેટ ગાગરડી જેવા દેખાતાં હતા. સત્તર વર્ષે પહેલું બાળક અવતર્યું એનો હરખ હતો.

બીજો એક પ્રસંગ લિટલ આંદામાનના છેક દક્ષિણ છેડે એક નાનકડા શીખ પરિવારને જોઈને સાનંદાશ્ચર્ય થયું તે. લિટલ આંદામાનના છેડેથી સુમાત્રા માત્ર ૬૫ કિલોમીટર થાય. ભારતના ભાગલા થયા પછી દંડકારણ્ય અને આંદામાન ટાપુઓમાં પૂર્વ બંગાળના નિરાશ્રિતોને વસાવવાની યોજના હતી. સિંધીઓએ એમની મેળે રસ્તો કાઢ્યો. પંજાબીઓ તેમની મેળે તેમજ સરકારની મદદથી લાંબો હાથ કર્યા વગર આગળ વધ્યા. બંગાળીઓએ કલકત્તા ન છોડ્યું. મોટા ભાગના નિરાશ્રિતો કોલકત્તાની આજુબાજુ વસ્યા. એમણે ત્યજેલા લિટલ આંદામાનના છેડે એક નાનકડું જુવાન શીખ કુટુંબ નાની ઝૂંપડી કરીને રહે. એ ત્યાં ઓછી ઊપજની ખેતી કરે. અમે એ જુવાન પતિ, પત્ની અને બાળકને જોયા કરીએ. અમે કાંઈક લઈ ગયેલા તે તેમને આપ્યું. અને એમણે અમારી આગતાસ્વાગતા જે ઉષ્માથી કરી એ જીવનનો અપૂર્વ લહાવો હતો. ઘરમાં કશું ન મળે અને છતાં આપણું મન ભરાઈ જાય એટલું એ દંપતીએ અમને આપ્યું. આમ તો માત્ર ગળી ચા પીધેલી અને રોટલાનું એક બટકું ખાધેલું, પણ અમે નર્યા છલકાઈ ગયેલા. અમે થોડી રકમ આપવા માંડી પણ એમણે ઘસીને ના પાડી. લિટલ આંદામાન જવાનું મુશ્કેલ છે. બાકી આ સરદાર દંપતીની ઇબાદત અને ગરિમાનો અનુભવ કરવા જેવો છે. અમે એમનો ઇતિહાસ ન પૂછ્યો. એ કોઈને ચિઠ્ઠી મોકલવા ઇચ્છે કે સંદેશો મોકલવા ઇચ્છે છે કે સરકારને નામ કશું કહેવા માગે છે એ પણ ન પૂછ્યું.

જોરહાટ

ઈશાનવાળા પ્રકરણમાં અમે કહ્યું છે તેમ, મોરારજીભાઈ વડા પ્રધાન થયા અને ઈશાને સાદ કર્યો. એમનો પહેલા તબક્કાનો અરુણાચલ પ્રદેશ, મણિપુર અને સિક્કિમનો કાર્યક્રમ ગોઠવાયો. બાકીનાં રાજ્યો બીજા તબક્કા ખાતે રહ્યાં. અરુણાચલ પહેલું આવ્યું. કારણ કે રામકૃષ્ણ મિશનનું ત્યાં માટે ઇજન હતું. સિક્કિમમાં ચોગ્યાલનું નિમંત્રણ હતું. સંસદની ચોમાસુ બેઠક પૂરી થયે અને વિદેશી મહેમાનોને વળાવીને એમના કાર્યક્રમમાંથી અઠવાડિયું કાઢવાનું હતું. એમ કરતાં ૧૯૭૭ના નવેમ્બરની ચોથીએ પ્રસ્થાન નક્કી થયું. ઈશાન માટે એ ઋતુ સારી ગણાય. અમે પણ હવામાનની પૂછપરછ કરેલી અને ઋતુ અચાનક બગડે તો વિમાનને કલકત્તા વાળવાનું સૂચન પણ કરેલું. ઍરફોર્સનો ખ્યાલ તેજપુર કે બાગડોગરા તરફ વાળવાનો હતો.

સામાન્ય રીતે મોરારજીભાઈના કાફલામાં ભાગ્યેજ કોઈ હોય. આ વખતે અધિકારીઓ ઉપરાંત નારાયણભાઈ દેસાઈ, મારા સ્મરણ પ્રમાણે બાલેશ્વર અગરવાલ, અરુણાચલના મુખ્ય પ્રધાન અને બીજા બે ત્રણ જણ હતા. જોરહાટની દુર્ઘટના વિશે મેં ત્રણ લખાણો જોયાં છે: જાંચ કરનાર સમિતિનો અહેવાલ અને નારાયણભાઈ તેમજ

ઇન્ટેલિજન્સ બ્યૂરોના વડા જજ્હૉન લૉબોના પ્રકાશિત થયેલા લેખો. લોબો એક ઉમદા પોલીસ ઑફિસર હતા, મુંબઇના કેડરના હતા. તેથી ગુજરાતી પણ બોલે. એમની કારકિર્દીની શરૂઆતમાં એમણે મહેસાણામાં કામ કરેલું. ઉત્તમ સજ્જન, નેકદિલ આદમી અને કોઇની પણ શેહમાં ન આવે એવા કાર્યક્ષમ અધિકારી. ભાગ્યેજ જડે એવો જણ. નારાયણભાઈની વર્ણન અને કથન શૈલીનું તો શું કહેવું? એમના નિરીક્ષણમાં થોડી મર્યાદા આવેલી; કારણ, તેમને મલ્ટિપલ ફ્રેક્ચર થયેલા અને થોડો વખત હલનચલન શક્ય ન હતું. સરકારી ઉચ્ચ સમિતિનો અહેવાલ હકીકતોથી ભરપૂર હતો, એમાં વિશેષણો કે લાગણીઓનો પ્રવાહ જોવા ન મળે, પણ જે બન્યું તેનું તટસ્થ બયાન જોવા મળ્યું. એ બયાન ગોપનીય હતું તેથી તેનું તારણ બહાર ન આવે. નારાયણભાઈ અને લોબોએ સારો એવો સમય વીત્યા પછી સરસ રજૂઆત કરી હતી. એમાં એમની સ્મરણશક્તિને એમણે કસવી પડી હશે. જોરહાટથી આવતાંવેંત ખબર પૂછનારાઓ, મહત્ત્વની ટપાલો અને બીજાં કામોનો ઢગલો હતો પણ કોણ જાણે કેમ પણ અમે જોરહાટથી પાછા આવ્યા કે તરત અમારી હકીકત અમે દિલ્હી પહોંચતા જ નીલાને લખાવેલી ચાર નવેમ્બરે અકસ્માત થયો અને લગભગ સાઠ કલાક જાગતા અને બાવીસ કલાક ઊભા પગે હતા. પરંતુ મનમાં જે તાજું હતું તે સાતમી નવેમ્બરે લખાઇ ગયું. એ શબ્દશઃ અહીં રજૂ કર્યું છે. એમાં કેટલીક હકીકતો રહી ગઇ છે. પણ જે લખાયું તે જેમનું તેમ મૂક્યું છે. આ લખાણ આજે લખાયું હોત તો મૂળ હકીકત તો રહેત, પણ એની રજૂઆત જુદી હોત.

બધાનાં બયાનોમાં ઘણી સમાનતા છે, પરંતુ સમય જતાં લખાય તેથી મહત્ત્વની હકીકતો અને બનાવોના આલેખનમાં પોતાનું ભીતર પણ એમાં ચીતરાય. અમારું બયાન હકીકતની દૃષ્ટિએ સરકારી અહેવાલથી નજીક છે-એના જેટલી વિગત અને ટેક્નિકલ રજૂઆત ન હોવા છતાં.

(અકસ્માતના બોતેર કલાકની અંદર લખાયેલ પત્ર/અહેવાલ)

૦૭-૧૧-૭૭

ચોથી તારીખે સાંજે અરુણાચલ પ્રદેશ, મણિપુર અને સિક્કિમના પાંચ દિવસના પ્રવાસે જવા અમે નીકળ્યા, સાંજે પાંચ વાગ્યે પાલમથી ઊપડ્યા. હવાઇદળના રશિયન TU-54 વિમાનમાં અમારો ૧૧ જણાનો કાફલો ઊપડ્યો. દસ વિમાનચાલકોનો કાફલો હતો. વિમાન આકાશમાં ચડે તે પહેલાં જ કેટલીક ફાઈલો અને કાગળો મેં મોરારજીભાઈને જોવા માટે આપ્યાં. હું પાછળની કેબિનમાં જઇને કામ કરતો રહ્યો. આ વિમાનમાં ત્રણ કેબિનો હતી. કોકપીટ પછીની પહેલી વડા પ્રધાનની. બીજી આઠ જણ માટે છેલ્લે બાકીના સૌ માટે. ૭ ક્યારે વાગ્યા તેની ખબર ન પડી. ૭ વાગ્યે હું મોરારજીભાઈ પાસે જઇને કાગળો. લઈ આવ્યો અને બધા કાગળો મારી બાજુની સીટ પર મૂકીને થોડી વાર આંખ બંધ કરીને ઝોકું ખાઇ લીધું, કારણ કે જોરહાટ પહોંચવાને હજી પોણા કલાકની વાર હતી. પહોંચવાના દસેક મિનિટ અગાઉ આંખ ખૂલી અને વિમાન ઊતરવાની રાહ જોતો હતો. પોણા આઠે વિમાને જોરહાટ ઍરોડ્રામ પર ચક્કર લગાવીને નીચે ઊતરવા પ્રયાસ કર્યો. પરંતુ પાઇલટને બરાબર ઉતરાણ થશે કે નહીં તેની ખાતરી ન થઇ તેથી એણે વિમાનને પાછું ઉપાડયું અને બીજું ચક્કર મારીને પાછો આવું છું એમ કંટ્રોલ ટાવરને કહ્યું. ત્યાર પછી એક મિનિટની અંદર જ વિમાનને પાછું વાળતાં એણે કાબૂ ગુમાવ્યો અને વિમાનનું ઉતરાણ હાથ બહાર ગયું. ત્યાર પછી એમ જણાય છે કે બધો પ્રયત્ન કરીને વિમાનને સીધું રાખ્યું અને ડાંગરના ખેતરમાં એ ઊતરે એવા પ્રયત્નો કર્યા. ખેતરમાં વિમાન ઊતર્યું. ખેતરમાં સોપારીનાં ઝાડ થોડે થોડે અંતરે હતાં. વિમાન જમીનને અડકે ત્યાં સુધીમાં ૧૩૦ સોપારીનાં ઝાડને કાપતું કાપતું ઊતર્યું. વિમાન ઊતરતાં જ પહેલો આંચકો પાયલટની કેબિનને વાગ્યો અને સાથે સાથે અમને પણ હચમચાવી મૂક્યા. ત્યાર પછીની બે પાંચ સેકન્ડમાં વિમાન લગભગ દોઢસો મીટર ઘસડાયું અને એ દરમિયાન અમે હાલકડોલક થઇ ગયા. કેટલીક વસ્તુઓ અમારા ઉપર પડી, ત્રણ જણાનાં હાડકાં ભાંગ્યાં, કોઇને મૂઢમાર વાગ્યો, કોઇને મામૂલી ઈજા થઈ. ઈજા ન પામનાર બે કે ત્રણ જણામાંનો એક હું હતો. વિમાન પહેલું જમીનને અડ્યું તે જ ઘડીએ વીજળી જતી રહી અને ઘોર અંધકાર વ્યાપી રહ્યો ત્યાર પછી એકબીજાનાં નામ બોલીને કોણ ક્યાં છે તેનો અંદાજ મેળવ્યો કોઇએ કહ્યું ગભરાશો નહીં, કોઇએ કહ્યું દીવાસળી ન સળગાવશો, કોઇએ કહ્યું વડા પ્રધાન ક્યાં છે? આ બધું બે ચાર સેંકન્ડોમાં બન્યું. વિમાન જ્યારે જમીન સાથે પહેલી વખત અથડાયું ત્યારે એની ડાબી પાંખ તૂટીને પાછળ પડી ગઈ. જેને કારણે વિમાન એક બાજુ નમીને ઊભું રહ્યું તેથી બીજી પાંખ અને તે સાથેની પેટ્રોલની ટાંકી ઊંચી થઇ ગઇ જેથી આગની

સંભાવના ઓછી થઇ ગઈ. વિમાન એક બાજુ ઢળ્યું એટલે પાછળનો દરવાજો લગભગ જમીનની લગોલગ આવી ગયો. એ ઘોર અંધકારમાં મેં પહેલો પગ બહાર મૂક્યો તો નીચે પાણીવાળી પોચી જમીન અને ઘાસ જણાયાં. આગિયા ઊડતા જોયા, ક્યાં હતા તેની કશી જાણ ન હતી. પરંતુ અમારા બધામાંથી કોઈ પણ નર્વસ ન થયું. ગભરામણ ન થઇ અને ઝડપથી સૌ બધાને બહાર લાવવાના કામમાં લાગી ગયા. મોરારજીભાઈ તેમની સીટનો પટ્ટો ખોલીને ઊભા થયા હતા. તેમની નસકોરી ફૂટી હતી, ચોકઠું તૂટી ગયું હતું અને ચશ્માં ફેંકાઈ ગયાં હતાં. એમને થોડી મદદ આપીને નીચે લાવ્યા. આટલી વારમાં હું લગભગ ૧૦૦ વાર જેટલું નાકની લીટીએ સીધું દોડીને પ્રમાણમાં કોરી જગ્યા શોધી આવેલો. પછી જેમને ટેકાની જરૂર હતી તેમને ટેકો આપીને ત્યાં લઇ ગયા. અંધારું ઘોર હતું. મેઘલી રાત હતી અને આગિયા ઊડતા હતા. દસેક મિનિટમાં આજુબાજુના કોઇ ગામનો માણસ ટૉર્ચ લઈને આવ્યો. એની મદદથી બધાની ઈજાઓ જોઈ. બને એટલી પ્રાથમિક સારવાર આપી. થોડી વારમાં બીજો માણસ આવ્યો. એણે કહ્યું કે કોઈ માણસ દૂર પડેલો છે. પછી બીજા માણસો પણ ટૉર્ચ લઈને આવતા ગયા. ટૉર્ચની મદદથી અમે જોયું તો પાઇલટ અને એના સાથીદારો રસ્તામાં ફેંકાયેલા પડ્યા હતા. બેમાં થોડોક પ્રાણ હતો. એમને ગરમી આપવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ. એ સૌને ઉપાડીને બધાની પાસે લાવ્યા. અમને ત્રણ જણ (એમ. એસ. કંપાણી, જજ્હૉન લાંબો અને હું)ને જ ઈજા થઇ ન હતી, એટલે આ બધું કામ એ કાદવની વચ્ચે અમે કરતા રહ્યા, એટલી બધી શક્તિ, સૂઝ અને ગતિ એ બધું કઇ રીતે આવ્યું એની કલ્પના કરવી મુશ્કેલ છે. પરંતુ આ રીતે બધાને ગોઠવ્યા. કંઇક વ્યવસ્થિત થયા ત્યાં ગામડાના થોડા વધારે લોકો આવ્યા. એમની પાસે ખાટલા મંગાવ્યા. દરમિયાનમાં હું ને જ્હૉન લૉબો વિમાનની ફરતે ફરી વળ્યા. અને બીજું કોઈ રહી ગયું હોય તો તેની શોધ કરતા રહ્યા. કોઈ પૅટ્રોમૅક્સ લઈને આવ્યું. ગામ કેટલું દૂર છે, નજીકનું મકાન ક્યાં છે તેની તપાસ કરીને બે જણને સાઇકલ પર જોરહાટ જવા માટે સૂચના આપી. આમ બધું સ્વસ્થતાથી અને ઝડપથી ચાલતું રહ્યું. ખાટલા તો નહીં, પણ બાંકડા આવ્યા. એની પર ઈજા પામેલાઓને સુવાડીને લઈ ગયા. ત્યાર પછી વડા પ્રધાનને નજીકના ઝૂંપડામાં અર્ધો કિલોમીટરે પાણીવાળી પોચી જમીનમાં ખૂંચતાં ખૂંચતા ચાલીને લઈ ગયા. મેં કહ્યું કે મૃતદેહોની પાસે ખેતરમાં હું રહીશ, કારણ કે અમારા એક સાથી કંપાણી આસામી ભાષા જાણતા હોવાથી એ ગામમાં ઉપયોગી થઈ શકે. લાંબો સંદેશો પહોંચાડવામાં ઉપયોગી થાય પરંતુ પછી કંપાણી મૃતદેહો સાથે ખેતરમાં રહે, મારે વડા પ્રધાન અને ઘવાયેલાઓની સારવારમાં રહેવું અને લૉબો કોઈ પણ નજીકના સ્થળેથી જોરહાટ સાથે સંપર્ક સાધે એમ નક્કી થયું. ત્યાર પછી હું ઝૂંપડામાં ગયો. મોરારજીભાઈના મોં પર રેલાયેલું લોહી વહેતું હતું. એમને એક પાંસળીમાં તિરાડ પડેલી એ તેમણે કહેલું જ નહીં. એ કારણે છાતીમાં દુખતું પણ હતું. કાંતિભાઈ એક બાંકડા પર કણસતા હતા. અરુણાચલના મુખ્ય પ્રધાન એક બીજા બાંકડા પર મન મક્કમ કરીને વેદના સહન કરતા હતા. નારાયણભાઈની પાટાપિંડી કરી. ઝૂંપડું નાનું માણસો અનેક. સૌની આંખોમાં ચિંતા અને આતુરતા અને મદદરૂપ થવાની વૃત્તિ. એમની પાસે જે કંઇ હતું તે અમારી સમક્ષ ધરી દેવામાં જરા પણ ખચકાટ નહીં. ચારે બાજુ માનવતા પાંગરી ઊઠેલી. પણ વાતો તો અકસ્માતની જ ચાલે. સૌથી વધુ ઈજા થયેલી નારાયણ દેસાઈને. એમની વેદનાનો પાર નહીં. પણ હસતું મોઢું અને કોઈને પણ બોજારૂપ થવાની ઇચ્છા નહીં. એ કહે, આ ગામડાના લોકોને આપણે કહીએ કે, એમનું આસામી ભાષામાં ભજન સંભળાવે. પણ બધાની સારવારનું કંઇ ને કંઇ કામ ચાલતું રહ્યું. લગભગ દસ વાગ્યે શોધખોળ કરતી પહેલી ટુકડી અમારા ઝૂંપડે પહોંચી. એ પહેલાં અમારી સાથે આવેલા રેડિયો અને સરકારી સમાચારમાધ્યમના પ્રતિનિધિને પગપાળા દોડાવ્યા અને શું સંદેશો આપવો તે લખી આપ્યું. એમની રીતે એ રંગો પૂરે તેટલો સમય ન હતો. તેથી મેં સંદેશો લખી આપ્યો જે સદ્ભાગ્યે રાતના અગિયાર વાગ્યાના સમાચારમાં વંચાયો અને દેશમાં સૌને રાહતની લાગણી થઈ. અમને ઝૂંપડેથી જોરહાટ હૉસ્પિટલ પહોંચતાં લગભગ દોઢ કલાક થયો અને બાર વાગતાની દસ મિનિટ પહેલાં ત્યાં પહોંચ્યા. હું નારાયણભાઈ અને કાંતિભાઈની સાથે ઍમ્બ્યુલન્સમાં હતો. જોરહાટમાં ઍરફોર્સની મોટી હૉસ્પિટલ છે જ્યાં એમણે ખૂબ પ્રેમ અને આદરથી સૌની શુશ્રૂષા કરી. હું લગભગ આખી રાત બધાની દેખભાળ લેતો રહ્યો, કારણ કે લૉબોને થોડું વાગેલું અને કંપાણી પણ થાકી ગયા હતા. દવાખાનાનાં કપડાં પહેરીને અમે રાત વિતાવી. સવારના એ લોકોએ કાળજીપૂર્વક અમારે માટે બજારમાંથી ટુવાલ, સાબુ, દાંતિયો, કફની-લેંઘા મંગાવી રાખેલું એટલે સવારે સાત વાગ્યે નાહીને તૈયાર થયા. સાડા સાતે જોરહાટની નિશાળના બસો છોકરાંઓ હાથમાં ફૂલોના ગુચ્છા લઈને આવી પહોંચ્યાં. એમાં જે ભાવના અને પ્રેમ હતાં તે ભાગ્યેજ ક્યાંય મળે. અકસ્માત થયો ત્યારથી દવાખાને પહોંચ્યા ત્યાં સુધીના ચાર કલાક દરમિયાન સૌએ જે ધૈર્ય, હિંમત અને કાર્યક્ષમતા દેખાડયાં તે આવી કટોકટીમાં કઇ રીતે થઇ શક્યું એ કહેવું મુશ્કેલ છે. મન અને શરીર બંનેની અખૂટ શક્તિ ત્યારે બહાર આવી. અને આજે વિચાર કરીએ

છીએ ત્યારે ખ્યાલ આવે છે. કે જે કર્યું એનાથી જુદી રીતે પગલું ભરવું જોઈતું હતું એમ થતું નથી. એકેય બાબતમાં એક પણ પળ ગુમાવી હોય, કોઈ ભૂલ થઈ હોય, કાંઈ ખોટું થયું હોય એવું કાંઈ પણ કોઈને ખ્યાલમાં આવ્યું નથી. હું લગભગ સાઠ કલાકથી ઊંઘ્યો જ ન હતો અને છેલ્લા ૨૨ કલાક તો ખૂબ જ જહેમતવાળા હતા.

કઈ રીતે ચમત્કારિક બચાવ થયો, ક્યાંથી આટલી શક્તિ સૌમાં આવી અને ફરજમાંથી કોઈ ચલિત કેમ ન થયું તેમાં ઈશ્વરી સંકેત સિવાય બીજું કાંઈ જ કારણભૂત ન હોય. જેમના જાન ગયા તે અમારા પરિચિતો હતા. તેમનું દુ:ખ બીજાને ન થાય, પણ અમને તો ખૂબ જ છે. હમણાં જ એમાંના બેની સ્મશાનયાત્રામાંથી પાછો આવીને આ નીલા પાસે લખાવું છું. બીજા ત્રણને એમના વતનમાં લઈ ગયા છે. ગઈ કાલે સાંજે પાલમ વિમાની મથકે જ્યારે આ મૃતદેહોને લાવવામાં આવ્યા ત્યારે હવાઈદળે પૂરા દબદબાથી એમને સલામી આપી અને એમાં ઍરફોર્સના વડા મૂલગાંવકરની બાજુમાં જ હું ઊભો હતો.

આખી ઘટના દરમિયાન દરેક સિનિયર ઑફિસરે એની ફરજ સ્વસ્થતાથી બજાવી. એમના માથા ઉપર બેસીને હુકમ આપનારા હતા પણ કોઈ દખલ કરતું ન હતું.

જોરહાટના દવાખાને પહોંચ્યા ત્યારે ઈસ્ટર્ન કમાન્ડના વડા ઍરમાર્શલ ગ્રોવર ડિફેન્સ હેડક્વાર્ટર્સ સાથે સંપર્ક કરવા પ્રયત્ન કરતા હતા. એમની બધી શાખાનાં દોરડાંને ઝણઝણાવ્યાં, પણ સામે કોઈ પ્રત્યુત્તર ન મળે. છેવટે ડિફેન્સ હેડ ક્વાર્ટર્સમાં કોઈ ઑપરેટરે ફોન ઉપાડયો. ગ્રોવરસાહેબ ગમે એટલા ઘાંટા પાડે પણ પેલો એટલું જ કહે કે સાહેબ, ગ્રોવરસાહેબ તો જોરહાટમાં છે. ગ્રોવરસાહેબે કેટલીક ચુનંદી ગાળો પણ વાપરી, પરંતુ પેલો એક ટળીને બે ન થયો. એમને રાહ જોઈને બેઠેલા રક્ષામંત્રીને સીધા સમાચાર આપવા હતા.

બીજો એક બનાવ વિચિત્ર હતો. વડા પ્રધાનની કચેરીમાં અમારા સ્થાને પાંચ વર્ષ પહેલાં કામ કર્યું હતું, તે બિશન ટંડને નીલાને ફોન કરીને અમારા ખબર પૂછ્યા. નીલાને અકસ્માતની જાણ ન હતી, એટલે એણે કહ્યું કે હસમુખ તો અરુણાચલ ગયા છે. ત્યારે બિશન ટંડને કહ્યું કે વડા પ્રધાનનું વિમાન તૂટી પડ્યું છે. તમને ખબર નથી? આટલું કહીને તેમણે ફોન મૂકી દીધો.

આવા તો ઘણા સારા અને ખરાબ સંદેશાઓ આખા દિલ્લીમાં લોકો એકબીજાને આપતા હતા.

આ પ્રકરણ પૂરું થયું ત્યારે ગૃહમંત્રીએ અમને નીચેનો પત્ર લખેલો:

I am writing to you to convey our sincere appreciation for the presence of mind, fortitude and leadership which you showed during the crash landing near Jorhat of the aircraft in which the Prime Minister was travelling on 4th November 1977. Your high sense of duty and utter disregard of concern for your own personal safety was indeed commendable.

સામાન્ય રીતે સિવિલિયન ઑફિસરને આવી રીતે શાબાશી આપવાનો રિવાજ નથી. પણ ચૌધરીસાહેબ અમારા ઉપર વરસી ગયેલા.

સત્યના આંશિક પ્રયોગો

આમ તો પી. સી. ઍલેકઝાન્ડરે જે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એ ઉપર કાંઈ લખી શકાય એવું નથી. એમણે પસંદ કરેલ કારકિર્દીમાં એ બીજા સેંકડો અધિકારીઓની જેમ સીડી ઉપર ચડતા ગયેલા. પરંતુ આ લેખ લખવાનું કારણ એમને રાષ્ટ્રપતિપદ ન મળ્યું. અને તે કારણે એમને અન્યાય થયો, એવા એમના મુદ્દા પર સાચી હકીકત જણાવવાનું આવશ્યક છે, કારણ કે ઘણા લોકો અને મીડિયાએ પણ એમની વાત સ્વીકારી લીધેલી. જ્યારે એમની આત્મકથા

In the Corridors of Power બહાર પડી ત્યારે અમારા મિત્ર શારદાપ્રસાદે એમની એશિયન એઇજની કૉલમમાં એની પ્રશંસા કરેલી. અમે શારદાજીને કાગળ લખ્યો. એમણે અમને ઉત્તર લખ્યો કે અમને ખખડાવવા માટે તમારો આભાર માનું છું. મારે પુસ્તક જરા ધ્યાનથી વાંચવું જોઈતું હતું. શારદા પ્રસાદ જેવા ચોખ્ખા અને તટસ્થ માણસ જો ભુલાવામાં પડી ગયા હોય તો અમને થયું કે આપણને જે હકીકતની ખબર છે તે આપણી સ્મૃતિમાં દાટી રાખવાનો અર્થ નથી.

આપણા દેશમાં બહુ ઓછા ઉચ્ચ અધિકારીઓ એમની જીવનકથા કે સ્મરણકથા (મેમ્વા એટલે કે 'મેમોઇર્સ') લખતા હોય છે. ડાયરી લખવાની કે નોંધ સાચવવાની પરંપરા આપણે ત્યાં નથી. બીજું, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અમલમાં મુકાયેલ ઑફિશિયલ સિક્રેટ્સ ઍક્ટ અમલમાં છે. તેથી અધિકારીઓ કશું લખતાં અચકાતા હોય છે.

કમનસીબે સમકાલીન ઇતિહાસ ઉપર પ્રકાશ પાડે એવું લખાણ બહુ ઓછું જોવા મળે છે. છેલ્લાં થોડાં વર્ષોમાં પ્રગટ થયેલ આત્મકથાઓમાં બી. કે નેહરુ અને રાજેશ્વર દયાલની આત્મકથાઓ નોંધપાત્ર છે. બી. જી. દેશમુખની તેમજ ટી. એસ. આર. સુબ્રહ્મણ્યની આત્મકથા સામાન્ય કક્ષાની છે. કેટલાકે એમનું જ વાજું વગાડ્યા કર્યું છે. અગાઉ લખાયેલ આ પ્રકારનાં લખાણોમાં કેટલાકની કક્ષા ઊંચી હતી. દાખલા તરીકે, એ. ડી. ગોરવાલા કે સી. ડી. દેશમુખની. આ ઉપરાંત યેઝદી ગણદેવિયા અને રુસ્તમજીની આત્મકથાઓ પણ સુવાચ્ય અને ઉપયોગી છે. કે. એલ. પંજાબી સંપાદિત આઇ સી એસ ઍન્ડ આઇ.ના દસેક જેટલા અધિકારીઓનાં સંસ્મરણો પણ સરસ છે. એચ. એમ. પટેલની આત્મકથા ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વની છે, પરંતુ થોડી ક્લિષ્ટ છે. આ બધામાં પી. સી. ઍલેક્ઝાન્ડરની કથા સ્વકેન્દ્રિત અને પોતા વિશે અતિશયોક્તિથી ભરપૂર છે. એ. જી. નૂરાણીએ વિગતે કરેલા અવલોકનમાં લેખકે રજૂ કરેલા અસત્ય અથવા અર્ધસત્યને ઉઘાડું પાડ્યું છે.

પી. સી. ઍલેક્ઝાન્ડરની આત્મકથા ઇન ધ કૉરિડૉર્સ ઑફ પાવરને કોઇ ચોકઠામાં બેસાડાય તેવી નથી. વળી આ પુસ્તકને આત્મકથાને બદલે સ્મરણયાત્રા કહેવી જોઇએ. આ પુસ્તક એમણે અમુક ઉદ્દેશથી લખેલું છે. એમાં એમની મહત્ત્વાકાંક્ષા સંતોષાઇ નથી એની ચર્ચા છે. ઍલેક્ઝાન્ડરનો મૂળ મુદ્દો જે એમણે સંચારમાધ્યમોને ઉઘાડે છોગે જણાવેલો તે એ કે રાષ્ટ્રપતિ ન થઇ શક્યા એનું એમને ઊંડું દુઃખ છે. એક રીતે એમનો રાષ્ટ્રપતિભવનમાં બેસવાનો અધિકાર છીનવાઈ ગયો એનો એમને રોષ પણ હતો. એમના આ અધિકાર માટે એમના લખાણમાંથી ત્રણ મુદ્દા ઊપસે છે. એક તો એ કે જનતા સરકારે એમની ખૂબ પજવણી કરી હતી. બીજું, એમણે નેહરુ-ગાંધી પરિવારની ઘણી સેવા કરેલી અને એ પરિવારને તેઓ વફાદાર હતા. અને ત્રીજું, સોનિયા ગાંધીએ એમને ટેકો આપ્યો હતો, પરંતુ નટવરસિંહ જેવાએ કાનાફૂસી કરી તેથી આ પદથી તેઓ વંચિત રહી ગયા.

આવી મહત્ત્વાકાંક્ષા સેવનાર અને એ પદ માટેની એમની લાયકાતની આ રીતે છડેચોક વાત કરીને એમને ખોટું લાગ્યું છે તે બતાવનારને શું કહેવું?

પહેલાં લઈએ જનતા સરકારે કરેલી એમની પજવણીની વાત, જે ઍલેક્ઝાન્ડર ના પોતાના સત્ય પર આધારિત છે. મોરારજીભાઇએ સત્તા ઉપર આવતાંવેંત એમ નક્કી કર્યું કે જે આઇ એ એસ અધિકારીએ પાંચ વર્ષનું કેન્દ્રનું ડેપ્યુટેશન પૂરું કર્યું હોય તેમને એમના રાજ્યમાં પાછા મોકલવા. આ નિર્ણયના બે મુખ્ય કારણ હતાં. એક તો અખિલ ભારતીય સનદી સેવાનો ઉદ્દેશ એ છે કે અધિકારીઓ કેન્દ્ર અને રાજ્યના વહીવટથી સુપરિચિત રહે તો એવો અનુભવ રાજ્ય અને કેન્દ્રને બન્નેને ઉપયોગી થાય. એને માટે અવધિ પણ નિશ્ચિત કરાયેલી. જોઇન્ટ સેક્રેટરીકક્ષાએ ત્રણ વર્ષ, એડિશનલ સેક્રેટરી કક્ષાએ ચાર વર્ષ અને સેક્રેટરીકક્ષાએ પાંચ વર્ષ પૂરાં કરનારે તેમના રાજ્યમાં પરત જવું. પરંતુ વાસ્તવમાં કેટલાક અધિકારીઓ એક યા બીજા બહાને દિલ્લી છોડતા ન હતા. જનતા સરકાર આવી ત્યારે આવા

અધિકારીઓની સંખ્યા મોટી હતી. એ બધામાં ઍલેક્ઝાન્ડરનો નંબર પહેલો હતો. બાવીસ વર્ષથી એ દિલ્લીમાં ચોકઠાં ગોઠવીને એક પછી એક મહત્ત્વના સ્થાને ગોઠવાયેલા રહ્યા હતા. કે. એમ. એલ. છાબડા સત્તર વર્ષથી દિલ્લીમાં હતા.

બીજા કેટલાય એવા હતા જે દિલ્લી છોડવા માંગતા ન હતા. એમાં ઍલેકઝાન્ડર મોખરે હતા. એમ કહેવાતું કે એ પોતાને બીજા કરતાં more than equal માનતા. ઍલેકઝાન્ડરે સૌ પહેલાં તો એમના મંત્રી મોહન ધારિયા મારફત એક સમિતિનું ગઠન કરાવ્યું અને (પોતાને) એના અધ્યક્ષ બનાવ્યા. આ સમિતિની અવધિ માત્ર ત્રણ મહિનાની હતી. એમના મનમાં એમ કે ત્રણ મહિનામાં મોરારજીભાઈ એમનો આગ્રહ છોડી દેશે અથવા પોતે ક્યાંક બીજે ગોઠવાઈ જશે. સમિતિએ એનો રિપોર્ટ ત્રણ મહિનામાં ન આપ્યો એટલે મોહન ધારિયાએ એની મુદત વધુ ત્રણ મહિના વધારવા માટે માગણી કરી. મોરારજીભાઈને એમના સાથીને સાથે રાખવા હતા તેથી હવે પછી આ મુદતમાં વધારો નહીં થાય એવો શેરો મારીને સહી કરી. ઍલેકઝાન્ડરે ફાંફાં તો માર્યા પણ કાંઈ વળ્યું નહીં. એમના મિત્ર કૅબિનેટ સેક્રેટરીએ પણ પ્રયત્ન કર્યો. એ દરમિયાન કૅબિનેટ સેક્રેટરીનો વડા પ્રધાનની ઑફિસમાં પગપેસારો વધેલો. ઍલેકઝાન્ડર કેરાલાના મુખ્યમંત્રીને મળી આવ્યા. પણ એમણે ચોખ્ખો જવાબ આપ્યો કે મુખ્ય સચિવની જગ્યા ખાલી નથી. એ. કે. એન્ટનીએ ચોખ્ખું પરખાવ્યું કે હાલના મુખ્ય સચિવ ભાસ્કરન્ નાયરને બદલવાનું કોઈ કારણ નથી. એટલેથી ન છોડતાં એન્ટનીએ વડા પ્રધાનને કાગળ લખ્યો કે એ ઍલેકઝાન્ડરને સમાવી શકે તેમ નથી. ૧૯૭૭ની નૅશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની મિટિંગમાં એમણે પોતે એ કાગળ મોરારજીભાઈને આપ્યો. એમાં એક વધુ ત્રણ મહિનાનું એક્સ્ટેન્શન મેળવવાનું ચૂકી ગયા.

એક આઈ એ એસ-નટરાજનનો-કઠિન કેસ હતો. એમની નિમણૂક દંડકારણ્યમાં નિરાશ્રિતોને વસાવવાની યોજનામાં થયેલી. એમનાં પત્ની ગુજરી ગયેલાં અને એમની બે વયસ્ક પુત્રીઓને દંડકારણ્યમાં સાચવવાનું સહેલું ન હતું. અમે નટરાજનને ઓળખતા ન હતા. પરંતુ એમની વકીલાત કરવા મોરારજીભાઈ પાસે ગયા. એમણે વાત સાંભળીને કહ્યું કે નટરાજનને કહો કે ત્રણ મહિના કાઢી નાંખે. એમને એમની ઇચ્છા મુજબ બદલી કરીશું; કારણ, એમનો કેસ સહાનુભૂતિ માગે છે. જો અત્યારે એમને બદલીશું તો બાકીના દિલ્લીના જાગીરદારો થઈ પડેલાને એમનાં રાજ્યોમાં મોકલવાનું અઘરું પડશે. એકમાત્ર ઍલેકઝાન્ડર સિવાય બધા પરત ગયા. એ પ્રમાણે નટરાજનના કેસમાં અપવાદ કરાયેલો. પરંતુ તે ત્રણ માસ પછી.

ઍલેકઝાન્ડરનું એક્સ્ટેન્શન પૂરું થયા પછી છ મહિના સુધી કૅબિનેટ સેક્રેટરી ચૂપ બેઠા. છેક ચોથી એપ્રિલ ૧૯૭૮ને દિવસે પાછા એ ઍલેકઝાન્ડરની વકીલાત કરવા આવ્યા. મોરારજીભાઈએ શાંતિથી એમને સવાલ પૂછ્યો: તમારે કૅબિનેટ સેક્રેટરી તરીકે ચાલુ રહેવું છે? પહેલાં એ નક્કી કરો મુખરજીસાહેબના છક્કા છૂટી ગયા, પરસેવે રેબઝેબ એ આવ્યા અમારા રૂમમાં, અંદરથી બારણું બંધ કર્યું, પાણી પીધું અને લાંબા વખત સુધી બેસી રહ્યા.
ઍલેકઝાન્ડરે આને જનતા સરકારની પજવણી તરીકે ઘટાવી. બીજા એક કેસમાં એમણે લખેલું: એક ચમનલાલ નામના કેસમાં વી. શંકર એમના ઉપર ઘણું દબાણ કરતા. ઍલેઝાન્ડરનાં જૂઠાણાં વિશે પીલુ મોદીએ મોરારજીભાઈનું ધ્યાન દોર્યું. ત્યારે મોરારજીભાઈએ મોહન ધારિયાને લખેલું કે, “The case had been pending for 10 years and advised him that it should be disposed of in a fair and equitable manner."

જનતા સરકારે એમની કરેલી પજવણી પછી એમનો ગાંધી-નેહરુ પરિવારની સેવાનો મુદ્દો લઈએ. ઍલેકઝાન્ડર આઈ એ એસમાં જોડાયા ત્યાર પછી ગાંધી-નેહરુ પરિવાર નહીં, પરંતુ બધા ઉપરીઓને સંતોષ આપીને, સરકારી તંત્રમાં અનેક બાહોશ અધિકારીઓ જેમ સીડી ચઢતા જાય છે તેમ એ પણ ચઢેલા. એમની સીડીના ઉપરના પગથિયાએ નેહરુ હતા. વાસ્તવમાં ઇંદિરા ગાંધીની આડકતરી સેવા એમણે કરેલી, જ્યારે ૧૯૭૧માં લલિત નારાયણ મિશ્રા વિદેશ વેપારમંત્રી બન્યા ત્યારે. એ પછી પણ ઇમર્જન્સી દરમિયાન એ ખાતામાં જ એ ચાલુ રહેલા.

૧૯૮૦માં ઇંદિરા ગાંધી પાછાં આવ્યાં ત્યારે એમના સચિવની શોધ ચાલતી હતી ત્યારે પ્રેકસી ફાર્નાન્ડીઝનું નામ ચાલતું હતું. પ્રેકસીનું નામ લગભગ નક્કી હતું ત્યારે એસ. ટી. સી.ના અધ્યક્ષ તરીકે એમણે અમુક પ્રકારની મદદ નહીં કરેલી, એટલે એમનો છેદ ઊડ્યો અને ઍલેકઝાન્ડર એ ડાળે બેઠા અને રાજીવ ગાંધી સુધી ચાલુ રહ્યા. એમના સમય દરમિયાન હકસર કે પી. એન. ધરની જેમ ઇનિશિયેટિવ લેતા એમને કોઈએ જોયા નહીં. એમની કારકિર્દીમાં એ હંમેશાં બાહોશ ગણાયેલા અને એમના ઉપરીઓ એમનાથી ખુશ રહેતા. પરંતુ કોઈ સુધારા કે એમના નામે કોઈ વિશેષ કામગીરી ચઢેલી નહીં. જ્યારે એ મુંબઈના ગવર્નર હતા ત્યારે શરદ પવાર અને બાળઠાકરે સાથે સારા

સંબંધો કેળવ્યા. એટલે એમની ગાંધી-નેહરુ પરિવાર સાથેની નિકટતા બે કારણે એમનો દાવો નકારે છે. એક તો એ એટલા નિકટ ન હતા અને એમની વફાદારી માત્ર આ પરિવાર પૂરતી સીમિત ન હતી. તેમ છતાં એમના આ દાવામાં તથ્ય હોય તો ઍલેક્ઝાન્ડરનું સ્થાન નીચે ઊતરે છે, કારણ કે એ એક પરિવાર સાથેની નિકટતા અને વફાદારી રાષ્ટ્રપતિપદ માટે મહત્ત્વની ગણે તો એમની મૂલ્યનિષ્ઠા વિચાર માંગી લે. બાકી નટવરસિંહ જેવાની એટલી પહોંચ ક્યારેય ન હતી કે એમનો અભિપ્રાય એવા ઉચ્ચપદ માટે હા કે ના પુરવાર થાય.

રાષ્ટ્રપતિપદ ન મળ્યું તેથી ખોટું લગાડવાનું ઍલેક્ઝાન્ડરને કોઇ કારણ ન હોવું જોઇએ. હિંદ છોડોની લડત વખતે એમની ઉંમરના હજારો જુવાનિયાઓ કારાવાસમાં હતા ત્યારે ઍલેક્ઝાન્ડર ત્રાવણકોર રાજ્યની નોકરીમાં જોડાયેલા.
જ્યારે ત્રાવણકોર રાજ્યના અધિકારીઓને આઇ એ એસમાં સમાવ્યા ત્યારે એ પણ આઇ એ એસમાં આવ્યા. એટલે એ આઇ એ એસની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇને નહીં આવેલા, વાયા ત્રાવણકોર સ્ટેટ સર્વિસથી આવેલા. ત્યાર પછી છેક ૧૯૭૮ સુધી એ નોકરીમાં પગથિયાં ચઢતા ગયેલા. એમાં વધુ વખત ગાળેલો વિદેશ વેપારમાં. તેથી એમણે કોઇ દેશસેવા કરી હોય અથવા કંઇ ભોગ આપ્યો હોય અથવા કોઇ મહત્ત્વના મુદ્દા ઉપર એમનો અભિપ્રાય બેધડક જણાવ્યો હોય અને એ માટે સહન કર્યું હોય એવું તો હતું નહીં. બાકી પોતાને અન્યાય થયો અને રાષ્ટ્રપતિભવનનાં પગથિયાં દૂર રહી ગયા એવું એ ગંભીરતાથી પ્રતિપાદિત કરે અને કેટલાક લોકો એ માને પણ ખરા એ માટે એમને દાદ દેવી જોઇએ.

બે જોટાળી બંદૂક

જુલાઇ ૧૯૭૯માં અમે ચેકોસ્લોવૅકિયાના પાટનગર પ્રાગમાં હતા. દુનિયાનાં સુંદર શહેરોમાંનું એક પ્રાગ. એનો ઉચ્ચાર છે પ્રાહા. એમાં ઘણાં આકર્ષણો હતાં. ભારત સાથેના રાજકીય સંબંધોમાં એનું ખાસ મહત્ત્વ નહીં, તેથી ઔપચારિક મિટિંગો ખાસ ન હતી. આ એક શુભેચ્છા મુલાકાત હતી. અમારા કેટલાયે સાથીઓ ચેકોસ્લોવીકિયાના પ્રખ્યાત ક્રિસ્ટલની ખરીદી માટે ગયા. સરકારી નોકરોને મળતાં વિદેશી ચલણની મર્યાદામાં કંઇ નાની નાની વસ્તુઓ લીધી. એક જણે તો વળી વિંચેસ્ટરની પ્રખ્યાત પિસ્તોલ લીધી. મેં નોવોટની આર્ટ ગૅલેરીમાંથી એક પ્રિન્ટ અને ત્રણ પોસ્ટર લીધાં.

સાંજે ચૅક રાષ્ટ્રપતિ હુસાકે ભારતીય પ્રતિનિધિમંડળના માનમાં ભોજનસમારંભરાખેલો. અમારું પ્રતિનિધિમંડળ નાનું હતું. વિદેશપ્રધાન વાજપેયી, વડા પ્રધાનના અગ્રસચિવ વી. શંકર, વિદેશસચિવ જગત મહેતા, ભારતના ત્યાંના રાજદૂત સુરેન્દ્રસિંહ અલીરાજપુર, અમે અને બીજા એકબે ઑફિસરો. ચૅક તરફથી પ્રેસિડન્ટ હુસાક ઉપરાંત ચાર ઉપરાષ્ટ્રપતિ, વિદેશમંત્રી અને બીજા અધિકારીઓ. અમારું મંડળ નાનું હતું તેથી શિષ્ટાચાર પ્રમાણે ગોઠવાતી બેઠકોમાં અમારી જમણી તરફ એક ઉપરાષ્ટ્રપતિની બેઠક હતી. ભારે શરીરવાળા, દેખાવમાં પૂર્વ યુરોપના પ્રતિનિધિ સમા, એ મહેરબાન અંગ્રેજી જાણતા ન હતા. અમારી ડાબી બાજુએ બોદુસ્તાવ ચોનુપેક, ચૅક રાજકરણમાં સોવિયેત રશિયાના ટેકેદાર અને ૧૯૭૨થી ૧૯૮૮ સુધી વિદેશમંત્રી રહેલા, તેમની બેઠક હતી. એમને અંગ્રેજી સરસ આવડતું હતું અને વાતો કરવાના ઉત્સુક હતા. અમારા પ્રતિનિધિમંડળના કેટલાક સભ્યોની બંને તરફ અંગ્રેજી ન જાણનારી વિશિષ્ટ વ્યક્તિઓની બેઠકો આવેલી!

આપણા રાજદૂત સુરેન્દ્રસિંહે ચેક ગણરાજ્ય વિશે વિગતો આપતી જે ટૂંકી નોંધ આપેલી તે સિનિયર લોકો ખાસ વાંચે નહીં. સામાન્ય રીતે પ્રતિનિધિમંડળના સભ્યો ચીલાચાલુ નોંધો ન વાંચે. અમે એ વાંચેલી. એ આખી નોંધના છેક છેડે એવો ઉલ્લેખ હતો કે વિદેશપ્રધાન જાણીતા શિકારી છે અને એમના દેશની પારટ્રીજ (તેતર) ક્લબોના પેટ્રન છે. એ દેશમાં ૧૫૦૦ જેટલી પારટ્રીજ ક્લબો પદ્ધતિસર પારટ્રીજનો ઉછેર કરતી અને સારું એવું વિદેશી હૂંડિયામણ કમાઇ શકતી. જર્મનો શનિ-રવિ દરમિયાન એમના દેશની હદ ઓળંગીને પારટ્રીજનો શિકાર કરવા આવતા અને એની નિયત ફી ચૂકવતા. વિદેશમંત્રી કક્ષાની વ્યક્તિ અમારી સાથે કોઇ આંતરરાષ્ટ્રીય સંબંધો વિશે વાત કરે એ સંભવ ન હતો, એટલે અમારે તેતરની પાંખે લટકવાનું હતું.

ઉપરાષ્ટ્રપતિ સાથે 'રામરામ' કર્યા પછી અમારી ડાબી બાજુએ બેઠેલા ચોનુપેક સાથે વાતની શરૂઆત કરવા આપણે પારટ્રીજની પાંખે બેઠા. અને વિદેશપ્રધાન ખીલ્યા. ફક્ત શિકાર કે નિશાનબાજી વિશે જરાક આપણે બોલીએ કે તરત જ તેઓ મંડી પડતા. કેવી રીતે પારટ્રીજનો ઉછેર કરાય છે, કોણ કરે છે, કેવી રીતે તેમને જર્મનો આવે ત્યારે છોડાય છે, કેવી રીતે થવાયેલાં પક્ષીઓને ભેગાં કરાય છે અને કેવી રીતે એમને ઓવનમાં શેકાય છે વગેરે વિગતો ઉત્સાહથી જણાવી. આમાં થોડી મિનિટો ગઇ. પછી અમે એમના આફ્રિકાના પ્રવાસ વિશે પૂછ્યું. ભારતમાં કોઇ શિકાર કરેલો કે નહીં એ પણ પૂછ્યું. શિકારની આંટીઘૂંટીમાં આપણે જાણકારી મેળવતા ગયા.

આવા સ્ટેટ બેંકવેટો બહુ લાંબા ચાલે. એટલે પછી અમે ચલાવ્યું, ભારતની મૃગયાની પુરાની પ્રથા વિશે અને પછી મહારાજાઓની શિકારપાર્ટી વિશે. એમને બધી ખબર હતી. છતાં અમે શિકારમાં હાથીનો ઉપયોગ કરાતો તેની વાત કરી, માંચડા, ઢોલ પીટનારા, ખાજ, ટ્રોફીઓ, ઋષિમુનિના વ્યાઘ્રચર્મો અને મહેલોમાં ગાલીચા પર પથરાયેલ વ્યાઘ્રચર્મની વાત કરી. વળી કહ્યું કે જો વાઇસરૉય વાઘ મારે તો તેની લંબાઇ ઉદારતાથી નોંધાય. આમ અમારી વાતો ચાલતી રહી. હજી ભોજન પીરસાવાને વાર હતી. એમણે અમને બે ત્રણ શિકારના અટપટા સવાલ પૂછ્યા ત્યારે આપણે લોંચી ખાઇને બીજી વાતે ચડાવી દઇએ. એ રીતે એક વાર અમે મહારાણી ચીમનાબાઈની વાત શરૂ કરી. તેઓ પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે આ દેશમાં બ્રાતિસ્લાવામાં સારવાર લેતાં હતાં. એમને અહીંથી ખસેડીને પાછા વિલાયત પહોંચાડવાના પ્રયાસનો કેવા રજવાડી તોરથી હર હાઇનેસે વિરોધ કરેલો અને છેવટે એમના ADC, બ્રિટિશ કર્નલે, એમને પરાણે લઈને દક્ષિણ યુરોપમાં થઈને વિલાયત કેમ પહોંચાડયાં એની વાત કરી. હજી સુધી તો અમારી વાતચીતો

બરાબર ચાલતી હતી અને અચાનક ધડાકો થયો! “મિ. શાહ, તમે કઇ બંદૂક વાપરો છો?” વિદેશપ્રધાને અમને પૂછ્યું. આ હથિયાર સાથેનો અમારા કુળમાં કોઈને પણ સંપર્ક થયો હોય તો તે રમકડાની બંદૂક સાથે. એક વાર અમે ઇન્ડિયા ગેટના ફુગ્ગાવાળા પાસેથી અમ્લાન માટે એવી પિસ્તોલ ખરીદેલી.

“એક્સેલન્સી, હું શિકારી નથી." અમે જવાબ આપ્યો. એમને લાગ્યું કે અમે નમ્રતા દાખવીએ છીએ. ભારતના વડા પ્રધાનની ઑફિસનો એક ઑફિસર શિકાર વિશે દોઢ કલાક સુધી ચર્ચા કરી શકે એ બંદૂક ન વાપરે તે કેમ માની શકાય? અમે પણ વિનમ્રતાનો નમૂનો બનીને બેઠા. વાત બીજે પાટે ચડાવવા પ્રયત્ન કર્યો. પછી ભાષણો શરૂ થયાં. પહેલાં યજમાન રાષ્ટ્રપતિ ગુસ્તાવ હુસાક બોલ્યા. તેઓએ એમનું ભાષણ પૂરું કર્યું અને ભારતના વડા પ્રધાન એમના જવાબી ભાષણની શરૂઆત કરે તે પહેલાં અમારા પડોશી એના પ્રમુખના કાનમાં કંઈક ગુસપુરા કરી આવ્યા. ચેક રાષ્ટ્રપતિએ માથું ધુણાવ્યું અને વિદેશપ્રધાન રાજી થતાં પોતાની સીટ પર પાછા આવ્યા.

“મિ. શાહ, મને મારા પ્રેસિડન્ટે તમને એક બંદૂક ભેટ આપવાની મંજૂરી આપી છે. હવે મને કહો, તમને કંઈ બંદૂક ગમશે?” દરમિયાન મોરારજીભાઇનું ભાષણ શરૂ થઇ ગયું હતું. છતાં એ એટલા ઉશ્કેરાટમાં હતા કે અમને ફરી પૂછ્યું. તેથી અમે હળવેકથી એમના કાનમાં કહ્યું: એક્સેલન્સી, આપ અમને શું ભેટ આપો તે અમારાથી કેમ કહેવાય?

“મારી પર છોડી દો." એમણે સર્વજ્ઞની અદાથી કહ્યું. પછી કહે કાલે વહેલી સવારે શિકાર માટે જઇએ તો કેવું? અમારે સવારે આઠ વાગ્યે નીકળવાનું હતું. એમનું સૂચન હતું કે સવારે વહેલા હોટલમાંથી નીકળીને પારટ્રીજનો શિકાર કરવો, પાછા આવી તૈયાર થઈને ઍરપૉર્ટ વિદાયસમારંભમાં હાજર થઇ જવું! 'મારે જ્યારે મારા પ્રેસિડન્ટની સાથે પ્રવાસે જવાનું હોય ત્યારે મેં આમ અવારનવાર કર્યું છે'. એમણે ગર્વથી કહ્યું અને અમે એમને અભિનંદન આપ્યાં. મહેમાન વડા પ્રધાનનું જવાબી ભાષણ પૂરું થયું અને અમે સૌ ઊભા થયા.

અમારા ભોજનના સાથીએ એના માણસોને સૂચના આપી કે અમારા માટે ટેલિસ્કોપિક લેન્સવાળી ડબલ બૅરલ ગન લઇ આવે. સરકારી સલામતી અધિકારીઓ દુનિયાભરમાં વર્તે છે એ જ પ્રમાણે આમણે પણ રાતમાં દુકાનો ખોલાવી અને આ બંદૂકની તપાસ કરી. હવે આ જાતની બંદૂકો અભરાઇ પર તૈયાર નથી પડી હોતી, એટલે એના

શોધકર્તાઓ ખાલી હાથે પાછા ફર્યા. સવારે અમે ઊઠીએ તે પહેલાં દરવાજા પર જોરદાર ટકોરા પડ્યા. અમે ઊંઘરેટા, ઊભા થઇને દરવાજો ખોલ્યો તો સલામતી દળના ત્રણ જવાનો એમના ચુસ્ત ગણવેશમાં અને એમનો એક રુઆબદાર અધિકારી સામે ઊભેલા. અમે તો અમારા લેંઘા-કફનીમાં હતા. એમણે અમને સલામ ભરીને કહ્યું કે વિદેશપ્રધાને સૂચવેલ બંદૂક તૈયાર મળતી નથી. તો એમણે સૂચવેલી બે જોટાળી બંદૂક સિવાય તમારી બીજી કંઇ પસંદગી છે? અમારા અજ્ઞાનની ખબર પડી જાય તે પહેલાં જ તેમને અમે વિદેશપ્રધાનને

ગઇ સાંજે જે જવાબ આપ્યો હતો તે આપ્યો. તેઓ મૂંઝાયા ને ગયા . અમે ઔપચારિક વિદાયસમારંભ માટે ઍરપોર્ટ પહોંચ્યા. ગાર્ડ ઓફ ઓનર વખતે જ્યારે ચુસ્ત ગણવેશમાં ચેક સૈનિકોની પરેડ ચાલતી હતી ત્યારે વિદેશપ્રધાન જરા ઝંખવાયેલા, અમારી પાસે આવીને નિરાશાથી કહે, "આ નપાણિયાઓ એક બંદૂક પણ ન મેળવી શક્યા. મને કહ્યું હોત તો મેં મારી મોકલી આપી હોત. સૉરી, મિ. શાહ, પણ હું હવે એ લઇને મોકલીશ. તમને એક ચેક બંદૂક-બે જોટાળી અને દૂરબીનથી સજ્જ મળશે મારું વચન છે.”

ત્યાંથી અમે યુગોસ્લાવિયા ગયા અને દિલ્લી પાછા ફર્યા. મોરારજી દેસાઇની સરકાર લઘુમતીમાં આવી ગઇ અને પડી. અમારી બંદૂક ક્યારેય ન આવી!

ગિરિરાજ કિશોર

એક હતા ગિરિરાજજી. વડીલ, મિત્ર, શુભેચ્છક, હિતેચ્છુ. અમારા કરતાં નહીં નહીં તોયે ત્રીસેક વર્ષે ઉંમરમાં મોટા. તેઓ ગૂજરાત વિધાપીઠમાં રહે, અમે દિલ્લીમાં વર્ષે એકાદ બે વખત માંડ મળવાનું થાય. પણ અમારો સંબંધ વિકસતો રહ્યો. કોણ જાણે કેમ પણ અમારા પર એમને વિશ્વાસ, એથી એમના સુદામાના વીલના અમને એક્ઝિક્યુટર બનાવેલ. ત્યાર પછીયે આ કામ બીજા કેટલાક મિત્રોએ અમને સોંપેલ છે. જમીનના ઝઘડા હોય કે ઉધોગના ભાગલા હોય, મિલકતની વહેંચણીના દેખીતા સીધા ભાગલા હોય, અમારે ભાગે એમાં મધ્યસ્થી બનવાનું આવતું રહ્યું છે.

આવી જ રીતે બીજા એક કામ માટે લોકો અમને કેમ લાયક ગણતા તે હજી અમારી સમજણમાં ઊતર્યું નથી.

પરણવાલાયક સંતાનોનાં માતા પિતા એમના પુત્ર કે પુત્રી માટે યોગ્ય વ્યક્તિ શોધવાનું અમને પૂછતાં-કહેતાં. અને આવી માગણી નજીકના મિત્રો કે સગાં તરફથી જ નહીં પરંતુ સમાજના જુદા જુદા સ્તરના, જુદી જુદી કોમ અને ધર્મના લોકો તરફથી પણ થતી રહે છે. અમે તો અમારાં બંને સંતાનો માટેની આ જવાબદારીમાંથી પણ મુક્ત હતા, કેમ કે એ બંનેએ પોતાની પસંદગી કરી લીધેલી. આજ સુધી આ ચોકઠાં ગોઠવવાની આવડતમાં અમે નાપાસ જ થયા છીએ-જેને વિશે ન તો અમારી આવડત હતી, સમજણ હતી કે રસ હતો. છતાં અમારી નાની ઉંમરથી આ કન્યા-મુરતિયા શોધવાનું કામ કોણ જાણે કેમ મા બાપ અમને સોંપતાં આવ્યાં છે.

ગિરિરાજજી દિલ્લીની કિરોડીમલ કૉલેજમાંથી અનુસ્નાતક થયા અને ઇતિહાસના લેક્ચરર બનેલા. પછી ટૂંક સમયમાં-૧૯૨૬ના અરસામાં-ગાંધીજી સાથે જોડાયા. એમનાં પત્ની અવસાન પામ્યાં હતાં. નાની દીકરી કમલાને એના ફોઇને સોંપીને તેમણે સાબરમતીની વાટ પકડેલી.

ગાંધીજીના જાદુથી પ્રેરાઇને એમના જેવા બીજા જુવાનિયાઓ પણ આમ જ ખેંચાઇ આવેલા. ઇતિહાસના વિષયમાં એમ. એ. થયેલા આ નવલોહિયા જુવાનને આશ્રમના ચર્માલયમાં કામ સોંપાયું. લોકોને નાણવાની ગાંધીજીની આ ખાસિયત હતી. ચામડાં મેળવવા માટે પશુબલિને ગાંધીજી હિંસા ગણતા. પરંતુ કુદરતી રીતે મરેલાં ઢોરનાં ચામડાં કાઢવાં તે અહિંસક હતું. ગિરિરાજજી એ પરીક્ષામાં પાસ થયા.

પછી એમને હિંદુસ્તાની પ્રચારિણી સભાની જવાબદારી સોંપાઇ. તેઓ દિલ્લીમાં ઉર્દૂ માધ્યમમાં ભણ્યા હતા અને બોલીમાં ઉર્દૂની છાંટ હતી, એટલે આ કામ માટે તેઓ સક્ષમ હતા એમ તો ન કહેવાય. શરૂ શરૂમાં તો એમને દેવનાગરી લિપિ લખવામાંયે તકલીફ પડતી. આ જવાબદારીને લઇને તેઓ આશ્રમમાંથી નીકળી ગૂજરાત વિદ્યાપીઠમાં સ્થાયી થયા. હિ. પ્ર. સભાની ઑફિસ ત્યાં ગોઠવાઇ. વિદ્યાપીઠમાં કાર્યકર્તાઓનાં રહેઠાણોની એક ઓરડીમાં તેમનો બધો અસબાબ સમાઇ જતો. ગાંધીજીવનશૈલીને કારણે ટૂંકા પગારમાંથી તેઓ થોડી થોડી બચત કરતા રહેતા.

અમે જ્યારે અમદાવાદમાં એમ. એ.માં ભણતા ત્યારે એમને મળવાનું થયેલું. પછી અમે ક્લેકટેડ વર્ક્સમાં અમદાવાદમાં બે વર્ષ ગાળ્યાં ત્યારે થોડો આવરોજાવરો વધ્યો. પરંતુ અમે નિકટ હતા એવું તો ન કહી શકાય. છતાં અમે મળતા ત્યારે અમે એમને એમના ગાંધીજીના અનુભવો વિશે પૂછીએ અને એ નિરાંતે જવાબ આપે. આ વિષય અમને જોડતો તાંતણો. એ રહે અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં, અમે ગયા દિલ્લી. વરસે બે વરસે મળવાનું થાય અને અમારો પત્રવ્યવહાર નહીંવત્

અમે જ્યારે દિલ્હીથી અમદાવાદ જતા ત્યારે એમને મળતા અને તેઓ ખૂબ જ રાજી થતા. અમને આગ્રહ કરીને ફળ, મેવો ખવરાવતા. એક પિતાની જેમ તેઓ અમારા પગાર, બચત—ખર્ચ વિશે સવાલો પૂછતા અને અમારી પાસે બચત મામૂલી છે જાણી ચિંતા દાખવતા. તેઓ વડોદરા અમારે ઘેર પણ આવીને રહેતા.

એમણે વીલ બનાવ્યું પછી ટૂંક સમયમાં એક અકસ્માતમાં એક પગ ખોયો અને ઘોડી અને લાકડાના પગની મદદથી બીજાં વીસ વર્ષ ખેંચી કાઢ્યાં. ઑફિસમાં કામ કરતી નિર્મળા પરળીકરને એ એમની દત્તક પુત્રી ગણતા. નિર્મળાબહેન એમની સાથે જ રહેતાં. દરમિયાન નિર્મળાબહેન પરણીને દિલ્લીમાં સ્થાયી થયાં અને જિંદગીનાં છેલ્લાં વર્ષો ગિરિરાજજીએ સંસ્થામાં એકલતામાં જ વિતાવ્યાં.

એક દિવસ ગિરિરાજજીનું પત્તું આવ્યું કે તેમણે તેમનું વીલ કર્યું છે અને એના એક્ઝિક્યુટર તરીકે અમારું નામ લખ્યું છે. એમના નિકટના સાથીઓ સાથે એમને લાંબો સંબંધ. એમના સહકાર્યકરો અને વિદ્યાર્થીઓનો પણ પાર નહીં, તો પછી અમારા ઉપર કેમ કળશ ઢોળ્યો હશે. આ જવાબદારી નિર્મળાબહેન સાથે સંયુક્ત રીતે સંભાળવાની હતી.

વીલ બનાવ્યા પછી તેઓ ઘણાં વર્ષો જીવ્યા. એથી વારંવાર એમાં સુધારાવધારા કરતા રહ્યા. એના લાભાર્થીઓમાં એમની દૌહિત્રી કમલા અને નિર્મળા ઉપરાંત એમનું ધ્યાન રાખનારા-કામ કરનારાઓનો સમાવેશ થતો. સફાઇ કરનાર બાઇ,દૂધવાળો, ટિફિન મોકલનાર બહેન, ઑફિસનો પટાવાળો, આંટાફેરા કરનાર છોકરો વગેરે સહુને યાદ રાખીને વિલમાં રકમ લખેલી. એમની કુલ બચત ૩૧,૫૦૦ રૂપિયાની હતી. આ સુદામાના વીલમાં તેઓ સુધારાવધારા કર્યા કરતા. અને એ વિશે પોસ્ટકાર્ડ લખીને અમને દિલ્લીમાં જાણ કરતા. અમે એ બધાં પોસ્ટકાર્ડ સાચવી રાખેલાં. પણ જ્યારે એમના અવસાન પછી વહેંચણી કરવાનો વારો આવ્યો ત્યારે રકમનો અને આ ફેરફારનો કોઇ તાળો મળ્યો નહીં.

નિર્મળાબહેને ઉદારતા દાખવી અને અમે બંનેએ મળીને એમની ભાવનાઓને ધ્યાનમાં રાખીને વહેંચણી કરી.

ગિરિરાજજી જેવી અકિંચન, ઉદાત્ત વ્યક્તિએ (એમના જેવા બીજા અનેકે) અમારા જીવનને ભર્યું ભર્યું બનાવ્યું છે. આજકાલ આવા લોકો કેમ ક્યાંય દેખાતા નથી?

મૌલાબક્ષનું તૈલચિત્ર

વસંતની એક સવારે પૅરિસના એક પરા સુરેન્સમાં પીર-ઓ-મુરશીદ વિલાયતખાંના ઘરમાં હોવું એ એક લહાવો હતો. કારણ, એ કે તમે જેવા ઘરમાં દાખલ થાવ કે ડાબી તરફ એક નાના ખંડમાં ગાલીચા ઉપર મૌલાબક્ષની રુદ્રવીણા ગોઠવેલી જોવા મળે.

મૌલાબક્ષ ૧૮૮૯માં ભારતની સૌપ્રથમ વડોદરામાં સ્થપાયેલી મ્યુઝિક કૉલેજના આચાર્યપદે હતા. આ કૉલેજ શરૂઆતમાં ગાયનશાળા તરીકે ઓળખાતી. એ પહેલાં વડોદરા રાજ્યની સંગીત સંસ્થાને કલાવંત કારખાના જેવું અપ્રેરક નામ અપાયેલું હતું. એ કલાવંત કારખાનું ગાયનશાળા કહેવાયું. અને એમાંથી આજની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સનો આવિષ્કાર થયો.

વડોદરાના મહારાજાએ મૌલાબક્ષને અગાઉ પણ વડોદરા બોલાવેલા. પણ તેઓ કર્ણાટકશૈલીના મનાતા હોવાથી હરીફ સંગીતકારોએ એમને વડોદરામાં સ્થાયી થવા ન દીધા. હકીકતમાં તેઓ હિંદુસ્તાની સંગીતમાં પણ પૂરા પારંગત હતા. જ્યારે ૧૮૮૯માં ગાયનશાળા સ્થપાઇ ત્યારે સયાજીરાવ ત્રીજાએ એમને ફરી વડોદરા બોલાવ્યા. એમની સિધ્ધિઓની લાંબી યાદી છે તેથી આ ટૂંકા લખાણમાં એમની પૂરી જિંદગીને સમાવવી શક્ય નથી.

અમે સુરેન્સ ગયા હતા મૌલાબક્ષના તૈલચિત્રની શોધમાં. ગાયનશાળા, એટલે આજની ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સને સો વર્ષ પૂરાં થતાં હતાં ત્યારે સંસ્થાની સ્થાપનાની શતાબ્દી પ્રસંગે મૌલાબક્ષના તૈલચિત્રને પ્રતીક તરીકે ભેટ આપવાનું અમને સૂઝ્યું હતું. સાથે સાથે અન્ય સહાય આપવાનું આયોજન હતું.

જે શહેર વડોદરામાં અમારી કંપની (ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કૉર્પોરેશન લિમિટેડ-I P C L) એક પછી એક શિખરો સર કરતી ગઈ તે શહેરના અમૂલ્ય વારસાને ઉજાગર કરવાના અમારા પ્રયાસમાં 'વડોદરામાં સંગીત' (Music in Baroda) પુસ્તક પર અધિકૃત લખાણ લખવા અમે એ ફેકલ્ટીના ભૂતપૂર્વ પ્રોફેસર અને ડીન આર. સી. મહેતાને નિમંત્ર્યા. એવું જ ફાઇન આર્ટ્સ પર પુસ્તક લખવા માટે અમે કળાકાર અને કળાના ઇતિહાસના મર્મજ્ઞ પ્રો ગુલામમોહમ્મદ શેખને વિનંતી કરી.અમારી શરૂઆતની ચર્ચામાં પ્રો મહેતાએ અમને મૌલાબક્ષ વિશે જાણકારી આપી અને યુરોપના એક સૂફી જર્નલમાં મૌલાબક્ષનું પુનર્મુદ્રિત તૈલચિત્ર બતાવ્યું એમની જાજરમાન દાઢી અને મૂછો, માથે લાલ સાફો, જરીવાળો અંગરખો, એની પર શોભતાં મેડલો, ગળામાં મોતની સેરો—આ બધામાં તેઓ ખૂબ પ્રભાવશાળી દેખાતા હતા. અમે વાંચ્યું કે એમની આ છબી 'ધ હાગ' (હૉલૅન્ડ)માં સ્ટાટ મ્યુઝિયમની ગૅલેરી મ્યૂઝિયમમાં છે. હવે એ તૈલચિત્રમાં ત્યાં બહુ રસ હોવાનો સંભવ નથી તેથી એને ખરીદી શકાય તો ખરીદવું અને એમ ન મળે તો એની અધિકૃત નકલ કરાવીને ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ ને આપવી એવો અમારો મનસૂબો હતો.

આમ એની શોધ શરૂ થઈ. હોલૅન્ડના ભારતના રાજદૂત સુનુ કોયરને અમે જાણતા હતા. અમે આ છબીની શોધમાં એમની મદદ માગી. એમણે છબી શોધવાના પ્રયત્નો કરવામાં કોઈ કચાશ ન રાખી પણ પત્તો ન લાગ્યો. મ્યૂઝિયમની અપ્રકાશિત કૃતિઓની યાદીમાં પણ એનો ઉલ્લેખ ન હતો. રિઝર્વ કલેક્શનમાં પણ એની ભાળ ન મળી. અમે ભારતમાંના ડચ રાજદૂતનો પણ સંપર્ક કર્યો. તેઓએ વિના ખચકાટ અમને ડિનર માટે નિમંત્રણ આપ્યું—મૌલાબક્ષ વિશે જાણવા અને અમારી આ શોધનું કારણ જાણવા તેમણે ગોઠવેલ ભોજન અમે તો પામ્યા પણ મૂળ ઉદ્દેશમાં સફળતા ન મળી.

મૌલાબક્ષના આગમન પહેલાં અને પછી પણ વડોદરામાં સંગીતની પરંપરા જીવંત હતી. ૧૯મી સદીની શરૂઆતમાં રાજ્ય તાંજોર પરંપરાના કળાકારોને વડોદરામાં વસાવ્યા હતા. ત્યાર પછી ઇનાયતખાન, ઉસ્તાદ અબ્દુલ કરીમખાન, કેસરબાઇ, ગંગુબાઇ હંગલ, ભાસ્કર બુવા બખલે, ઉસ્તાદ ફૈયાઝખાં અને બીજાઓએ સંગીતના ક્ષેત્રમાં વડોદરાને કીર્તિ અપાવી છે. હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના વડોદરાના સંગીતરસિકોની એ પરંપરા ચાલુ રહી છે. એક ટાંગાવાળાએ ભીમસેન જોશીનો આગલી રાતનો સંગીતનો કાર્યક્રમ સાંભળ્યા પછી એમની ગાયકીનાં જે રીતે વખાણ કરેલાં એ કંઇ દંતકથા નથી. એટલે મૌલાબક્ષનું તૈલચિત્ર તો એક પ્રતીકરૂપ હતું.

અમારો ખ્યાલ હતો કે આ બહાને શહેરની સંગીતપરંપરાને પ્રોત્સાહન આપવું અને ગાયનશાળાની ઝાંખી પડેલી કીર્તિને કંઈક મદદ કરીને પુનઃ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો.

મૌલાબક્ષ ટીપુ સુલતાનના વંશજ હતા. પ્રમાણમાં વહેલેથી ઈનાયતખાનના પિતા તરીકે ઓળખાયા, કેમ કે બહુ નાની ઉંમરે ઇનાયતખાનની સંગીતજ્ઞ તરીકે નામના પ્રસરી ચૂકી હતી અને દેશભરમાં સંગીતરસિકોએ તેમના કાર્યક્રમો માણ્યા હતા. એમની કારકિર્દીની ટોચ પર હતા ત્યારે જ ઇનાયતખાન એમના બે પિતરાઈને લઈને ૧૯૦૯માં અમેરિકા ગયા. પણ અમેરિકામાં કંઇ ગોઠ્યું નહીં. પછી ૧૯૧૩ આસપાસ એમણે યુરોપની વાટ પકડી. ત્યાં સંગીત બાજુએ રહ્યું અને સૂફીવાદમાં ઊંડા ઊતરી ગયા. ત્યાં પણ નાની ઉંમરે એમણે સિદ્ધિ પ્રાપ્ત કરી અને સૂફીવાદને યુરોપમાં ફેલાવવામાં યોગદાન આપ્યું. એમનાં ચુંબકીય વ્યક્તિત્વને કારણે સૂફીવાદના ઘણા અનુયાયીઓ થયા અને તેઓ પીર-ઓ-મુરશીદ કહેવાવા

ઇનાયતખાને એક ડચ સ્ત્રી સાથે લગ્ન કર્યાં અને તેનાથી એમને થયેલાં ત્રણ સંતાનોમાં મોટા વિલાયતખાન, પછી બે પુત્રીઓ-મહેરુન્નિસા અને નૂરુન્નિસા મૌલાબક્ષના તૈલચિત્રની શોધ અમને એમના પૌત્ર પીર વિલાયતખાન પાસે લઇ ગઇ. યુરોપના સૂફી સંપ્રદાયના વડા હોવાને કારણે એ પીર-ઓ-મુરશીદ હતા. તેઓ ઘણો પ્રવાસ કરતા. ઘણી વાર ભારત આવતા. કુંભમેળા વખતે તેઓ અચૂક આવે. વારંવાર પ્રવાસ કરતા રહેતા હોવાથી એમને મળવાનું સહેલું ન હતું

ફ્રાંસમાં ત્યારે ભારતના રાજદૂત નિવૃત્ત ઍરમાર્શલ ઇંદરીસ લતીફ હતા. અમે એમને સારી રીતે જાણતા હતા. એમને અમે કહ્યું જ્યારે વિલાયતખાન પેરિસમાં હોય ત્યારે અમને જણાવે તૈલચિત્રની અમારી શોધની વાત એમને કરેલી તેથી એમણે એમના કુટુંબનો સંપર્ક કરીને એમની આવનજાવન જાણીને થોડા સમય પછી અમને વડોદરા ફોન કર્યો. એ વખતે અમે I P C Lના કામ અંગે મિલાનમાં ટેક્સિમોંટ કંપની સાથે વાટાઘાટ માટે ગયા હતા. ત્યાં સંદેશો મળ્યો. બીજે જ દિવસે અમે સુરેન્સ પહોંચી ગયા.

મિલાનથી પેરિસની ટિકિટ સાંજના છેલ્લા વિમાનમાં મળી. વિમાન પેરિસ પહોંચ્યું ત્યારે ત્યાંનું ઍરપોર્ટ ખાલી હતું. બધી ફ્લાઇટો ગઇ હતી અને રાત્રે ત્યાં ફ્લાઇટ આવે નહીં તેથી ટૅક્સી ન મળે. અમારા ડૉલરના ફ્રાંક પણ કોણ આપે? એવામાં એક માણસ કોઇ મિત્રની ખોવાયેલી બૅગની ભાળ કાઢવા આવેલા. એ અંગ્રેજી જાણતા હતા. એમને વિનંતી કરી કે અમને કોઇ ટૅક્સીસ્ટૅન્ડે ઉતારી દે. મોઢું બગાડીને એમણે અમને સાથે લીધા. એમની ટચૂકડી ગાડીમાં અમે બેઠા પછી એમણે પૂછયું કે પૅરિસમાં શું કરવા આવ્યા છો? અમે કહ્યું કે સવારમાં કોઇને મળવાનું છે અને સાંજે બને તો એક આર્જેન્ટિનિયન નાટક જોવું છે. એ ભાઇ થિયેટરના માણસ નીકળ્યા. એટલે અમારે ભાઇ—ભાઇ જેવું થયું. એમના ઘરથી દૂર ઍમ્બેસેડર હોટેલમાં અમે રહેવાના હતા છેક ત્યાં મૂકી ગયા અને નાટકની ટિકિટ મેળવવામાં કાંઇ મુશ્કેલી પડે તો જણાવવા કહ્યું.

પીર વિલાયતખાનને અમારી મુલાકાતના ઍજન્ડાની જાણ હતી. એમનાં બહેન અને પત્ની બંને ત્યાં હાજર હતાં. એમના દાદાની છબીવાળું સૂફી જર્નલ બતાવ્યું તેઓને વડોદરામાં સંગીતની સ્થિતિ અંગે જાણવું હતું. એમના પિતા અને દાદા વિશેનો એમનો આદર અને એમના વડવાઓ માટેનો ગર્વ સ્પષ્ટ દેખાતો હતો. અમારી શોધની વાત જાણી તેઓ ઉદારતાથી એમાં જોડાયા. ૧૯૧૯-૨૦માં રેકર્ડ થયેલું એમના પિતાનું વાયર રેકૉર્ડિંગ અમને સંભળાવ્યું અને વાતાવરણ જામ્યું. એક વસંતની સવારે પૅરિસમાં ઇનાયતખાનની સંગીતની રેકર્ડ સાંભળવી તે પણ એક લહાવો હતો. એમણે એમના સુરેન્સના ઘરમાં કે એમના પીરીનીઝના શાકોમાં ક્યાંય આવી છબી છે કે નહીં તે યાદ કરવા કોશિશ કરી. પછી એમના ભત્રીજાને ફોન કર્યો જે ધ હાગમાં એક ડચ સરકારી ઓફિસમાં કામ કરતા હતા. એણે લંડનમાં કોઇને ફોન કરીને વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝિયમમાં આ છબી છે કે નહીં તેની તપાસ કરવા કહ્યું. અમને એમના પિતાની જીવનકથાનાં ૧૨ પુસ્તકોનો સેટ ભેટ આપવા ઇચ્છતા હતા. એમની બહેન નૂરુન્નસાની જીવનકથાનું પુસ્તક પણ આપ્યું. ત્યાં હાજર બંને મહિલાઓને આ ઉદારતા પસંદ ન પડી હોય તેવું લાગ્યું. છેવટે અમે ઇનાયતખાન પરનાં બે પુસ્તકો અને નૂરુન્નિસાનું પુસ્તક રાખ્યું એની કોપી કરીને કાલે પાછું મોકલીશ એમ કહ્યું-જે અમે મોકલ્યું પણ ખરું.

નૂરની વાતો તે સમયે ભારતમાં ખાસ કોઈ જાણતું ન હતું. હવે એના વિશે લખાય છે. વર્ષો પહેલાં નારાયણ મેનને અમને નૂર અને એની જીવનકથા અને એના પરથી ઊતરેલ ફિલ્મ મેન્ડેલીન વિશે કહેલું. એક ભારતીય સ્ત્રી, જેની ઉમરાવી વંશાવલી, હોલૅન્ડમાં જન્મી અને ઊછરી, અને બીજા વિશ્વયુદ્ધના આરંભે જ હિટલરે હોલૅન્ડને ધમરોળી નાખ્યું ત્યારે એ એનાં માતા અને ભાઈબહેન સાથે ભાગીને ઇંગ્લેંડ પહોંચી, ત્યાં બ્રિટનના જાસૂસીખાતામાં નામ નોંધાવ્યું. ફ્રાંસમાં પેરેશૂટથી ઊતરી, નાઝીઓના હાથે પકડાઇ ગઇ. કોન્સન્ટ્રેશન કેમ્પમાં પૂરવામાં આવી, ભાગી જવાનો પ્રયત્ન કરતાં પકડાઇ ગઇ. છેલ્લે એ ત્યાં જ મૃત્યુ પામી. અને આ રોમાંચમાં ઉમેરો કરવા ટીપુ સુલતાનના વંશજની એની વાત વહેતી થઇ.

મૌલાબક્ષના તૈલચિત્રની શોધ અમને જુદી જુદી જગ્યાએ લઇ ગઇ પણ સફળતા ન મળી. વડોદરામાં કેટલાક ઉત્સાહી લોકો મૌલાબક્ષને નામે દર વર્ષે એક નાનકડો સમારંભ રાખે છે.

દેવિકા રાણી

એમની હસ્તીમાં ગજબનું જાદુ હતું. લોકો એમની તરફ સ્વાભાવિક રીતે ખેંચાય. પોતાના પ્રભાવની અસરથી તે સભાન હતાં. કોઇ પણ મિલનમાં એ કેન્દ્રબિંદુ બની જતાં. એમનો પનો ટૂંકો પણ એમનાં સૌંદર્ય, ગતિશીલતા અને તરવરાટમાં બીજાં વામણાં લાગતાં.

દેવિકા રાણીનું વાર્ષિક સમયપત્રક નક્કી હોય. દર વર્ષે તેઓ એમના મિત્રોને મળવા બેંગલોરથી મુકરર સમયે મુંબઇ, દિલ્લી, ત્યાંથી મનાલીના એમના ઘેર નગર અને પછી યુરોપની સફર કરે. મુસાફરીની, મિત્રો સાથેની મુલાકાતોની તારીખો, ક્યાં કોની સાથે દિવસનું જમણ કે રાતનું ભોજન, બધું જ વ્યવસ્થિત રીતે મહિનાઓ અગાઉથી પત્રો દ્વારા નક્કી થઇ જાય. પોતે જાતે પત્રો લખે, ટાઇપ ન કરાવે, ફોન પણ નહીં. ૧૯૬૩ પછીના અરસામાં અમે એમને દર વર્ષે દિલ્લીમાં મળતા. ત્યારે તેમની ઉંમર ૫૫-૫૭ની હશે. પહેલી વાર અમે તેમને જોયાં ત્યારે એમનાં સુંદરતા, ચંચળતા અને કૌવતથી અમે અંજાઇ ગયેલા-એ યાદ કાયમ રહી.

દિલ્લી આવે ત્યારે તેઓ નેહરુ, મોરારજી દેસાઇ, ટી. ટી. કૃષ્ણામાચારી, કેટલાક સરકારી અધિકારીઓ, લશ્કરના અફસરો, રાજદૂતો, કળાકારો અને કળાપારખુઓને એમના વ્યસ્ત સમયપત્રક પ્રમાણે મળતાં. મોટે ભાગે જનપથની ઇમ્પીરિયલ હોટેલમાં રહેતાં. એ મિજબાની આપે તે ઇમ્પીરિયલમાં જ હોય. એમની આજુબાજુ મિત્રો, પ્રશંસકો એકઠા થાય અને એ પોતાનો દરબાર ભરે.

અમે એમને પહેલી વાર મળ્યા ૧૯૬૪માં. મોરારજીભાઇને મળવા આપેલ સમય કરતાં વહેલા આવી ચડેલાં. એમને રાહ જોવી પડી. તરવરિયો જીવ. સતપતિયો પણ ખરો. એટલે એ સ્થિર કેમ બેસે? અમારે વિશે પૂછ્યું. અમે જ્યારે એમને કહ્યું કે 'અછૂત કન્યા' ફિલ્મમાં આપના અભિનયે અમારી પેઢીને આંજી દીધી હતી ત્યારે એમની આંખો ચમકી ઊઠી. અમે એમના બૉમ્બે ટૉકીઝના દિવસો વિશે, અને ફિલ્મોની દુનિયા આટલી વહેલી કેમ છોડી દીધી એ વિશે પૂછ્યું. તેઓ ખૂબ ખુશ થયાં. ત્યાર પછી દર વર્ષે આવે ત્યારે અમને જણાવે અને મળે ત્યારે હળવેથી ભેટે. એક વાર અમને ઇમ્પીરિયલ હોટેલમાં જમવા માટે નોતરેલા.અમે પહોંચ્યા ત્યારે ઊભા થઇને બીજા લોકોની હાજરીમાં મુક્ત મને ભેટી પડીને આ મારો મિત્ર છે એમ કહીને અમારી ઓળખાણ કરાવેલી. આપણો તો દિવસ સુધરી ગયો.

છેલ્લે અમને બેંગલોર નજીક એમની ટાટાગુની એસ્ટેટમાં મળ્યાં ત્યારે તેઓ ૭૦ના હતાં. હંમેશની જેમ સુંદર રેશમી સાડીમાં સજ્જ અને સાથે શોભતા ઝવેરાતમાં એમનો તરવરાટ એવો જ હતો. રાજપાટ વગર પણ એમનો ઠાઠ રાજરાણીનો હતો. વૃક્ષોની ઘટા, વચ્ચે નાનકડી બેઠકો, લાકડાંનાં કે નેતરના સાદા ફર્નિચર પર બેસો, લંબાવો કે

ગપ્પાં મારો. ઘરની અંદર ખૂબ શોખથી ડિઝાઇન કરેલું ફર્નિચર, કળાકારીગરીનો અમૂલ્ય ખજાનો અને બધું સૌંદર્યસભર. અમને વરંડાની ઠંડકમાં શાકાહારી ભોજન પીરસેલું એ ક્યારેય ન વીસરાય.

રવીન્દ્રનાથ ટાગોરના ભાઈના દીકરાની દીકરી અને કલકત્તાના ધનાઢ્ય કુટુંબો સાથે સંકળાયેલા દેવિકા રાણીને નાટ્ય, સંગીત, ટેક્સટાઇલ સજાવટ અને વસ્ત્રોની ડિઝાઇન તથા સ્થાપત્ય લંડનમાં નાની ઉંમરે શીખવાની તક મળી હતી. ૧૯૨૯માં ૨૧ની ઉંમરે હિમાંશુ રાયને પરણ્યાં, ૨૫ની ઉંમરે 'કર્મ' નામની ફિલ્મમાં ૪ મિનિટનો ‘કિસિંગ'નો રેકૉર્ડ સીન અભિનીત કર્યો, ૨૮ની ઉંમરે એમના સાથી કલાકાર અને પ્રેમી નજમ-ઉલ-હસનની સાથે ભાગી ગયાં. હિમાંશુ રાય સમજાવીને એમને પાછા લાવ્યા. નજમલ પાછા ન આવ્યા. તેથી એમની જગ્યાએ ટેકૂનિશિયન તરીકે કામ કરતા અશોકકુમારને લેવા પડ્યા. તે જ વર્ષે, ૧૯૩૬માં, ‘અછૂત કન્યા'માં અવ્વલ અભિનય કર્યો, ૩૨ની ઉંમરે વિધવા થયાં, ૩૭ની ઉંમરે સ્વાતોસ્લાવ રોરિક સાથે બીજાં લગ્ન કર્યાં અને ફિલ્મમાંથી રિટાયર થયાં તેમ જ સ્ટેજથી દૂર રહ્યાં. જિંદગીના વળાંકો ક્યાંક એમણે પોતે જ નક્કી કર્યાં, ક્યાંક વળાંક સામે આવ્યો તો સાહજિકતાથી એમાં વળ્યાં. ૮૬ની ઉંમરે દેવિકા રાણી અવસાન પામ્યાં, ત્યારે એમની જાયદાદ પરના હક્કદાવાની લડાઈ સરકાર અને એમના વારસદારો વચ્ચે લડાતી રહી.

એક સમૃદ્ધ જીવન પોતાની મરજી મુજબ જીવી જનાર કેટલા?

કૃષ્ણલાલ શ્રીધરાણી

કૃષ્ણલાલ શ્રીધરાણી વિશે નાનપણમાં દંતકથાઓ સાંભળેલી. કવિ, ગૂજરાત વિદ્યાપીઠ, દાંડીકૂચ અને શાંતિનિકેતન—આ બધા શબ્દોએ એમની ફરતું તેજવર્તુળ બનાવેલું. અમેરિકા ગયા પછી લખેલું એમનું પુસ્તક અમે My India, My America ત્યારે વાંચેલું, પરંતુ ખાસ પ્રભાવ નહીં પડેલો. એમનાં કાવ્યો સિવાયનું લખાણ ખાસ જચેલું નહીં. એમના જીવનના છેલ્લા થોડા મહિનામાં લગભગ દર અઠવાડિયે એક, ક્યારેક બે વાર મળવાનું થશે એવી કલ્પના પણ ન હતી. શ્રીધરાણી અમૃતબજાર પત્રિકામાં અઠવાડિક પત્ર લખે. 'સંદેશ'ના તંત્રી ચીમનભાઈ પટેલે એ પત્ર ગુજરાતીમાં છાપવા માગણી કરી. શ્રીધરાણીને બીજાનું ભાષાંતર ન ખપે. એમની શબ્દની શોધ અવિરત રહેતી એટલે એમણે પોતે દિલ્લીના પત્રનું ભાષાંતર કરવા માંડ્યું, પણ લાંબું ન ચાલ્યું. અનુવાદકની શોધ કરતાં કળશ અમારા ઉપર ઢોળાયો. અમે એ અરસામાં જ દિલ્લી ગયેલા.

ગુજરાતી છાપામાં દિલ્હીનો પત્ર જેમતેમ રગડી કાઢવામાં આવે. પરંતુ શ્રીધરાણીને સંઘેડાઉતાર ગદ્ય જોઇએ. પહેલા ભાષાંતરમાં અમે નપાસ થયા. શબ્દાર્થ, વાક્યાર્થ, ગૂઢાર્થ અને લઢણ ઉપર ભાષણ ચાલ્યું. પછી એ સાર્થ જોડણીકોશ લઇને બેઠા શબ્દો શોધે. પણ વર્ષોથી ગુજરાતીનો મહાવરો ન હતો. જોઈતો શબ્દ ન જડે. ક્યારેક મૅટર પૂરતું ન હોય તો લખાણને રબ્બરની જેમ ખેંચીને કૉલમ ભરવાનો શિરસ્તો હતો. એમાં આપણે આગળ નીકળ્યા. પહેલો ડિસ્પેચ તૈયાર કરતાં અમને ત્રણ કલાક લાગેલા. એના પ્રમાણમાં મહેનતાણું મામૂલી. પછી તો અમારું ગાડું ચાલ્યું. ઉમાશંકરભાઇએ કહ્યું છે તેમ લાંબા ભાષાવટા પછી શ્રીધરાણીને વાચા ફૂટી હતી. દિલ્લીમાં ભાષા—ગોષ્ઠિ કરે એવું કોઇ નહીં. તેથી મારા જેવો નવો નિશાળિયો ખપમાં આવ્યો. લિટન લેઇનના એમના બંગલામાં ડાબી બાજુએ એમની ઑફિસ ત્યાં અમે મળીએ. સુંદરીજી ચા-નાસ્તો અવશ્ય મોકલે.

એમનાં અંગ્રેજી લખાણોના અમે ખાસ પ્રશંસક ન હતા. પણ ગુજરાતી ભાષા માટે એમની જે ચીવટ હતી એ ગમતી. શબ્દનું મહત્ત્વ ખરું, પરંતુ ક્યારેક વિચારનું ઊંડાણ ન મળે. રંગીન મિજાજના મજેદાર માણસ શ્રીધરાણી બાપુની સ્ટાઇલમાં બોલે. એમની અલકમલકની વાતો સાંભળવાનું ગમતું.
દર અઠવાડિયે એમના ડિસ્પેચના ભાષાંતરની નુક્તેચીની અને થોડું પુનર્લેખન થાય. પછી એમની કવિતા સંભળાવે, પ્રતિભાવ જાણવા માગે અને પછી એમનું દૃષ્ટિબિંદુ સમજાવે. ૫૦ વર્ષ પહેલાં ગુજરાતી ભાષા અને સાહિત્ય સાથેનો અમારો સંબંધ જીવંત હતો. તેથી એમને સમજવાનું સહેલું હતું અને એમની શોધમાં ક્યારેક આગળ નીકળવાનું પણ બનતું. ‘પુનરપિ'નાં લગભગ બધાં કાવ્યોનું પઠન એમણે અમારી સમક્ષ કરેલું. એમની

છેલ્લી કૃતિઓમાંની એક કૃતિ 'કાઠિયાવાડ' હતી. બે ત્રણ વખત 'કાઠિયાવાડ' અમારી ચર્ચામાં ગુંજતું રહ્યું. અમને હજી યાદ છે કે 'થોરીલો ખેસ' અભિવ્યક્તિ એમને બહુ ગમેલી. 'બહેનને મારતાં હાથમાં ઊગે કાંટા, સાંભર માનાં વેણ'વાળી પંક્તિ એમણે બે ત્રણ વાર વાંચેલી અને એમની આંખ ભીની થયેલી. બાળપણ યાદ આવી ગયેલું. એમની કવિતા છંદની વ્યાખ્યામાં બેસે નહીં. તેથી અમે એક વાર છંદ માટે પૂછ્યું. તો કહે: હવે હું ગાડરિયો છંદ વાપરું છું.

શ્રીધરાણીને નોતરાનો પાર નહીં. લગભગ રોજ કોકટેલ અને ભોજન કોક ને કોક રાજરસોડે હોય. વિદેશના એલચીઓના એ પ્રિય હતા. વિશેષ તો ત્યારના દિલ્લીસ્થિત અમેરિકનોમાં. એમણે ચૌદ વર્ષ અમેરિકામાં ભારતની સ્વતંત્રતા માટે જે વકીલાત કરેલી એ કારણે અને એમના પુસ્તક War Without Violence પ્રેરિત અમેરિકન-આફ્રિકનોના હકો માટે ચાલેલી ચળવળને કારણે. આપણા લશ્કરના સેનાપતિઓ સાથે પણ ઘરોબો. પરદેશથી આવેલા મોભીઓ એમને શોધે. ત્યારે દિલ્હીમાં પત્રકારોની ન્યાત સાવ નાની હતી. શ્રીધરાણી ફૂટડા, કપડાં ટિપટૉપ, એ જમાનામાં ડ્રાઇવર સાથે ગાડી રાખે. શ્રીધરાણી ઠાઠથી રહે. એમની પાસે માહિતીનો ભંડાર. જેને પામવા માટે મધમાખી માફક લોકો આસપાસ ફરે. ખુશમિજાજ માણસ અને વળી મોટે ઘેર સંબંધ થતાં થતાં એમણે તોડી નાખેલો એટલે શ્રીધરાણી એ રીતે પણ જાણીતા ખરા.

એમને દેશ-વિદેશનાં આમંત્રણો આવ્યાં કરે. ફરવાનું ગમે. એક વાર રાજ્યના મહેમાન થઈને કાશ્મીર જઈ આવેલા. ત્યાંના અટપટા રાજકારણની સાથે સાથે ત્યાંનું કુદરતી સૌંદર્ય, સ્ત્રીઓની નજાકત, હસ્તકળા અને અનેક વાનગીઓની વાત કરે. પછી ઉમેરે: કાશ્મીરી બ્રાહ્મણોની અટક સૂકા મેવા ઉપરથી હોય છે—કાજુ, બદામ વગેરે. જેમ આપણા નાગરોની અટક પ્રાણીઓ ઉપરથી હોય છે—હાથી, ઘોડા, માંકડ, મંકોડી વગેરે. એમનું એ નિરીક્ષણ ક્યાંક એમણે શબ્દસ્થ પણ કર્યાનું સ્મરણ છે. એમના અચાનક અવસાન પહેલાં એ ઈરાનથી તાજા પાછા ફરેલા. શહેનશાહના નિમંત્રણથી ગયેલા એટલે ઠાઠમાઠથી આગતાસ્વાગતા થયેલી. એવું બધું ગમે પણ ખરું. ઈરાનની બીજીત્રીજી વાત કરીને પછી પર્સેપોલિસ માટે કહે કે સિકંદરે એ મહાન લાઇબ્રેરી ભસ્મીભૂત કરી એ બદલ ઇતિહાસ એને માફ નહીં કરે.
ત્યાર પછી આઠ વર્ષ અમે પર્સેપોલિસ ગયેલા. સિકંદરે ઓસ્કેઝાન્ડ્રિયાની લાઇબ્રેરી અને પર્સેપોલિસનો મહેલ દારૂના નશામાં છાકટા થઈને બાળેલાં એવું ઇતિહાસકારો કહે છે. કેટલાક ઇતિહાસકારોનું માનવું છે કે પર્સેપોલિસનો મહેલ નહીં પણ ત્યાંની સમૃદ્ધ લાઇબ્રેરી બાળવાનો એમનો ઉદ્દેશ હતો; કારણ, સિકંદર એમ માનતા કે લાઇબ્રેરીમાં તે પ્રજાની Psyche વસે છે. તેથી લાઇબ્રેરીનો નાશ કરે તો એ પ્રજા હતપ્રભ થઈ જાય છે.

શ્રીધરાણી અચાનક ગયા તે દિવસે અમારે એમને મળવાનું હતું. એમના અંતિમ દર્શન કરવા માટે દિલ્હીનો આખો રાજદરબાર ઊમટેલો. દેશ-વિદેશના કોઈ ચમરબંધી બાકી નહીં. સેનાપતિઓ, મોટા અમલદારો, મુત્સદ્દીઓ, લેખકો, પત્રકારો, રાજકારણીઓ, રાજદૂતો. કોઈ કરતાં કોઈ બાકી નહીં. જવાહરલાલ નેહરુ પણ પહોંચી ગયેલા. એમની સ્મશાનયાત્રા રજવાડી લાગતી હતી. બીજે દિવસે સવારે અમે એમને ઘેર ગયા ત્યારે સુંદરીજી પાસે વિદ્યાબહેન શાહ અને અમે એમ બે જ જણાં, દિલ્લીની તાસીર છે કે મોકાના સ્થાનેથી જે ઊતરે એને કોઈ ઓળખે પણ નહીં. તે દિવસે આપણે એક સંકલ્પ કર્યો કે કોઈ સંજોગોમાં દિલ્લીમાં કાયમી નિવાસ ન કરવો.

અમર અને કવિતા બંને ઘણાં નાનાં હતાં પણ અનેરી આવડત અને હિંમતવાળા સુંદરીજીએ વિદ્યાબહેન શાહની હૂંફાળી મદદથી 'ત્રિવેણી' જેવી સંસ્થા ઊભી કરી અને દિલ્લી જેવા શહેરમાં સ્વમાનભેર રહ્યાં.

કેન્યાટાની અંતિમયાત્રા

ક્રિકેટની રમતના અમારા પ્રિય ઑલરાઉન્ડર વિનુ માંકડની અવસાનનોંધ અમે વાંચતા હતા ત્યારે જ વિદેશ મંત્રાલયમાંથી જોમો કેન્યાટાના અવસાનના સમાચાર આવ્યા. માંકડ ૧૯૭૮ની ૨૧ ઑગસ્ટે ગુજરી ગયા, કેન્યાટા

એના બીજા દિવસે. કેન્યાટા Larger than life હતા. એ સમયે અમને જે વાત યાદ આવી તે એમના એક જુનિયર પ્રધાન વિશેની છે. એ જરાક રમૂજી વાત હતી એટલે અમને યાદ રહી ગઈ હતી. મનની ગતિ પણ અકળ છે કે આવા પ્રસંગે આવી વિચિત્ર વાત પહેલાં મનમાં આવે!

એમના મૃત્યુના થોડા સમય પહેલાં, જ્યારે તેઓ ૮૭ના હતા ત્યારે એક વાર એમણે એમના એક જુનિયર પ્રધાનને બોલાવ્યા. જ્યારે તે આવ્યા ત્યારે એમણે એને નજીક બેસાડ્યા. પછી પૂછ્યું, “તારું નામ શું છે?" પેલાએ જવાબ આપ્યો અને કેન્યાટાએ એને તમાચો માર્યો. (બીજી વાયકા એવી છે કે એમણે સોટી મારી). એમણે ફરી પૂછ્યું, “તારું નામ શું?" પેલાએ ફરી એ જ જવાબ આપ્યો. ફરી તમાચો. પછી કેન્યાટાએ પૂછ્યું, “ગામના લોકો તને કયા નામે બોલાવે છે?” પેલાએ ઢીલા પડીને કહ્યું, “મિ. ૧૦ ટકા". જોરદાર તમાચો. પછી કહે “હવે બધું બંધ". ત્યાર પછી એ ધંધો બંધ. કેન્યાટાને વધારે પડતી લાંચરુશ્વત મંજૂર ન હતી. અને ૧૦ ટકા તો ઘણા વધારે કહેવાય.

એમની સ્મશાનયાત્રા ૩૧મી ઓગસ્ટે રખાઈ હતી. વિદેશખાતાની સલાહ પ્રમાણે વડા પ્રધાને તેમાં હાજરી આપવી જોઇએ. એક તો ત્યાં વસતા ભારતીયોના લાભમાટે અને બીજું આફ્રિકા ખંડમાં કેન્યાનું મહત્ત્વનું સ્થાન હોવાને કારણે. વળી, મોરારજી દેસાઇએ એ પણ કહ્યું કે કેન્યાટા મોટા ગજાના સ્વાતંત્ર્યસૈનિક હતા એથી તેઓ એમાં હાજરી આપશે. આવા પ્રસંગે વડા પ્રધાનનું પ્રતિનિધિમંડળ નાનું હોય તે સ્વાભાવિક છે. કેન્યાના પૂર્વ હાઈ કમિશનર અપ્પા પંત જેઓ ત્યાં લોકપ્રિય થયેલા તેમને લઈ જવાનું નક્કી થયું, જેથી વિદેશખાતાનું યોગ્ય પ્રતિનિધિત્વ પણ થાય. વડા પ્રધાનના દફતરમાંથી વી. શંકર જવા ઉત્સુક હતા, પરંતુ એમની પાસે યલો ફીવરના વૅક્સિનનું સર્ટિફિકેટ ન હતું. કાંતિભાઈ પાસે પણ ન હતું. પબ્લિક રિલેશન્સ સોસાયટી ઑફ ઇન્ડિયાના પ્રમુખ તરીકે ૧૯૭૫માં અમે ઑલ આફ્રિકા પબ્લિક રિલેશન્સ કૉન્ફરન્સમાં ભાગ લેવા ગયેલા એથી અમારી પાસે યલો ફીવરની રસીનું સર્ટિફિકેટ હતું તેથી અમે વડા પ્રધાન સાથે જોડાયા.

કેન્યાની સરકારને આવી રાજદ્વારી સ્મશાનવિધિનો નહીંવત્ અનુભવ. પણ તે વખતે સ્વર્ગસ્થનું અંતિમ અંજલિ આવતું પ્રવચન (Funered oration) કેન્યાટાએ પોતે તૈયાર કરી રાખેલું એટલે એમણે એમના અનુયાયીઓનું કામ સરળ કરી આપેલું. જોકે મૃત્યુ અને દફનવિધિ વચ્ચે નવ દિવસનો ગાળો હતો છતાં જાણે ઉતાવળે બધી તૈયારી કરી હોય એવું લાગ્યું. વિધિની વક્રતા તો એ હતી કે જે શબવાહિની વિન્સ્ટન ચર્ચિલ માટે વપરાયેલી તેમાં જ એમને સ્મશાને લઈ જવાના હતા. સામ્રાજ્યનો ફરી આ એક પ્રહાર!

ભારતના વડા પ્રધાનનો નૈરોબીની હિલ્ટન હોટેલમાં ઉતારો હતો. વડા પ્રધાનનો ખંડ મોટો હતો. બાજુમાં અમને એક ૭૦-૮૦ ચોરસ ફૂટની ઓરડી, જેમાં એક પલંગ ને એક ખુરશી રહી શકે તે ફાળવવામાં આવેલી. ૮૨ દેશોના પ્રતિનિધિઓ, જેમાં કેટલાક તો રાજ્યોના વડા હતા. આ સૌ ડાઘુઓને નૈરોબીમાં માંડમાંડ સમાવી શકાયેલા.

કેન્યા શોકમગ્ન હતું. ટોળાબંધ લોકો હીબકાં ભરી રહ્યા હતા. દેશવાસીઓને મન કેન્યાટા તેમના રાષ્ટ્રપિતા હતા. કેન્યાટાની અંતિમ યાત્રા પાર્લામેન્ટના પરિસરમાં હતી. ત્યાં જ તેઓનું સ્મારક બંધાવાનું હતું. ચારે બાજુ અવ્યવસ્થા હતી, એની વચ્ચે ભારતના વડા પ્રધાન મોરારજી દેસાઈ, પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ ઝિયા-ઉલ-હક, ઝામ્બિયાના પ્રમુખ કેનેથ કોડા, ટાન્ઝાનિયાના જુલિયસ નાયરેરે, બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ અને બીજા મહાનુભાવો બેઠા હતા. પૂરતા રાજકીય સન્માન સાથે દફનવિધિ સંપન્ન થયો.

આ પ્રસંગે સમગ્ર દુનિયાએ એક દૃશ્ય જોયું. અમે એ નજીકથી જોયું તે ઇદી અમીનને પ્રિન્સ ચાર્લ્સે ખુલ્લેઆમ અવગણ્યા તે. યુગાન્ડાના પ્રમુખ ઇદી અમીન પ્રિન્સ ચાર્લ્સને જોઇને એમની સાથે હાથ મેળવવા એમની તરફ આગળ વધી લાંબો હાથ કરીને ગયા, ચાર્લ્સે એમને આવતાં જોયા એટલે બીજી બાજુ ફરીને એમના કાફલા સાથે વાતે વળગ્યા. ઇદી અમીનની ભોંઠપ દુનિયાના લોકોએ ટીવી ઉપર જોઈ.

મોરારજીભાઈ અને જનરલ ઝિયાને એકબીજાથી દૂર બેઠક અપાયેલી. જ્યારે સૌ ઊભા થતા હતા ત્યારે જનરલ ઝિયાએ મોરારજીભાઈ પાસે આવીને પૂછ્યું: આપણે મળીએ? મોરારજીભાઇએ હા પાડી. અમે હોટેલ પર જતા

હતા ત્યારે મોટરમાં અમને મોરારજીભાઈએ કહ્યું કે પાકિસ્તાનના પ્રમુખ થોડી વારમાં હોટેલ પર આવશે; તમે એમને અંદર લઈ આવજો. આપણા રાજદૂત એ. એન. હકસરને જણાવવાનો પણ સમય ન હતો. એ દિવસોમાં સેલફોન હતા નહીં અને અમારી
સાથે આપણા રાજદૂતાલયનો કોઈ અધિકારી ન હતો. જ્યારે જનરલ મહમ્મદ ઝિયા-ઉલ-હક બે ઑફિસર સાથે લિફ્ટમાંથી બહાર આવ્યા ત્યારે અમે એમને આવકાર્યા અને મોરારજીભાઈના ખંડમાં લઈ ગયા. અમારી યાદદાસ્ત પ્રમાણે એક ઑફિસર વિદેશ સચિવ શાહનવાઝ હતા. તેઓ અને એક બીજા ઓફિસર અમારા ઓરડામાં આવ્યા. બીજા ઑફિસરની અક્કડ ચાલ અને અક્કડ બેઠક જોતાં એ લશ્કર અથવા આઇ. એસ. આઈ.ના હોવા જોઈએ.

હિલ્ટન હોટેલ કાંઈ પીરસે તોપણ અર્ધા કલાક સુધી તો કશું ન આવે એવી પરિસ્થિતિમાં હતી. અમે અમારી ઓળખાણ આપી અને પાકિસ્તાનના ઑફિસરો સાથે થોડી વાતચીત કરી. એમના જવાબો એકાક્ષરી હતા. દેખીતી રીતે તેઓ વાત કરવાના મૂડમાં ન હતા. વળી આ બે નેતાઓ આમ (પ્રોટોકૉલનું પાલન કર્યા વિના) કોઈ પૂર્વતૈયારી વિના મળે એ વિશે એ બંને નારાજ દેખાતા હતા. આપણા વિદેશ મંત્રાલયને પણ જ્યારે જાણ થઈ ત્યારે આ બનાવ તેમને પણ ગમ્યો ન હતો.

દસેક મિનિટમાં બંને નેતાઓ ખુશીથી હસતા બહાર આવ્યા. મહેમાનની વિદાય પછી અમે મોરારજીભાઈને આ મુલાકાત વિશે પૂછ્યું. એમણે કહ્યું કે અમારી મુલાકાત સારી થઈ અને જનરલ ઝિયા બંને દેશો વચ્ચેના જે પ્રશ્નો છે એને પતાવવા આતુર જણાયા. વળી મોરારજીભાઈએ કહ્યું કે જનરલ જેવા દાખલ થયા કે તરત જ બોલ્યા કે, “આપ બડે ભાઈ હૈં”. મોરારજીભાઈ કહે કે આ વાત પર તેમણે હાથ મેળવ્યા અને જવાબ આપ્યો કે બડા ભાઈ કભી છોટે ભાઈ કો ડાંટ ભી સકતા હૈ. અને બંને હસ્યા. પછી એમણે ગુજરાતીમાં ઉમેર્યું: સવાલ પેચીદો છે, બંને માટે સહેલું નથી. પણ જે પરિસ્થિતિ છે એની મર્યાદામાં રહીને રસ્તો કાઢી શકાય.

મોરારજીભાઈ આથી વધુ બોલ્યા નહીં, પણ ખુશ જણાયા. આ મિટિંગ વિશે પાકિસ્તાની સરકાર ત્રણ દાયકાથી ચૂપ છે. આપણે ત્યાં પણ વિદેશ મંત્રાલયે કશો ઉત્સાહ બતાવ્યો નથી.

ઘણા સમય પછી શ્યામ ભાટિયાએ મોરારજી—ઝિયાની મિટિંગ વિશે રીડિફ. કૉમ. ન્યૂઝમાં લખ્યું જે નીચે શબ્દશઃ ઉતાર્યું છે. જે મિત્રનો તેમણે સંદર્ભ આપ્યો છે તે હતા શ્રી રવીન્દ્ર વર્મા, તેઓ મોરારજીભાઈના પ્રધાનમંડળના સભ્ય હતા.

કેન્યાના સન્માનનીય વડા અને પ્રમુખ જોમો કેન્યાટાની દફનક્રિયાનો પ્રસંગ હતો. બંને, ભારત અને પાકિસ્તાનના, નેતાઓ અંતિમક્રિયાના પ્રસંગે હાજર હતા. ત્યારે જનરલ ઝિયાએ દેસાઈ તરફ ફરીને કહ્યું કે મારે તમને મળવું છે, વાત કરવી છે.
તરત જ થોડી વારમાં બંને નેતાઓ વચ્ચે ખાનગીમાં ચર્ચા થઈ. ફક્ત તેમના અંગત સચિવો હાજર હતા. જોકે આ મિટિંગ વિશે પાકિસ્તાનનો શું પ્રત્યાઘાત હતો તે જાણવા મળ્યો નથી. દેસાઈના મિત્ર કહે છે કે ૮૨ વર્ષની ઉંમરના વડા પ્રધાને ઝિયાને કહ્યું કે બે વચ્ચે બાંધછોડથી સમજૂતી થવી જોઈએ. જો આપણે બંને દેશોના લાભ વિશે વિચાર કરીએ તો ઝઘડાનો સવાલ જ રહેતો નથી.” આપણે ભાઈઓની જેમ વર્તવું જોઈએ. હું તમારો મોટો ભાઈ છું. મારે તમારી પાસેથી કાંઈ લેવું નથી. મારે તો તમને બધું આપવાનું છે. પણ જો કાંઈ થાય તો તમે જવાબદાર ગણાશો. હું ફોગટની વાત નથી કરતો. હું તો જે કહું તે કરું છું."

દેસાઈના ભૂતપૂર્વ પ્રાઇવેટ સેક્રેટરી, હસમુખ શાહ જે નિવૃત્તિમાં વડોદરા રહે છે, એમણે આ વાતચીતના વિષય અને બંને નેતાઓ વચ્ચેની નિખાલસ મુલાકાતને અનુમોદન આપ્યું છે.

અમને ઝિયા મોરારજીને હિલ્ટન હોટેલ પર મળવા આવ્યા અને બોલ્યા કે તમે મોટા ભાઈ છો, હું નાનો ભાઈ છું એ યાદ છે. શાહને મોરારજીનો મશ્કરો પ્રતિભાવ પણ યાદ છે, ‘મોટા ભાઈ ક્યારેક નાના ભાઈને વઢે પણ ખરા

મોરારજી અને ઝિયા વચ્ચે અવારનવાર ટેલિફોન પર વાત થતી તે પણ શાહે કબૂલ કર્યું, ઉપરાંત બે વાર ઝિયાએ માલ્ટા અને ખરબૂચાનાં બાસ્કેટ ભેટ મોકલેલાં તે પણ જણાવ્યું.

દેસાઈના મિત્રો કહે છે કે તેઓ કાશ્મીર પ્રશ્ને ઝિયા સાથે સમજૂતી પર પહોંચેલા. તેઓ કહે છે કે ઝિયાની ભારતની મુલાકાત ગોઠવાઈ હતી અને ત્યારે તેઓ આ સમજૂતીની જાહેરાત કરવાના હતા. પરંતુ જનતા સરકાર પડી અને બંને દેશો વચ્ચેની લાંબા ગાળાની સમજૂતી અંગેની આ અતિ મહત્ત્વની ઘડી ગુમાવાઈ.

ઝિયા ખરેખર આતુર હતા એમ મોરારજીભાઈના મિત્રો કહે છે. જનતા સરકાર પડી તે પહેલાં ઝિયાએ મોરારજીને રાજ્યના મહેમાન તરીકે 'પાકિસ્તાનની પ્રજાને મળવા' નિમંત્રવાની તૈયારી કરેલી. પણ એ ન થઈ શક્યું. જનતા સરકાર પડી, દેસાઈ ઘેર બેઠા અને મિત્રો કહે છે તેમ ઇંદિરા ગાંધી ક્યારેય દેસાઈ અને ઝિયા વચ્ચે જે સંવાદિતા સ્થપાયેલી તે સ્તરે પહોંચી શક્યાં નહીં.

શાહના કહેવા પ્રમાણે, 'પાકિસ્તાનના લોકોને મોરારજીમાં વિશ્વાસ હતો. નેહરુકુટુંબ અને પાકિસ્તાનની નેતાગીરીમાં બંને પક્ષે આદરનો અભાવ હતો. ઝિયા લાંબા સમયથી આ પદ પર હતા અને એમની પાસે પૂરેપૂરી સત્તા હતી. તેઓ એ પણ જાણતા હતા કે મોરારજી સીધા માણસ હતા જેની સાથે આપલેની ચર્ચા થઈ શકે અને જે નિર્ણય લેવાય તેને એ વળગી રહેશે.'
દેસાઈના મિત્રો કહે છે કે જનતા પાર્ટીએ સત્તા છોડ્યા પછી છ વર્ષે, ઝિયાએ દેસાઈની મુત્સદ્દીગીરીને પ્રમાણીને એમને પાકિસ્તાનનો ઉચ્ચ ખિતાબ-નિશાને પાકિસ્તાન-અર્પણ કરેલો. ૧૯૮૬માં લખેલા પત્રમાં ઝિયાએ લખેલું, 'હું તમને આ ખિતાબ સ્વીકારવા વિનંતી કરું છું. પાકિસ્તાનની પ્રજાની આ ઇચ્છા છે.

બે વર્ષ પછી કોઈ રહસ્યમય વિમાની અકસ્માતમાં ઝિયા માર્યા ગયા. એમના અનુગામી બેનઝીર ભુટ્ટોએ આ ઍવૉર્ડ મોકલવાનું ટાળ્યું. નવાજ શરીફ બે વર્ષ પછી બેનઝીર ભુટ્ટોની જગ્યાએ વડા પ્રધાન થયા. એમણે તે વખતના ભારતમાં પાકિસ્તાનના હાઈ કમિશનર અબ્દુલ સતારને (જેઓ રાષ્ટ્રપ્રમુખ જનરલ પરવેઝ મુશર્રફના વિદેશમંત્રી હતા) આ ઍવૉર્ડ મોરારજીને સન્માનપૂર્વક આપવાની સૂચના આપી.

તે વખતના ભારતના રાષ્ટ્રપતિ રામસ્વામી વેંકટરામનના વિરોધ છતાં મોરારજીભાઈએ નિશાને પાકિસ્તાનનો ઇલ્કાબ ૧૯ મે, ૧૯૯૦ના રોજ એમના મુંબઈના ફ્લેટમાં નાના ખાનગી સમારંભમાં સ્વીકાર્યો.

મોરારજી દેસાઈ આમ એક જ વ્યક્તિ હતા જેમને નિશાને પાકિસ્તાન અને ભારતરત્ન બંને સન્માન મળેલાં.

યોગ્રમ

કૉમનવેલ્થના પ્રાદેશિક વડાઓની બેઠક

બધી રામાયણ શરૂ થઈ વડા પ્રધાન સિડની જવા નીકળ્યા ત્યારે. પહેલેથી મોરારજીભાઈ સામાન્ય વિમાનમાં બીજા મુસાફરોની જેમ પ્રવાસ કરવા ઉત્સુક હતા. પરંતુ એમના ડેપ્યુટી અને ગૃહપ્રધાનની એમને નોંધ મળી કે વડા પ્રધાનની સલામતીની જવાબદારી ગૃહપ્રધાનની છે; તેથી એમની સલાહ છે કે વડા પ્રધાને ઍરફોર્સના વિમાનમાં પ્રવાસ કરવો. જવાબદાર એજન્સીમાં પૂછતાછ કરતાં જાણવા મળ્યું કે ઓસ્ટ્રેલિયન પ્રવાસ દરમિયાન આનંદમાર્ગીઓ કદાચ વડા પ્રધાનને નિશાન બનાવે. જ્યાંથી આ સ્ફોટક માહિતી મળી એમાં કાંઈ સુસંગત નથી એવું અમને ત્યારે જણાયેલું.

સિડનીની આ મિટિંગમાં જવું આવશ્યક હતું; કારણ, આગલા વર્ષે જ્યારે કોમનવેલ્થના વહીવટી વડાઓની મિટિંગ થયેલી ત્યારે ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન માલ્કોમ ફ્રેઝરે પ્રાદેશિક મિટિંગોનો વિચાર વહેતો મૂકેલો જેને ભારતના વડા પ્રધાને અનુમોદન આપેલું. ઑસ્ટ્રેલિયા યજમાન હતું. તેથી આ પહેલી પ્રાદેશિક મિટિંગમાં વડા પ્રધાન સ્તરે ભારતની હાજરી આવશ્યક હતી. એક આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે કોમનવેલ્થનો કશો ઉપયોગ ન હતો એવી માન્યતા ભારતમાં અને અન્ય દેશોમાં પ્રવર્તતી હતી. આ તો બીજા વિશ્વયુદ્ધ બાદ નબળા બનેલા ઇંગ્લૅન્ડનું મહત્ત્વ ઊભું કરી એનો વગ-વિસ્તાર વધારવાની એક રીત હતી. એથી ઊલટી માન્યતા એ હતી કે બીજા વિશ્વયુદ્ધ પૂર્વોત્તરની દુનિયામાં અલગ જાતિઓ, અલગ ભાષા બોલતા તથા સાંસ્કૃતિક વિભિન્નતા ધરાવતા લોકો માટેનું એક ફોરમ છે જેનો ઉપયોગ સંયુક્ત રાષ્ટ્રની બહાર એક સબળ મત ઊભો કરવા કરી શકાય. પંડિત નેહરુએ એમ કહેલું કે યુદ્ધના જખમો પર બામ લગાડવાનો આ એક ચોકો છે. આ માન્યતાને મોરારજીભાઇએ બીજી રીતે રજૂ કરેલી. પ્રાદેશિક મિટિંગ એટલા માટે છે કે ઇતિહાસે અંતર વધારેલું એવા પાડોશીઓને આર્થિક અને ભૌગોલિક રીતે નજીક લાવવાનો

આ એક માર્ગ છે. બે મહાસાગરો આ પ્રાદેશિક અસ્મિતાને સાંકળી શકે છે. ભારત, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, મલેશિયા, સિંગાપુર, ફીજી, બાંગલાદેશ, નાઉરુ, ટાગા, શ્રીલંકા, પાપુઆ ન્યૂગીની, અને પશ્ચિમ સામોઆ-એમ બારેય પ્રાદેશિક સરકારોના વડાઓને સિડની હિલ્ટન હોટેલમાં ઉતારો આપેલો. ૧૯૭૮ના તેરમી ફેબ્રુઆરીથી બેઠકનો આરંભ થવાનો હતો તેથી બધા બારમી સુધીમાં પહોંચી ગયા હતા.

તેરમીએ બેઠકનો આરંભ થાય ત્યાર પછી વારાફરતી આ વડાઓ એમનાં મંતવ્યો રજૂ કરવાના હતા. એ બધાં ચૌદ—પંદરમીએ રિટ્રીટ માટે જાય અને બારેય રાષ્ટ્રોનાં પ્રતિનિધિમંડળો ઍજન્ડાની વિગતવાર ચર્ચા કરે અને વડાઓ રિટ્રીટમાંથી પાછા ફરે ત્યારે તેમની ચર્ચાનાં તારણો એમની સમક્ષ રજૂ કરે અને તે જ દિવસે, ૧૬મીએ આ કાર્યક્રમની પૂર્ણાહુતિ સંપન્ન થાય. વડા પ્રધાન તે રિટ્રીટમાં જનારા ત્યારે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશમંત્રી અટલબિહારી વાજપેયી હસ્તક હતું.

બાર અને તેર ફેબ્રુઆરીની રાતમાં હિલ્ટન હોટેલના એક કચરાની પેટીમાં બૉમ્બ ફૂટ્યો જેને કારણે ત્રણ વ્યક્તિઓએ જાન ગુમાવ્યો. એ બનાવ સમગ્ર યોગ્રમ પર છવાઇ જવાનો હતો. એ વિશે આગળ.

આ બૉમ્બ ફૂટવાનો બનાવ બન્યો છતાં પૂર્વનિર્ધારિત સમયે, ૧૩મીએ સવારે યોગ્રમની કાર્યવાહી શરૂ થઇ. સૌપ્રથમ ઑસ્ટ્રેલિયાના ગવર્નરજનરલ સર ઝેલમાન કૉવેને એમના ઉદ્ઘાટન ભાષણમાં કૉમનવેલ્થ સાથેના એમના લાંબા સંબંધને સંભાર્યો, એમના પછી કૉમનવેલ્થના સેક્રેટરી જનરલ શ્રીદત્ત રામફાલે એમનો અહેવાલ આપ્યો. ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન માલ્કમ ફ્રેઝર બોલ્યા, તેઓ બૉમ્બ ફૂટવાને કારણે આખી રાત જાગ્યા હતા, ફ્રેઝર પ્રાદેશિક સહકાર ઉપર અસરકારક રીતે બોલ્યા. ત્યાર પછી ફ્રેઝરે ભારતના વડા પ્રધાનને અગાઉનાં વક્તવ્યો પર પ્રતિભાવ આપવા નિમંત્રણ આપ્યું. એક દૃષ્ટિએ આ નિમંત્રણમાં પ્રાદેશિક રાજકારણમાં ભારતના નેતૃત્વનો સ્વીકાર હતો અને પહેલા પ્રવચન આપનાર તરીકે સમગ્ર મિલનની ભારતે દિશા ચીંધવાની હતી.

સૌપ્રથમ મોરારજીભાઇએ કૉમનવેલ્થનું સરસ પ્રતિપાદન કર્યું અને આર્થિક સહકાર સંદર્ભે ઉમેર્યું: આપણે એકબીજાની શક્તિઓ અન્યોન્યને પૂરક બનાવવા વાપરીએ જેથી પ્રદેશનાં સંસાધનોનો પરસ્પર લાભદાયક ઉપયોગ થઇ શકે. એમણે આર્થિક વિકાસ માટે ભારતના અભિગમની વાત કરી. ભારતના વડા પ્રધાન અને એક જાણીતા ગાંધીવાદી તરીકે એમણે ઉમેર્યું કે રાજકારણની શક્તિ અર્થકારણમાંથી નીપજે છે જ્યારે અર્થકારણનું મૂળ GNP નામના ખોખલા ભગવાનમાં નથી, પરંતુ માનવની સુખાકારીમાં છે. દરેક વસ્તુનું માપ માનવની સુખાકારીથી જ થવું જોઇએ. આપણે જોઇએ છીએ કે કેટલાંક રાષ્ટ્રોએ સમૃદ્ધિપ્રાપ્તિની ભારે કિંમત ચૂકવી છે. આપણે જે સિદ્ધ કરવાનું છે તે માનવતા-જાહેરહિત-ની સમજ સાથે વૈજ્ઞાનિક અભિગમનું સંયોજન છે. આ અભિગમ સામાન્ય રીતે સૌને સ્વીકાર્ય હોય. ભારતના વડા પ્રધાને જે વિચાર રજૂ કર્યો તેને સારો આવકાર મળેલો.
બીજી બેઠક શરૂ થઇ તેનો વિષય હતો: ‘વિશ્વ અને પ્રાદેશિક-રાજકીય પ્રવાહો, આ બેઠકનું પહેલું પ્રવચન શ્રીલંકાના રાષ્ટ્રપતિ જયવર્દનેનું હતું. એમના ભાષણમાં એમણે મોરારજીભાઇએ રજૂ કરેલ અભિગમને સચોટ રીતે

ટેકો આપ્યો. એમણે સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ અને એના કારણે જે સંપત્તિ બચે તેનો ઉપયોગ આર્થિક વિકાસ માટે કરવાનો અનુરોધ કર્યો. એમનો મુદ્દો એ હતો કે કૉમનવેલ્થ ઉદાત્ત આદર્શો લક્ષમાં રાખવા જોઇએ, નહીં કે ઝીણી ઝીણી બાબતોમાં ચીંથરાં ફાડવાનાં.

એમણે ગાંધીજીને યાદ કર્યા. એમનું પ્રવચન પણ ખૂબ આદરથી સૌએ સાંભળ્યું.

મોરારજીભાઈ અને જયવર્દનેનાં ભાષણ સત્ત્વશીલ હતાં અને એમની નિજી માન્યતાનો એમાં રણકો હતો.

ત્રીજા વક્તા હતા સિંગાપુરના વડા પ્રધાન લી ક્વાન યૂ. એમણે અગાઉનાં બે વક્તવ્યો ઉપર એમની પ્રતિક્રિયા આપવાનું પસંદ કર્યું જેથી આ મિટિંગ વધુ ઉપયોગી નીવડે. એમના નગરરાજ્યની વધેલી સમૃદ્ધિ અને એમના મુક્ત અર્થકારણના વિચારો સૌને સુવિદિત હતા. એમણે મોરારજીભાઈ અને જયવર્દને બંનેને એક રીતે જવાબ આપવાનું નક્કી કર્યું હતું. કમનસીબે એમણે જે કહ્યું તે શબ્દશઃ ઉતારવામાં આવ્યું નથી, કારણ કે ચોગ્રમની કાર્યવાહીને શબ્દશઃ લખવાનો રિવાજ નથી. એમનું કહેવાનું હતું કે ધનસંપાદન ગરીબી અને દુઃખ-દર્દ દૂર કરવા આવશ્યક છે. આમ એમનાં સાધન અને સાધ્ય વિશેના વિચારો ભિન્ન હતા એવું અમને સ્મરણ છે. પરંતુ કૉમનવેલ્થના રેકર્ડમાં એની નોંધ લેવાઈ નથી. પછી એ થોડું દાઢમાં બોલ્યા કે એમના ઉછેર દરમિયાન એમના ઉપર ભારત જેવા પડોશીની અસર થઈ ન હતી. કદાચ એ અહિંસાના સામાજિક અને રાજકીય પરિવર્તન લાવી શકે તેમ અસરકારક પરિણામોના સમયમાં ઊછરેલા નહીં. આ

વ્યંગ સૌ કોઈ સમજેલા. સામાન્ય રીતે દરેક વક્તા પોતાનું વક્તવ્ય રજૂ કરે. અન્ય વક્તવ્યો ઉપર ટિપ્પણી ન કરે એવી પરંપરા હોવા છતાં એમણે ટિપ્પણી કરવાનું પસંદ કર્યું. લગભગ એમણે કહ્યું કે ગાંધીજીના સમયમાં એ ઊછરેલા નહીં તેથી અહિંસાના શસ્ત્રને તેઓ સમજી નહીં શકેલા. હકીકતમાં એમની ઉંમર એટલી નાની ન હતી. ગાંધીજીનું અવસાન થયું ત્યારે તેઓ ૨૫ વર્ષના તો હતા.

બીજા દિવસના પ્રભાતે બારેય નેતાઓ રિટ્રીટ માટે નીકળવાના હતા. સિડનીથી મોટરમાં દોઢ કલાકના અંતરે એક બાઓરલ હેલ્થ રિઝોર્ટ હતું ત્યાં બારેય નેતાઓ બે દિવસ ગાળવાના હતા. ત્યાં માત્ર નેતાઓ અને એમનાં પત્ની માટે જ રહેવાની જગ્યા હતી. કોઈને સાથે મદદનીશને લઈ જવાની છૂટ ન હતી. ઉદ્દેશ એ હતો કે બારેય મહાનુભાવો એકબીજાને ખૂબ નિકટથી મળે અને ઓળખે. માત્ર ભારતના વડા પ્રધાનને કદાચ એમની ઉંમરની દૃષ્ટિએ એક મદદનીશને લઈ જવાની વ્યવસ્થા કરેલી.
સિડની હિલ્ટન છોડીને મોટરમાં બેસતાં એક રમૂજી બનાવ બનેલો. ઑસ્ટ્રેલિયન સરકારે મહેમાનનવાજીની જે વ્યવસ્થા કરેલી એ બૉમ્બના બનાવને કારણે અસ્તવ્યસ્ત થઈ ગયેલી તેથી તેમણે છેલ્લી ઘડીએ નક્કી કર્યું કે આ વડાઓમાંથી દસને હેલિકોપ્ટરમાં લઈ જવા અને બેને મોટરરસ્તે. આ બેમાં એક ભારતના વડા પ્રધાન અને બીજા કદાચ મલેશિયાના વડા પ્રધાન હશે. મોરારજીભાઈની ટેવ મુજબ એ બરાબર નિયત સમયે એમના ૧૯મા માળના ખંડમાંથી નીચે આવ્યા. અમે સાથે હતા. એ જેવા નીચે ઊતર્યા કે તરત જ બહાર ઊભેલી મર્સિડીઝમાં એમને બેસાડી દીધા અને અમને હળવેકથી પાછળ ઊભેલી બીજી મર્સિડીઝમાં બેસાડ્યા—જે બીજા રાષ્ટ્રના વડા આવવાના હતા એ થોડા મોડા પડ્યા હશે અને અમારો બંધ ગળાનો કોટ જોઈને સમજફેરથી અમને બીજી ગાડીમાં બેસાડી દીધા. બંને ગાડીઓની આગળપાછળ મોટરસાઇકલ પર આઉટ રાઇડર્સ હતા. આ ધબડકાની જાણ લગભગ પોણા કલાકે થઈ જ્યારે ખરા મહેમાન નીચે ઊતર્યા ત્યારે. અમારી આગળ-પાછળના આઉટ રાઇડર્સ અમારી સામે ઘૂરકતા પાછા ફર્યા. અમે ૪૫ મિનિટ માટે કોઈ એક રાષ્ટ્રના,—કદાચ મલેશિયાના-વડા થઈને મહાલ્યા.

રિટ્રીટ પહોંચતાં જ પહેલા મુલાકાતી હતા લી કવાન યૂ. આવતાંવેંત એમણે પૂછ્યું: "તમારા વડા પ્રધાન અંદર છે?" એ બારણું ખટખટાવીને અંદર ગયા. અમે મોરારજીભાઈને પૂછ્યું નહીં, પરંતુ એમણે આગલે દિવસે કરેલ ટિપ્પણીને હળવી કરવા રિટ્રીટ પહોંચતાં એ મળવા આવ્યા હોવાનો સંભવ છે. એમ પણ હોય કે એ વિવેક ખાતર સૌથી મોટી વયના પ્રાદેશિક સાથીને મળવા આવ્યા હોય. ત્યારે એમની ઉંમર પંચાવનની અને મોરારજીભાઈની

બ્યાંશીની. બંને મજાથી કલાક ઉપર બેઠા. વચમાં શ્રીદત્ત રામફલ આવી ગયા. યોગ્રામને અંતે બહાર પાડવાના નિવેદનના મુસદ્દામાં સંમતિ લેવા આવેલા. લી અંદર હતા તેથી એ મુસદ્દો અમારી પાસે છોડી ગયા. અમે નવરા બેઠેલા એટલે એમના મુસદ્દામાં જરા નુક્તેચીની કરી. મોરારજીભાઈએ એમના અક્ષરમાં એ મુસદ્દામાં બે ચાર શબ્દોમાં ફેરફાર કર્યો. રામફાલ ફરી આવ્યા ત્યારે એમની ભ્રૂકુટિ ચડી ગયેલી; કારણ, લીના ગયા પછી મોરારજીભાઈ પાસે એ મુસદ્દો વાંચવા જેટલો સમય પણ ન હતો.

ચીલાચાલુ શબ્દોમાં નિવેદન બહાર પાડીને યોગ્રમની પૂર્ણાહુતિ થઇ. આ નેતાઓ એકબીજાને વધુ ઓળખતા થયા તે મોટી ઉપલબ્ધિ હતી. અમને પણ એમને નજીકથી જોવાની તક મળી. કોઇ બાંકડે બેઠા હોય. કોઈ સાઇકલ ચલાવતું હોય. મહિલાઓ એમનાં બાળકોની વાત કરતાં હોય. કોઇ બીજા આડંબર વગરના સૌએ સામાન્ય વ્યક્તિઓની જેમ બે દિવસ સાથે ગાળેલા.

***

સિડનીમાં હતા ત્યારે આધેડ વયનું એક યુગલ મોરારજીભાઇને મળવા આવ્યું. એમનો દીકરો બંગાળના ઉપસાગરમાં પોતાની હોડીમાં સફરે નીકળેલો અને એનો પત્તો ન હતો. એમની વિનંતી હતી કે એમના દીકરાને શોધવામાં ભારતીય નૌકાદળ સહાય કરે. નૌકાદળને ત્યાંથી જ સૂચના અપાઇ ગઇ. નૌકાદળે પૂરી તપાસ કરી પરંતુ તે યુવાન અને એની હોડીનો પત્તો ન લાગ્યો.

હવે આવીએ સિડની બોમ્બિંગ તરીકે જાણીતા થયેલા બનાવ પર. આનંદ-માર્ગીઓએ આ બૉમ્બ ભારતના વડા પ્રધાનને નિશાન બનાવીને કચરાની પેટીમાં મૂકેલો એવી એક માન્યતા ફેલાઈ. ભારતીય રેલવેના એક હિસાબનીશ પ્રભાતરંજન સરકારે ૧૯૫૫માં આનંદમાર્ગની સ્થાપના કરેલી. આ માર્ગનો ઉદ્દેશ ધ્યાન અને ભક્તિથી પરમ સત્ય પામવાનો હતો. એ જ પરમ શાંતિનો માર્ગ હતો. આ ધર્મમાં તાંત્રિક કર્મકાંડ કરવાની જોગવાઈ પણ હતી. આ ધર્મમાંથી સંપ્રદાય બન્યો અને ભારત બહાર પણ એનો સારો એવો ફેલાવો થયેલો. ઑસ્ટ્રેલિયામાં આનંદમાર્ગના સ્થાનિક અનુયાયીઓ પણ હતા. ઉત્તર થાઇલૅન્ડના ચાંગમાઈ શહેરમાં અમે એક વાર આનંદમાર્ગના મંદિરમાં જઈ ચડેલા.

૧૯૭૧માં પ્રભાતરંજનની ધરપકડ કરવામાં આવેલી. એમના ઉપર એમના જ પંથના અગાઉના કેટલાક અનુયાયીઓનું નિકંદન કાઢવાના કાવતરાનો આક્ષેપ હતો. આનંદમાર્ગ પર પ્રતિબંધ મુકાયેલો. માર્ગનો ઉદ્દેશ દેશમાં અંધાધૂંધી ફેલાવે એવો હતો. એ સ્થાપિત થયું નહીં, પરંતુ જનતા સરકાર રચાઈ ત્યારે આનંદમાર્ગના અનુયાયીઓએ વધુ ઉગ્ર સ્વરૂપ પકડયું. ૧૯૭૮માં લંડનસ્થિત ભારતીય હાઈ કમિશનરનું ખૂન કરવાના પ્રયાસ સબબ એક આનંદમાર્ગીને બાર વર્ષની સજા થઇ હતી. ત્યાર પછી ત્યાંના આપણા કોમર્શિયલ કાઉન્સેલર ઉપર હુમલો થયેલો.

બૉમ્બ કેમ બનાવવો એની માહિતી આપતું સાહિત્ય પણ જપ્ત થયેલું. એ જ સમયે લંડનની એક દીવાલ પર પોસ્ટર ચોંટાડેલું કે જો એમના ગુરુ સરકારને મુક્ત કરવામાં નહીં આવે તો ભારતના વડા પ્રધાનના હાથ લોહીથી ખરડાશે. ઑસ્ટ્રેલિયામાં કેનબેરામાં ભારતીય મિલિટરી અટાશી અને તેમનાં પત્ની ઉપર

જીવલેણ હુમલો કરવાનો પ્રયત્ન થયેલો. તેથી મોરારજીભાઇના નીકળતાં પહેલાં આપણી એજન્સીઓએ ગૃહપ્રધાનને મોકલેલી ધમકી બેબુનિયાદ ન હતી. આ પશ્ચાદ્‌ભૂમાં જ્યારે સિડની હિલ્ટનમાં બૉમ્બ ફૂટ્યો ત્યારે મોરારજીભાઈએ સ્વાભાવિક રીતે જ કહેલું કે એ બૉમ્બનું નિશાન એ પોતે હતા. ત્યાર પછીનાં વર્ષોમાં જે માહિતી સાંપડેલી છે તે ઉપરથી ચોક્કસ કહી શકાય કે બૉમ્બનું નિશાન ભારતના વડા પ્રધાન ન હતા.

હવે હકીકત જોઇએ. ૧૨ ફેબ્રુઆરીની મધરાત પછી, એટલે કે, ૧૩મીની શરૂઆતે ૧૨.૨૦ વાગ્યે બૉમ્બ ફૂટ્યો. ત્યાર પછી થોડા કલાકમાં જ બાર રાષ્ટ્રના વહીવટી વડાઓ એ જ હોટેલમાં મળવાના હતા. એ ઓછી ક્ષમતા ધરાવતો બૉમ્બ, એવો ન હતો કે ૧૯મા માળે જેમનો ઉતારો હતો, એ ભારતીય વડા પ્રધાનને કશી હાનિ પહોંચાડી

શકે. અને બીજા અગિયાર વડાઓનું શું? આનંદમાર્ગ બાકીના અગિયારને પણ ખતમ કરવાનો ઇરાદો રાખે એ સંભવ ન હતો. બધી કચરાની પેટીઓની સમાંતરે તપાસ માટે આવતું ઇન્સ્પેક્શન વાન આવ્યું ત્યારે એને પાછું મોકલેલું. સામાન્ય રીતે ખાલી કરાતા કચરાને પણ આ પેટીમાંથી ખાલી કરાયો ન હતો. ત્રણ માણસો મર્યા હોવા છતાં કોરોનરની ઇન્ક્વેસ્ટ ચાર વર્ષ પછી કરાઇ હતી. એક માણસે આ ગુનો કબૂલ્યો હતો અને એને કેદની સજા થઇ હતી. તેને આઠ વર્ષના કારાવાસ પછી છોડી મૂકવામાં આવેલો હતો. એનું કબૂલાતનામું ખોટું હતું. કોઈને છાવરવા માટે હશે, એવું પુરવાર થયું હતું. આ બૉમ્બ ફૂટતાં એક માણસ બચેલો તે સતત દલીલો કરે છે કે આ બૉમ્બ ઑસ્ટ્રેલિયાની સિક્રેટ સર્વિસે (ASIO) ત્યાં મૂક્યો હતો.

બીજા વિશ્વયુદ્ધ પછીનું શીતયુદ્ધ પૂરું થયું તેથી ઘણા એમ માનતા થયેલા કે હવે આ સિક્રેટ સર્વિસને સમેટી લેવી જોઇએ. ASIOની હજી આવશ્યકતા છે એ દર્શાવવા એ સંસ્થાએ જ બૉમ્બનું આયોજન કર્યું હોય એવું માનનારાની સંખ્યા પણ ત્યારે નાની ન હતી. ન્યૂ સાઉથ વેલ્સની સંસદમાં એવો ઠરાવ પણ પસાર થયેલો કે આ સિક્રેટ સર્વિસ સામેના આક્ષેપોની તપાસ થવી જોઇએ. પરંતુ ઑસ્ટ્રેલિયન સરકારે એ ઠરાવની માગણીને નકારી હતી. હોટેલના બારણે ઓછી શક્તિનો બૉમ્બ, જે મોટું નુકસાન ન કરી શકે તેને ફોડવાનું આનંદમાર્ગીઓનું ગજું નહીં. (ફોડવાથી આનંદમાર્ગીઓને શું મળે?) આ સિવાય પણ રોયલ કમિશનની નિમણૂક અને બીજા વિવાદોની કહાણી લાંબી છે. ઑસ્ટ્રેલિયામાં આ પ્રકરણ હજુ વિધિવત્ બંધ થયું નથી, પણ બનાવને ચોત્રીસ વર્ષ થઇ ગયા પછી એ એક ભૂતકાલીન ઘટના બની રહી છે.

અમે આરંભની અમારી કેફિયતમાં કહ્યું છે કે અમે કરેલી કોઈ નોંધો સચવાઇ નથી. અમે મોરારજીભાઈને ક્યારેક દિવસને અંતે કોઈ મહત્ત્વના બનાવ કે મુલાકાત વિશે પૂછતા. એમણે કહેલું મોટે ભાગે મગજને કોઈ ખૂણે સચવાય, જરૂર પડે ઉપયોગમાં લેવાય. પરંતુ ચોમનું બયાન એમણે વિગતે કરેલું અને ત્યારે અમે એમની ભાષામાં જ ઉતારી લીધેલું. એ આ પૂરું થયું ત્યારે હાથમાં આવ્યું. એ અંગ્રેજીમાં એ જ સ્વરૂપે અહીં રજૂ કરીએ છીએ. ક્યાંક વસ્તુ બેવડાય છે પરંતુ ક્યાંક એમનું નિરીક્ષણ અથવા દૃષ્ટિકોણ મહત્ત્વનાં છે, તેથી તેનું મહત્ત્વ સમજીને જેમનું તેમ મૂક્યું છે.
Australia

Feb 1978

India's role in Commonwealth. Attended the Commonwealth PMs Conference [in London) in June 77. Special interest in regional meeting as our neighbours Sri Lanka, Bangladesh and Malayasia were to participate. Opportunity to meet old friends like Jaywardane. Therefore, decided to go.

Decided to take Padma for social functions and to work as hostess. Kantibhai could not go as he was not still fit enough to walk after he broke his leg in the Jorhat crash.

• Wanted to travel by commercial flight as on becoming PM I had decided not to enjoy a special privilege and comforts-also to set an example for my colleagues. For a few months this was done within the country but due to pressure of colleagues and also because of my effort at becoming a common man was causing inconvenience to numerous other common men, I did not insist. Still for international travel, was keen to economise by taking a small party of officials with me and travelling by normal Air India flights.

As usual my officers tried to persuade in their own gentle way to take a chartered plane. I did not agree. They were worried as Anand Marg was active in Singapore. Hong Kong. Manila and

Australia. When my travel plans were finalized 1 received a note from the Home Minister Charan Singh saying that I should travel by a special plane as there were security risks involved in a commercial flight. He said the security and safety of the PM was the responsibility of the Home Minister and I should accept his advice. I did.

Later on I learnt that there was a minor 'conspiracy' behind this. Hasmukh, who was in contact with our intelligence agencies as part of his duties had observed certain developments relating to Anand Marg. He then compared notes with our intelligence chiefs and tried to persuade me directly and through Shankar When this did not work he discussed with [Home Secretary] Srinivasavaradan. The only way to make me change my mind was through my colleague. Charan Singh was persuaded and he fell into the trap! I was right from my point of view; they were perhaps right from theirs. All in good faith.

• Warmth of Fraser's hospitality. Partly because we had corresponded earlier and shared many global concerns and partly because I was representing India where democracy was restored in a most spectacular manner.

Day of Arrival. Met our High Commissioner Ajmani and held consultations with officers and FM[Foreign Minister). Retired. Bomb incident. Three persons died. I was unaware, so were Vajpayee, Shankar and others. Only Medhekar and Hasmukh knew. Medhekar coordinated with Australian Security and Hasmukh informed Delhi. In the morning when I got ready Hasmukh was pacing the drawing room, dishevelled and with bloodshot eyes. He informed me. I spoke to Fraser and made enquiries and conveyed sympathies to bereaved families. A pity that innocent lives were lost. Anand Marg suspected. After preliminary enquiry this turned out to be true.

• Conference: Heavy schedule. Met all heads of govts separately over breakfast, lunch and dinner. They were all very deferential and responded to my invitations. Met Ziaur Rahman. Long chat with Jaywardane.

Conference agenda covered many items. I spoke on need for mutual help and understanding. Also, dealt with Gandhian philosophy. To everyone's surprise and dismay, Lee Kwan Yu, Singapore PM attacked my thesis as idealistic and espoused the case of materialism. Later on, Jaywardane replied to him defending my thesis and saying that today's idealism is tomorrow's reality. In the forties nobody thought colonialism would go but there were idealists who worked for that goal. Therefore, need for idealism; strive for establishing higher values.

• Retreat at Baoral. Due to the bomb incident Australian govt decided to take their guests by helicopters. I preferred to travel by car. Australian security was helter-skelter. Arrangement for only one room per head of govt [at Baoral). Gave me two, one for my daughter-in-law and also allowed Hasmukh to be around though no other head of govt was allowed to bring an aide. Baoral, a small place; a small health resort, tastefully furnished. Peaceful. No army of bearers, etc. Had a long chat with Singapore PM on human values in international affairs. He came round. We became friends. so much so that he expressed a desire to go to Havana together. A long tete a-tete with Malayasian PM. Ramphal was finalizing the draft communique, obtaining

the approval of the heads of govts, who were without aides. Clever on his part. I made some changes. Four groups were to be appointed on: Terrorism, Drugs, Island Economy and Energy. He wanted India to be the convener of the group on Terrorism. I asked for Energy and we became the convener of the Energy Group. Separate programme for wives.

• A visit to Melbourne to see ailing Robert Menezez whom I had known when he was in India. We differed on political ideology but shared basic human values. Fraser was good enough to give a plane at short notice. Padma and Hasmukh accompanied. Menezez-a father figure of Australia for a generation. PM for 19 years. Fine personality with bushy eyebrows and a sense of humour. Dame Menezez-charming and gracious lady-fussed over Padma. A quiet house with photographs and sketches of great cricketers. Menezez was a great cricket lover. Menezez looked ill, braving against illness and disabilities, sitting erect in his upholstered chair grasping my hand firmly for a long time.

• Many Australians and Indians met me in Sydney. McDonald, an Australian, came. His son while cruising in a small boat from Colombo to Port Blair with three of his friends had disappeared in the Bay of Bengal. Has spent all his money in finding him. Felt he could have reached any of the Andaman Islands. Wanted help of Indian Air Force and the Navy. I readily agreed. Wide appreciation in Australia. Our Air Force and Navy helped but the young McDonald could not be found.

જનરલ ઇલેક્ટ્રિક કંપની (GE)

જ્યારે જી. ઇ.ના અધ્યક્ષ જેક વેલ્ચે નવી ઊભરતી તકોની શોધમાં ઉદ્યોગો સ્થાપવા માટે નવા વૈશ્વિક મુકામોની યાદીમાં ભારતને સ્થાન આપ્યું ત્યારે તેમના અધિકારીઓ સાથે તેઓ ભારતની પ્રથમ મુલાકાતે આવ્યા. એમની ટીમમાં પાઓલો ફ્રેસ્કો, જેઓ પાછળથી ફિયાટ અને ENIના ચૅરમૅન બન્યા, બૉબ નાડેલી, જેઓ પાછળથી હોમ પ્રોડક્ટના ચૅરમૅન બન્યા, અને જીમ મેકનર્ની, જે પછીથી 3M અને પછી બૉઇંગના ચૅરમૅન થયા. આ ઉપરાંત બીજા પણ અધિકારીઓ હતા જેઓ અમેરિકાની જુદી જુદી કંપનીઓના બોર્ડના સભ્ય થયેલા. આ એક પ્રતિભાવંત ટીમ હતી. દુનિયાની સૌથી વધુ પ્રશંસા પામેલી અને આવકમાં અમેરિકાની ત્રીજા નંબરની આ જી. ઇ. કંપની ભારતમાં નવી તકોની શોધમાં આવેલી.
દેખીતી રીતે આવી મોટી અમેરિકન કંપની તો ખાનગી સાહસો સાથે ગઠબંધન કરવાની શક્યતાઓ જ તપાસે. હકીકતમાં તો એમની વાટાઘાટો વિપ્રો, ગોદરેજ, કિર્લોસ્કર, અપાર લિ. સાથે ચાલતી હતી.

જાહેર સાહસો એમની ક્ષિતિજ પર પણ ન હતાં. I P C L કેવી રીતે એમની નજરમાં આવ્યું તેની અમને ખબર નથી. પણ એક વાત હતી કે I P C Lએ ઈર્ષ્યા થાય એવી પ્રતિષ્ઠા ટૂંકા ગાળામાં પ્રાપ્ત કરી હતી. એના કાર્યક્ષમ મૅનેજરો જટિલ ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને માલની ગુણવત્તા સુધારવાની તેમ જ એને માટે માંગ ઊભી કરવાની ક્ષમતા ધરાવતા હતા. જી. ઇ.ના સિનિયર અધિકારીઓને લઇને જેક વેલ્ચ અમારી ક્ષમતા વિશે અમને સાંભળવા આવ્યા. એક તો અમે સરકારી કંપની, બીજું કોર્પોરેટક્ષેત્રે અમે પ્રમાણમાં નવા, અમારી કાર્યક્ષમતાનો રેકૉર્ડ ટૂંકો, તેમ જ લાંબા કૌટુંબિક ઇતિહાસનો અભાવ તેથી જી. ઇ.ની અગ્રિમતામાં અમે પાછળ જ હોઈએ. અમારા પ્રેઝન્ટેશનની તૈયારીમાં અમે જોડાયેલા નહીં. અમારા સાથી માર્કેટિંગ ડાયરેક્ટર સરૂપ ચૌધરીએ આ કામ સંભાળેલું. અમને એમની પર પૂરો વિશ્વાસ હતો કે તે સરસ કામગીરી કરશે.

આ પ્રેઝન્ટેશન દિલ્હીની એક હોટેલમાં હતું. ભારતનું ઊભરતું બજાર, I P C Lની ક્ષમતાઓ અને જી. ઈ. એન્જિનિયરિંગ પ્લાસ્ટિકની વિવિધ બનાવટોની ભારતમાં વેચાણની તકો વિશે સરૂપે ખૂબ સચોટ રીતે રજૂઆત કરી. પ્લાસ્ટિકમાં જી. ઈ.ની મુખ્ય પેદાશ પોલિકાર્બોનેટ. એ સમયે જી. ઈ. ભારતમાં વર્ષે ૧૩૭ ટનનું વેચાણ કરતું હતું. સરૂપે એને વર્ષે ૫,૦૦૦ ટન સુધી લઈ જઈ શકાય, ઉપરાંત એન્જિનિયરિંગ પ્લાસ્ટિકની બીજી મિશ્ર બનાવટોની માંગ પણ પાંચ વર્ષમાં વધારી શકાય એવી યોજનાબદ્ધ રજૂઆત કરી. શરૂઆતમાં જેક વૅલ્થ કદાચ આ વાત તુક્કારૂપે સમજ્યા હોય, પણ જેમ જેમ બજારમાંગ વિસ્તારવાની રજૂઆત થતી ગઈ અને એમના પ્રશ્નોના જવાબ મળતા ગયા તેમ તેમ જૅક વેલ્સે એમના સાથી પાઓલો ફ્રેસ્કો સામે આંખ મીંચકારીને પૂછ્યું, “આ લોકો જે કહે છે તે ખરેખર સંભવિત છે?”

“લાગે છે તો એવું જ.” પાઓલોએ જવાબ આપ્યો. પછી જેક અમારી તરફ ફર્યા અને પૂછ્યું, “આવા બાહોશ પ્રોફેશનલને તમે કેવી રીતે પ્રોત્સાહિત કરો છો અને સાચવો છો?”

અમે જવાબ આપ્યો, “વિશ્વાસ અને કામ કરવાની સ્વતંત્રતા. આ પ્રેઝન્ટેશન અમે પણ તમારી સાથે પહેલી જ વાર જોઈ રહ્યા છીએ. આટલી અગત્યની મિટિંગ માટે પણ અમને અગાઉ ચકાસી જોવાની જરૂર ન હતી લાગી.”

“જો સ્વતંત્રતા અને વળતર બંને હોય તો શું?” જૅકે પ્રશ્ન કર્યો. “એનાથી કંઈ ખાસ ફેર ન પડે", અમે જવાબ આપ્યો. જી. ઈ. સાથેની વાટાઘાટો પછી I P C L તરફથી સરૂપ અને તેના ટેકામાં (અમારા કાયદાના નિષ્ણાત) એલ. રાજગોપાલન તેમજ જી. ઈ.ના માઇક મોડેમ લાંબી વાટાઘાટોને અંતે સંમતિ પર પહોંચ્યા. અને I P C L જી. ઈ.ના સંયુક્ત સાહસ માટે કરારો થયા. ઉવે વોશર અને અમે લંડનમાં ૩ જૂન, ૧૯૯૧ દિવસે ૫૦-૫૦ ટકાના સંયુક્ત સાહસ અંગેના કરારો પર સહીસિક્કા કર્યા. I P C Lના પક્ષે આ વાટાઘાટો દરમિયાન અમે ઝીણી ઝીણી વિગતોનું મહત્ત્વ સમજ્યા. એક વાર જ્યારે જેક ફરી ભારત આવેલા અને જ્યારે સંયુક્ત સાહસની વિધિઓ ચાલુ હતી ત્યારે એમણે સરૂપને આ સાહસના મૅનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય વહીવટી અધિકારી તરીકે નીમવાની વાત કરી. અમે રાજી થઈને એમની વાત સ્વીકારી.

કેટલાક મુદ્દાઓ અંગે અમે રજૂઆત કરી અને તેઓ નીચે પ્રમાણે કબૂલ થયા.

૧. સંયુક્ત સાહસના ભાગરૂપે પોલિકાર્બોનેટ રેઝિન્સનું ભારતમાં ઉત્પાદન કરવાનું પણ એ ફોસજીનના માધ્યમથી નહીં, નોન-ફોસજીન ટેક્નૉલૉજી મળે ત્યારે.

૨. I P C L ને જ્યાં જી. ઈ.નું બજાર વિકસ્યું નથી એવા પ્રદેશોમાં પોતાની પોલિકાર્બોનેટ જેવી પેદાશો વેચવાની છૂટ આપશે. દા. ત, રશિયા, ઈરાન, અને ભારતના પાડોશી દેશો.

૩. પોલિકાર્બોનેટ પતરાં બનાવવાનું એક કારખાનું સંયુક્ત સાહસના ભાગરૂપે સ્થાપવાનું.

આ મુદ્દાઓ યોગ્ય રીતે સંયુક્ત સાહસના કરારનામાનાં ગ્લેન હાઇનર અને એમની ટીમ આવી ત્યારે સમાવવામાં આવ્યા.

એવું લાગે છે કે જી. ઈ. પર I P C Lની વખાણવાલાયક ધંધાકીય સિદ્ધિઓની ખરેખર ઊંડી છાપ પડેલી. ટી. એન. નિનાન સાથેના એક ઇન્ટરવ્યૂમાં જૅકે અમારાં વખાણ કરેલાં. એમની પહેલી મુલાકાતના અંતે, જી. ઈ. સાથે સંયુક્ત જોડાણોના ભાગીદારોના ડિનર વખતે જૅકના સંભાષણ પછી બે શબ્દો કહેવાનું અમને કહેવામાં આવ્યું. કરારનામામાં સહી કર્યા પછી આ સાહસના અમે પહેલા અધ્યક્ષ બન્યા. અમારો સમયગાળો પૂરો થયા પછી જી. ઈ.ના પ્રતિનિધિનો વારો હતો. એમણે અમને એમના પ્રતિનિધિ બનાવીને ફરી આ પદ સોંપ્યું.

ઘણા સમય પછી, ભારતની IITના અમેરિકાસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના વૉશિંગ્ટનમાં યોજાયેલ મિલનસમારંભમાં જૅક મુખ્ય મહેમાન હતા. એમને સવાલ પૂછવામાં આવ્યો કે એમણે ભારત તરફ આટલી આશાભરી મીટ કેવી રીતે માંડી? આનો સામાન્ય રીતે તો 'આઈ. ટી.માં ભારતની પ્રગતિને કારણે' –એવા જવાબની અપેક્ષા હોય.
પરંતુ હાજર સૌના આશ્ચર્ય વચ્ચે એમણે કહ્યું કે, કેમિકલ ઉદ્યોગની એક વ્યક્તિ હસમુખ શાહ મને ભારતમાં ખેંચી લાવી છે. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના ત્યાં સ્થિત પ્રતિનિધિ એલ. કે. શર્માએ તરત જ ફોન કરીને અમને આ વાત જણાવી.

લગભગ માર્ચ ૧૯૯૨માં પાઓલોએ અમને પૂછ્યું કે અમેરિકાની મુલાકાતનો તમારો કોઈ કાર્યક્રમ છે? અમે કહ્યું કે જૂનમાં હ્યુસ્ટનમાં એક કૉન્ફરન્સમાં અમારે પ્રવચન આપવાનું છે. ત્યાર પછી અમારો વધુ રહેવાનો કોઈ કાર્યક્રમ નથી. રવિવારે અમે મુંબઈનું વિમાન પકડવા ન્યૂયૉર્ક જવાના છીએ. જૅકે અમને તે રવિવારે બપોરના ભોજનનું નિમંત્રણ આપ્યું. અમે અગિયાર વાગ્યે એમના રહેઠાણ પર મળવાનું નક્કી કર્યું. પાઓલો પણ હાજર હતા. થોડી વાતચીત કરીને બાજુના એક નાના ઇટાલિયન રેસ્ટોરાંમાં જમવા ગયા. અમે ગામગપાટા મારતા હતા, એમાં જૅકે એકદમ અમારા નિવૃત્તિ પછીના પ્લાન વિશે સવાલ પૂછ્યો. એમને અમારી પૂરી વિગતોની જાણકારી હશે, એટલે અમારા જવાબની ખબર હતી કે અમે પૂરા સમયની નોકરી કરવાના નથી. એટલે અમને પૂછ્યું કે અમે ભારતમાં જી. ઈ.ના સલાહકાર બનવા તૈયાર છીએ?

અમે કહ્યું કે એડ્વાઇઝર તરીકે અમારી સ્વતંત્રતા જાળવી શકાય તેમ હોય તો નીચેની શરતોએ તે સ્વીકારવા તૈયાર છીએ. એક તો જી. ઈ.ના પક્ષે અમે કોઈ સરકારી ઑફિસમાં કે ઑફિસરને મળવા નહીં જઈએ, કોઈ પત્ર નહીં લખીએ અને જી. ઈ.નું બિઝનેસકાર્ડ પણ નહીં રાખીએ. એમણે આમ ધારેલું. એમણે કહ્યું કે તેઓ અમારી પાસેથી આ જ ઉત્તરની અપેક્ષા રાખતા હતા. એમનાં સંયુક્ત સાહસોના ભાગીદારો વચ્ચેના સંબંધ સુમેળભર્યા રહે અને ભારતની તત્કાલીન પરિસ્થિતિ તેમને સમજાવે એ જ અપેક્ષા છે. અમારા રિટાયર થવાના દિવસો નજીક આવતા હતા ત્યારે અમે કાયદાના જાણકાર એલ. રાજગોપાલનને પૂછ્યું કે અમે જી. ઈ.ની ઑફર સ્વીકારીએ એમાં કંઈ અનુચિત નથી ને? એમણે અમને લેખિત આપ્યું કે અમે કોન્ટ્રાક્ટ પર છીએ અને અમને કોઈ પેન્શન મળવાનું ન હતું તેથી અમને આવી કોઈ પણ જવાબદારી લેવામાં બંધન નહીં નડે.

જી. ઈ.ના ઍડ્વાઇઝર બનવા ઉપરાંત અમને જી. ઈ. કૅપિટલના વાઇસ ચૅરમૅનની કામગીરી સોંપી. કોઈ ચેરમૅન ન હતા. અમારે કહેવું જોઈએ કે જી. ઈ. તરફથી અમને ક્યારેય કશું અનુચિત કરવાનું કહેવામાં નહીં આવેલું-જે સમજૂતી થઇ હતી તે સિવાય. ભારતની પરિસ્થિતિ એમને સમજાવવાનો પ્રસંગ થોડાક જ સમયમાં ઊભો થયો, જ્યારે બાબરી ધ્વંસનો બનાવ બન્યો ત્યારે.

અમે ઍડ્વાઇઝર તરીકે મુક્ત થયા ત્યાર પછી પણ જી. ઈ.ના કેટલાક અધિકારીઓ સાથે—ખાસ કરીને જૅક વેલ્ચ સાથે-અમારો સંબંધ ઉષ્માભર્યો રહ્યો છે.

લવરાજ કુમાર

લવરાજ કુમાર જ્યારે ગુજરી ગયા ત્યારે આપણાં થોડાં અખબારોએ એની ટૂંકી નોંધ લીધેલી. એમનાં જીવન અને પ્રદાન વિશે કોઈએ કંઈ નહીં લખેલું. લંડનના ઇન્ડિપેન્ડન્ટ દૈનિકે લવરાજ કુમાર ઉપર ખાસ્સી લાંબી મૃત્યુનોંધ લખેલી. અમારી યાદદાસ્ત પ્રમાણે લંડન ટાઇમ્સે પણ એવી જ લાંબી મૃત્યુનોંધ લખેલી.

આપણો દેશ લવરાજ કુમારનાં દૃષ્ટિ, સૂઝ અને અવિરત પુરુષાર્થ માટે ઋણી છે. એમના પ્રયાસોને કારણે આજે આપણે ત્યાં કુદરતી મટીરિયલની જગ્યાએ કૃત્રિમ મટીરિયલોએ લાકડું. રૂ, રેશમ અને ધાતુઓનું સ્થાન લીધું હોત

તો આ મટીરિયલ્સ માટે આપણે આયાત ઉપર આધાર રાખવો પડત. કુદરતી મટીરિયલ્સ હવે ઓછાં ઉપલબ્ધ થઈ રહ્યાં છે અને આ બધાની માગ કૂદકે ને ભૂસકે વધતી જાય છે.

-I P C Lના બે દાયકા પૂરા થવાની ઉજવણીનો અમે વિચાર કરતા હતા ત્યારે અમે નક્કી કર્યું કે બધા ભૂતપૂર્વ અધ્યક્ષોને બોલાવવા અનેકૃત્રિમ મટીરિયલોના જનક લવરાજ કુમારને પણ નોતરવા. બધાએ આવીને એમનાં સ્મરણો કહ્યાં. સૌ શ્રોતાઓ સંસ્મરણોમાં ભીંજાયેલા હતા. લવરાજ બોલવા માટે આનાકાની કરતા હતા. છેવટે મહામુશ્કેલીએ એ પીગળ્યા અને ભારતમાં કૃત્રિમ પદાર્થો (synthetic materials) કેવી રીતે વિસ્તર્યા અને એનો સ્વીકાર થયો એનો રોમાંચક ઇતિહાસ કહ્યો.

ચીનના આક્રમણ પછી ટી. ટી. કૃષ્ણામાચારી (ટી. ટી. કે.)ને આર્થિક સંકલનખાતાના મંત્રી બનાવવામાં આવેલા. એમણે ભવિષ્યની તૈયારીનો વિચાર કરવા માટે લાગતા-વળગતાં બધાં ખાતાંઓના વડાઓને બોલાવેલા. જ્યારે મટીરિયલ્સનો મુદ્દો આવ્યો ત્યારે સૌએ એની ખેંચ પડશે તેમ જણાવ્યું. આ મિટિંગમાં લવરાજની પણ હાજરી હતી.

લોખંડ, કાપડ, જંગલ વગેરે વિભાગોએ જરૂરિયાતનો આંકડો મૂક્યા સિવાય લોખંડ, રૂ, લાકડું વગેરેનું ઉત્પાદન કઈ રીતે વધારી શકાય એ વિશે એમના વિચારો રજૂ કર્યા. એક તો લવરાજ જુનિયર, પ્રમાણમાં નાની ઉંમરના અને પનો જરા ટૂંકો એટલે એ બોલવા ગયા ત્યારે ટી. ટી. કે. મિટિંગ પૂરી કરવા અધીરા થઈ ગયેલા. એમણે કહ્યું, “મને કાલે મળજો.” બીજે દિવસે ટી. ટી. કે.ને મળવા ગયા ત્યારે લવરાજે પહેલાં તો દુનિયામાં કૃત્રિમ મટીરિયલ્સનું ઉત્પાદન કેટલું વધી રહ્યું છે અને એના સંશોધનમાં કેટલાં નાણાં ખર્ચાઈ રહ્યાં છે તેના આંકડા આપ્યા. કૃત્રિમ મટીરિયલ્સ (પૉલિમર્સ, ફાઇબર્સ વગેરે) કુદરતી પદાર્થોનું સ્થાન લઈ રહ્યાં છે તેની વિગત આપી. ઉપરાંત આપણા દેશનો ચિતાર આપ્યો અને જણાવ્યું કે આપણા દેશમાં કુદરતી મટીરિયલની માંગને આપણે પહોંચી વળતા નથી. આવનારાં વર્ષોમાં રૂ, શણ, લાકડું, ચામડું વગેરેની કેટલી ખેંચ પડશે એનો અંદાજ આપ્યો. ટી. ટી. કે. ઝડપથી આ બધું સમજ્યા અને જણાવ્યું કે કુદરતી વિરુદ્ધ કૃત્રિમ જેવો ભેદ હવે ન કરી શકાય. વધતી જતી વસતીના પ્રમાણમાં કુદરતી મટીરિયલ ક્યાંથી આવવાનાં છે?

પરંતુ આ વિચારને આગળ ધપાવવા નેહરુને સાથે રાખવા પડે; કારણ, એ અરસામાં ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વાવલંબનના વિચારને સૌ વરેલા તેથી મોટા પાયે કૃત્રિમ વસ્તુઓનું ઉત્પાદન વધારવાનું કોઈ સ્વીકારે નહીં.

ટી. ટી. કે.એ પંડિતજીને વાત કરી અને લવરાજને મળવાનો સમય લીધો. લવરાજ માટે થોડી મિનિટો ફાળવેલી. ત્યારે પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશનનો જમાનો ન હતો. મળેલા સમયમાં વાતની માંડણી માત્ર થાય. એમના વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના રસને કારણે ટૂંકા વખતમાં લવરાજની વાતમાં પંડિતજીને વજૂદ જણાયું. પછીના મુલાકાતી રાહ જોતા હતા તેથી લવરાજને આવતી કાલે આવજો એમ કહીને વિદાય કર્યા. બીજે દિવસે એમણે એક કલાક ફાળવેલો. પંડિતજી સાંભળતા ગયા અને વિજ્ઞાન, ટેક્નૉલૉજી, અર્થશાસ્ત્ર, નવાં મટીરિયલ્સ અને વૈજ્ઞાનિક સંશોધન વિશે સવાલો પૂછતા ગયા. એમ ને એમ બે કલાક નીકળી ગયા. હંમેશાં ખાદી પહેરનાર માણસ અને કુદરતને એક બાળકની જેમ ચાહનાર નેહરુ માટે સિન્થેટિક મટીરિયલ એ અશોભનીય શબ્દ ન રહ્યો.

તે વખતના નેતાઓ, જે વૃદ્ધ થયા હતા, તે પણ બદલવા માટે તૈયાર હતા. પરંતુ બ્યૂરોક્રસી કેમ બદલે? ત્યાર પછી થોડા સમયમાં પંડિતજી ગુજરી ગયા અને ટી. ટી. કૃષ્ણામાચારી રાજકારણથી દૂર થતા ગયા.

ત્યાર પછી લવરાજની એમના સાથી સાહેબો સાથેની સાઠમારી લાંબી ચાલી. અમારા સમારંભના દિવસે લવરાજ આથી વધુ ન બોલી શક્યા. ભીની આંખે એ બેસી ગયા. ત્યાં સુધી લવરાજે આ વાત કોઈને કહી ન હતી.

એક દિવસ એમનાં પત્ની ધર્મા અમારે ઘેર આવ્યાં ત્યારે અમે આ વાત એમને કહી. થોડી પળ એ ન બોલ્યાં. પછી કહે: લવરાજનાં માને એક વાર I P C L બતાવો અને પછી એમના પુત્રે શું અને કેવી રીતે સિદ્ધ કર્યું છે એની વાત

કહેજો. ધર્માએ પણ સાથે આવવાનું અને અમારે ત્યાં રહેવાનું વચન આપ્યું. પરંતુ વિધિના લેખ કંઈક એવા હતા કે ન તો ધર્મા કે ન તો લવરાજનાં મા અમારે ત્યાં આવીને રહી શક્યાં.

કુદરતી પદાર્થોની ખેંચને કારણે આપણાં અર્થતંત્રને કેવી રુકાવટો આવી હોત એ વાત બહુ ઓછા સમજી શકે છે. તે વખતે પૉલિયેસ્ટરનું ઉત્પાદન થતું ન હતું. ૨૦૧૦માં પોલિયેસ્ટર યાર્નની માંગ બે કરોડ ટન ઉપર હતી. આ વધતી જતી માંગને પહોંચી વળવા રૂ પૂરતું ન થાત. ત્યારે દેશમાં પોલિમરની માંગ ૪૦,૦૦૦ ટન હતી. આજે ૫૭ લાખ ટન છે. આ પોલિમર કૃષિમાં પાઇપ માટે, સિમેન્ટ, ફર્ટિલાઇઝર વગેરે માટે કોથળા બનાવવા માટે અથવા દૂધ ભરવાનાં પાઉચ વગેરે માટે ક્યાંથી આવત? જો લવરાજે આ અગ્રિમતા ઠસાવી ન હોત તો આપણે આ બધાં મટીરિયલ ક્યાંથી લાવત?

લવરાજ (એમના મિત્રો માટે 'લવી') બહુવિધ પ્રતિભાવંત વ્યક્તિ હતા. એ અને ધર્મા બંને મેધાવી હતાં. એમની સાથે વાર્તાલાપ કરવો એ એક લહાવો હતો. ધર્મા તડ ને ફડ કરનાર, કોઈ પણ બુદ્ધિજીવીઓની વચ્ચે ખીલી ઊઠતાં. એ બંને ઓક્સફર્ડમાં મળેલાં. લવરાજ ત્યાં પહેલાં હોડ્સ સ્કૉલર તરીકે ગયેલા. રામચંદ્ર ગુહાએ ધર્મા ઉપર એક લાંબો લેખ લખ્યો છે એ વાંચવા જેવો છે.

વિલાયતથી પાછા આવીને લવરાજ એક ઓઇલકંપનીમાં જોડાયેલા અને પછી સરકારમાં જોડાયા. ધર્મા રિઝર્વ બેંકમાં ઇકોનોમિસ્ટ તરીકે જોડાયાં. ધર્મા દિલ્લી સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં વર્ષો સુધી ઇકોનોમિક્સ ભણાવતાં હતાં. સાંજ પડે એમના ઘરે જઈએ તો વિવિધ પ્રકારના નિષ્ણાતો અને બાહોશ માણસો વચ્ચે વાદવિવાદ સાંભળવા મળે. એમાં જુદા જુદા વાડાના અર્થશાસ્ત્રીઓ, ઇતિહાસકારો, સરકારી અધિકારીઓ, ઘણા વિષયના નિષ્ણાતો, વિજ્ઞાનીઓ અને ટૅક્નોક્રેટો, દેશી—-વિદેશી પત્રકારો, કલાકારો, લેખકો, રાજદૂતો અને એક વાર તો આર્કટિક (ધ્રુવપ્રદેશ)નો અભ્યાસ કરતા એક વિજ્ઞાની પણ મળી ગયેલા. એમને ત્યાં રોજ સાંજે કોઈ મજાનું પીણું પીતા સેમિનાર ચાલતો હોય એવું વાતાવરણ અનુભવાય. જમવાનું સાવ સાદું, માત્ર કોઈ ગેરહાજર હોય તો તે રાજકારણીઓ.

લવરાજની ઊંચાઈ ઓછી. ચેઈન સ્મોકર. રોજની ચાળીસેક સિગારેટ ફૂંકી જાય. એક ઓલવાય તે પહેલાં જ એનાથી બીજી સળગાવે. ખાદીનું પાટલૂન ને બુશશર્ટ ને પગમાં કોલ્હાપુરી ચંપલ પહેરે. લવરાજને તમે I P C Lના સંકુલમાં ફરતાં કે છુંછાપુરાની લીલા આરસની ખાણોમાં સુંદર આરસને શોધતા જુઓ કે નિયોજન પંચ કે કેબિનેટ કમિટીની બેઠકમાં જુઓ—એ જ નિરાંત. એમના જુનિયરને એ થકવી મારે. જે કર્યું હોય તેથી વધુ સારું કરવા. એમના ચપોચપ અંગ્રેજી ઉચ્ચારમાં એમને પાછા મોકલે. જે લોકો એમની આવી 'નિર્દયતા' માટે ટીકા કરતા એ જ લોકો પછીથી એમના પ્રશંસકો બની જતા.

લવરાજ ઑક્સફર્ડમાં ભણીને, એક વિદેશી કંપનીમાં કામ કરીને, સરકારમાં જોડાયા. સરકારની જ્ઞાતિપ્રથામાં IAS કે IFS બ્રાહ્મણ ગણાય. એમાં અપવાદ હતો ઇન્ડિયન ઇકૉનૉમિક સર્વિસ, જેનું સ્થાન જુદું હતું. બહુ બાહોશ વ્યક્તિઓને સેક્રેટરીનો દરજ્જો અપાય, પરંતુ તે માત્ર તેમના ક્ષેત્રમાં જ. કોઇ સિંચાઇમાં જ રહે (સી. સી. પટેલ), કોઈ ઉત્પાદનક્ષેત્રે (વી. કૃષ્ણમૂર્તિ અથવા મનતોષ સોંઢી), પરંતુ આ જ્ઞાતિપ્રથામાં લવરાજ અપવાદરૂપ હતા. એ ગમે તે સ્તરે હોય, પરંતુ બધે એમને આવકાર મળતો (પેટ્રોલિયમ, બી. આઇ. સી. પી., નિયોજન પંચ કે લોખંડ).

લવરાજ રાજકારણીઓની ચાપલૂસી ન કરી શક્યા. એને કારણે ક્યારેક ભીડમાં પણ આવી જતા. એક વાર એક સામ્યવાદી સંસદસભ્યે લવરાજ સામે ફરિયાદ કરી. આક્ષેપો સાવ વજૂદ વગરના હતા તેથી એની આગળ તપાસ નહીં કરાયેલી. એક વાર એમના પ્રધાન મહોદય સાથે વાંધો પડેલો. એ પ્રધાન ભારે ચતુર અને કિન્નાખોર તરીકે જાણીતા હતા. કોઈ એક બાબતમાં લવરાજ માનતા ન હતા. એટલે મંત્રી મહોદયે રોજના ઘોંચપરોણા શરૂ કર્યા. લવરાજને માટે ત્યાં ચાલુ રહેવાનું મુશ્કેલ બન્યું. બે જણ વચ્ચે મનમેળ થાય એમ ન હતું. મંત્રી મહોદય જેમને વડીલ ગણતા અને દરેક મુશ્કેલ બાબતમાં એમને પૂછીને પાણી પીએ એમની દરમિયાનગીરી કરવાનો પ્રયત્ન કરી જોયો

તો એ પ્રયાસ ઊંધો પડ્યો. મંત્રી મહોદય વધુ વકર્યા. એમના એ જ સ્નેહીએ એક બીજો પ્રયાસ કર્યો, કેબિનેટ સેક્રેટરી મારફત. એ કેબિનેટ સેક્રેટરી શાણા હતા. એમણે કહ્યું કે મંત્રી
અને સચિવ વચ્ચેના સંઘર્ષમાં પહેલાં રાઉન્ડમાં મંત્રી જીતે પરંતુ બીજા રાઉન્ડમાં સચિવને ન્યાય મળે. આમાં પણ એમ જ થયું. પહેલાં લવરાજને બીજા ખાતામાં મોકલ્યા. ત્યાર પછી થોડા સમયે મંત્રી મહોદયને મંત્રીમંડળમાંથી પડતા મુકાયા અને લવરાજને પુનઃ મહત્ત્વનું ખાતું આપ્યું.

એમની નિવૃત્તિના સમયમાં એમણે કોઇ પદ ન સ્વીકાર્યું. એમનો બધો સમય એ વૈજ્ઞાનિક સંશોધન, પડતર જમીનનો વિકાસ, હાથકારીગરીની વસ્તુઓનું પ્રમોશન જેવાં ક્ષેત્રોમાં આપતા.

અડસઠની ઉંમરે લવરાજે ૧૯૯૪માં ચિરવિદાય લીધી.

કિશોર પારેખ

એમણે સમથળ જમીન શોધી. નીચે ઘાસ ઉપર પોતાનો કેમેરા હળવેકથી મૂક્યો. આથમતા સૂરજ તરફ એક લાંબી મીટ માંડી. પછી કશી ઉતાવળ વગર ચોખ્ખા પથ્થર ઉપર માથું ટેકવી નિરાંતે લંબાવ્યું. એ નીરવ શાંતિમાં આંખ મીંચી, ફરી કદી ન ખોલી. એમની મદદનીશ અનિતા નજીકમાં હતી. બાપુ અને પન્ના પણ એમની ખાસિયત મુજબ આ પ્રવાસમાં જોડાયેલાં. કિશોર પારેખ અનેક વાર હિમાલયમાં ફરેલા અને હંમેશાં એ નગાધિરાજને નવા સ્વરૂપે જોતા અને દર પ્રવાસે એમની હિમાલયની ખોજ ચાલુ રહેતી. આ યાત્રામાં વેલી ઓફ ફ્લાવર્સમાં આંખ મીંચતાં પહેલાં એમના પ્રિય શિખર નંદાદેવીને પણ જોયું હશે અને પછી એમની અંતિમ પળ પસંદ કરી હશે.

સાહસપૂર્ણ જીવન જીવનાર કિશોરને અનેક વાર મોત હાથવેંત જેટલું દૂર રહેલું. એ નીડર માણસે પોતાની ચિરવિદાય માટે નીરવ સ્થળ અને સંધિકાળનો સમય પસંદ કર્યો હતો. કિશોરનાં અપૂર્વ સાહસોની નિશાની એના કપાળની વચ્ચોવચ ઉત્તર-દક્ષિણ લાંબો ઊંડો ઘા હતો. અને આ એ જ સાહસિક પરંતુ કૂણા હૃદયના માણસે જ્યારે જાણ્યું કે જોરહાટ પાસે અકસ્માતમાં વિમાન તૂટી પડ્યું તેમાં અમે પણ હતા ત્યારે ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી પડેલા. કિશોર પારેખ નોખી માટીના હતા. આમ તો કિશોરની ઉંમર મોટી ન હતી. બાવન વર્ષે પણ દસ વર્ષ ખોવાઇ

જાય અને એ ઉંમરે ઝાડ પર ચડતાં કે નાનાં છોકરાઓ સાથે ક્રિકેટ રમતાં ન

અચકાય. એમની દેખીતી વિદાયને આગલે દિવસે અમે એક મજેદાર સાંજ સાથે

ગાળેલી તે પરોઢિયે પૂરી થયેલી. એમની પુત્રી ઉલૂપી અચાનક આવી ચડેલી. અલ્પના કિશોરકાકાને મળવા એની હૉસ્ટેલમાંથી આવી પહોંચેલી. બાપુ અને પન્નાથી અમારું રાવણું પૂરું થયું. અમે ભારે તોફાનમસ્તી કરતા હતા એની વચ્ચે અમે એને, વેલી ઓફ ફ્લાવર્સમાં જતા હતા એટલે પૂછ્યું: How can you shoot flowers? એનો ઉત્તર ત્વરિત હતો: I am going to see them and if possible, capture them.

કિશોરની હસ્તી પ્રભાવક હતી. ઊંચાઇ થોડી ઓછી પણ સ્નાયુબદ્ધ શરીર, ક્યારેક ઘસીને કરેલી દાઢી, ક્યારેક મૂછો, ક્યારે દાઢી રાખે, કપડાં માટે ભારે ચીવટ અને તૈયાર થઇને બહાર નીકળતાં પહેલાં બે વાર અરીસામાં મોઢું જુએ. એનું ખુલ્લા દિલનું હાસ્ય અને પ્રભાવક વ્યક્તિત્વ સ્ત્રીઓ કે પુરુષોને આકર્ષતું. આ બધામાં પણ અગાઉ કહ્યું તે કપાળનો લાંબો ઉત્તર-દક્ષિણ ઘા કોઈની નજર ન ચુકાવે. એ ત્રણ ઇંચનો ઘા એના સાહસ પ્રેમની સતત ગવાહી પૂરે અને અણજાણી ભોમમાં પગ માંડવાની એંધાણી આપે.

હકીકતમાં કિશોર ભારતીય ફોટોજર્નાલિઝમના જનક હતા. ૧૯૬૦ના દાયકામાં ઘણા સરસ ફોટોગ્રાફરો ભારતીય અને વિદેશી મીડિયા માટે કામ કરતા હતા. પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરોમાં પણ ખરા. ટી. એસ. સત્યમ, એસ. પોલ, ત્યાગરાજન, ટી. કાશીનાથ, ધમીજા અને બીજા કેટલાકના કામને વર્તમાનપત્રોમાં જગ્યા મળતી. બીજા કેટલાક હોમાઇ વ્યારાવાલા જેવાએ અગાઉના બે દાયકામાં, જ્યારે ઇતિહાસ સર્જાતો હતો ત્યારે, એ ઇતિહાસને ફોટો ફિલ્મમાં ઝડપી લીધેલો. આ બધાની કૃતિઓ સમાચારને પૂરક બનતી. ક્યારેક કોઈ તસવીર ‘સ્ટોરી' બની રહેતી. સંપાદનવિભાગ ફોટોગ્રાફર ઉપર વર્ચસ્વ ધરાવતો. તેમ છતાં ભલું થજો આ તેજસ્વી ફોટોગ્રાફરોનું કે તેમને કારણે આપણી પાસે આઝાદી પહેલાંના અને પછીના બનાવો સચવાઈ રહ્યા છે. કિશોરે આ વર્ગને ફોટોજર્નાલિસ્ટનું સ્થાન અપાવ્યું.

ટેકનિક ઉપરાંત કિશોરની બે વિશિષ્ટતાઓ હતી. એક પળમાં કિશોર કોઈ પણ સ્ટોરી કે બનાવ કે સીનનું હાર્દ પકડી લેતા. બીજું, એમને અસાધારણને પકડી લેવા માટે ત્રીજું નેત્ર હતું. કિશોર અનેક દૃષ્ટિએ નોખી વ્યક્તિ હતા.

કિશોરને એક મોટો લાભ એ હતો કે અમેરિકાથી સિનેમેટોગ્રાફીનો અભ્યાસ કરીને પાછા આવીને હિન્દુસ્તાન ટાઇમ્સ (એચ. ટી.)માં જોડાવાનું બન્યું. જ્યાં એક મોટા ગજાના પત્રકાર એસ. મૂલગાંવકર તંત્રી હતા. મૂલગાંવકર એક નીડર પત્રકાર હતા, જેમને એમના નવા નિશાળિયાઓને પલોટવાની અને ઉત્તેજન આપવાની કળા હસ્તગત હતી. કિશોર સાડાસાત વર્ષે ભારત પાછા ફરેલા. દિલ્લી અને રાજકારણ એમને માટે નવાં હતાં. નેહરુની પ્રતિભાની અસરથી રાજકારણમાં એ સમયે કેટલાંક મૂળભૂત મૂલ્યોનું પાલન થતું.

દિલ્લી ત્યારે નાનું હતું. વસતી ૨૪ લાખની અને બધી રોનક કોનોટ પ્લેસ અને ચાંદનીચોકની આજુબાજુ. પરંતુ ૧૯૬૧માં એમની ત્રીસની ઉંમરે આવી ચડેલા કિશોર પારેખ તદ્દન નોખા વાતાવરણથી અંજાયેલા નહીં. જ્યારે ૧૯૬૭માં એમણે પૂર્વની વાટ પકડવા હિન્દુસ્તાન ટાઇમ્સ છોડ્યું ત્યારે એમણે તસુએ તસુ લડીને માત્ર ગુણવત્તાના ધોરણે પોતાનું સ્થાન ન જમાવતા દેશના બધા ફોટોજર્નાલિસ્ટોને પણ એ સ્થાનમાં ભાગીદાર બનાવેલા. એ સૌપ્રથમ હતા, જેની આઠ કોલમની છબીને એચ. ટી.માં પહેલા પાને સ્થાન અપાતું. ‘બેટર ફોટોગ્રાફી' સામયિકે લખેલું. “કિશોર પારેખે એમના માનવીય દૃષ્ટિકોણથી ભારતના ફોટોગ્રાફી અને ફોટોજર્નાલિઝમમાં મૂળભૂત ફેરફાર કરેલા એમનાં કામની એવી તો અસર હતી કે આજે પણ આપણા જાણીતા ફોટોજર્નાલિસ્ટો અને ફોટો એડિટરો ફરી ફરીને એમની તરસવીરોને જોયા કરે છે. જેથી એમણે સ્થાપેલાં ધોરણોને આંબી શકાય.”

કિશોર પારેખ એચ. ટી.માં કેમ જોડાયા એની એક મજેદાર વાત છે. જ્યારે એ અમેરિકાથી સિનેમોટોગ્રાફીમાં ગ્રેજ્યુએટ થઇને આવ્યા ત્યારે સ્વાભાવિક રીતે જ ફિલ્મલાઇનમાં જોડાવાની એમની ઇચ્છા હતી. પરંતુ એ દિશામાં આગળ વધતાં પહેલાં એમના કાકા ઇન્દુભાઈ, એમને જી. ડી. બિરલા પાસે લઈ ગયા. ઇન્દુભાઈનું બિરલા દરબારમાં ઊંચું સ્થાન હતું. એમનો ઉદ્દેશ કિશોર બિરલામાં જોડાય તે ન હતો, પરંતુ કિશોરને વિવેક ખાતર લઈ જવાનો હતો.

જી. ડી. બાબુ સાથેની કિશોરની પહેલી મુલાકાતની જુદી જુદી વાયકાઓ છે. અમે નિકટના સૌ પાસેથી આ વાત સાંભળેલી. જી. ડી. બાબુને આ જુવાનિયાને મળતાંવેંત જ તેનામાં હીર દેખાયું, કારણ કે કિશોરભાઈ કોઈની શેહમાં આવ્યા વગર તડ ને ફડ કરનાર માણસ હતા. એ કિશોરને બીજે ક્યાંય જવા દે એમ ન હતું. એમણે કિશોરને એચ. ટી.ના ચીફ ફોટોગ્રાફરના પદની ઑફર કરી અને કિશોરની બધી શરતો સ્વીકારી. (એ બંનેનો વિશેષ સંબંધ જી. ડી. બાબુના જીવનપર્યંત રહ્યો. બદરીકેદારની જાત્રાએ પણ જી. ડી. બાબુ એમને લઈ ગયેલા જ્યારે એમને સરલાદેવીનો ખૂબ પ્રેમ મળેલો. કિશોરે જી. ડી. બાબુની એક ફોટોબાયોગ્રાફી તૈયાર કરી, જે એ વર્ગના પ્રકાશનમાં અદ્વિતીય છે.)

કિશોરે શરૂઆતમાં ચીલાચાલુ કામ શરૂ કર્યું. તે સમયે દરેક ફોટોગ્રાફનો મુખ્ય વિષય નેહરુ હતા. જનમેદની વચ્ચે નેહરુ, મનાલીમાં આરામ કરતા નેહરુ, બાળકો વચ્ચે નેહરુ, જુદા જુદા મૂડમાં નેહરુ-કિશોરે આ બધું ઝડપ્યું. આ તસવીરો નેહરુને નેહરુ તરીકે બતાવનારી હતી. આ અંતરપટમાં ચોંટી જાય એવી છબીઓ નેહરુના ગયા પછી

૧૯૬૫માં આઈફેક્સ ગૅલેરીમાં પ્રદર્શિત થઈ ત્યારે એના ઉપર ખૂબ લખાયેલું. ક્યારેક કિશોર નેહરુને તંગ કરે. ક્યારેક હસાવે અને ક્યારેક જાણીબૂઝીને અવગણના કરે. આવે વખતે લીધેલા ફોટોગ્રાફની માગણી પ્રાઇમમિનિસ્ટર હાઉસમાંથી અવારનવાર આવે. બાર્થોલેમ્યુ લખે છે: નેહરુ ગુજરી ગયા પછી કિશોરની નેહરુ—પ્રદર્શનની ઇમેજીસ રાષ્ટ્ર માટે યાત્રાધામ બની ગયેલી.

ફોટોજર્નાલિઝમનાં ચઢાણ આકરાં હતાં. તંત્રી કોઈ કામ સોંપે એમ નહોતું. મૂલગાંવકર આ જુવાન ફોટોગ્રાફર તરફ પક્ષપાત રાખે એવું ન હતું. સંપાદન વિભાગના જૂની ઘરેડના માણસોને ફોટોજર્નાલિઝમનું મહત્ત્વ સમજાવવા કિશોરને એક એક તસુની જગ્યા માટે લડવું પડતું. પોતાના ઉપરી સાથે લડવામાં અને ધાર્યું કરવામાં કિશોરને મજા આવતી. પરંતુ એનાથી નીચેના માણસોને આદરથી સાચવે અને એમનું ધ્યાન રાખે.

લાહુલ-સ્પીટીમાં જ્યારે ધરતી ખસી ત્યારે બધા રસ્તા રોકાઈ ગયેલા. જાનની ખુવારીના આંકડાનો કોઈ અંદાજ ન હતો. કેટલાંયે વાહનો ગબડીને ખીણમાં પડેલાં. સેંકડો લોકો ચારે બાજુએ ફસાઈ ગયેલા, ત્યારે લાહુલ—સ્પીટીમાં કોઈ રીતે જવાય તેવું ન હતું. કોઈ પત્રકાર ત્યાં જવા તૈયાર નહીં. કિશોરભાઈએ ધરતી ખસ્યાનું જાણ્યું એટલે એ ભાઈ તો ઊપડ્યા, જે વાહન મળે તેમાં ચડી જાય. લશ્કરનાં વાહનોમાં ચડી બેસે. ક્યાંય વાહન ન મળે તો પહાડના ટટ્ટુ ઉપર બેસી જાય. આમ ઓછામાં ઓછા સમયમાં એ અવ્યવસ્થા, ધરતીએ કરેલી પાયમાલી અને મૃતદેહોની વચ્ચેથી એ ત્યાં પહોંચ્યા. એમના ફોટોગ્રાફ મૃત્યુ અને તારાજીનો તત્કાળ ચિતાર આપતી સ્ટોરી હતા.

કિશોરના ફોટોગ્રાફની સૌથી વધુ અસર થયેલી કૃષ્ણમેનનની પડતીમાં, ચીની આક્રમણ દરમિયાન, આપણા લશ્કરની આબરૂના ધજાગરા ઊડ્યા ત્યારે નેહરુ બેબાકળા થઈ ગયેલા. છતાં નેહરુ ગમે તેમ કરીને કૃષ્ણમેનનને બચાવવા ઉત્સુક હતા. કૃષ્ણમેનન પોતાના અંગત વફાદારોને લશ્કરમાં બઢતી આપતા અને પોતાને મનગમતા નીતિવિષયક નિર્ણયો લઈ લેતા. કોંગ્રેસ અને વિરોધપક્ષો કૃષ્ણમેનનને હઠાવવા માટે જંગે ચડેલા, ત્યારે કૃષ્ણમેનનને દૂર કરવામાં હિંદુસ્તાન ટાઇમ્સે કૅમ્પેઇન જર્નાલિઝમ શરૂ કરીને મોટો ભાગ ભજવેલો. મૂલગાંવકરની સહીવાળા રોજ આવતા તંત્રીલેખો, રાજીન્દર પુરીનાં કાર્ટૂનો અને ઘેરાયેલા કૃષ્ણમેનનની કિશોર પારેખની રોજરોજની છબીઓએ કૃષ્ણમેનનના પતનમાં મોટો ભાગ ભજવેલો. આ છબીઓમાં મેનન ક્યારેક તંગ મુદ્રામાં હોય, ક્યારેક એમનો અહંકાર દેખાય, અને ક્યારેક અકાળ વૃદ્ધત્વ આવી ગયું હોય એવા દેખાય. જનઆક્રોશ અને જનમત એવાં હતાં કે નેહરુએ એમનું રાજીનામું માગવું પડ્યું. કિશોરનું નામ લોકજીભે ચડ્યું. ત્યાં સુધી કૅમ્પેઇન જર્નાલિઝમની શક્તિ અને અસરકારકતાથી આપણે ત્યાં સહુ કોઈ અજાણ હતા. કિશોર પારેખ જનમાનસમાં અંકિત થયા.

નેહરુ ગુજરી ગયા ત્યારે કિશોર પારેખે એ બનાવથી લોકો ઉપર શું અસર થઈ તે એ ચહેરાઓમાં ઝડપવાનું પસંદ કર્યું. રાષ્ટ્રને જે ન પુરાય તેવી ખોટ પડી તેનું પ્રતિબિંબમાં જોવા મળતું હતું. કિશોરમાં અટપટા હાવભાવ આડકતરી રીતે ઝડપી લેવાની જબરી આવડત હતી. જ્યારે નેહરુ પરિવાર અને બીજા ત્રિવેણીસંગમમાં એમનાં અસ્થિ પધરાવવા અલાહાબાદ ગયા ત્યારે પ્રેસના બધા ફોટોગ્રાફરોએ લગભગ એકસરખી તસવીરો લીધી હતી, જેમાં ફૉક્સ ઇંદિરાજી ઉપર હતું. કિશોરે રાહ જોઈ. જ્યારે અસ્થિ પધરાવીને અને ફૂલો, ખાસ કરીને નેહરુને પસંદ ગુલાબનાં ફૂલોથી—અંજલિ આપીને બધા નીકળ્યા ત્યારે કિશોરે સંગમની વિશાળતામાં ગુલાબની પાંખડીઓ તરતી હતી એ ચિત્ર લીધું. એમ દેખાડવા માટે કે રાષ્ટ્રના જીવનમાં કેવી વણપુરાયેલી ખોટ પડી છે. અચાનક કેવો ખાલીપો પડ્યો છે. હિંદુસ્તાન ટાઇમ્સે પહેલા પાને આ ચિત્ર મોટી જગ્યામાં પાથર્યું, જે નેહરુને માટે એક ભવ્ય અંજલિરૂપ હતું.

કિશોર પારેખ ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ મંત્રણાઓને આવરવા તાશ્કદ ગયેલા. દરેક ફોટોગ્રાફરે ભારત, પાકિસ્તાન અને રશિયાના નેતાઓની વિધિસરના વાતાવરણમાં તસવીરો ખેંચી. ધીરજની જરૂર હતી. ખરી પળને પકડવા માટે.

કિશોરને ક્યારેય વિધિસરની, ગોઠવાયેલી પશ્ચાદ્‌ભૂમાં તસવીર લેવાનું ન ગમે. એણે રાહ જોઈ. તાકંદની કડકડતી ઠંડીમાં જ્યારે બધા પોતાનું કામ પતાવીને હોટેલમાં પહોંચી ગયેલા ત્યારે કિશોર પારેખ શાસ્ત્રીજીનો જે મહાલયમાં ઉતારો હતો એની આજુબાજુ ચક્કર મારતા હતા. એમનો ઉદ્દેશ શાસ્ત્રીજીને વિચારમગ્ન બતાવવાનો હતો. ભારતીય પ્રતિનિધિમંડળના મૂડને બરાબર ઝડપવાનો હતો. શાસ્ત્રીજીના ખંડમાં દીવો બળતો હતો. મધરાત પછી કાચની બારી પાછળ શાસ્ત્રીજીને એમના ખંડમાં ઊંડા વિચારમાં એક બાજુએથી બીજી બાજુએ જતા જોયા. એ પળ કિશોર પારેખ માટે મહત્ત્વની હતી. શાસ્ત્રીજીની એ છેલ્લી તસવીર હતી. એકલા અને ઊંડા વિચારમાં-મોડી રાત્રે બારી સોંસરી લીધેલી એ તસવીર ખેંચાઈ અને ત્યાર પછી શાસ્ત્રીજીએ કલાક બે કલાકમાં છેલ્લા શ્વાસ લીધા. આ કામ એક સાહસિક ફોટોગ્રાફર, જેને દુનિયાને કંઈ બતાવવું હતું, એનું હતું. એ હોટેલની રૂમમાં પહોંચ્યા ત્યારે મેગ્નમે જોયું કે કંઈક અવનવી તસવીર લઈને કિશોર પારેખ આવ્યા છે. એ ચિત્ર એમણે તરત જ ખરીદી લીધું. આ એક એવું ચિત્ર હતું જેને શોકમગ્ન રાષ્ટ્રે જોયું અને એના હૃદયમાં કંડારાઈ ગયું.

૧૯૬૭માં કિશોરે અમને એશિયા મૅગેઝિનની ઑફરની વાત કરેલી. સાત વર્ષ ફોટોજર્નાલિઝમમાં ગાળ્યા પછી ફરી અણદીઠેલી ભોમમાં પગ મૂકવાની એમની ઇચ્છા થઈ. એશિયા મૅગેઝિનનાં બે આકર્ષણ હતાં. એક તો 'ફીચર' તૈયાર કરવાનાં હતાં, જેમાં સર્જનશક્તિને વધુ તક મળે તેમ હતું. વળી, એશિયા મૅગેઝિનની આખી ટીમ જુવાન હતી. અહીં એના જ્ઞાનમાં કે પ્રયોગમાં કોઈ ટીકાટિપ્પણ કરે એવા ઘણા હતા. વળી ૧૯૬૮માં મૂલગાંવકર નિવૃત્ત થવાના હતા. એટલે કિશોરભાઈ ઊપડ્યા હૉંગકૉંગ. અમે એક વાર જાપાનથી પાછા ફરતા એમને મળવા હૉંગકૉંગ ઊતરેલા ત્યારે જોયેલું કે એશિયા મૅગેઝિનનું વાતાવરણ એમને ખૂબ ગોઠી ગયેલું અને એમની સર્જનશક્તિને જુદા પ્રકારનાં તક અને પડકારો મળેલાં.

દિલ્લીમાં અમે નજીકમાં રહેતા અને લગભગ રોજ સાંજ પડે સાથે જ હોઈએ. અમારાં બાળકો સાથે નિશાળે જાય, ક્યારેક અમે કલાકો સુધી તીન પત્તી રમીએ. ક્યારેક ઘડીના છઠ્ઠા ભાગમાં ક્યાંક નીકળી જઈએ—તરણેતરને મેળે કે મધ્યરાત્રિએ હુમાયુના મકબરામાં કે તુઘલખાબાદ પહોંચીએ. સાથે રઘુ રાય, ઉષા રાય, પ્રભા દત્ત, રસિક-પન્ના હેમાણી અને બાળકો; ઠંડીમાં ઠૂંઠવાવાની કેવી મઝા હોય છે તે, તે દિવસે માણ્યું. અમારું ઘર આ મિત્રોનું કેન્દ્રસ્થાન, એમાં ક્યારેક જે. સ્વામીનાથન હિંમત શાહ, ડૉ ઇન્દુ પટેલ, જયંત અને જ્યોતિ પંડ્યા પણ હોય. એ સમય મોજમસ્તીનો હતો. એ સમયગાળામાં જ કિશોરભાઈએ હૉંગકૉંગ જવાનું નક્કી કર્યું. એટલે આંચકો તો લાગ્યો પણ ન બતાવવાની કોશિશ કરી.

હૉંગકૉંગ અને પછી સિંગાપુરથી એ ભાઈસાહેબ આવે ત્યારે ઉતારો અને શાહજહાં રોડ પરના અમારા ફ્લેટમાં બધાંનો અકહો. એક વાર જમીને અમે કૂંડાળું વાળીને બેઠેલા. એમાં રઘુ રાયે નાનું ટેબલ ખેંચીને એનાં તબલાં બનાવીને ગાવા માંડ્યું. પહેલું ગીત ગાયા પછી એણે શરૂ કર્યું બહાદુરશાહ ઝફરનું ‘લગતા નહીં હૈ દિલ મેરા'. કિશોર એકદમ ગંભીર થઈ ગયા. રઘુ રાય તો પોતાની મસ્તીમાં આંખો બંધ કરીને ગાતા હતા. કિશોરભાઈની આંખો ભીની થઈ ગઈ. પણ જ્યારે ‘દો ગજ જીં ભી ન મિલી' ગવાયું ત્યારે કિશોરભાઈના બંધ છૂટી ગયા અને ધ્રુસકે ધ્રુસકે રડે. રઘુ આ કડી વારે વારે ગાય અને કિશોરભાઈના બંધ છૂટેલા જ રહે. સૌ ભાવવિભોર. કિશોરને વતન પાછા ફરવું જ રહ્યું અને એ માટે તક ઊભી થઈ.

એશિયા મૅગેઝિન છોડતાં પહેલાં એ બાંગલાદેશ મુક્તિસંગ્રામને આવરવા ૧૯૭૧માં ભારત આવ્યા. સરોજે લાંબા સમય સુધી યાદ કર્યા કરેલું કે એ કેવી રીતે દરિયાકિનારે નિરાંતે બેઠા હતા અને ત્યાં જ પળવારમાં કિશોર બોલી ઊઠેલા, “અહીં દરિયાકાંઠે હું શું કરી રહ્યો છું. જ્યારે ભારત રણસંગ્રામની મધ્યે છે.” તે ઘડીએ જ ઊઠ્યા. ઘરે જઈને સામાન પૅક કર્યો અને પહેલી જે ફ્લાઇટ મળી તેમાં કલકત્તાની વાટ પકડી. યુદ્ધના કવરેજ માટે એ ઍક્રેડિટેડ પત્રકાર ન હતા. ગમે તેમ કરીને તે લશ્કરના એક હેલિકોપ્ટરમાં ઘૂસ્યા. (અગાઉ પણ આવાં સાહસ કરેલાં) શરત એ હતી કે એમને લશ્કરની કંઈ મદદ નહીં મળે. સાહસો ખેડતા એ રણસંગ્રામ સુધી પહોંચી ગયા અને કેટલીક અદ્‌ભુત તસવીરો લીધી, જેમાં યુદ્ધની અર્થહીનતા સામે પ્રચંડ પોકાર જોવા મળતો હતો. એ જોખમભર્યા દિવસો કશી સહાય વગર પસાર કર્યા. એમને પોતે ઉતારેલી પ્રિન્ટ જોવાની ઇચ્છા થઈ. મુંબઈ પાછા આવ્યા પછી કેટલીક પ્રિન્ટ જોઈને એ એવા તો ભાવવિભોર થયા કે પંદર દિવસ અને રાત એમણે સ્ટુડિયોના ડાર્કરૂમમાં કાઢ્યા જેને પરિણામે

માનવજાત માટે ઉત્તમ દસ્તાવેજ એમણે તૈયાર કર્યો. આ ચિત્રોને 'Brutal Birth of Bangladesh'ના શીર્ષક હેઠળ પુસ્તકાકારે બહાર પાડ્યા. એ જોતાં ભારત સરકારે એની વીસ હજાર નકલો તરત ખરીદી લીધી. આ પુસ્તક વિશે ધ હિન્દુએ લખ્યું. "આ પુસ્તકમાં સૈનિકોની વીરતા જોવા નથી મળતી, પરંતુ એ દેખાય છે જુલ્મોના આચરનાર તેમ જ એના સહન કરનાર તરીકે. જ્યારે બંદુકો શાંત થાય છે ત્યારે યુદ્ધમાં સૌથી વધુ સહેનાર સ્ત્રી અને બાળકોના મૂક ચહેરાઓના પડઘા પડતા રહે છે."

પ્રથમ ફોટોજર્નાલિઝમ, ત્યાર બાદ મોટા ફલક ઉપર ફીચરની ઝાકઝમાળ દુનિયા અને દેશ પરત ફર્યા પછી મુંબઈની ફેશનની દુનિયામાં પ્રવેશ કર્યો. દિલ્લી અને સિંગાપુર-હોંગકોંગથી મુંબઈ જુદું હતું. અહીં સૌને ઉતાવળ હતી. કિશોર ફેશન અને એવી જ બીજી કામગીરીઓ લેતા. રાજકીય વાતાવરણ અને મોટા ફલકને છોડીને નાના મર્યાદિત ફલકમાં ગોઠવાયા. અગાઉનો તરવરાટ જોવા ન મળે. માત્ર એમની અનેરી સર્જકશક્તિ એ જે કાંઈ હાથમાં લે તેમાં દેખાય.

એક મારી વિનંતી સ્વીકારી ભારતીય પ્રતિનિધિમંડળ સાથે રશિયા આવવાનું સ્વીકાર્યું. વડા પ્રધાન મોરારજીભાઈ એક મહત્ત્વની મુલાકાતે જઈ રહ્યા હતા. સાથે વિદેશપ્રધાન અટલબિહારી વાજપેયી પણ હતા. કિશોરની અસાધારણની ખોજમાં ક્રેમલિનના રાજદરબારના ખૂની ભભકાએ એમને ન આકર્ષ્યા. અગાઉ એમણે રશિયામાં શાસ્ત્રીજીની અંતિમ છબિ લીધેલી. અહીં એમને એકદમ વિચાર આવ્યો કે મોરારજીભાઈને ક્રેમલિનમાં રેંટિયો કાંતતા કેમ ન બતાવવા? સવારમાં બ્રેઝનેવ વગેરે સાથેની પ્રથમ બેઠક શરૂ થાય એ પહેલાં એમણે પોર્ટેબલ રેંટિયા ઉપર કાંતતા મોરારજીભાઈની તસવીરો ખેંચવા માંડી. ક્રેમલિન મહાલયના એ ખંડમાં રેંટિયો કાંતતા મોરારજીભાઈને બતાવીને કિશોરે બે વિભિન્ન વિચારધારાને આબાદ રીતે રજૂ કરી. બસ, એનું કામ પૂરું થયું. પછી એને બ્રેઝનેવ વગેરે સાથેની મુલાકાતની છબીઓમાં રસ ન રહ્યો.

કિશોરે નાની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવેલી. એમનાં બા મધુબહેને—અમારાં સૌનાં પણ બા—આ એકના એક સંતાનને ઉછેર્યો. કાકા ઇન્દુભાઈએ પણ લાડ લડાવ્યાં. એમણે આપેલ બૉક્સ કૅમેરાથી પાડેલી છબીઓ આમ તો ટૅકુનિકની દૃષ્ટિએ સામાન્ય હતી, પરંતુ ત્યારે પણ કિશોરની અસાધારણની ખોજ એમાં છતી થતી.

જ્યારે ૧૯૫૩માં કિશોર ગ્રેજ્યુએટ થયા ત્યારે ઇન્દુકાકાએ ભેટ આપેલ ઝાઇસ સુપર આઇકોટા (Zeiss super konta)થી કિશોરનો ટૅકૂનિકની દૃષ્ટિએ વિકાસ થયો.

જૂની, રંગ ઝાંખો પડી ગયેલી જીપમાં એ ભાગંભાગ કૅમેરા બતાવવા આવ્યા અમારે ઘેર, અને અમે નીકળી પડ્યા. પહેલેથી જ જેટલા રોલ મળ્યા હતા એટલા વાપરી નાખ્યા. પછી ખિસ્સાખર્ચીના ઍલાઉન્સના પૈસા રોલ ખરીદવામાં વાપર્યા. આ ઉત્તેજનામાં એ પહોંચ્યા પીલગાર્ડનના નાકે આવેલા પ્રિન્સ સ્ટુડિયોમાં પ્રિન્સ સ્ટુડિયોના માલિક ઇન્દુભાઈ ઠક્કરે પોતાનો સ્ટુડિયો વાપરવાની કિશોરને પૂરી છૂટ રેંટિયો કાંતતા મોરારજીભાઈ સાથે ક્રેમલિનમાં

આપેલી. કિશોર ડાર્કરૂમમાં ઘૂસ્યા ને ફિલ્મ એક્સપોઝ કરવામાં ખોવાઈ ગયા. અમે ઘેર જઇને જમી આવ્યા ને એને માટે બાંધતા આવ્યા. ત્યારે અમે નજીકમાં જ જૂની શામળદાસ કૉલેજના પ્રિન્સિપાલના બંગલામાં રહેતા હતા. અમે છૂટા પડ્યા ત્યારે પીલ ગાર્ડન પરથી રાતનું અંધારું દૂર થતું હતું.

ભાવનગરમાં બૉક્સ કૅમેરાથી શરૂ થયેલી કિશોરની ફોટોગ્રાફીની યાત્રા છેક હિમાલયમાં વિરમી.

દહેજ

આ એક ચાલતી ગાડીએ બેસી જવા જેવી સીધીસાદી વાર્તા છે. વર્ષોવર્ષ I P C Lનું સરવૈયું પારદર્શક રીતે રજૂ થાય. હિસાબમાં કશું છુપાવવાનું નહીં. તેથી એની દેખીતી સફળતાથી પ્રેરાઇને કેટલાંવ ઔદ્યોગિક ગૃહો આ ધંધામાં પડવા ઉત્સુક હતાં. આ એ જ ખાનગી સાહસો હતાં જે I P C Lનું વડોદરા સંકુલ સ્થપાતું હતું ત્યારે પેટ્રોકેમિકલ ઉદ્યોગથી દૂર ભાગતાં હતાં. એમને લૉ ડેન્ઝિટી પોલિએથિલીન, પોલિબ્યુટાડીન રબ્બર, પોલિપ્રોપિલીન જેવા મલાઈદાર ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોના લેટર ઓફ ઇન્ટેન્ટ અપાયેલાં. ઓછું નફાદાયક નેપ્થા ક્રેકરનું માતૃએકમ I P C Lને આપવાનું હતું. આખો વખત સરકાર પર જોરશોરથી પસ્તાળ પાડતા ઔદ્યોગિક એકમોને લેટર ઑફ ઇન્ટેન્ટ આપવા છતાં તેઓએ પીછેહઠ કરી. ઉપરાંત ક્યારેક કટાક્ષયુક્ત ટીકાઓ પણ સાંભળવા મળતી : “પબ્લિક સેક્ટરમાં નફાની વાત વળી કેવી?" "આ પ્રોજેક્ટ થોડો થવાનો છે?” “આ તો બીજો એક સફેદ હાથી ઊભો થાય છે.” વગેરે... એની સામે આ I P C Lનો આખો પ્રકલ્પ ઊભો કરવાની, એમાં ઉત્પાદન શરૂ કરવાની, બજારમાં એની માંગ ઊભી કરવાની બધી જ કામગીરી બહુ જ ઓછા અનુભવવાળા તેજસ્વી યુવાન એન્જિનિયરો અને તજ્ઞોએ સંપૂર્ણ જવાબદારીથી નિભાવી. આ એક બહુ મોટી સફળતાની વાત છે.

I P C Lના લગભગ ચાળીસેક જેટલા અધિકારીઓ દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં બોર્ડના ડિરેક્ટરના પદ સુધી પહોંચ્યા.

ખાનગી સાહસો કોઈ જાતનું જોખમ ખેડવા તૈયાર નથી હોતાં. બજારમાં માંગ ઊભી કરવાની એમની તૈયારી નથી. તેઓ તો ઇચ્છે કે આયાતી માલ દ્વારા માંગ ઊભી કરવી અને જ્યારે બજારમાં એની અછત ઊભી થાય ત્યારે એનું ઉત્પાદન કરવું. બંને બાજુથી ફાયદો જ ફાયદો. વળી તેઓ ભાગ્યેજ પોતાની શક્તિ વધારવાનો પ્રયત્ન કરતા. જ્યારે આઇ. પી. સી. એલે. ધંધામાં પ્રવેશ કર્યો ત્યારે પેટ્રોકેમિકલ કારખાનાની સ્થાપનામાં ટેક્નૉલૉજી, મશીનરી વગેરેની આયાત ૭૦ ટકા હતી, વિદેશી હૂંડિયામણ નિયંત્રિત હતું. I P C L એ આયાતનો હિસ્સો ઘટાડીને ૩૦ ટકા પર લાવી મૂક્યો. ખૂબ જટિલ અને અત્યાધુનિક ટેક્નૉલૉજીને આત્મસાત્ કરવાથી આ શક્ય બન્યું. વળી ટૂંક સમયમાં મોટા જથ્થામાં વેચાણ કરવામાં I P C Lની ટીમે અદ્ભુત કામ કર્યું. જ્યારે દેશમાં પોલિપ્રોપિલીનનો વપરાશ ૧,૦૦૦ ટન હતો ત્યારે I P C Lએ ૩૦,૦૦૦ ટનનું વેચાણ કર્યું. એવી જ વાત LDPE, એક્રિલિક ફાઇબર અને બીજી પેદાશોની છે. નછૂટકે લોકોને I P C Lની સફળતા સ્વીકારવી પડી, પણ સાથે સાથે તક ઝડપનારા વધતા ગયા.

આ સમયે I P C L પાસે વિકાસ માટે મોટી મૂડી ઉપલબ્ધ હતી. એની પોતાની મૂડી (ઈન્ટરનલ રિસોર્સ જનરેશન) પર્યાપ્ત હતી. દુનિયાનું મોટું પેટ્રોકેમિકલ સંકુલ ઊભું કરવા માટે તે સમયે ૩,૫૦૦ કરોડ રૂપિયાની જરૂર પડે. I P C Lને પોતાની મૂડી હતી, સંકુલ બાંધવા અને ચલાવવા માટે તજજ્ઞો હતા, બજારમાં માંગ ઊભી કરવાનો પૂરતો અનુભવ હતો. અને એ બધાં માટે જરૂરી તકનીકી જ્ઞાન ધરાવતા કુશળ એન્જિનિયરો હતા. ૧૯૮૦-૯૦ના દાયકામાં I P C L સિવાય બીજા કોઈ પાસે આવી લાયકાત ન હતી. લંડન સ્થિત 'કેમિકલ ઇનસાઇટ' નામના પેટ્રોકેમિકલ ઉદ્યોગના ખાસ સામયિકે I P C Lને સૌથી ઉત્તમ ઉત્પાદન કરનાર પેટ્રોકેમિકલ કંપની તરીકે નવાજી હતી. બીજાં બે વર્ષે ત્રીજો અને પાંચમો નંબર હતો.

છતાં I P C Lને નવા સંકુલની સ્થાપના માટે મંજૂરી ન મળી. પહેલાં ઓરૈયા આડું આવ્યું. I P C Lએ ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કર્યો. જ્યારે અમે રાજ્ય સરકારના નિમંત્રણથી લખનૌ ગયા ત્યારે ઉત્તર પ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી નારાયણદત્ત તિવારીએ અમારું સ્વાગત ઉમળકાભેર કર્યું. ઓરૈયા જવા બધી સગવડ પૂરી પાડી. એમના સેક્રેટરીઓની પૂરી ફોજ સાથે અમને સાંજનું ભોજન આપ્યું. અમે તો પ્રોજેક્ટ શરૂ કરવાની તૈયારીઓ કરતા હતા ત્યારે સમાચાર મળ્યા કે આ સંકુલ ગેઇલને સોંપાયું છે. સામાન્ય રીતે જાહેર સાહસોને અન્ય વ્યવસાયમાં પગપેસારો કરવાની છૂટ નથી હોતી. પરંતુ ગેઇલને એ નિયમ લાગુ ન પડ્યો. ત્યારે પેટ્રોલિયમ મંત્રી ઉત્તર પ્રદેશના હતા.

ત્યાર બાદ I P C Lએ વિશાખાપટ્ટનમાં પેટ્રોકેમિકલ સંકુલ સ્થાપવા ઉત્સુકતા બતાવી, અને એનો ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કર્યો. I P C L રહ્યું બાજુએ અને આ રિપોર્ટ એક કેફી પીણાં બનાવતી કંપનીના હાથમાં પહોંચી ગયો

અને એ કંપનીએ લેટર ઑફ ઇન્ટેન્ટ માટે માગણી કરી. I P C Lનો ફિઝિબિલિટી રિપોર્ટ એક બિયર બનાવનાર કંપનીને આપી દેવાય એ પણ આપણા રાજકારણની બલિહારી છે.

૧૯૮૫-૮૭ સુધીમાં તો ભારતની આઠ દસ ખાનગી કંપનીઓ પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં ઝંપલાવવા તૈયાર હતી. દેખીતું હતું કે એમાંથી કેટલાક પાસે તો આવા મોટા (world class) પેટ્રોકેમિકલ સંકુલ સ્થાપવાની મૂડી ન હતી અને તકનીકી ક્ષમતા પણ નહીં. વધતી બજારમાંગને પહોંચી વળવા દેશને વધુ પૉલિમર્સ અને સિન્થેટિક ફાઇબરની જરૂર હતી. તે સમયે એક વ્યક્તિદીઠ પ્લાસ્ટિકનો વાર્ષિક વપરાશ ૩ કિલોથી પણ ઓછો હતો, જ્યારે દુનિયાની સરેરાશ ૧૫ કિ. હતી. દૂધ, ફર્ટિલાઇઝર, સિમેન્ટ વગેરેના પૅકેજિંગ માટે કોઇ વિકલ્પની જરૂર હતી. કુદરતી શણની પેદાશ જરૂરતના ૨૦ ટકા જેટલી જ હતી. બાકીના ૮૦ ટકા માટે સિન્થેટિક માલનો ઉપયોગ કરવો પડે.

વારંવાર I P C Lની દરખાસ્તની ચકાસણી જુદાં જુદાં ખાતાંઓ અને ખાતાંઓની સંયુક્ત સમિતિએ કરીને દરખાસ્તોને છેલ્લે કેબિનેટ માટે નોંધ તૈયાર કરી ત્યારે એમાંથી I P C Lનું નામ એક યા બીજા બહાને ગાયબ રહેતું. I P C L પાસે ગૅસનો આવશ્યક પુરવઠો નથી એવો મુદ્દો ઉછાળવામાં આવેલો તેની પાછળની રમતની વાત કરવા જેવી નથી. તે વખતના પેટ્રોલિયમ સેક્રેટરી એચ. કે. ખાન અને ત્યાર પછી એમના અનુગામી માધવ ગોડબોલેના ટેકા વગર આ માલના પુરવઠાની 'અછત'ને બહાને I P C Lના પ્રોજેક્ટના હકની અવગણના થઈ હોત.

જ્યારે સેક્રેટરીઓની સમિતિની નિર્ણાયક બેઠક, ઔદ્યોગિક વિકાસ સેક્રેટરીના વડપણ નીચે, કેબિનેટને ભલામણ કરવા મળવાની હતી ત્યારે એમાં આઇ. પી.

સી. એલ.નું નામ તો હોવું જોઈએ. પણ સમય ઓછો હતો અને આ સમિતિના ચૅરમૅનને મિટિંગ પહેલાં I P C Lના ચૅરમૅનને મળવાનો સમય ન હતો. છેલ્લી ઘડીએ એમના ખાનગી ફોનની લાઈન પર એમનો સંપર્ક થયો અને આખા કેસની વિગત સમજાવી. ગુણવત્તાના ધોરણે એમણે I P C Lનું નામ એ યાદીમાં ઉમેર્યું. ત્યાર પછી ટૂંક સમયમાં પ્રધાનમંડળની બેઠક મળવાની હતી. ખાનગી સાહસોના ઉદ્યોગપતિઓનો પગપેસારો અહીં હતો જ એટલે અમારે પણ જેવા સાથે તેવા થવું પડે તેમ હતું. એટલે અમે ગુજરાતના વગદાર યુવાન નેતા અહમદ પટેલને હકીકતથી વાકેફ કર્યા. તેઓ તરત અસરકારક રીતે વચ્ચે પડ્યા અને કેબિનેટે ગુણવત્તાના ધોરણે એકલા I P C Lની યોજનાને મંજૂરી આપી. એમાં વડા પ્રધાન રાજીવ ગાંધીની પણ મદદ મળી. આ બન્નેની મદદ ન મળી હોત તો I P C Lના ગાંધાર સંકુલ માટે આવશ્યક પુરવઠો મળ્યો ન હોત. ગાંધાર પેટ્રોકેમિકલ સંકુલ ઊભું થાત નહીં અને દહેજ વિસ્તારનો વિકાસ ન થાત.

દહેજ: જમીનસંપાદનના કેટલાક પ્રશ્નો

આપણે અગાઉના પ્રકરણમાં જોયું કે અવરોધો વચ્ચે I P C Lના ત્રીજા સંકુલને, એટલે કે ગાંધાર પેટ્રોકેમિકલ સંકુલને મંજૂરી મળી ત્યારે સંકુલ માટે આવશ્યક ૧,૬૦૦ એકર જમીન સંપાદિત કરવાની અમિતા હતી. દહેજ, લખીગામ, લુવારા ગામોએથી દરિયો કાળક્રમે ખસતો ગયો તેમ તેમ આ વિસ્તારની જમીનમાં ક્ષારનું પ્રમાણ વધ્યું અને જમીનની ફળદ્રુપતા ઓછી થઇ ગઇ. તે વખતે ત્યાં જમીનનો છેલ્લો સોદો એકરના રૂપિયા છ હજારે થયેલો. જી. આઇ. ડી. સી.ના હિસાબે તે સમયે એકરનો ભાવ ૧૫,૦૦૦ રૂપિયા વાજબી હતો. ખેડૂતોની અપેક્ષા એકરના ૨૦,૦૦૦ રૂપિયાની હતી. એમના વકીલો અને બીજા દલાલો ૩૦,૦૦૦ની માગણી કરતા હતા. એમનો ખ્યાલ એવો કે રૂપિયા ૨૫,૦૦૦-૩૦,૦૦૦ માંગીશું તો ૨૦,૦૦૦ તો મળશે જ.

જી. આઈ. ડી. સી. અને ખેડૂતોની આ ભાંજગડમાં વખત જતો હતો. ત્યારે ભરૂચના યુવાન કલેક્ટર અરવિંદ અગ્રવાલ મદદે આવ્યા. એમણે સૂચવ્યું કે અમારે જી. આઈ. ડી. સી.ની હાજરીમાં લખીગામ-લુવારાના ખેડૂતોને મળવું. એમણે આ ગ્રામસભા એક દિવસ રાત્રે ૯ વાગ્યે લખીગામમાં ગોઠવી. સભા શરૂ થતાં જ લોકોએ જી. આઈ. ડી. સી. પર પ્રહારો શરૂ કર્યા. જી. આઈ. ડી. સી.ના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર બીજલાણી પણ હાજર હતા. જી. આઈ. ડી. સી. પરના પ્રહારોથી મંચ પર બેઠેલા સૌને ક્ષોભ થતો હતો. તેથી સૌને શાંત કરવાનું જરૂરી હતું. કલેક્ટરશ્રી અગ્રવાલે અમને બોલવા કહ્યું. અમારી માન્યતા એ હતી કે ખેડૂતો માગે છે તે ભાવ ઓછો છે. વડોદરા પાસે કોયલી-રણોલીની અને મહારાષ્ટ્રમાં નાગોઠાણેની લગભગ ૫,૦૦૦ એકર જમીન આઈ. પી. સી. એલે. સંપાદિત કરેલી અને જમીનો ખોયા પછી ત્યાં ખેડૂતોના શા હાલ થયેલા એનો અમે અભ્યાસ કરેલો. અમારું તારણ એ હતું કે વળતરનાં નાણાં ખેડૂત પાસે ટકતાં નથી. કુટુંબના એકાદ સભ્યને નોકરી મળે તો પણ બાકીના પાસે આજીવિકાનું કોઈ સાધન રહેતું નથી. સામે બેઠેલા એક કિશોરને અમે ઊભો કરીને નામ પૂછ્યું, એ કહે: ચંદ્રકાંત, અમે સભાને કહ્યું કે તમારી જમીનનો ભાવ આ ચંદ્રકાંતના ભવિષ્યને ખ્યાલમાં રાખીને માંગો, એટલે કોઈએ કહ્યું ૩૫,૦૦૦, અમે ચઢાવતા ગયા અને એ હિંમત કરીને રકમ વધારતા ગયા. છેવટે ૫૫,૦૦૦એ અટક્યા અમે ફરી ફરીને પૂછ્યું પણ કોઈ આગળ વધ્યું નહીં. અમે કહ્યું અમારા ૫૬,૦૦૦, ૧,૬૦૦ એકર જમીનની કિંમત સંકુલના કુલ મૂડીરોકાણના બે ટકા જેટલી હતી. બધા રાજી થઈને છૂટા પડ્યા. અમે I P C L, જનરલ ઇલેક્ટ્રિક જેની સાથે અમારું સંયુક્ત સાહસ થવાનું હતું તેમ જ કેમિકલ પોર્ટ ટર્મિનલ માટે ૨,૦૦૦ એકર જમીન પ્રેમથી સંપાદિત કરી.

બારા વિસ્તારમાં અમે આરંભેલી પ્રક્રિયાને કારણે જમીનમાલિકોને થોડો લાભથયો. પરંતુ એમનું દળદર ન ફીટ્યું. હા, દહેજના વિકાસથી ગુજરાત રાજ્યની આવક વધી, સંપત્તિ વધી અને રોજગારીની તકો વધી. આજે દહેજનો જશ લેનારાનો અને એ સ્થળનો લાભ લેનારાઓનો તોટો નથી. પરંતુ દહેજના સર્જકને કોઈ યાદ પણ નથી કરતું. નિવૃત્ત થયા પછીનાં છેલ્લાં વીસ વર્ષમાં અમે એક વાર પણ દહેજ ગયા નથી.

હવે આપણે થોડો ઇતિહાસ અને જમીનસંપાદનના પ્રશ્નોની વાત કરીએ.

બારા વિસ્તાર, ખાસ કરીને વાગરા તાલુકો, કોઈ આર્થિક પ્રવૃત્તિ માટે જાણીતો ન હતો. માત્ર ગાંધારમાં તેલ નીકળેલું એટલે ગાંધાર ઑઇલ ફિલ્ડનું નામ ક્યારેક સાંભળવા મળે. બે પાંચ વર્ષે ઘોઘા-દહેજની ફેરી સર્વિસનો ગુબ્બારો કોઈ ઉડાડે ત્યારે દહેજનું નામ સાંભળીએ. પરંતુ ઇતિહાસમાં આ વિસ્તારનું મહત્ત્વ હતું.

આજથી ૭૦૦ વર્ષ પહેલાં મોરોક્કોના પ્રવાસી ઇબ્ન બતૂતા અહીંથી ઘોડા ખરીદીને ગાંધારથી વહાણમાં બેસીને કાલિકટ થઈને ચીન જવા ઊપડેલા. પણ ૭૦૦ વર્ષ પછી ગાંધાર ક્યાં છે એની કોઈને ખબર નહોતી.

દરિયાના ખસવાથી અહીંનો બંદરી વેપાર બંધ થયો તેથી બારા વિસ્તાર તરીકે ઓળખાતા આ પ્રદેશની જાહોજલાલીમાં ઓટ આવી. જમીનમાં ખારાશ વધતી ચાલી અને ઉપરવાસની નદીઓ પર બંધ બંધાયા તેથી મીઠું પાણી આવતું બંધ થયું. આમ બેવડી વિપત્તિથી બારા વિસ્તાર ભાંગતો ગયો. જુવાનિયાઓ અને બીજા સશક્ત લોકો રોજીની શોધમાં બહાર નીકળી પડ્યા.

૧૯૬૧થી ૧૯૯૧ના ગાળાનાં ત્રીસ વર્ષમાં જ્યારે ગુજરાતની વસતી લગભગ બમણી થઈ ત્યારે વાગરા તાલુકાની વસતી એંશી હજારના આંકડાની આસપાસ રહી.

આ પશ્ચાદ્ભૂમાં વાગરા તાલુકાના આર્થિક વિકાસના આઈ. પી. સી. એલે. કરેલાં મંડાણ સ્થાનિક જનતા માટે આશીર્વાદરૂપ થઈ પડેલાં એમાં નવાઈ પામવા જેવું નથી.

હવે જમીનસંપાદનનો પ્રશ્ન જોઈએ. અમે જે ઊંડો અભ્યાસ કરેલો તે પરથી અમને સમજાયેલું કે ખેડૂત માટે જમીન એ માત્ર સંપત્તિ નથી એ પાયાની વાત જ જમીનસંપાદનને લગતી નીતિની ચર્ચામાં સાવ વિસરાઈ ગઈ છે. ખેડૂત માટે તો જમીન એ એમની તેમ જ એમના પરિવારની આજીવિકાનું એકમાત્ર સાધન છે, જેના પર પેઢી દર પેઢીથી

તેઓ નભતા આવ્યા છે. તેમનું કૌશલ્ય ખેતીમાં જ વિકસેલું છે અને તે છોડીને બીજું કામ તેઓ સહેલાઇથી અપનાવી શકતા નથી. એટલું જ નહીં, એમના માટે તો એ આજીવિકાના સાધનથી પણ વિશેષ છે. એની સાથે એમનું સમગ્ર જીવન અભિન્ન રીતે જોડાયેલું હોય છે અને જીવનના એ ચોક્કસ ટુકડા સાથે એમનો ઊંડી લાગણીનો સંબંધ સ્થપાઇ ચૂક્યો હોય છે. એની સાથેનો એમનો સંબંધ માત્ર પૈસાનો હરગિજ નથી, એટલે જ ઘણા જમીનનો એ ટુકડો છોડીને બીજે ખેતી પણ નથી કરી શકતા. આ કારણસર જ ખેડૂત પાસેથી એની ખેતીની જમીન લેવાની થાય ત્યારે એના બદલામાં એને થોડાઘણા પૈસા આપી દેવાથી ન ચાલે. જમીનસંપાદન સાથે ખેડૂતની આજીવિકાનું એકમાત્ર સાધન ખરીદી લઈએ છીએ. સાથે સાથે એની ગરિમા અને એનો સમાજમાં મોભો પણ એ ખરીદીમાં લઇ લઇએ છીએ. તેથી જમીન લેતી વખતે એમને કમસેકમ આજીવિકાનું વૈકલ્પિક સાધન તો પૂરું પાડવું જ પડે. એ ઉપરાંત જમીન સાથેના એમના વિશિષ્ટ સંબંધને પણ ધ્યાનમાં રાખવો પડે.

બીજો સવાલ ઉત્પાદનનાં પરિબળો તરીકે જમીનની ખાસ સ્થિતિને લગતો છે. વર્ષો પહેલાં આદમ સ્મિથે અર્થશાસ્ત્રના પાઠ શીખવતાં કહેલું કે ઉત્પાદનની પ્રક્રિયાનાં મુખ્ય ચાર પરિબળો છે-મૂડી (કૅપિટલ), શ્રમ (લેબર), ટેક્નૉલૉજી અને જમીન (લૅન્ડ) હવે આ ચારેય પરિબળોને તપાસીએ તો સમજાય છે કે એ પૈકી જમીન જ એક એવું પરિબળ છે જે સ્થિર છે-જે એક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ શકતું નથી. જ્યારે બાકીનાં ત્રણે પરિબળોની સહેલાઈથી એક સ્થળેથી બીજે હેરફેર કરી શકાય છે. આમ, ખેતીને લાયક ફળદ્રુપ જમીન જ્યાં હોય ત્યાં જ ખેતી કરી શકાય છે. બીજે નહીં. ઉદ્યોગો માટે કદાચ જમીનની ગુણવત્તાનો સવાલ એટલો મોટો નથી, પરંતુ એમની બાબતમાં પણ એ જમીન રસ્તા, રેલવે કે બંદરની નજીક છે કે નહીં, ત્યાં પાણી, વીજળી વગેરે પૂરતી માત્રામાં મળી શકે એમ છે કે નહીં વગેરે સવાલો ભાગ તો ભજવે જ છે. આ ઉપરાંત એ બાબત પણ છે કે જમીન એ મર્યાદિત સંસાધન છે; એટલે કે, જે જમીન છે તેમાંથી જ બધી જરૂરિયાતો સંતોષવાની છે. આપણે નવી જમીન પેદા નથી કરી શકતા. આ કારણસર ખેતી અને ઉદ્યોગો વચ્ચે જમીન માટે સ્પર્ધાની સ્થિતિ પેદા થાય એ સાવ સ્વાભાવિક છે. વધતી વસતી માટે સૌપ્રથમ તો વધારે અનાજની જરૂર પડે છે જે ખેતીમાંથી જ મળી શકે. તો બીજી બાજુ વધતી વસતીની બાકીની જરૂરિયાતો પૂરી કરવા માટે ઉદ્યોગો પણ વધારવા પડે. આમ, વધતી

વસતીની સાથે જમીન માટેની સ્પર્ધા વધારે ને વધારે તીવ્ર બનતી જાય છે. ૧૯૪૭માં દેશના ભાગલા થયા ને આઝાદી મળી, ત્યારે આપણી વસતી ૩૩ કરોડની હતી અત્યારે દેશની વસતી ૧૧૦ કરોડની પરંતુ વ્યક્તિદીઠ જમીનની ઉપલબ્ધતા ૧૯૪૭માં હતી એના ૩૦ ટકા જેટલી થઇ ગઇ છે. ગુજરાતની વાત કરીએ તો આપણો કુલ ભૌગોલિક વિસ્તાર ૧ કરોડ ૯૬ લાખ હેકટરનો છે. જે પૈકી ખેતીલાયક જમીનો તો માત્ર ૯૭ લાખ હેકટર (૫૦ ટકા) જેટલી છે.

વસતીની વાત કરીએ તો ૧૯૫૧માં આપણી વસતી ૧ કરોડ ૬૨ લાખ હતી, ૧૯૬૧માં ૨ કરોડ ૬ લાખ જેટલી હતી અને અત્યારે ૨૦૧૧માં ૬ કરોડ ૩ લાખ જેટલી છે. આમ, ૧૯૫૧માં માથાદીઠ ખેતીલાયક જમીન ૦.૬૦ હેકટર જેટલી હતી, જે અત્યારે આજે ઘટીને ૦.૧૫ હેકટર (૨૫ ટકા) જેટલી થઇ ગઇ છે. ૨૦૫૦ સુધીમાં તો દેશની વસતી ૧૦૦ કરોડની આજુબાજુ સ્થિર થશે તેવો. અંદાજ છે. આનો અર્થ એ થયો કે ૧૯૪૭માં આપણે ત્યાં વ્યક્તિદીઠ જેટલી જમીન હતી, તેના ૨૦ ટકા જેટલી જ જમીન ૨૦૫૦માં ઉપલબ્ધ હશે.

I P C Lના ચૅરમૅન તરીકે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ત્રણ જગ્યાએ મળીને આશરે ૫,૦૦૦ એકર જેટલી જમીનના સંપાદનની પ્રક્રિયા સાથે અમે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા હતા. એ વખતે જમીનસંપાદનની પ્રક્રિયાને નજીકથી જોવાની તક અમને મળી હતી. આ અનુભવોના આધારે ઑક્ટોબર ૨૦૦૬માં અમે વડા પ્રધાન ડો. મનમોહનસિંહને આ અંગે એક પત્ર પણ લખેલો. જેમાં એ અનુભવોની ચર્ચા કરીને કેટલાંક સૂચનો પણ કરેલાં. એ મુદ્દાઓ આજે પણ એટલા જ પ્રસ્તુત છે. એટલે અહીં પણ તેના પર એક નજર નાંખી લઈએ:

૧. સામાન્ય રીતે ઉદ્યોગો જેટલી જમીનની જરૂર હોય એના કરતાં અનેકગણી વધારે જમીનની માગણી કરતા હોય છે અને તે પણ પોતાની પસંદગીની જમીનો માટે જ. પરિણામે ઘણી વાર અત્યંત ફળદ્રુપ જમીનો ઉદ્યોગો માટે સંપાદિત થઇ જતી હોય છે. અને આવું એવી જગ્યાઓએ પણ થાય છે, જ્યાં એનાથી થોડા કિમી દૂર જ વૈકલ્પિક

જમીન ઉપલબ્ધ હોય, જે ઓછી ફળદ્રુપ કે પડતર હોય અને જ્યાં ઉદ્યોગની બધી જરૂરિયાતો સહેલાઇથી પૂરી થઇ શકતી હોય. એક દાખલો જોઇએ તો વડોદરાના રિફાઇનરી, ફર્ટિલાઇઝર અને પેટ્રોકેમિકલ પ્લાન્ટ સહેલાઇથી વડોદરાની ઉત્તરને બદલે દક્ષિણે ૧૦ કિમીના અંતરે સ્થાપી શકાયા હોત. એનાથી હજારો એકર ફળદ્રુપ જમીનો બચાવી શકાઇ હોત અને જે—તે ઉદ્યોગોને ભાગ્યેજ કોઇ આર્થિક નુકસાન થયું હોત.

૨. એ જ પ્રમાણે મોટા ભાગના ઉદ્યોગસાહસિકો પર્યાવરણ કે સાંસ્કૃતિક વારસા જેવી બાબતો ધ્યાનમાં નથી રાખતા. તેઓ એમ જ માને છે કે જેતે જગ્યાએ ઉદ્યોગ નાખીને તેઓ જાણે રાજ્ય પર બહુ મોટો ઉપકાર કરી રહ્યા છે, એટલે એમને તો તેઓ જે માંગે તે જમીન મળી જ જવી જોઇએ. મૂડીરોકાણ આકર્ષવા માટે કાયમ તત્પર એવી રાજ્ય સરકારો પણ ઉદ્યોગપતિઓ જે માગે તે, જમીન સુધ્ધાં, આપવા માટે તૈયાર થઈ જતી હોય છે. એના કારણે દેશભરમાં ભારે પર્યાવરણીય નુકસાન થયાના કેટલાય દાખલા છે. જો સાંઘી સિમેન્ટે બને એટલી વધારે જંગલખાતાની જમીનો મેળવવા માટેનો લોભ ન રાખ્યો હોત તો, લાંબા કોર્ટ કેસમાંથી તે બચી ગઇ હોત અને સાથે જ કચ્છના નારાયણ સરોવર છીંકારા અભયારણ્યનું વધારે સારું રક્ષણ થઇ શક્યું હોત. કચ્છના સૂચિત પાવરપ્લાન્ટની જગ્યા માટે થોડીક જ બાંધછોડ કરી હોત તો, કચ્છની નરવી જીવનશૈલીને પ્રતિબિંબિત કરતા રળિયામણા ગામ તુંડાવાંઢને બચાવી શકાયું હોત.

૩. સરકાર જ્યારે પણ જાહેર હેતુ માટે જમીનસંપાદન કરે છે, ત્યારે એક નિયત ફૉર્મ્યુલા મુજબ વળતર નક્કી કરે છે, જે ખેડૂતો માટે નુકસાનકારક છે. વધારે વળતર માટે અનેક આંદોલનો થયા પછી હવે સ્થાનિક રાજકીય દબાણો, કોર્ટ-કેસો, મહેસૂલી અધિકારીઓના દબાણ વગેરે પરિબળોના આધારે વધારે વળતર આપવામાં આવે છે. જાહેર એકમોમાં ઘણી વાર સ્થાનિક લોકોને, તેમણે જમીન ગુમાવી હોય કે ન હોય, કુટુંબદીઠ એક વ્યક્તિને નોકરી પણ આપવામાં આવતી હોય છે.

૪. નાના ખેડૂતો વળતરની રકમમાંથી કોઇ ઉત્પાદકીય સાધન ખરીદી જ નથી શકતા. અમે એવા ઘણા દાખલા જોયા છે જેમાં ખેડૂતને મળેલું વળતર માંડ બે વર્ષ પણ ટક્યું નહોતું. જૂનાં દેવાં ભરપાઇ કરવામાં, વચેટિયાઓને કમિશન ચૂકવવામાં અને ઘરના રિપેરિંગ કે દીકરીનાં લગ્ન જેવી તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરવામાં જ ઘણી વાર મોટા ભાગની રકમ ખર્ચાઇ જતી હોય છે. અને પછી ઉત્પાદકીય સાધનો વસાવવા માટે ખાસ કશું બચતું નથી. મોટા ખેડૂતો પણ ઉત્પાદકીય સાધનોમાં મૂડીરોકાણ કરવામાં મુશ્કેલીઓ અનુભવતા હોય છે, કારણ કે બીજી વ્યક્તિઓની જેમ જ ખેડૂતો પણ સામાન્ય રીતે પોતાના વિષય સિવાયની અન્ય બાબતો વિશે ખાસ કોઈ જાણકારી ધરાવતા નથી હોતા. પોતાના ગામ સાથેનાં એમનાં મૂળિયાં એટલાં તો ઊંડાં હોય છે કે એનાથી બીજે ખેતીની જમીન ખરીદવાનું પણ તેઓ સામાન્ય રીતે પસંદ નથી કરતા. રણોલી ગામના સદ્ગત રાજીવભાઈ પટેલે આઠ કિમી દૂર સારી જમીન ખરીદેલી. પરંતુ તેઓ પણ એનો ખાસ ઉપયોગ નહીં કરી શકેલા. દહેજના ખેડૂતોને I P C Lની ફિક્સ ડિપોઝિટમાં નાણાં રોકવા માટે અમે સમજાવેલા, પરંતુ એમાં વધારે વ્યાજ મળતું હોવા છતાં, ખેડૂતો એ માટે તૈયાર નહોતા થયા. આ ઉપરાંત ઘણા ખેડૂતો બેઇમાન તત્ત્વોથી દોરાઇને ખોટા રવાડે ચઢી જતા હોય છે અને એમના બાળકો ચાની લારી પર પરચૂરણ કામ કરતાં થઇ જાય છે. જેમને જાહેર ક્ષેત્રનાં કારખાનાંઓમાં નોકરી મળી હોય, તેઓ પણ ટાઉનશિપમાં રહેવા જતા રહેતા હોય છે અને એમ થતાં એમનાં જ કુટુંબોના બાકીના સભ્યો જાણે બીજા દરજ્જાના નાગરિક બની જાય છે.

૫. જમીનો ચોક્કસ નિયત જાહેર હેતુ માટે સંપાદન કરવામાં આવે છે. પરંતુ વર્ષો સુધી એ ચોક્કસ હેતુ માટે એનો ઉપયોગ કરવામાં ન આવે કે કોઇ પણ જાતના ઉપયોગ વગર એ એમની એમ પડી રહે તોપણ એ જમીનસંપાદન કરનાર એજન્સી પાસે જ પડી રહે છે. રાજ્ય સરકારોમાં ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનો તેમ જ કેટલાંયે જાહેર અને ખાનગી ક્ષેત્રનાં એકમો પાસે વર્ષો પહેલાં સંપાદિત કરેલી આવી હજારો એકર જમીનો એમ જ પડી રહી છે અને છતાં તે તેના મૂળ માલિક એવા ખેડૂતોને પરત નથી કરાતી.

૬. આ ઉપરાંત, જમીન પર નભતાં જમીનવિહોણાં કુટુંબોને તો ક્યાંય જવાપણું જ નથી રહેતું. એમના સવાલો તો કોઇ ઉઠાવતું જ નથી અને તેઓ હાંસિયામાં વધારે ધકેલાઇ જતા હોય છે.

૭. અત્યારે સરકાર ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો પોતે જ ખેડૂતો સાથે સીધી વાતચીત કરીને જમીન ખરીદ કરે એ પ્રક્રિયાને પ્રોત્સાહન આપી રહી છે. એમાં જમીનો ફરજિયાત સંપાદન કરવાની બાબત નથી રહેતી, એને કારણે ખેડૂતોને ઘણી વાર વાટાઘાટ દ્વારા વધારે વળતર મેળવવામાં સફળતા મળે છે. પરંતુ એની સાથે જ ઘણી વાર ખેડૂતો સ્થાનિક માફિયાઓની ગુંડાગીરીનો ભોગ બનતા હોય છે કે આગેવાનો ખરીદી લેવાયા હોય એવી સ્થિતિના પણ ભોગ બનતા હોય છે અને હાનિકારક સ્થિતિમાં મુકાઈ જતા હોય છે.

જ્યારે મોટા ઉદ્યોગો અથવા ઔદ્યોગિક વસાહતો સ્થપાય ત્યારે આર્થિક અને સામાજિક ફટકો પડવાની સાથે સ્થાનિક લોકોનું સ્થાન બીજા દરજ્જાનું થઇ જાય છે. એ મહત્ત્વનો મુદ્દો હજુ નજરઅંદાજ જ રહ્યો છે. જ્યારે મોટી સંખ્યામાં વધુ શૈક્ષણિક લાયકાત અને વધુ આવક ધરાવતા લોકો મોટી સંખ્યામાં આવી વસે અને સ્થાનિક લોકોની આજીવિકાનું સાધન ગયું હોય ત્યારે બે સમાજોનું સર્જન થાય છે. જેનાં મૂળિયાં ત્યાં છે એ સમાજ બધી રીતે બેહાલ થાય છે. જેમને મૂળિયાં નથી અને મૂળિયાં નાખવાની શક્યતા પણ ઓછી છે એમનું વર્ચસ્વ થાય છે. આ માનવીય સમસ્યાનો ઉકેલ ત્યારે જ આવે જ્યારે આપણા ઉત્તરદાયિત્વ તરીકે એમને આજીવિકાનાં સાધનો આપીને કસબ શીખવીને એ ઉપર આવે ત્યાં સુધી તેમનો હાથ પકડી રાખીએ.

ધીરુભાઈ

ધીરુભાઈ અંબાણી એટલે ધાર્યું કરનાર વ્યક્તિ. એમણે નક્કી કરેલ માર્ગમાં કોઇ પણ અવરોધ ન ચાલે. એમણે હાથમાં લીધેલ કામને યેનકેન પ્રકારેણ પૂરું કરવાનું જ. એમાં કોઇની સાડીબાર નહીં. ધીરુભાઈ સાધ્યમાં માને, એમને સાધનની ચિંતા નહીં. એમની મૂલ્યદૃષ્ટિ વિશે ઘણું ટીકાત્મક લખાયું છે પરંતુ કોઇ એમના વિશે શું બોલે છે અથવા લખે છે એની એમને પરવા ન હતી. બાવડાના બળે એ આગળ વધેલા. પોતાને માટે એમણે જાતે જ નીતિનિયમ ઘડ્યા. વિરોધીઓથી ડરે તે ધીરુભાઈ નહીં. એમને નિર્દય કે કઠોર કહો પરંતુ એમનો જાની દુશ્મનેય એમને કાયર કે ડરપોક ન કહી શકે.

અમારો ધીરુભાઈ સાથેનો નાતો જુદા જ પ્રકારનો હતો-બે હરીફ વચ્ચે ભાગ્યેજ હોય એવો. જાહેર સાહસો ગમે તેટલી સફળતા મેળવે તોય એને કાંઈ માનઅકરામ ન મળે. પરંતુ I P C Lને કચવાતે મને પણ સૌને વખાણવું પડતું. વળી, પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ સ્થાપનારા માટે જાણે I P C L એક શિકારનું મેદાન હતું. નોકરી શોધી આપનારી વ્યાવસાયિક કંપનીઓએ વડોદરાની હોટેલોમાં અડ્ડો જમાવેલો અને I P C Lના કેટલાક એક્ઝિક્યુટિવો વધુ કમાણીની લાલચમાં કંપની છોડીને ગયા પણ ખરા. અમારે ધીરુભાઈ સાથે એક સમજૂતી થયેલી કે I P C Lના કોઇ અગત્યના અધિકારીને અમારી જાણ વિના એ નહીં લઇ જાય. જો એ અધિકારીને જવું હશે તોપણ એના હાથમાં જે કામ હશે તે પૂરું કર્યા પછી જ એમને છૂટા કરાશે.

રિલાયન્સ અમારું હરીફ. પણ આ વણલિખિત કરારનું પાલન કરે. ધીરુભાઈ આ સમજૂતીનો ભંગ કરી શક્યા હોત પરંતુ આપેલું વચન તોડે એવા એ ન હતા.

હવે અમારા ધીરુભાઈ સાથેના ત્રણ અનુભવો જોઇએ.

આઈ. પી. સી. એલ, કહેવાય જાહેર સાહસ પરંતુ અમારી પેદાશોની હરીફાઈ મોટી ખમતીધર કંપનીઓ સાથે. એમાં નોસિલ અને પીલ આવે, આઈ. સી. આઈ. અને યુનિયન કાર્બાઇડ આવે, બૉમ્બે ડાઇંગ અને ડીસીડબલ્યૂ આવે. અમારા ગ્રાહકોમાં પણ મોટાં માથાં, એટલે અમારે સરકારી કંપનીઓની મર્યાદાઓમાં રહેવાનું અને માલ વેચવા જઇએ ત્યારે મોટા હરીફો સામે ટક્કર લેવાની. મોટા ભાગની કંપનીઓની ઓફિસો મુંબઈમાં એટલે એ

બધા નિયમિત મળે. અમે રહ્યા વડોદરા ત્યાં કોણ આવે? અમને થયું કે ચાલો આ બધા ધુરંધરોને મળીએ. ડૉ ગાંગુલી અને અમે એક દિવસ ઊપડયા મુંબઈ. એક દિવસમાં અરવિંદ

મફતલાલ, મધુ પટવર્ધન, નસલી વાડિયા, વિજય ગોખલે, કપાલ મહેરા, કીકાભાઈ થિયા એમ એક પછી એક મહારથીઓને મળવા નીકળ્યા. અમે એ સૌ કરતાં મોટા હતા અને અમારી આમદાની પણ સારી હતી. અમારે ફરિયાદનું કોઈ કારણ ન હતું. પણ જ્યાં જઈએ ત્યાં ફરિયાદ સાંભળીએ. કોઈ કહે ઇમ્પોર્ટ લાઇસન્સ નથી મળતું. કોઈને કસ્ટમ્સડ્યૂટી આકરી લાગતી હતી. કોઈને દાણચોરીથી આવતા માલ સાથે હરીફાઈ કરવાનું શક્ય ન લાગતું. કેટલાકને સરકારી નીતિ ઉદ્યોગવિરોધી લાગતી. વી. પી. સિંહનો આર્થિક વહીવટ હતો. અમે તો ઉત્સાહથી ગયેલા અને ચા-પાણી પીને છૂટા પડીશું એવો ખ્યાલ અથવા ભ્રમ હતો. અહીં તો ભારે હતાશાનું વાતાવરણ જોયું. અમારે હતાશ થવા માટે કોઈ કારણ ન હતું છતાં અમે પણ એ મૂડમાં આવી ગયા. અમને લાગ્યું કે ખરેખર આપણે પણ ઉજાગરો કરવાનો છે. સવારે અમે ટટ્ટાર બેઠેલા. પછી જેમ દિવસ ચડતો ગયો એમ અમે પણ મૂડ પ્રમાણે અડધા વળીને બેઠા.

અમારે છેલ્લે મળવાનું હતું ધીરુભાઈને ધીરુભાઈને પોતાને સ્ટ્રોક આવેલો. બંને ભાઈઓ બધો વહીવટ સંભાળવા હજુ તૈયાર ન હતા. અને વી. પી. સિંહે ધીરુભાઈ ઉપર માછલાં ધોવાનું જ બાકી રાખેલું. બેઠા કે તરત આખો દિવસ સાંભળેલી કાગારોળ અમે શરૂ કરી. અમે કંઈ વધુ કહીએ એ પહેલાં ધીરુભાઈ કહે શું પ્રૉબ્લેમ છે? કસ્ટમવાળા એમનું કામ કરશે. ધીરુભાઈની એક ખાસિયત હતી. જ્યારે ઉશ્કેરાટમાં કંઈ વાત કરવી હોય તો એ ખુરશીમાં છેક આગળ આવી જાય અને લાંબા હાથ કરીને એમનો મુદ્દો કહે.

અમે તો કારણ વગર નિરાશ થયેલા. એટલે ટટ્ટાર થયા. ધીરુભાઈ કહે હજ આવે છે. વીસ લાખ ધાબળા બનાવીને એક્સ્પોર્ટ કરો. તમારું પ્રોડક્શન વધારો. ઓછા ખર્ચે માલ પેદા કરો. તમારા માલના નવા નવા ઉપયોગો શોધો. એ માટે જણનારીમાં જોર જોઈએ. એને પહોંચી વળવાની આપણામાં શક્તિ જોઈએ. બાકી આમ રસ્તામાં રોડાં આવે તો કોઈ મરદ રોતો હશે? જ્યારે બીજા સૌ મુશ્કેલીની વાત કરતા હતા ત્યારે ધીરુભાઈ ઉપર ધોંસ હોવા છતાં એમનામાં ક્યાંય માયૂસી ન હતી. એમની એ સિંહગર્જના હતી.

રિલાયન્સની જામનગર રિફાઇનરી મંજૂર થઈ ત્યારે અમે ગુજરાત ઇકૉલૉજી કમિશનના ચૅરમૅનપદે હતા. સાગરકાંઠે અને વળી પરવાળાના ટાપુથી નજીક રિફાઈનરી નાખે તો પર્યાવરણને ઘણું નુકસાન થાય. એમાં વળી દરિયાકાંઠાના ચેરિયાનાં ઝાડ કપાય એ બોજો વધારાનો ધીરુભાઈને બધેથી લીલી ઝંડી મળી ચૂકેલી એટલે એ કોઈ વાતે રોકાયા રોકાય ખરા? એક જ લક્ષ્યવાળા ધીરુભાઈ વિશે માન્યતા એવી કે પ્રોજેક્ટમાં વિલંબ થાય એ ન નભાવી લે. અમને આ વિસ્તારના પર્યાવરણની ચિંતા હતી, એટલે ધીરુભાઈ સાથે સીધો જંગ માંડવો પડે એવી હાલત હતી.

અમે ગયા ધીરુભાઈને મળવા. અમારી દહેશતની વાત કરી, અને કહ્યું : “શેઠિયા, આપણે એકબીજાની સામે પડવું પડશે એવું લાગે છે.”

ધીરુભાઈ : “બોલો શું કરવાનું છે? તમે જે કહો તે કરવા હું અત્યારે તૈયાર છું. એક વાર અમારું પ્લાનિંગ પૂરું થાય અને કામ શરૂ થાય પછી પ્રોજેક્ટના વેગને કોઈ રોકી નહીં શકે. બોલો, મારે શું કરવાનું છ?"

અમે : "ધીરુભાઈ, એક તો પ્રોજેક્ટ વિસ્તાર ફરતો ગ્રીન બેલ્ટ થવો જોઈએ. બીજું, તમે દરિયાના પાણીને તળિયે પાઇપલાઇન નાખો એથી પરવાળાના ટાપુને નુકસાન ન થવું જોઈએ.

ત્રીજું, જે ચેરિયાનો વિનાશ થાય એના બદલામાં એથી બમણા ચેરિયા ઉગાડવાના

છેલ્લે, દૂષિત પાણી દરિયામાં નાખો તેનાથી દરિયાઇ જીવસૃષ્ટિનો નાશ ન થવો જોઇએ. એ માટે એન. ઇ. ઇ. આર. આઇ.ની સલાહ લેવાની."

ધીરુભાઈ

: "તમે કીધું ઇ બધું મંજૂર. હું મારી રીતે કરું કે તમે માણસો આપશો ?"

અમે : "માણસોનાં નામ આપું. ગ્રીન બેલ્ટ અને એ ઉપરાંત જ્યાં ગ્રીન બેલ્ટ એટલે પ્લાન્ટની આજુબાજુ હરિયાળું કરવાનું હોય એની જવાબદારી ડૉ વિઠ્ઠભાઇ પટેલને સોંપો." (વિઠુભાઇ જર્મનીથી સિવિલ એન્જિનિયર થઇને આવેલા ઇજનેરી કૉલેજમાં થોડાં વરસ ભણાવીને ભાવનગર પાસે વાડીમાં ખેતીના સફળ અખતરા કરેલા. વળી પૂરા ડાબેરી એટલે કોઇ શેઠિયાની શેહમાં ન આવે. વિઠુભાઈની નિષ્ઠા વિશે કોઇ આંગળી ચીંધી ન શકે.)

ધીરુભાઈ :"એગ્રીડ. બોલો, પછી શું?"

અમે: "જીવસૃષ્ટિ અને પરવાળાના ટાપુની જાળવણી માટે લવકુમાર ખાચરની સલાહ લો."

ધીરુભાઈ : "હું એમને બોલાવીશ અને એમની સલાહ લઈશ પછી?"

અમે : "ચેરિયાના વનની પુનઃસ્થાપના માટે જંગલખાતું કહે તેમ કરો. પરવાળાના ટાપુની અન્ડરવૉટર વીડિયોગ્રાફી યોગ્ય સમયે અમે કરીશું." જે અમે કરી. અને પાઇપલાઇનથી કશું નુકસાન જોવા ન મળ્યું.

વિઠુભાઈ સલાહકાર તરીકે જોડાયા અને સમય ઘણો આપતા. ધીરુભાઈએ લવકુમાર ખાચરને પણ નોતર્યા. એમની વચ્ચે યોગ્ય ગોઠવણ થઇ હશે. ચેરિયાનું બરાબર ગોઠવાયું નહીં. એમાં બંને પક્ષ એકબીજાને દોષ દેતા રહેલા. આમ ધાર્યા કરતાં ઘણું સીધું પાર પાડ્યું. ઇકોલૉજી કમિશનમાં અમે હતા ત્યારે આ બધાનું મૉનિટરિંગ કરતા. પરંતુ એ છોડ્યા પછીના મૉનિટરિંગની અમને જાણ નથી. અહીં બધું સીધું ઊતર્યું એમ તો ન કહેવાય. પરંતુ ધીરુભાઈનો અભિગમ હકારાત્મક હતો. સાંથી સિમેન્ટે રમતો રમી એવું ધીરુભાઈએ ન કર્યું. સાંઘી સિમેન્ટની વાત બીજે લખી છે.

ધીરુભાઈ જાણતા હતા કે અમે રિલાયન્સમાં નહીં જોડાઇએ અથવા કન્સલ્ટન્સી પણ નહીં કરીએ. તેમ છતાં અમે ત્રણ ચાર મહિને મળીએ, એમની ઑફિસમાં જમીએ અને ગામગપાટા મારીએ. એમના પુત્રો પણ જોડાય. એક વાર કહે: આ પર્યાવરણનું લઈને બેઠા છો પણ પાણીનું કંઈક કરો ને! આટલાં વર્ષે પણ બૈરાંઓને બબ્બે માઇલ પીવાનું પાણી લેવા જવું પડે એની કોઇને શરમ નથી? ૫૦૦-૧૦૦૦ કરોડ હું આપું. તમે જેમ કરવું હોય એમ કરો પણ ગામેગામ પાણી પહોંચતું કરો. અમે કીધું કે પાણીનું કામ સીધું નહીં થાય. સરકારનાં અનેક ખાતાંની નીતિઓને સાચવવાની અને એમની સાથે કામ કરવાનું. પૈસા આપણા પણ એના ઉપરનો અધિકાર અબાધિત નહીં. એમનો જવાબ સીધો હતોમારે કાકા મટીને ભત્રીજા નથી થવું.

ધીરુભાઈની વાત કરવાની રીત સીધી અને સચોટ. ઓછા શબ્દોમાં ઘણું કહી જાય. એમની ભાષાને કોઈ આવરણ નહીં. જે હોય તે ઉઘાડું કહે અને તે પણ શેરીની ભાષામાં.

આવી જ એક સ્વાભાવિક મુલાકાતમાં કહે: આપણાં છોકરાં બહાર ભણવા જાય છે. શું કામ? આપણે અહીં એવી યુનિવર્સિટી ઊભી કરો કે બહારનાં છોકરા-છોકરીઓ અહીં ભણવા આવે. આપણે પહેલાં હતું ને-કોઈએ ઉમેર્યું: નાલંદા–બસ એવું કરો, પણ વાર ન કરતા. એમના તળપદા શબ્દોનાં પડ ઉકેલતા જાઓ. એક હજાર કરોડ આપવાની એમણે બાંહેધરી આપી અને વધુ જોઇએ તોપણ મળશે. પણ કોઈની દખલ નહીં ચાલે.

આ વાત આપણને ગળે ઊતરી. ઉચ્ચ શિક્ષણ અમારા રસનો વિષય ધીરુભાઈની ઇચ્છા આ યુનિવર્સિટી જામનગરને આપવાની હતી. એ કહે, "ફેકલ્ટી-બૅકલ્ટીને ત્યાં રહેવાની પૂરી વ્યવસ્થા કરીશું. મોટો પંડિત હોય તો વરસમાં ત્રણ કે પાંચ દિવસ આવે તો એનું ખર્ચ કરતાં અચકાતા નહીં." જામનગરમાં એક હજાર એકર જમીન શોધીને કલેક્ટર સાથે વાટાઘાટ શરૂ કરી. એક મોટો મહેલ પણ જોવો.

આ યુનિવર્સિટી સાયન્સ અને ટેક્નૉલૉજીની હશે અને એમાં આવનારા યુગને લક્ષ્યમાં રાખીને સાત વિદ્યાશાખાઓ નક્કી કરવામાં આવી. યુ. જી. સી.ના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ અને એ. આઇ. સી. ટી. ઇ.ના અધ્યક્ષ, રૂડકીના ડાયરેક્ટર પ્રોફેસર સુદર્શન ખન્નાને સલાહકાર તરીકે નિયુક્ત કર્યા. દેશના કેટલાક મહત્ત્વના વિજ્ઞાનીઓ સાથે વિસ્તારથી ચર્ચા કરી. એમાંના એક હતા અબ્દુલ કલામ, જે ત્યારે વડા પ્રધાનની સાયન્ટિફિક એડ્વાઇઝરી કમિટીના અધ્યક્ષ હતા. આઇ. આઇ. ટી.ઓની મુલાકાત લઈ ઉચ્ચ સ્તરે વિચારવિમર્શ કરી અને હવે પછી આવનારા જ્ઞાનની દુનિયાને સમજીને આયોજન કરવું એવી વિચારણા ચાલતી હતી.

ધીરુભાઈએ કોરો ચેક આપ્યો. અમેરિકાની એક ઉત્તમ યુનિવર્સિટીમાં નવી પેઢીનું વિજ્ઞાન અને ટેક્નૉલૉજી પચાવનારા અને આચરણમાં મૂકનારા મૂકેશભાઇ નવી યુનિવર્સિટીને નવા વિચારો આપ્યા કરતા હતા. જ્ઞાનની નવી દિશાઓ સમજવી હોય તો અમેરિકાની ઉત્તમ યુનિવર્સિટીઓનો અભ્યાસ કરવો એમ નક્કી થયું. ત્યાંના મોવડીઓ સાથે ક્ષિતિજોની પારના જ્ઞાનની એમની સમજ પ્રાપ્ત કરવી. આ દૃષ્ટિએ અમે અમેરિકાની દસ ઉત્તમ યુનિવર્સિટીની મુલાકાતે ઊપડ્યા.

અમેરિકાની યુનિવર્સિટીઓમાં અમે એમ. આઈ. ટી., મિશિગન (એન આરબર), રાઇસ, કેલટેક, કાર્નેગી મેલન, ઓસ્ટિન, હ્યુસ્ટન, બર્કલી જેવી યુનિવર્સિટીઓને પસંદ કરી. અમારે બર્કલી જવું હતું એ તારીખે ત્યાં એ યુનિવર્સિટીના મોવડીઓ બીજે રોકાયેલા હતા. બાકી બધે અમે જઈ શક્યા. આ બધી યુનિવર્સિટીઓમાં આપણા આઈ. આઈ. ટી.ના વિદ્યાર્થીઓને ગૌરવભર્યા સ્થાને જોઈને આનંદ થયો.

ખેદ પણ થયો. દરેક જગ્યાએ ભારતમાં રિલાયન્સ જેવી કંપની યુનિવર્સિટી સ્થાપે એ વિશે કુતૂહલ હતું. એ કારણે લગભગ બધી જ યુનિવર્સિટીના અધ્યક્ષ, ટ્રસ્ટીઓ અને ડીન વગેરે સાથે અમારી મુલાકાતો થઈ.

એક મુદ્દો સ્પષ્ટ થયો કે કોઈ પણ યુનિવર્સિટીએ રિસર્ચને મહત્ત્વ આપવું જોઈએ. રિસર્ચના પીઠબળથી ભણાવવામાં આવે તો વિદ્યાર્થીની દૃષ્ટિ વિકસે તેથી ફેકલ્ટીની પસંદગીમાં વ્યક્તિએ કેટલી રિસર્ચ કરી છે એને મહત્ત્વ આપવું જોઈએ તેમ જ એમના કાર્યના મૂલ્યાંકનમાં પણ રિસર્ચ પર વધુ ભાર મૂકવો જોઈએ.

અમે ઘણી યુનિવર્સિટીઓ જોઈ પરંતુ અમારી દૃષ્ટિએ કેલટેક (કૅલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી) એ એક અનુકરણીય મૉડલ હતું. કેલટેકમાં લગભગ
૨,૦૦૦ વિદ્યાર્થીઓ હતા. જેમાં ૮૦૦ અન્ડર ગ્રૅજ્યુએટ હતા. બાકીના પોસ્ટ ગ્રેજ્યુએટ અને રિસર્ચર હતા. ફેકલ્ટી લગભગ ૪૦૦ ઉપર. એકસો ચોવીસ જ એકરમાં આ યુનિવર્સિટી વસી છે. અને ત્યાંથી એમણે ૩૭ નોબેલ લૉરિવેટ વિશ્વને આપેલા.

અમે ત્યાં ગયા ત્યારે પ્રેસિડન્ટ ડેવિડ બૉલ્ટિમોર અમારા માટે ક્યાંથી સમય કાઢે? એ અમને ૫ મિનિટ મળવાના હતા. બૉલ્ટિમોર ૩૭ની ઉંમરે નોબેલ પ્રાઇઝ વિજેતા થયેલા. અમારે મળવાનું હતું કેમિસ્ટ્રી, કેમિકલ એન્જિનિયરિંગ અને બાયૉકેમિકલના વડાને ત્રીસીની મધ્યે પહોંચેલાં આ બહેન કેલટેક જેવી સંસ્થામાં ઊંચા સ્થાને હતાં. અમારી સાથે વાતચીત થયા પછી અમને જમાડવાની જવાબદારી એમની હતી. એમની મુખ્ય વાત એ હતી કે વિદ્યાશાખાઓ વચ્ચેની રેખાઓ ભૂંસવાનું કાર્ય મહત્ત્વનું છે. અમે ગયા ત્યારે એક વિદ્યાર્થી એમની પાસે બેઠો હતો. અમે એમને પૂછ્યું કે, એ એમનો વિદ્યાર્થી હતો? એમણે કહ્યું કે ફિઝિક્સનો એ વિદ્યાર્થી પીએચ.ડી. કરે છે. પણ મારી પાસે ચર્ચા કરવા આવે છે. જ્ઞાનની વચ્ચે દીવાલોને સ્થાન નથી તેથી એ ભેદની રેખાઓ ભૂંસવી જ રહી.

અમે અન્યત્ર ચર્ચામાં જોયું કે કેમ્પસ આર્કિટેક્ચરમાં એક મોટું પરિવર્તન આવી રહ્યું છે. ક્લાસરૂમો, લૅબોરેટરી અને રહેઠાણની જગ્યાઓને કેવી રીતે સાંકળવા કે જે દ્વારા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી કશા પ્રયત્ન વગર એકબીજા સાથે સ્વાભાવિક રીતે ઇન્ટરેક્શન કરતા રહે.

એ મેધાવી પ્રોફેસર સાથે હજુ અમારી વાતચીત ચાલતી હતી ત્યાં બૉલ્ટિમોર સાહેબનું તેડું આવ્યું. અમને ૫ મિનિટ ફાળવેલી. એમાં એ વિવેક ખાતર બોલી ગયા કે ભારતીય લેખકોએ હમણાં ગજું કાઢ્યું છે. ઝુમ્પા લાહીરીને એ વર્ષે જ બુકર મળેલું. અમે એ પુસ્તક વાંચેલું. પછી તો અમે સાહિત્ય અને ઇતિહાસ ઉપર ચડી ગયા. ઇતિહાસ વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસ સાથે સંકળાયેલો છે એવી થિયરી અમે કહી. એમાં એમને રસ પડ્યો. પછી તો એમના ટાટા ઇન્સ્ટિટ્યુટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચ અને પ્રોફેસર ઓબેદ કુરેશી સાથેના તેમના સંબંધની વાત થઈ.

એમની સેક્રેટરી ડોકિયું કર્યા કરે પણ એ હાથના ઇશારાથી એમને દૂર રહેવા કહે. એ બહેન સ્વાભાવિક રીતે અમારી સામે ધૂરકે. અમે આટલે પહોંચ્યા પછી અમે એમને અમેરિકામાં અને વિશ્વમાં વિજ્ઞાન સામે કયો પડકાર મહત્ત્વનો છે એ પૂછ્યું.

એમણે ચિંતા વ્યક્ત કરી કે બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકામાં ફંડામેન્ટલ રિસર્ચ થતી હતી તે હવે નથી થતી. યુરોપમાં તો ફંડામેન્ટલ રિસર્ચ લગભગ બંધ જ થઇ ગઈ છે. માત્ર ઍપ્લાઇડ રિસર્ચ ઉપર માનવજાત કેટલો વખત આગળ વધી શકે એ એમની ચિંતા હતી. અમે લગભગ કલાકેક બેઠા છેવટે એમના સેક્રેટરી, જેમણે હાથ હવામાં ઊંચા કરી દીધા હતા. તેમની વાત સંભળાઈ.
ત્યાર પછી અમે જ્યાં ગયા ત્યાં ફંડામેન્ટલ રિસર્ચના અભાવનો પ્રશ્ન છેડતા અને એ ચિંતા બધી યુનિવર્સિટીઓના વડાને હતી તે અમે જોયું.

બધી યુનિવર્સિટીઓ વિશે કંઇક લખી શકાય એમ છે, પણ અહીં એવા વિસ્તારને અવકાશ નથી. ક્યાંક અમે અભ્યાસક્રમ વિશે, ક્યાંક ઇ-ટીચિંગ વિશે, ક્યાંક બીજા પ્રયોગો વિશે ચર્ચા કરી. કાનેર્ગી મેલનમાં ઍંફ્રાન્ગ્રે નૅનો ટેક્નોલૉજીના પ્રયોગો જોયા. દરેક યુનિવર્સિટીમાંથી અમારા ઉદ્દેશની પૂર્તિ માટે કાંઇક ને કાંઇક પ્રાપ્ત થતું. કેટલાક ભારતીય સિનિયર અધ્યાપકો પણ નવી યુનિવર્સિટીમાં જોડાવા તૈયાર થયા.

અમે જ્યારે રાઇસ યુનિવર્સિટીના કમ્પાઉન્ડમાં દાખલ થયા ત્યારે દૂરથી એક અત્યંત વૃદ્ધ માણસને ધીમે ધીમે આવતા જોયા. અમારી સાથે જે પ્રોફેસર હતા એમને અમે પૂછ્યું કે આટલી જઈફ વયના માણસ અહીં શું કરે છે? એ કહે સામેથી આવે છે તે વૃદ્ધ નોબેલ લૉરીયેટ છે. અને માત્ર ફર્સ્ટ યરના ક્લાસ લેવા જ આવે છે. અમારું મસ્તક આદરથી ઝૂકી ગયું.

રાઇસ યુનિવર્સિટીમાં અમારી ખાસ મુલાકાત હતી નાણાંનો વહીવટ કરનાર સાહેબ સાથે. એમને માથે યુનિવર્સિટીના બજેટ મુજબ ભંડોળ એકઠું કરવાની જવાબદારી હતી. વર્ષે ૫૦૦ કરોડ ડૉલરનો વહીવટ એમણે કરવાનો હતો. વૉલ સ્ટ્રીટમાં પણ એ જાય અને જ્યાં વધારે વળતર હોય ત્યાં રોકાણ કરે. એમણે કહ્યું કે અમેરિકાની યુનિવર્સિટીઓમાં હવે નાણાંની છૂટ નથી. રાજ્યે ગ્રાન્ટમાં મોટો કાપ મૂક્યો છે. તેથી દર વર્ષે વધુ ભંડોળ ઊભું કરવાની આવશ્યકતા રહે છે.

ઑસ્ટિન યુનિવર્સિટીએ પણ ઘણા નોબેલ લૉરીયેટ પેદા કર્યા છે. અમારો ભત્રીજો ત્યાં ભણતો અને કહેતો કે ત્યાં નોબેલ વિજેતાઓ માટે અલગ કાર પાર્કિંગ છે. ત્યાં તો યુનિવર્સિટીઓનું આખું મોવડીમંડળ હાજર હતું. ઘણી ઉપયોગી ચર્ચા થઇ. અમારું કાર્ડ જોયું એમાં ઑનરરી શબ્દ વાંચ્યો. એ વિશે એમને કુતૂહલ થયું એટલે પૂછ્યું કે આ ઑનરરી એટલે શું? એમને એ કલ્પના જ નહીં કે કોઈ વગર વેતને પણ કામ કરી શકે.

અમેરિકાથી અમે પાછા ફર્યા ત્યારે અમારું મગજ વિચારોથી ઊભરાતું હતું. અને નવસર્જનની કલ્પનાએ અમારામાં નવી ચેતનાનો સંચાર કર્યો હતો. ઘટમાં ઘોડા થનગનતા હતા. અમારા અનુભવો અને પ્રાપ્ત થયેલ વિચારોનો

અહેવાલ લખવાનું કામ ચાલતું હતું. ધીરુભાઇ સમજતા હતા કે યુનિવર્સિટીના આયોજનમાં કંઇ પણ દિશાપરિવર્તન કરવાનું વિચારાશે તો અમને કેટલું દુઃખ થશે. તેથી તેમણે અમને સીધી વાત ન કરી. પરંતુ કહેવડાવ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી ગાંધીનગરમાં તાત્કાલિક ટેક્નૉલૉજીની યુનિવર્સિટી સ્થપાય એવું ઇચ્છે છે-છ માસમાં જ, એટલે કે ૨૦૦૧ના એપ્રિલ પહેલાં એ ચાલુ થાય એવું ગોઠવવાનું છે. ધીરુભાઈની વેપારીબુદ્ધિએ ગુજરાતના મુખ્યમંત્રીને નારાજ કરવાનું મુનાસિબ માન્યું નહીં હોય એ પણ સ્વાભાવિક છે. અમે કહ્યું સારું. બીજા કોઇને આ કામ સોંપો. ધીરુભાઈની ઇચ્છા અમે જ એ કામ કરીએ એવી હતી. ગુજરાતના એક સર્વોચ્ચ અધિકારી જેમણે અમારી સાથે કામ કરેલું એ રૂબરૂ મળવા આવ્યા. અને કહે કે આપ આ જવાબદારી નહીં લો તો ગુજરાતને એક મહત્ત્વની યુનિવર્સિટી નહીં મળે. આમ DAIICTની સ્થાપના થઇ. અમે એનું આયોજન કરીને પછી ધીમે ધીમે મુક્ત થયા.

ઈરમા (ઇન્સ્ટિટયૂટ ઑફ રૂરલ મૅનેજમેન્ટ, આણંદ)

આ એક દુઃખદ પ્રકરણ છે.

ડૉ વર્ગીઝ-કુરિયનના નિમંત્રણથી ૧૯૯૩માં અમે ત્રણ વર્ષની મુદત માટે ઈરમાના બોર્ડમાં જોડાયા. ત્રણ વર્ષની મુદત પૂરી થઇ ત્યારે અમે બીજાં ત્રણ વર્ષ ચાલુ રહીએ એવી ડૉ કુરિયનની ઇચ્છા હતી. જ્યારે બીજી ટર્મ પૂરી થઇ ત્યારે એમણે અમને ત્રણ વર્ષની ત્રીજી અને ત્યાર પછી ચોથી મુદત માટે એમના પત્રથી વધુ એક મુદત માટે ચાલુ રહેવા લગભગ આદેશ આપ્યો એમ કહી શકાય.

અમને આ બોર્ડમાં કામ કરવું ગમતું, કારણ કે બીજા સભ્યો પાંચમાં પુછાય તેવા હતા-સક્ષમ, અનુભવી, વિષયમાં રસ ધરાવતા, અને સૌથી વિશેષ, જે જવાબદારી હાથમાં લે તેને પૂરી નિષ્ઠાથી નિભાવનારા. તદુપરાંત, ડૉ કુરિયન મિટિંગનું કામકાજ વ્યવસ્થિત ચલાવે. કોઇ આડવાતને સ્થાન નહીં અને એકનો એક મુદ્દો વારંવાર ચર્ચાય તેથી એક કલાકમાં તો લાંબો અને મહત્ત્વનો ઍજન્ડા પૂરો થઇ જાય. દરેક સભ્યને પોતાનું વક્તવ્ય રજૂ કરવાનો સંતોષ થાય, પ્રસ્તાવો પર નિર્ણય લેવામાં વિલંબ નહીં અને કોઇ મુદ્દો વધુ વિચારણા માગે તો તેનો પૂરો અભ્યાસ કરીને ભલામણો કરવા માટે સમિતિ નિમાય. એ સમિતિ વેળાસર રિપોર્ટ આપે. આટલા બધા વ્યસ્ત માણસો પણ ઝડપથી કામ કરી શકે. મિટિંગનું સરસ સંચાલન કરે તેમ જ બોર્ડના સભ્યો પરસ્પર આદર જાળવે.

જ્યારે દેશમાં ટેક્નૉલૉજી તેમ જ મૅનેજમેન્ટના અભ્યાસ માટે આઇ આઇ ટી અને આઇ આઇ એમ જેવી ઉત્કૃષ્ટ સંસ્થાઓ ઊભી કરવાનો પવન વાયો ત્યારે ડૉ કુરિયનેન જણાયું કે આપણા દેશના વિશાળ ગ્રામઅર્થતંત્રના વહીવટ માટે, ખાસ કરીને સહકારી અને વિકાસનાં ક્ષેત્રોને માટે, ઉચ્ચ સ્તરે તાલીમ આપી શકે એવી એક સક્ષમ સંસ્થા હોવી જોઇએ. એમણે દૂરંદેશી વાપરીને ઈરમાની સ્થાપના કરી જેનું મુખ્ય ભંડોળ એન ડી ડી બી.એ આપ્યું. ડો. કુરિયન એના અધ્યક્ષ હતા. થોડા જ સમયમાં ઈરમાએ ઊંચી નામના પ્રાપ્ત કરી.

ડૉ કુરિયને બે બાબતોનો ખાસ આગ્રહ રાખ્યો :

એક, સંસ્થાને કોઇ પણ પ્રકારના સરકારી પ્રભાવ નીચે ન આવવા દેવી;અને બે, આ સંસ્થામાંથી ઉત્તીર્ણ થાય એ સ્નાતકો ખાનગી ક્ષેત્રે જોડાય નહીં તેની જોગવાઇ કરવી.

ઈરમા કોઈ પ્રકારના સરકારી પ્રભાવ નીચે ન હતું. એ સમયે એનું ભંડોળ લગભગ પર્યાપ્ત હતું. પરંતુ કેટલીક મર્યાદાઓ હતી જેને વિશે બોર્ડ સજાગ હતું. આમાં મુખ્યત્વે; ઈરમાને એક દૃષ્ટિવાન અને ગતિશીલ વડાની આવશ્યકતા હતી; પ્રાઇવેટ સેકટરની કંપનીઓ ઈરમાના ગ્રૅજ્યુએટોને એમના ગ્રામીણ બજાર માટે સતત આકર્ષતી રહેતી; મોટા ભાગનાં ઈરમાનાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ શહેરી વિસ્તારમાંથી આવતાં તેથી તેમનાં

શહેરનાં પ્રલોભનો છૂટતાં ન હતાં. આ અને આવા બીજા પ્રશ્નો ઉપર વ્યવસ્થિત વિચાર થતો હતો. વિશેષ કરીને તજજ્ઞોની સમિતિઓ દ્વારા બોર્ડને વિકલ્પો મળતા. તજજ્ઞો અથવા નિષ્ણાતો બોર્ડ કે ફેકલ્ટીમાંથી હોય કે બહારના પણ હોય. વ્યક્તિગત રીતે ડૉ કુરિયન તરફથી અમને અમારા વિચારો વ્યક્ત કરવાની પૂરતી છૂટ હતી અને એને તેઓ મહત્ત્વ પણ આપતા. ઈરમાના મેમોરન્ડમ અને આર્ટિકલ્સ ઑફ ઍસોશિયેશનના સંદર્ભે ઈરમાના વહીવટને લગતા કેટલાય પ્રશ્નો અવારનવાર બોર્ડ સમક્ષ આવતા. સામાન્ય રીતે બને છે તેમ ઈરમાના ઘડવૈયાનાઓએ ભવિષ્યમાં ઊભા થનારા બધા પ્રશ્નોનો વિચાર ન કર્યો હોય તે સ્વાભાવિક હતું. દરેક સંસ્થાના મૂળ બંધારણ અને નિયમોમાં ફેરફાર કરવાની આવશ્યકતા રહેતી હોય છે, કારણ કે ગતિશીલ રાજકીય, આર્થિક અને સામાજિક સ્થિતિમાં અણધાર્યાં પરિવર્તનો આવતાં હોય છે. બોર્ડની એક મિટિંગમાં બંધારણ સુધારાની આવશ્યકતાઓનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે અમારા અધ્યક્ષપદે ડૉ કુરિયને એક સમિતિની નિમણૂક કરી. સમિતિના બીજા સભ્યો હતા, શ્રી રામ રેડ્ડી અને પ્રોફેસર શૈલેશ ગાંધી.

આ સમિતિની ભલામણો વિશે પછી ચર્ચા કરીશું. જ્યારે ઈરમાના ડિરેક્ટરની મુદત પૂરી થવાની હોય ત્યારે બોર્ડ, વિશેષ કરીને ડૉ કુરિયન, એક સર્ચ કમિટી નીમે એવી પરંપરા હતી. અગાઉનાં બે વર્ષોમાં આ કમિટીને કોઈ સારો ઉમેદવાર મળ્યો ન હતો. કેટલાક સારા ઉમેદવારોને આણંદ આવવામાં અંગત મુશ્કેલીઓ હતી. તો કેટલાક તેજસ્વી ઉમેદવારોને ડૉ કુરિયન સાથે કામ કરવાની ઇચ્છા ન હતી, એવા ખ્યાલે કે ડૉ કુરિયન જેવી પ્રતિભાવંત વ્યક્તિ ઈરમાના સંકુલમાં જ બેસે અને રોજબરોજના વહીવટમાં રસ લે તે ડિરેક્ટર માટે અવરોધક બની જાય. એક ડિરેક્ટર આ સ્થિતિને કારણે ઈરમા છોડીને ચાલી પણ ગયેલા. વાસ્તવમાં એક અથવા બીજા કારણસર ઈરમા માટે સારા ડિરેક્ટર શોધવાનું કામ સરળ ન હતું.આ સંજોગોમાં ભૂતપૂર્વ ડિરેક્ટરને એક્સ્ટેન્શન આપીને ચલાવી લેવાતું સંસ્થાની ફેકલ્ટી સધ્ધર અને વિદ્યાર્થીઓનું ધોરણ ઊંચું હોવાને કારણે સંસ્થાનું કામકાજ યથાવત્ ચાલતું. પરંતુ આવી હંગામી ધોરણે થતી વ્યવસ્થા સંસ્થાના વિકાસની દૃષ્ટિએ ઇચ્છનીય ન હતી. તત્કાલીન ડિરેક્ટરને બે વર્ષનું એક્સ્ટેન્શન આપ્યા પછી ડૉ કુરિયને ઈરમાની ફેકલ્ટીના ડૉ પ્રતાપ રેડ્ડીને એ સ્થાને મૂક્યા. આ વ્યવસ્થા ચાલતી હતી, કારણ કે ડો. કુરિયનની સંકુલમાં હાજરીથી અને એમના ખાસ મદદનીશની માથું મારવાની રીતથી ગાડું ગબડતું. પરંતુ આ વ્યવસ્થા ભાંગી પડી જ્યારે ડૉ કુરિયને બોર્ડની પૂર્વમંજૂરી વગર ડિરેક્ટર પ્રતાપ રેડ્ડીને, કશી વિધિને અનુસર્યા વગર, તાત્કાલિક પાણીચું આપ્યું ત્યારે. એમને કશી નોટિસ નહીં અપાયેલી, અને સંસ્થાના નિયમોને નેવે મૂકીને એમને પાણીચું પકડાવેલું. આ હુકમ બોર્ડના સભ્યોની જાણ સારુ મોકલવામાં આવેલો. અને રેડ્ડીને તાત્કાલિક છૂટા કરવાનાં કારણો આપેલાં. સાથે સાથે એમણે ડૉ પ્રતાપ રેડ્ડીની બિનકાર્યક્ષમતાના દાખલા આપેલા અને તેમણે લીધેલા પગલાનો બચાવ કરેલો. અમે ત્યારે વિદેશ હતા. અમે એમને કાંઈ લખીએ તે પહેલાં બોર્ડના અન્ય સભ્યોએ ડૉ કુરિયનને આવું ગેરબંધારણીય પગલું લેતાં વારવા પ્રયત્ન કરેલો. બોર્ડના એક સભ્ય અને અમદાવાદ આઈ આઈ એમના ડિરેક્ટર પ્રોફેસર બકુલ ધોળકિયાએ ડૉ કુરિયનને કાગળ લખીને આ વિષય સબબ વિચારણા કરવા બોર્ડની મિટિંગ બોલાવવા અનુરોધ કરેલો. અમે પણ કાગળ લખીને ડૉ કુરિયનને જણાવેલું કે આપણે જ બનાવેલા નિયમો આપણે તોડીએ એ કેમ ચાલે? ડૉ કુરિયને પ્રતાપ રેડ્ડીના સ્થાને ફેકલ્ટીના એક સભ્ય ડૉ મલકાનીને કામચલાઉ ડિરેક્ટર નીમેલા બોર્ડના આઠ સભ્યોએ આ વિષયની ચર્ચા કરવા ખાસ મિટિંગ બોલાવવાની ધોરણસર માગણી કરેલી.

અમે વિદેશથી પાછા આવ્યા ત્યારે ડો. કુરિયનસાહેબને મળવા ગયા.

જ્યારે એમણે પ્રતાપ રેડ્ડીની નિમણૂક કરેલી ત્યારે અમારે જે સંવાદ થયેલો તેની યાદ અપાવી. ત્યારે પણ બોર્ડને વિશ્વાસમાં લેવાની જરૂર એમને નહીં જણાયેલી.

ત્યારે અમે એમને કહેલું: "સાહેબ, આ એક ખતરાવાળો નિર્ણય છે."

એમનો ઉત્તર હતો: “ચિંતા ન કરો, હું બેઠો છું ને!"

પ્રતાપ રેડ્ડીને રુખસદ આપવાના સંદર્ભે અમે કહ્યું: “આપણે જ બનાવેલા નિયમો આપણે તોડીએ એ કેમ ચાલે? આપણે નિયમો પાળીએ તો શો વાંધો?”

એમનો ઉત્તર હતો: “નિયમો મને નથી લાગુ પડતા."

અમે જરા મજાકમાં કહ્યું, “રાવણે કહેલું કે રાજવીઓને કાયદો લાગુ પડતા નથી."

એમનો ઉત્તર હતો: "એ સાચા હતા."

ડૉ કુરિયનની ત્રણ મહેચ્છા હતી. એક. એમને ભારતરત્ન એનાયત કરીને રાષ્ટ્ર એમનું સન્માન કરવું જોઈએ. બે, એમને રાજ્યસભાના સભ્ય તરીકે આમંત્રિત કરવામાં આવે; ત્રણ, તામિલનાડુના ગવર્નર તરીકે એમની નિમણૂક કરવામાં આવે. એમની આ ત્રણેય ઇચ્છાઓ પૂર્ણ થવી જોઈતી હતી. આપણા અર્થતંત્રને, ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં એમનું પ્રદાન અપ્રતિમ રહ્યું છે. સ્ત્રી સશક્તીકરણ માટે એમણે જે કર્યું છે એ બેમિસાલ છે. જે કેટલાકને ભારતરત્નથી નવાજવામાં આવ્યા છે એમની સરખામણીમાં આ સન્માન માટે ડૉ કુરિયનની પાત્રતા વિશેષ હતી. વિશ્વભરમાંથી એમને જેટલા ઍવોર્ડ મળ્યા છે તેટલા બીજા કોઈને મળ્યા નથી. ડૉ કુરિયન આણંદમાં રહી ન ગયા હોત અને કોઈ મલ્ટિનૅશનલમાં જોડાઈ ગયા હોત તો આ શ્વેતક્રાંતિ ક્યાંથી થાત? આજે દૂધની છત છે તેનો મોટો યશ ખેડૂતો અને ડૉ કુરિયનને છે.

રાજ્યસભામાં એમની નિમણૂક થઈ હોત તો એ ગ્રામસમાજ માટે, ખેડૂત માટે અવાજ ઉઠાવત એમના જેવો બુલંદ અવાજ કોઈ ઉઠાવી શકત નહીં ખેડૂતના હકો માટે તેઓ અસરકારક રીતે લડ્યા હોત. અમે મળ્યા ત્યારે અમે એમને જણાવેલું કે રાજ્યસભામાં આમંત્રિત કરવા માટે ગૃહમંત્રી અને વડા પ્રધાન ચર્ચા કરીને નામો નક્કી કરે એવી પરંપરા છે. અમે આ કામની પૂર્વપ્રક્રિયા જાણતા હતા તેથી એ પ્રક્રિયાનો અમને ખ્યાલ હતો. પરંતુ એ સમયે ડો. કુરિયનસાહેબ એમના ખાસ મદદનીશનું જ સાંભળતા. એમણે કહ્યું, જે ડૉ કુરિયનને નોમિનેટ કરવા માટે રાષ્ટ્રપતિએ વચન આપ્યું છે. અમે એમને કહ્યું કે ગૃહપ્રધાન અને વડા પ્રધાન, વિશેષ તો વડા પ્રધાનની, ભલામણને રાષ્ટ્રપતિ મહોર મારતા હોય છે. આમાં રાષ્ટ્રપતિનું કાંઈ ઊપજે નહીં. રાજ્યસભાનું સભ્યપદ અને ગવર્નરનું પદ બંને સાથે નથી અપાતા એ કહેવાની અમને જરૂર નહીં લાગેલી. ડૉ કુરિયને એમના મદદનીશની સમજ ઉપર આધાર રાખ્યો.

ડૉ કુરિયનને આ પદો મળવા જોઈતાં હતાં, પરંતુ કમનસીબે તેનાથી એ વંચિત રહ્યા. અમારે એ પણ જણાવવું જોઈએ કે બોર્ડમાં સૌને એમને માટે આદર હતો અને સૌ એમનું ભલું ઇચ્છતા હતા. પરંતુ ડૉ કુરિયન એ ન જોઈ શક્યા એ એક કમનસીબી હતી.

હવે પાછા અમારી સમિતિની વાત કરીએ. ઈરમાનું બંધારણ અને નિયમોનો અભ્યાસ કરતાં એ સ્પષ્ટ થયું કે એમાં સુધારાવધારા કરવાનું આવશ્યક છે. બોર્ડના સભ્યો અને અધ્યક્ષની અવધિ પર પણ વિચાર કરવો જોઈએ.

કમિટીમાં અમને ત્રણેય સભ્યોને જણાયું કે આવી જોગવાઈમાં લોકશાહી પ્રથાનો અભાવ હતો. ખાસ કરીને સહકારના પાયા ઉપર રચાયેલી સંસ્થામાં લોકશાહી પ્રથા હોવી જોઈએ. અમે ત્રણેય સભ્યો હાજર હતા ત્યારે અમે આ અભિપ્રાય વ્યક્ત કરેલો. અમે એ બાબતમાં સ્પષ્ટ હતા કે ડો. કુરિયનને બદલવાનો કોઈ પ્રશ્ન જ નથી -જ્યાં સુધી ડૉ કુરિયનની સેવાઓ ઉપલબ્ધ હોય ત્યાં સુધી માત્ર એક જ મુદ્દો હતો કે ચેરમૅનનું સ્થાન વિધિવત્ જીવનપર્યંત રાખવાને બદલે ડો. કુરિયનની મુદત બીજાં પાંચ વર્ષ માટે લંબાવવાની જોગવાઈ કરવી અને વધુ આવશ્યકતા હોય તો બીજા પાંચ વર્ષ પણ આપવાં. અમે જ્યારે આ મુદ્દો ચર્ચતા હતા ત્યારે ડૉ કુરિયનની ઉંમર ૮૩ વર્ષની હતી. કમિટીની આ વિચારણાની ડૉ કુરિયનને જાણ થઈ. એ દૃઢપણે માનતા કે એમને માટે અધ્યક્ષપદ જીવનપર્યંતનું જ હોય. એમની મુદતની કોઈ અવવિધ ન હોવી જોઈએ. સમિતિના એક સભ્ય રામ રેડ્ડીને સમિતિમાંથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી. બીજા સભ્ય પ્રો ગાંધી ફૅકલ્ટીમાંથી જ હતા. એમને માટે

સમિતિમાં રહેવાનું મુશ્કેલ થઇ ગયું. એ પણ બીજી મિટિંગ પછી છૂટા થયા. સમિતિને વિખેરી નહીં નાખેલી. અમે સમિતિનું કામ આગળ ધપાવ્યું અને અહેવાલ આપ્યો. એમાં પ્રોફેસર ગાંધીએ પણ સહી કરી. ડો. કુરિયનની મુદતનો મુદ્દો એમ જ રહેવા દીધો, પરંતુ રિમાર્ક્સની કૉલમમાં અમે જણાવ્યું કે આ પ્રથા બિનલોકશાહી હતી. ડૉ કુરિયને કમિટીમાં ટેકૂનિકલ કારણસર આ રિપોર્ટને અવગણ્યો. બોર્ડે પણ ઘણી આનાકાની પછી અધ્યક્ષની મુદતમાં કશો ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો. અહીં અમે ડૉ કુરિયનના કેટલાક આપખુદ નિર્ણયો–કેટલાક સભ્યોને મિટિંગમાં અને કૉન્વોકેશનમાં હાજર રહેતા રોકવામાં આવ્યા-એની વાત નથી કરતા, એમના ખાસ મદદનીશની દખલગીરી, કોર્ટના કેસો એની વાત પણ નથી કરતા બોર્ડના મોટા ભાગના સભ્યો જે એમના હિતેચ્છુ હતા અને તેમણે ડૉ કુરિયનને પદત્યાગ કરવાની સલાહ આપેલી. આખરે પ્રતાપ રેડ્ડી એમનો કેસ જીતી ગયા. ચૅરિટી કમિશનરે ડૉ કુરિયનની જીવનપર્યંતની મુદત માન્ય ન કરી. ડૉ કુરિયનને ઈરમા અને ગુજરાત કો. ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનું અધ્યક્ષપદ છોડવું પડ્યું. બંને સંસ્થાઓને લગભગ બે કરોડ રૂપિયા કોર્ટના કેસો ખાતે ખર્ચવા પડયા. પ્રતાપ રેડ્ડીને ઈરમાના ડિરેક્ટર તરીકે ફેંકી દીધા તે આખો બનાવ બોર્ડના સૌ સભ્યોને દુઃખદ લાગ્યો.

ડૉ કુરિયન એ વિચાર ન કરી શક્યા કે એમનો આદર કરતા બોર્ડના સભ્યો એમના હિતમાં શું કરવા માંગતા હતા? એવા સજ્જનો એમને પદત્યાગ કરવા સુધી કેમ સલાહ આપતા હતા? એ ઇચ્છતા હતા તે પદેથી તેમણે વંચિત રહેવું પડ્યું એમાં શાં શાં કારણો હતાં? ભૂતકાળમાં પણ એમની સામે આક્ષેપો થયેલા અને એમના કામની કદર કરનારા ઇંદિરા ગાંધીએ પણ એમની સામે પુરાવાઓના આધારે તપાસ કરવાનું સોંપ્યું, એમની અનેક સિદ્ધિઓ હોવા છતાં એમનાં ઇચ્છિત પદોથી એમને કેમ દૂર રાખ્યા એ ડો. કુરિયન વિચારી ન શક્યા. જ્યારે રાજ્યધુરા કોંગ્રેસના હાથમાં આવી ત્યારે ડૉ કુરિયનને કોઈ મહત્ત્વનું પદ ન સોંપતાં એમને જે આપવામાં આવ્યું તે સ્વીકારી લીધું એ પણ એક કરુણ પ્રકરણ છે.

પહેલી આવૃત્તિ પ્રસંગે અનુવચન

વહેંચીને ખાવાનોયે એક સ્વાદ હોય છે. અંગત ભોજનના છ રસોમાં એ ઉમેરાય ત્યારે સહભોજનનું એક સ્વાદ-રસસપ્તક રચાય છે. આપણા આધ વિવેચક નવલરામ પંડ્યા એને આનંદની ઉજાણી કહેતા. દીઠું મેં-માં હસમુખભાઈ શાહ જે અનુભવો સંયત કલમે પ્રગટ કરે છે, એ અનુભવોની વ્યાપકતા તેમ જ વિરલતા મુગ્ધ કરે. તેવાં છે. વ્યાપકતા એ કે આ એક ગુજરાતીએ રાજ્યસત્તાનાં કેટકેટલા રૂપો દીઠાં છે. કેવા કેવા માણસોને એ મળ્યા છે, કેવા કેવા ઐતિહાસિક મહિમાવંતા પ્રસંગોનો એ એક ભાગ અને સાક્ષી, બંને રહ્યા છે! વિરલ એટલા માટે કે આપણા તાજેતરના ઇતિહાસની કેવી કેવી નિર્ણાયક અને ગોપનીય ક્ષણોને એમણે કેટલી નજીકથી જોઈ છે!

આ પુસ્તકની રચના રસ પડે તેવી થઈ છે: એ દળદાર બન્યું છે, પણ એને દળદાર બનાવાયું નથી! ડાળમાંથી ડાળ ફૂટે ને એક વૃક્ષ આપમેળે જ જાણે ખીલે, એમ. લેખકની સ્મૃતિઓની સ્વૈરસફરના કોક સફરનામા જેમ એનાં પ્રકરણો ઊઘડતાં આવે છે. લેખકે પોતા પૂરતી એક શરત રાખી છે: "એક કાળજી લીધી છે કે જેની મને જાતમાહિતી હતી અથવા જે ઘટનાનો હું સાક્ષી હતો તેના વિશે જ લખ્યું છે." પુસ્તકના બીજા ભાગ અંગે હસમુખભાઈએ આ લખ્યું છે, પણ આખા પુસ્તકમાં એ સંયમ વરતાય છે. એ જણાવે છે તેમ 'પહેલા ભાગની મારી કથનીનો પૂર્વભાગ આમ તો એક બાળકનું નિરીક્ષણ છે.' એમની સ્મૃતિની તાજગી મન મોહી લે તેવી, પણ એનો કરુણરસ અને કરુણાભાવ મન ભરી દે, તેવાં નીવડયાં છે. પોતે આ પુસ્તકને 'એક નિરીક્ષકનું લખાણ' એ રીતે ઓળખાવે છે. ઝાઝું અને ઝીણું નિરીક્ષણ કરનારનું લખાણ છે. એ વાંચ્યે અનુભવાય છે. ઇતિહાસના ઝાકઝમાળ બૅન્કવેટ ખંડોની અંદર હો કે એનાં ભાંગ્યાંતૂટ્યાં ખંડેરો સામે હો, સહુ સ્થળે સમાન સમભાવે, થોડુંક હસી લેતા, આ લેખક ઊભા રહ્યા છે. રચાતા ઇતિહાસની નિર્ણાયક પળોએ અને અવગણાયેલા ઇતિહાસોની વીસરાયેલી

પળોએ, ક્યારેક તો ઇતિહાસ-સભાનતા વિનાના છતાં ઇતિહાસ ઘડે એવા સ્થળ-કાળોમાં સાક્ષીભાવે જીવવાનું એમને આવ્યું છે ને ફાવ્યું છે, એના બહુધા કરુણ (ક્યારેક વક્રોક્તિયુક્ત આઈરોનિક) વિનોદ સાથે, હંમેશાં સમભાવપૂર્વક એમણે આ સમયો-સ્થળોનું આલેખન અહીં કર્યું છે.

કચ્છના નાના રણની ધારે આવેલા એક નાનકડા રજવાડા, નામે બજાણા, જ્યાં આ દેશદેશાવર ફરેલા લેખકનું બચપણ વીત્યું, તેના મુસ્લિમ રાજવી અને પચરંગી પ્રજાની અંતરંગ વાતોથી આ પુસ્તકનો પ્રારંભ થાય છે. ત્યાંથી શરૂ થતી સફર એક તરફ દિલ્લી-ક્રેમલિન-પ્રાગ-તહેરાન-સિડની ક્યાં-ક્યાંની રાજ્યસત્તાઓનાં જાજરમાન રાજ્યગૃહોના ગભારાઓ સુધી અને બીજી તરફ મધ્ય યુરોપી નગર લ્યુબિયાનાનાં ગુજરાતી નાગરિક કોકીબહેન અને લિટલ આંદામાનના છેક દક્ષિણ છેડે ઘર કરી રહેતા અણજાણ્યા શીખ પરિવાર સુધી, તો ઈશાન ભારતમાં ગાંધી-ધીંગા નટવર ઠક્કર અને જવાંમર્દ મેજર બૉબ ખતીંગ—ને હજી તો બીજાં અનેક અને છેક અંગત એવાં સંસ્કૃતિ-સ્થાનકો સુધી —વિસ્તરે છે. એ વ્યાપકતા ભૂગોળની નથી, પણ સમજણની, અંતે સમ-સંવેદનની વ્યાપકતા છે.

એટલે તો તહેરાનનો સહુ વડે વીસરાયેલો સૈફ આઝાદ ભારતના ગુજરાતી વડા પ્રધાનને યાદ આવ્યો. મોરારજીભાઈ જ્યારે સત્યાગ્રહ દરમિયાન યરવડા જેલમાં હતા ત્યારે જર્મની જઇ ભારતમાં આવેલા ઈરાની નાગરિક સૈફ આઝાદને પણ અંગ્રેજ સરકારે ત્યાં કેદ કર્યો હતો. વડા પ્રધાને પોતાની સત્તાવાર ઈરાન યાત્રા દરમિયાન સૈફને યાદ કર્યો અને એમના સંવેદનપટુ કુશળ સચિવે પેલાને, ગમે તેમ કરીને, શોધી કાઢ્યો. આ પુસ્તકના લેખક રૂપે હસમુખભાઈએ પાછું એ ત્રણેના તહેરાની મિલનને ગુજરાતી ભાષામાં પ્રત્યક્ષ કરી આપ્યું.

એ રીતે, અનેક પ્રસંગો અને પ્રકરણોમાં નર્મદે આલેખેલો ‘રાજ્યરંગ' આજનો બનીને આ પુસ્તકના કેન્દ્રમાં છે, પણ ઉમાશંકરે ઝીલેલો ‘સમયરંગ' આ પુસ્તકની પેલી મોટમોટી વાતોના મ્યુરલ્સમાં અણધાર્યા તોયે આસ્વાદ્ય એવા કન્ટેમ્પરરી મિનિએચર્સ બનીને ઝલકી રહે છે. એની કેટલીક ઝાંખી આ લેખના છેલ્લા, ત્રીજા ભાગમાં કરીશું. આ પુસ્તકનું બીજું આકર્ષણ મારે માટે જે છે એ આજની ગુજરાતી સાહિત્ય-સંસ્કૃતિ, આપણું લિટરરી કલ્ચર, કેવું હોય, એ અંગેનાં મારાં અરમાનોમાંથી જન્મે છે. એક રૂપકથી આ વાત સમજાવું: નદીઓ બે જાતની હોય. કોક વરસાદી વહેળા જેવી હોય, નાના નવાણમાંથી ફૂટી સાંકડા પટમાં વહે. બે ચાર દિવસની હેલી પડે ત્યારે જરા છલકાય. બીજું રૂપ મહાનદનું, ગંગા, દાન્યૂબ, હાઈન ને એમેઝોનનું, એમનાં વહેણમાં નાના મોટા અસંખ્ય સંગમો આવતા હોય, ને દરેક સંગમે એ મહાનદમાં કોઈ ને કોઈ જળપ્રવાહ, ઝરા ને વોકળા, નાનીમોટી નદીઓ, એને આવીને મળે. એ રીતે એ મહાનદનો કેચમેન્ટ એરિયા, એનો જળ—ઝીલણ—વિસ્તાર ઘણો મોટો, ફેલાયેલો, વૈવિધ્યભર્યો હોય. આપણું ગુજરાતી સાહિત્ય એક સભર નદી જેવું છે, જે તે નથી. પણ એ સુકાઇ-મેલું થઈ એક નાળું ન બની જાય, એ પુષ્ટ થઇ, સ્વચ્છ રહી આવતી કાલે એક મહાનદ બની રહે, એ આપણાં અરમાન હોય. એ ત્યારે બને જ્યારે એનો કેચમેન્ટ એરિયા વ્યાપક અને વિવિધતાવાળો હોય, એનું જળ—ઝીલણ જગ્યા જગ્યાનાં પાણી એના વિશાળ પ્રવાહમાં નિરંતર ઠાલવતું રહે.

ગુજરાતના અજોડ કવિતા—શિક્ષક બ ક ઠાકોર કવિને એક શીખ આપી ગયા છે: 'બધા સૂર ખિલાવજે મનુજ-ચિત્ત—સારંગીના/બધા ફલક માપજે મનુજ-શક્તિ-સીડી તણા ઠાકોરના પરમ પૂર્વજ આચાર્ય ભામહ 'સાધુ કાવ્યનિબંધન'ની વ્યાખ્યા કરતાં કહે છે: ‘ધર્માર્થકામમોક્ષેપુ વૈચક્ષણમ્ કલાસુ ચ/પ્રીતિમ્ કરોતિ કીર્તિમ્ ચ સાધુકાવ્યનિબંધનમ્ ' માણસના, સમાજના, સંસ્કૃતિના ચાર પુરુષાર્થોને સાહિત્ય સાથે ભામહ સાંકળે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એ વર્ગીકરણને આજે કદાચ કાલગ્રસ્ત ગણીએ, તો આજે એનું નવું રૂપ, 'અર્થ' પુરુષાર્થને આપણી પ્રજાના રાજકીય, વહીવટી, ઔદ્યોગિક, વૈજ્ઞાનિક-તકનીકી સંશોધનો-આયોજનો—કાર્યો તરીકે ઘટાવતાં, હાથ લાગે. ગુજરાતી સાહિત્યમાં 'સાધુ કાવ્ય નિબંધન', યા સાહસભર્યા લિટરરી કલ્ચરના નિર્માણ માટે આવા 'અર્થ પુરુષાર્થ'ના ગુજરાતી અગ્રણીઓનું વાઙ્મય—અર્પણ ઉપયોગી ન નીવડે? એવા મહાપ્રાણ પુરુષાર્થીઓનો તોટો ગુજરાતમાં નથી, પણ પોતપોતાના કાર્યક્ષેત્રમાં જે નિપુણતા એમણે કેળવી છે, તેવી નિપુણતા પોતપોતાનાં કાર્યક્ષેત્રોમાં થયેલા સ્વાનુભવો વિશે ગુજરાતી ભાષામાં લખવા અંગે કેળવવાનો પરિશ્રમ કરવાનું એમાંના કેટલાને જરૂરી લાગ્યું હશે? આનાં ઐતિહાસિક કારણો હશે. પણ નવો ઇતિહાસ સરજવોયે જરૂરી નથી?

અને આવું લેખન હસમુખભાઇના આ પુસ્તકથી જ આરંભાય છે, એવું તો છે નહીં. ભય તો એ છે કે ક્યાંક આ પુસ્તકથી એ પૂરું ન થઇ જાય! પણ દીઠું મેં એવી કુશળતા છતાં સાહજિકતાથી લખાયું છે, કે બીજા દેખનારાઓને એ આજે અને આવતી કાલે લખવાનો પાનો ચઢાવશે. પણ જે જોયું તે દેખાડવું એ લાગે એટલું સહેલ નથી. રાજસત્તાને, સત્તાવાર તોતિંગ વહીવટી તંત્રોને, મોટા ઉદ્યોગોના સંચાલનને, ટૂંકમાં પ્રજાના જીવનનાં નિયંત્રક પરિબળોની ગતિવિધિઓને જાણી, સમજી, કંઈક કાબૂમાં લઈ, એમાં સત્તા-અધિકાર ભોગવવા એ એક વાત છે. પણ એ વિશે નિરીક્ષાશીલ (ક્રિટિકલ) વિશ્લેષણ કરવું, સ્વાર્થથી ઉપર ઊઠીને એને સમજવું, એ અંગે લખવું (તમે ચોકસાઈથી અને રસપ્રદ રીતે)—એ ભારે કઠણ કામ છે. એની સાધના અલગ. એનો અધિકાર અલગ. એની મઝાયે અલગ.

નર્મદના રાજ્યરંગ (ભા.૧, ઈ. ૧૮૭૪; ભા ૨ ઈ ૧૮૭૬)-થી ઉમાશંકર જોશીના સમયરંગ (ઈ. ૧૯૬૩) સુધીની સફર દરમિયાન રાજકારણના (અને ઉમાશંકરે યોજેલા શબ્દ પ્રમાણે સમાજકારણના) રંગ ગુજરાતી ભાષામાં આલેખવાની બે રીતો કેળવાઇ હતી: નર્મદે એક ખંતીલા સંશોધકની ચીવટથી રાજ્યના સત્તાના ઇતિહાસના અનેક ગ્રંથોનું પરિશીલન કરી, જગતભરની અનેક સંસ્કૃતિઓની રાજ્યવ્યવસ્થા અંગેનો માહિતીસભર ઇતિહાસ—આલેખ આપ્યો. એ ધારામાં આવતા પારસી કવિ ખબરદારે ઈરાનશાહનો પવાડો (૧૯૪૨)માં ઈરાન અને હિંદુસ્તાનના પારસી સમાજના ઇતિહાસો આપ્યા. શ્રીમતી પુપુલ જયકરના પિતાશ્રી અને નંદશંકર મહેતાના પુત્ર, આઈ સી એસ અફસર વિનાયક મહેતાએ લખેલો ચરિત્રગ્રંથ નંદશંકર જીવનચિત્ર (૧૯૧૬) પણ ઉચ્ચ વહીવટી અધિકારી ગુજરાતીમાં સ્વાનુભવ રસિક સાંસ્કૃતિક ઇતિહાસક્ષેત્રે કેવું કામ કરી શકે, એનું ઉદાહરણ પૂરું પાડે છે. ચન્દ્રશંકર બૂચ, 'સુકાની', ની સ્મરણીય સાગરકથા, 'દેવો ધાંધલ, એ પણ શિપિંગ ઇન્ડસ્ટ્રીના ઉચ્ચ અધિકારીએ લખેલી સાગર—સંસ્કૃતિની દૃષ્ટિ-સમૃદ્ધ કથા છે. એ પરંપરામાંનો આપણો સમકાલીન એક સ્મરણીય આલેખ તે નારાયણ દેસાઈનું ગાંધીચરિત્ર, મારું જીવન એ જ મારી વાણી બીજી તરફ, સમયરંગ-માં ઉમાશંકર જોશીએ રાજકારણના રંગ ઝીલવાની એક અલગ રીત અજમાવી જણાય છે. પોતે વિરલ વિદ્વાન સંશોધક હતા તે છતાં સમયરંગ-માં ઉમાશંકર જેટલી વ્યાપક-ઇતિહાસ-સંશોધનની નહીં તેટલી સમકાલીન સમાજને પ્રભાવિત કરતી રાજકીય સાંસ્કૃતિક ઘટનાઓને સમજવા મથતા એક જાગૃત નિરીક્ષક-વિશ્લેષકની શક્તિઓને ખપમાં લીધી છે. એમના પુરોગામી નરસિંહરાવ દિવેટિયાનું સ્મરણમુકુર (૧૯૨૬) કેવા કેવા સમયરંગ ઝીલે છે, એ જોવાની મઝાયે માણવા જેવી છે! છ ભાગમાં વિસ્તરતી (ઈ. ૧૯૫૫-૧૯૭૩) ઇંદુલાલ યાજ્ઞિકની આત્મકથા ઇતિહાસની ફેરતપાસ કરવા મજબૂર કરી વાચકને પોતાના કમ્ફર્ટ ઝોનની બહાર ધકેલે. ને સહુની શિરમોર જેવી મહાદેવભાઈની ડાયરીઓ ગણીશું કે ગાંધીજીનો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ? એક જાણે બસરાનાં મોતીની માળા, બીજો પાસાદાર કોહિનૂર હીરો!

મારો મુદ્દો એ છે કે ગુજરાતી ભાષામાં ક્યારેક આવું કામ ખંતથી થયું હતું. પણ આજે? ને આવતી કાલે? દીઠું મેં એ પુસ્તક રાજ્યમીમાંસા અને વ્યક્તિ-સમાજ-રાજ્યના અનુબંધોની સમજણ સ્વાનુભવે કેળવવા મથતા એવા આવતી કાલના ગુજરાતી વાઙ્મય માટે, રાજ્યરંગની નહીં પણ સમયરંગની ધારામાં એક ઉદાહરણ, પેરેડાઇમ બની શકે, એવું પુસ્તક છે.

કહ્યું છે કે સાહિત્ય રચાય છે ‘દર્શનાત્ વર્ણનાત્ ચ' દર્શન યા જ્ઞાનયુક્ત અનુભવથી અને વર્ણન યા રસયુક્ત અભિવ્યક્તિથી. દીઠું મેં ની સભર અનુભવસૃષ્ટિ અને નર્મમર્મભરી, સહજ અને સૌષ્ઠવભરી અભિવ્યક્તિ આજે જગતભરમાં, દેશભરમાં 'અર્થ' ક્ષેત્રે (વહીવટી-રાજવટથી વિજ્ઞાન-ટેક્નૉલૉજી-મેડિસિન, વાણિજ્ય—ઉદ્યોગ, વગેરે ક્ષેત્રે) મોટાં કામ કરતાં ગુજરાતી સ્ત્રી-પુરુષોને સ્વાનુભવોને સૌષ્ઠવભરી ગુજરાતીમાં

વ્યક્ત કરવાની લાંબી સાધના શરૂ કરવા ઉત્તેજિત કરે, એ આશા. દીઠું મેં-ની પોતીકી સમૃદ્ધિ લેખકે શું શું જોયું, એમાં નથી. એ તો છે જ: એમણે શું શું ને કેવી નજીકથી જોયું છે, એ જાણીને તો સાવચેત ન રહ્યા તો અભિભૂત થઇ જવાય. મોરારજી દેસાઇ, ઇંદિરા ગાંધીથી તો શરૂઆત થાય; પંડિત નેહરુ સંજીવ રેકી, લાલબહાદુર શાસ્ત્રી, ભેગા કુલદીપ નાયર આવે. મધર ટેરેસા ‘ભારતરત્ન' કઇ રીતે બન્યાં, એથે આવે. ને રાષ્ટ્રપતિપદ ઇચ્છતા ગવર્નર

પી. સી. ઍલેક્ઝાન્ડરની વાતે આવે. રાજકારણની, વહીવટકારણની ગલીકૂચીઓ, ભેદભરમો, ઉસ્તાદીઓ, ગુસ્તાખીઓ અને ‘સો મણની તળાઈઓમાં સૂતેલા કેટલાક નેતાઓની સુસ્તીઓ, આ બધુંય આવે નામો ગણાવવા બેસીએ તો આજકાલના વિષ્ણુઓના સહસ્રનામનો જાપ થઈ જાય—ને બાપડો વાચક મુગ્ધ થઈ જાય! દીઠું મેં-ના લેખકનો પરિચય જો ત્યાં પૂરો થયો તો એમની ઓળખ ન થયાથી એ બદતર હશે, કેમ કે આ પુસ્તક મહાનુભાવોને મળ્યાના મહિમાનું પુસ્તક નથી.
કેમ કે આ પુસ્તકનું શીર્ષક છે: દીઠું મેં એમાં દીઠું શબ્દ પહેલો છે. ને 'હું' એ પછી આવે છે, તેણે ‘મેં—ના સહાયક રૂપે. જોવું. સાક્ષી બનવું. એનો અહીં મહિમા છે. એ જોવામાં લેખકની વ્યક્તિ—ચેતના સહાયક છે.

એટલે દીઠું મેં ની પોતીકી સમૃદ્ધિ આખા પુસ્તકમાં સપાટીથી નીચે રણઝણ્યા કરતા એક વિષાદની છે. લેખકનો નિરંતર આછો વહ્યા કરતો વિનોદ એમના એ વિષાદને વધારે ઉપસાવી આપે છે. આપણા મહાનુભાવોએ સહિયારી રીતે ભારતના સલામત, સશક્ત અને સમૃદ્ધ એવા ભવિષ્યને ઘડવાના અવસરો કેવા મેળવ્યા, મેળવ્યા ને ગુમાવ્યા, એ સાવ નજીકથી જોનાર એક સમજદાર અને મજબૂત માણસે અનુભવેલા ખેદનું પુસ્તક છે. ને સાથે જ કેટલાક અદના આદમીઓનાં અર્થભર્યાં અને ભાવભર્યાં અસ્તિત્વોને ખોળી કાઢ્યાના આનંદનોયે આલેખ એમાં છે.

મોરારજીભાઈ દેસાઈને જનતા પક્ષના નવનિર્વાચિત સાંસદોએ પોતાના નેતા તરીકે ચૂંટ્યા એ સાંજે પોતાના સાંસદનિવાસમાં એકલા, માત્ર એક ચોકીદાર સાથે રહેતા વળતા દિવસના વડા પ્રધાનનું ચિત્ર લેખકે જે રીતે દોર્યું છે, એ જોજો. એક તરફ નટવર ઠક્કર જેવા ગાંધી-દૃઢ કાર્યકરે ઈશાન ભારતમાં જે કામ કર્યું એનું ચિત્ર જુઓ, ને બીજી તરફ પી સી ઍલેકઝાન્ડર જેવા આઇ એ એસ અફસર પદવીઓ અને એક્સ્ટેન્શન મેળવવા, છેવટે તો રાષ્ટ્રપતિપદ મેળવવા જે પ્રયત્નો કરે, એનાં ચિત્રો જુઓ. ગાંધીજીના જાદુથી પ્રેરાયેલા ગિરિરાજ કિશોરનું શબ્દચિત્ર દોરતાં લેખક જે હેતથી હસે છે, અને પત્રકાર કુલદીપ નાયરની રાજરમતનું વિશ્લેષણ કર્યા પછી જે સમજણથી હસે છે, એ બે વાક્—સ્મિત વચ્ચેનો ભેદ જુઓ. લેખક પોતાને માટે વિનોદ-વિષાદ-પૂર્વક 'અમે' સર્વનામ યોજે છે 'લો, આ અમે! કેવા કેવા ખેલમાં જોડાવું પડ્યું અમારે! જોવા માટે, મોટે ભાગે તો ‘થનાર ચીજો નવ થાય અન્યથા' એ ખેદ ભાવે સાક્ષીરૂપે જોતા રહેવા માટે!” એ ભાવથી કદાચ યોજે છે. જેવા મુનશી ‘વાહ રે મેં વાહ' નાટકમાં કરે છે તેમ. એ ખેદ-ભાવનો આ વાક્-સ્મિતો સાથે સંબંધ છે.

ઇતિહાસ સામે એક વ્યક્તિ ઊભી છે. ઝાઝું કરી શકે એમ નથી. છતાં મથે છે, ને કેટલાક આછેરા સરસ વળાંકો પણ આપી શકે છે, એ જાજરમાન પ્રવાહને. એ ન થાય તોયે પોતાની આંખે, પોતાની સમજથી, પોતાની શરતે, એ ઇતિહાસના ભવ્ય ઘુમ્મટોના સોનાના કળશનેયે મૂલવી લે છે ને એ જ ઇતિહાસના ભંડકિયા અને ભોંયરાનાં અંધારાંનેયે જોઈ લે છે. બજાણા-નરેશથી બ્રેઝનેવ સુધી સહુની આંખમાં આંખ માંડી શકતું ગુજરાતી ગદ્ય આપણા રાજ્યરંગોને, સમયરંગોને, ‘હા, દીઠાં' એમ હંમેશાં કહી શકે, એની સાધના સદૈવ થતી રહો.

સમા, વડોદરા

મે ૧૨, ૨૦૧૩,

સિતાંશુ યશશ્ચંદ્ર